કડવા પાટીદારોનો ઇતિહાસ




realpatidar.com
કડવા પાટીદારોનો ઈતિહાસ

કડવા પાટીદારોના વહીવંચા બારોટોને ગોતવાનું અને તેમના ચોપડા જોવાનું વિચાર્યું. આજ સુધી કોઈએ બારોટોના ચોપડા જાતે જોયા જ ન હતા. પરિણામે બારોટજીની વહીઓનો કોઈને જાત અનુભવ ન હતો. ઇતિહાસનો એ મૂલ્યવાન અને નક્કર ખજાનો સાવ અણપ્રિછ્યો જ રહેલો. મા ઉમિયાજીના પ્રતાપથી આ શોધ પણ સફળ રહી અને જેઓ મૂળથી ઊંઝાના ગામી શાખાના રાજવંશના વહીવંચા છે એવા શ્રી રજનીભાઈ બારોટની વહી અમારા અભ્યાસ માટે સુલભ બની એમાંથી અમને ઘણી મૂલ્યવાન વિગતો પ્રાપ્ત થઈ. કડવા પટેલોના ઇતિહાસને આ બારોટજીની વહીએ જ આજ સુધી જતનથી સાચવેલો. જે આ ગ્રંથ દ્વારા સૌ પ્રથમ પ્રકાશમાં આવે છે.

એવી જ મૂલ્યવાન વિગતો વાળી વહી જેમાં સૌરાષ્ટ્રના કડવા પાટીદારો ક્યારે, કયા કારણે, ઊંઝા ત્યજીને સૌરાષ્ટ્રમાં આવ્યા ? આવીને કયા કયા ગામોમાં વસ્યા ? અને તેમની મૂળ શાખામાંથી પેટા શાખો ક્યારે આવી ? શા માટે પડી ? બધી મૂલ્યવાન વિગતો સંઘરાયેલી હતી. તે સિદ્ધપુરના વયો-વૃદ્ધ અને જ્ઞાન-વૃદ્ધ બારોટજી શ્રી મણીભાઈ બારોટનાં સૌજન્યથી પ્રાપ્ત થઈ.

- રતુદાન રોહડિયા

realpatidar.com

realpatidar.com

કડવા પાટીદારોનો ઈતિહાસ

રતુદાન રોહડિયા
તીર્થંકર રોહડિયા

પ્રવીણ પુસ્તક ભંડાર
લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.

KADVA PATIDARONO ITIHAS
By : Ratudan Rohadiya, Tirthankar Rohadiya
Published by : Pravin Prakashan Pvt. Ltd., Rajkot - 1.

પ્રકાશક :
પ્રવીણચંદ્ર એમ. પટેલ
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.,
લાભ ચૅમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે,
ઢેબર રોડ, રાજકોટ.

પ્રથમ આવૃત્તિ : ૨૦૦૨

કિંમત : રૂા. ૧૫૦

મુદ્રક :
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.
વેરાવળ (શાપર),
જિલ્લો : રાજકોટ.

જેમણે કચ્છના પીરાણપંથી કણબીઓને પુનઃ
હિન્દુધર્મમાં દીક્ષિત કરવાનું અદ્ભુત વીરતાપૂર્ણ પરાક્રમ
કરી બતાવેલું તે -

વીરોત્તમ એવા

સ્વ. શ્રી નારાયણ રામજી લીંબાણી

(વીરાણીવાળા)

ને સાદર...

અહિ નર માનવ રિખ અમર,
તો સેવે સહ કોઈ;
પ્રાવિતાં તો કિરપા પખે,
ઈશ ન જાણિ કોઈ,

– ઈસરદાસ

'હે જગદંબા જાગો, માનવો, ઋષિઓ અને દેવો એ સૌ કોઈ આપની જ સેવા કરે છે. આપની કૃપા વિના કોઈ જ પરમેશ્વરને જાણી નથી શકતા.

શ્રી ઉમિયાજીની આરતી

આનંદ આનંદ કરું આરતી,
જય ઉમિયાની સેવા
જય ઉમિયાની સેવા માતાજીની સેવા... આનંદ...

પરમાનંદ પરમ પદ તારું,
પ્રેમતણી પ્રતિમા રે... આનંદ...

બ્રહ્મા, વિષ્ણુ, મહેશે પૂજ્યા
અભય-વરદાન લેવા... આનંદ...

અડસઠ તીરથ માના ચરણે,
ગંગા, યમુના, રેવા... આનંદ...

માના સંતાનો માને ભજી લ્યો
ટાળવા ભવના ફેરા રે... આનંદ...

મા ના હોય તો દુનિયા ક્યાંથી,
માના સ્થાન અનેરા... આનંદ...

દુઃખિયા આવે સુખિયા આવે
આનંદ સુખડા લેવા રે... આનંદ...

❖

પટેલ કુળના ઈતિહાસની અધિકૃત માહિતી
આપતું અદ્ભુત પુસ્તક

પાટીદારોની ગૌરવગાથા

લેખક : મંગુભાઈ પટેલ

કિંમત : રૂા. ૧૫-૦૦

પટેલ સમાજના અસલ લગ્ન-ગીતો ખૂબજ વિગતવાર માહિતી સાથે તથા મા ઉમિયાની આરતી-ગરબાઓનો અનુપમ સંગ્રહ

ઉમિયા ગરબાવલી
અને
લગ્ન - ગીતો

કિંમત : રૂા. ૨૦-૦૦

પ્રવીણ પુસ્તક ભંડાર
લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.

કપૂર મંત્ર

કપૂર ગોરં કરુણાવતારં, સંસાર સારં ભુજગેન્દ્ર હારમ્ ।
સદા વસન્ત હૃદયાર વિન્દે, ભવં ભવાની રહિતં નમામિ ॥

સર્વ મંગલ માંગલ્યે, શિવે સર્વાથ સાંધિકે ।
શરણ્રે, ડયંબકે ગૌરી, નારાયણી નમોસ્તુતે ॥૧॥

માયા કુંડલની કિયા મધુમતિ, કાલિ કલા માલિની ! ।
માતંગી વિજયા જયા ભગવતિ, દેવી શીવા શંભવિ ॥

શક્તિ શંકર વલ્લભા ત્રિનયના; વાક્‌વાદી ભૈરવી ! ।
હીં, કર્કરી ત્રિપુરા પુરાપર મહિ, માતાકુમારીત્યાસ અન્નપૂર્ણા ॥

ત્વમેવ માતાય પિતા ત્વમેવ, ત્વમેવ બંધુ સખ્ય ત્વમેવ ! ।
ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ, ત્વમેવ સર્વ મમ દેવ દેવં ! ॥

કાયેન વાચા મન રૌદ્રર્યેર્વા, બુધ્યાત્મના વાયકૃતિ સ્વભાવ ।
કરોમિ યદ્યત સકલ પરસ્મૈ સદા નારયણીતિ સમર્પયામિ ॥

❖

બે શબ્દો

વર્ષો પહેલાં સ્નેહી પ્રા. ડૉ. અમૃત પટેલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો વિરલ અને વિશિષ્ટ એવો ગુજરાતભરમાંનો એક માત્ર ચારણી સાહિત્યનો હસ્તપ્રત ભંડાર જોવા આવેલા એ સમયે આ હસ્તપ્રત ભંડારનું સૂચિપત્ર 'ચારણી સાહિત્ય પ્રદીપ' નામે પ્રકાશિત પણ થઈ ગયેલું ત્યારે અમે પ્રા. અમૃત પટેલને ચારણી સાહિત્યમાંથી પ્રાપ્ત થયેલ પાટીદારોનાં વીરરસ પૂર્ણ કાવ્યો અંગે વાત કરેલી અને ઐતિહાસિક મહત્ત્વ ધરાવતાં આ કાવ્યોના સંશોધન પ્રકાશન અંગે પાટીદારોએ રસ લેવો જોઈએ તેમ કહેલું. જે એમને ગળે ઊતરેલું.

એ સમયે અમે પ્રા. અમૃત પટેલ માટે, અને પ્રા. અમૃત પટેલ અમારા માટે અપરિચિત હતા.

આ વાત પર વર્ષો વીતી ગયાં અને પછી ફરી એક વખત પ્રા. અમૃતભાઈ પટેલ 'કડવા પાટીદારોની પ્રશસ્તિ કવિતા' વાળી હસ્તપ્રતોની ઝેરોક્ષ કરાવવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા સાહિત્ય ભવનમાં આવ્યા. આ કાર્ય અર્થે કેટલાક દિવસો રોકાયા. 'કડવા પાટીદારોની બિરૂદાવળી' વાળાં કાવ્યોની ઝેરોક્ષ કરાવી અને પાછા ઊંઝા જતી વખતે અમને ઊંઝા આવવાનું આગ્રહપૂર્ણ આમંત્રણ પણ આપતા ગયા સાથે અમને કશુંક સંશોધન કાર્ય સોંપવાની પણ ઈચ્છા બતાવેલી.

એ પછી મા ઉમિયાનાં દર્શને અમે સૌ ઊંઝા ગયાં. બે દિવસ રોકાયાં. એ વખતે અમને એમ હતું કે અમને કડવા પાટીદારોનાં ભૂતકાલીન રાજ્ય પાટડીના ઇતિહાસનું કામ સોંપાશે, પણ એને બદલે અમને 'સૌરાષ્ટ્રના કડવા પાટીદારોનો ઇતિહાસ' લખવાનું કાર્ય આપ્યું. સાથે કામ સારું થાય એવી પણ ભલામણ કરી. એ સમયે અમે સાહજિક રીતે એવી ઇચ્છા વ્યક્ત કરેલી કે અમે પાટીદારોના 'મેઘાણી' કહેવાઈએ એવું કાર્ય

કરવાની અમારી અભિલાષા છે. અમારી પાસે ચારણી સાહિત્યની જે મૂડી હતી એને આધારે અમે આ અભિલાષા વ્યક્ત કરેલી.

પણ એ પછી 'અમે નહોતા જાણતા કે અમારે પંથે શી આફત ખડી છે.' જેવું થયું. જ્યાં જ્યાં ઇતિહાસ અંગે તપાસ કરી ત્યાં ત્યાં ' અમારી પાસે કાંઈ નથી. જૂની વાતો અમે ભૂલી ગયા છીએ.' એવા જવાબો મળતા હતા.

આમાં પાટીદારોની લક્ષ્યવેધ કરવા અર્થેની અર્જૂનવૃત્તિ જ કારણભૂત હતી. પ્રગતિ, શિક્ષણ અને ઉદ્યોગ ક્ષેત્રે હરણફાળ ભરવાનું લક્ષ્ય નક્કી કરીને એ લક્ષ્ય પર એકાગ્ર થયેલી પાટીદારોની મનોવૃત્તિ પોતાનો ભૂતકાલીન ઇતિહાસ જ વિસરી ગઈ હતી. પરિણામે ગામો ગામ પાટીદારોના પાળિયાઓ હોવા છતાં એ કયા શૂરવીરોના પાળિયા છે ? એમનું નામ શું છે ? કયા ધ્યેયઅર્થે કોની સામે લડીને શહીદી વહોરી ? વગેરે વિગતો આજની પેઢી વીસરી જ ગઈ હતી.

ત્યાં દેરડીનાં ડૉ. મનહરબેન ગોધાવિયા કે જેમણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ' રવિ ભાણ સંપ્રદાયના સંત મોરારસાહેબ' પર પી.એચ. ડી કરેલું તેમના પાસેથી શ્રી. પુરુષોત્તમ લલ્લુભાઈ પરીખ કૃત 'કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ' એ પુસ્તક મળ્યું. એ પછી ઊંઝામાંથી પણ શ્રી. મણીભાઈ પટેલ (મમ્મી) અને બીજા અગ્રણીઓ દ્વારા કેટલાંક પુસ્તકો મળ્યાં. પણ એ સૌમાં સૌરાષ્ટ્રના કડવા પાટીદારોના ઇતિહાસ અંગ કાંતો સર્વથા અભાવ હતો કાં નજીવો ઉલ્લેખ હતો. તે પણ આધાર વિહીન.

એટલે અમે સૌરાષ્ટ્રના કડવા પાટીદારોનાં મુખપત્ર 'ઉમિયા પરિવાર' ના તથા એવાં જ બીજા પાટીદાર સમાજનાં મુખપત્રોના અંકો મેળવવા પ્રયાસ કર્યો. થોડા અંકો મળ્યા, પણ એમાં પણ નિરાશા સાંપડી. એ સૌમાં પાટીદારોના ઇતિહાસ અંગે ખાસ મળ્યું નહિં.

એવી સ્થિતિમાં અમે પ્રશ્ન પત્ર દ્વારા વિગતો મેળવવાનું વિચાર્યું. એક પ્રશ્ન પત્ર તૈયાર કર્યું. અને એ પ્રશ્ન પત્રની ૫૦૦ નકલો છાપી આપવા 'પ્રવીણ પ્રકાશન' 'રાજકોટ' વાળા સ્નેહી શ્રી ગોપાલભાઈ પટેલને કહ્યું. એમણે છાપી આપી. પણ છપાઈ કામના પૈસા લેવાની જ ના પાડી. આ લાગણીને આજે ઋણભાવે સ્વીકારીએ છીએ.

પણ હવે આ પ્રશ્નપત્રને કડવા પાટીદારોનાં ગામોગામ કઈ રીતે પહોંચાડવું ? એ સવાલ થયો. અમે એ માટે ' ઉમિયા પરિવાર' નો આશરો લીધો. સ્નેહી શ્રી. જમનાદાસ ભાઈએ 'ઉમિયા પરિવાર'માં પ્રશ્નપત્ર છાપ્યું. પરિણામે ૩-૪ પત્રો મળ્યાં પણ એમાંયે ઇતિહાસ અંગે ઝાઝું જાણવા જેવું ન હતું. તો બે પત્રો કડવા પાટીદારોમાં થયેલ સંતો અંગેના હતા. જો કે એમાં પણ વિગતો અપૂર્ણ હતી. છતાં પણ આ રીતે ' ઉમિયા પરિવાર' ના સૌજન્ય અને પ્રશ્નપત્ર દ્વારા પ્રથમ વખત જ સૌરાષ્ટ્રના કડવા પાટીદારોનો

ઇતિહાસ લખાઈ રહ્યો છે એની કેવળ કડવા પાટીદારોનેજ નહિં પણ લેવા પાટીદારોસહ સારાયે સમાજને જાણ થઈ એ બહુ માટી વાત છે. આ માટે અમારે ' ઉમિયા પરિવાર' અને એના તંત્રી શ્રી. જમનાદાસભાઈનો ઋણ સ્વીકાર કરવો જ રહ્યો.

'ઉમિયા પરિવાર' ના અને બીજા પાટીદાર સમાજનાં મુખપત્રોના જૂના અંકો મેળવવા તરફ ધ્યાન આપ્યું. તો શ્રી જમનાદાસભાઈ ખીરસરિયા પાસેથી વિપુલ પ્રમાણમાં આવું સાહિત્ય મળ્યું. એમાંથી જે કાંઈ ઉપયોગી જણાયું એને લઈ આવ્યાં. તે ઉપરાંત શ્રી. જમનાદાસભાઈ પાસેથી સૌરાષ્ટ્રના કડવા પાટીદારોની અટકોનું લિસ્ટ મળ્યું જે પણ ઘણું ઉપયોગી થઈ પડ્યું.

એ પછી અમે કડવા પાટીદારોના વહીવંચા બારોટોને ગોતવાનું અને તેમના ચોપડા જોવાનું વિચાર્યું. આજ સુધી કોઈએ બારોટોના ચોપડા જાતે જોયા જ ન હતા. પરિણામે બારોટજીની વહીઓનો કોઈને જાત અનુભવ ન હતો. ઇતિહાસનો એ મૂલ્યવાન અને નક્કર ખજાનો સાવ અણપિછ્યો, જ રહેલો. મા ઉમિયાજીના પ્રતાપથી આ શોધ પણ સફળ રહી અને જેઓ મૂળથી ઊંઝાના ગામી શાખાના રાજવંશના વહીવંચા છે એવા શ્રી રજનીભાઈ બારોટની વહી અમારા અભ્યાસ માટે સુલભ બની એમાંથી અમને ઘણી મૂલ્યવાન વિગતો પ્રાપ્ત થઈ. કડવા પટેલોના ઇતિહાસને આ બારોટજીની વહીએ જ આજ સુધી જતન થી સાંચવેલો. જે આ ગ્રંથ દ્વારા સૌ પ્રથમ પ્રકાશમાં આવે છે.

એવી જ મૂલ્યવાન વિગતો વાળી વહી જેમાં સૌરાષ્ટ્રના કડવા પાટીદારો ક્યારે ? કયા કારણે ? ઊંઝા ત્યજીને સૌરાષ્ટ્રમાં આવ્યા ? કયાં કયાં ગામોમાં વસ્યા ? અને તેમની મૂળ શાખામાંથી પેટા શાખો ક્યારે ? શા માટે પડી ? બધી મૂલ્યવાન વિગતો સંઘરાયેલી હતી તે સિદ્ધપુરના વયો-વૃદ્ધ અને જ્ઞાન-વૃદ્ધ બારોટજી શ્રી મણીભાઈ બારોટનાં સૌજન્યથી પ્રાપ્ત થઈ.

(આ માટે અમો શ્રી. રજનીભાઈ બારોટ તથા શ્રી મણીભાઈ બારોટના હૃદયપૂર્વક આભારી છીએ.)

અમોને શ્રી રજનીભાઈ બારોટ અને શ્રી. મણીભાઈ બારોટ તથા એ બારોટજીઓની શોધ, અને તેમની વહીઓને સુલભ કરાવવા માટે સ્નેહી શ્રી અમૃતભાઈ પટેલનો પૂર્ણ સહયોગ રહ્યો છે. તેમજ આદ. શ્રી મણીભાઈ પટેલ (મમ્મી) નો પરિશ્રમ અને લગન પણ અમારાં આ બારોટજીની વહીઓનાં જાત અભ્યાસના કાર્યમાં ફળદાયી બન્યાં છે.

'લેવા અને કડવા પાટીદારો ભિન્ન કે અભિન્ન ? એ પ્રકરણના લેખન સમયે લેવા પાટીદારોના વહીવંચા બારોટના ચોપડાઓ જોવાની જરૂર પડી, સદ્દભાગ્યે બારોટનાં સાહિત્ય પર પીએચ. ડી. કરતા વિદ્વાન બારોટ શ્રી ભૂપેન્દ્રસિંહ કે જેઓ લેવા પાટીદારોના

વહીવંચા બારોટ છે. એમણે અમારે માટે પોતાનો વહી ભંડાર ખુલ્લો મૂકી દીધો. એમનાં સૌજન્યને પણ અત્રે સાભાર સ્મરવું રહ્યું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના સમાજશાસ્ત્ર ભવનના નિવૃત્ત વિદ્વાન પ્રા. હરિભાઈ પટેલ, અને માજી સેનેટ સભ્ય શ્રી. કે. એમ. પટેલસાહેબને પણ અત્રે સાભાર યાદ કરી લઈએ. એ બંન્ને મહાનૂભાવોએ રાજકોટના કડવા પાટીદારો વતી અમને અમારાં સંશોધન કાર્યમાં મદદરૂપ થવા માટે રૂા.૫૦૦૦, આપવાનું કીધું પણ અમે એમની એ સૌજન્ય ભરી ઓફર ને 'દેવાવાળી મા ઉમિયા બેઠી છે. માટે આપની પાસેથી લાગણી સિવાય બીજું લેવાનું હોય નહિં' કહીને સાભાર ન સ્વીકારેલી.

પ્રા. હરિભાઈ પટેલે આ કડવા પાટીદારોના ઇતિહાસ અંગે ઊંડો રસ લીધેલો. અમને તેઓ આ માટે વારંવાર મળેલા. ચર્ચાઓ કરેલી. અને જરૂરી મદદ કરવાની તૈયારી દાખવેલી. એને પણ અત્રે ઋણ ભાવે સ્મરવાં રહ્યાં.

ડૉ. હંસાબહેન માકડિયા કે જેમણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં રવિભાણ સંપ્રદાયના સંત રવિસાહેબ પર પીએચ.ડી કર્યું છે. તેમણે પણ ઊંડો રસ લઈને શ્રી. જમનાદાસભાઈ ખીરસરિયાને પત્રો લખી અમારાં કાર્ય અંગે શ્રી ખીરસરિયાને પરિચિત કરેલા તો ડૉ. મનહરબેન ગોધાવિયાએ પણ ઊંડો રસ લઈને જ્યાં જાય ત્યાં સૌને અમારા કાર્ય અંગે સમાજને પરિચિત કરીને અમારાં કાર્યમાં વિગતો આપી મદદરૂપ થવા અપીલ કરતાં જ રહ્યાં. આ લાગણી પણ અવિસ્મરણીય છે.

અમને 'સૌરાષ્ટ્રના કડવા પાટીદારોનો ઇતિહાસ' લખવાનું કામ સોંપાયેલું પણ આ પુસ્તક પૂરું થયા પછી સાનંદાશ્ચર્ય એ તથ્ય અમારી સામે આવ્યું કે, આ પુસ્તક તો સમગ્ર પાટીદાર સમાજને ઇતિહાસની દૃષ્ટિએ ગણનાપાત્ર પ્રદાન રૂપ બની ગયું છે. આને અમે મા ઉમિયાની પરમ કૃપા ગણીએ છીએ.

પાટીદાર સમાજના ઇતિહાસ અંગેની વિગતો મેળવવા અમારે સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર રખડવું પડ્યું છે. અમે જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં અમને સૌ પાટીદારોએ ઉમળકાભેર આવકારીને લાગણીથી નવરાવી જ નાખ્યા છે. આ લાગણીશીલતા પણ અવિસ્મરણીય બની રહે છે. જેમાં શ્રી. જુગતરામભાઈ વ્યાસ, શ્રી કાશીરામભાઈ વ્યાસ અને શ્રી મણીભાઈ વ્યાસ જેવા મોરબી પંથકના બ્રહ્મર્ષિઓનો પણ સમાવેશ થાય છે. એમણે પૂરા ઉમળકાથી અમને વિગતો આપી છે. અને આવકાર્યા છે.

કાર્ય કઠીન હતું. અને સંશોધન અર્થે સમય પણ લાગે તેમ હતું પણ એ સમયે ' શ્રી ઉમિયા માતાજી સંસ્થાન. ઊંઝા' એ કાયમ' ગમે તેટલું ખર્ચ થાય એની ચિંતા

વગર કામ કરો' એવો પડકાર સતત કર્યા કર્યો છે. એ પ્રોત્સાહન ભર્યા પડકારને કારણે જ આ ગ્રંથ આજે પાટીદાર સમાજના હાથમાં આવે છે. એ રીતે આ ગ્રંથના સર્જનના સાચા યશભાગી માતાજી ઉમિયાજી સંસ્થાના એ હોદ્દેદારો જ છે.

જેમનું જીવન જ મા ઉમિયાને ચરણે સમર્પિત થયું છે એવા સંસ્થાના પ્રમુખ શ્રી. કેશવદાસ વિ. પટેલ, સંસ્થાના મંત્રી એવા સેવાના ભેખધારી અને સંસારી સંત શ્રી મણીભાઈ પટેલ (મમ્મી), શ્રી. મણીભાઈ (ઘંટી), તેમ શ્રી ઉમિયા ઉત્કર્ષનિધિના પ્રમુખ શ્રી વિક્રમભાઈ પટેલ (ચાણસ્મા), શ્રી સીતારામભાઈ પટેલે પણ અમારા કાર્યમાં રસ લીધો છે. એ સૌની હૂંફને લીધે જ અમારે માટે આ પુસ્તક તૈયાર કરવાનું શક્ય બન્યું છે. એ સૌ મહાનુભાવોની લાગણીએ અમારા હાથને પ્રેરીને આ પુસ્તકનું સર્જન કર્યું છે; એમ જ અમને લાગે છે.

સૌરાષ્ટ્રના જ નહિં ગુજરાત, મધ્યપ્રદેશ, કચ્છ અને રાજસ્થાનના પાટીદારોના ઇતિહાસ ક્ષેત્રે હજી ખાસ ગણનાપાત્ર કામ થયું નથી. ઊંડાણથી સંશોધન પણ થયું નથી. આ ક્ષેત્રે સંશોધન માટે ઘણી તકો છે. હજી ઘણાં પુસ્તકો લખી શકાય તેટલી વિપુલ સામગ્રી સંશોધકોની રાહ જોતી ગામને પાદરે પાળિયા રૂપે, વાવ-દેવાલયોમાં શિલાલેખો રૂપે, વ્યાસો અને બારોટોના ચોપડામાં નોંધો-કાવ્યો રૂપે અને રાજ દરબારનાં દફતરોમાં તુમારો-ગેઝટો રૂપે સરકારી દફતર ભંડારોમાં અંધારે અટવાતી પડી છે. એને પ્રકાશમાં લાવવાની જરૂર છે. સાથે પાટીદાર સમાજના ભૂતકાલીન ગામ, દેશ, ધર્મ, વટ, નેક, ટેક અને અબળા માટે મરી ખૂટનારા વીરો, દાતારો, સંતો અને ભક્તો અંગે પણ ઘણું બધું લખી શકાય તેમ છે. એ પણ ન ભૂલવું જોઈએ.

આ ગ્રંથના પ્રકાશનની જવાબદારી સ્વીકારીને પ્રવિણ પ્રકાશનવાળા સ્નેહીશ્રી ગોપાલભાઈ પટેલે અમારી ચિંતા ઓછી કરી, એ પણ અત્રે ઋણભાવે સ્મરવું રહ્યું.

મા ઉમિયા આવાં અનેક પુસ્તકો લખવાની અમને તક આપે એવી પ્રાર્થના.

-- રતુદાન રોહડિયા
-- તીર્થંકર રોહડિયા

મુંઝકા,
પો. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
રાજકોટ - ૩૬૦૦૦૫.

અ - નુ - ક્ર - મ

realpatidar.com

૧

કૂર્મીઓનું મૂળ અને કુળ.

ભારતીય હિન્દુ પ્રજા કે જેને આર્ય પ્રજા પણ કહેવામાં આવે છે. એની ઉત્પત્તિનો ઇતિહાસ વેદો અને પુરાણોમાં સંચવાયેલો પડ્યો છે. એમની વિકાસ અને સ્થળાંતરની કથા પણ વેદો અને પુરાણોમાંથી પ્રાપ્ત થાય છે. અને તે પણ કાળક્રમે મહાભારત કાળ સુધીની જ્યારે ' ભવિષ્ય પુરાણ' 'ભવિષ્યોત્તર પુરાણ' જેવા ગ્રંથો બ્રિટિશ કાળમાં રચાયા હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે. એમાં પણ ઇતિહાસ વિકૃત તો વિકૃત રીતે આપવાનો પ્રયાસ થયો લાગે છે. આ રીતે ઇતિહાસનો પ્રવાહ પુરાણોમાં વહેતો લાગે છે. બીજી એક વાત પણ છે. મધ્યકાળથી લઈ બ્રિટિશકાળ લગી પોતાની રચનાનું મહાત્મ્ય વધારવા અર્થે ઘણા લેખકોએ પોતાની કૃતિને ' પુરાણ ' અભિધાન આપેલ છે. જેમ કે ' નાંન્દી પુરાણ' ' જ્યેષ્ટિમલ્લ પુરાણ' જેવાં જ્ઞાતિઓની ઉત્પતિ કથતા ગ્રંથો, તો ચારણી સાહિત્યમાં ' ભંગી પુરાણ' અને ' જાલંધર પુરાણ ' તેમ ભાટોનું ' ભોગળ પુરાણ'ને ગણાવી શકાય, જો કે ચારણી સાહિત્યમાં પુરાણ અભિધાને શિવવિવાહ અને જલંધર અને સતી વૃંદાની જ પૌરાણિક કથા છે. પણ ' નાન્દી પુરાણ ' અને ' જ્યેષ્ટિમલ્લ પુરાણ' તો નંદવાણા અને જ્યેષ્ટિમલ્લ બ્રાહ્મણો દ્વારા પોતાની જ્ઞાતિનો મહિમા વધારવા અર્થે રચાયાં હોવાનું જણાય છે.

આમાં આજ પાટીદાર, પટેલ, કણબી કે કૂર્મિ કહેવાતી આજની પ્રગતિશીલ મહા પ્રજાનો ઇતિહાસ શોધવાનો છે અને એનાં મૂળ ક્યાં છે ? એ પ્રજા કયા કુળ ની છે ? અને કયા પ્રદેશમાંથી ગુજરાતમાં આવી છે ? એ બધુ શોધવાનું છે.

પ્રથમ આપણે આ કૂર્મિ પ્રજા મૂળે કઈ પ્રજા છે ? એ જોઈએ.'

આ પ્રજા આર્ય પ્રજાનો જ એક ભાગ છે. એનાં મૂળ ઘણાં જુનાં છે. તે પણ આપણે

જોઈએ.

જો કે વિદેશી ઇતિહાસકારોએ મલિન મનિષાથી આર્ય અને અનાર્યની થિયરી ઊભી કરીને હિન્દુસમાજને વિભક્ત કરવાના કુટીલ પ્રયાસો કર્યા હતા.[૧] પણ એ થિયરીનું ખંડન આપણા વિદ્વાનોએ દઢતાથી કર્યું જ છે.[૨] એટલે એ વિષે વધુ પિષ્ટપેષણ નિર્થક છે.

પ્રત્યેક પ્રજાનાં નામ, શાખા, અને કૂળદેવમાં જ તે પ્રજાનાં ભૂતકાલીન ઇતિહાસ છુપાયો હોય છે. એટલે પ્રથમ આપણે આ પાટીદાર પ્રજા કૂર્મિ નામ કેમ પામી ગઈ ? તે તપાસીએ.

' કૂર્મ શબ્દ ઉપરથી આ ' કૂર્મિ' શબ્દ આવ્યો છે. જેનો અર્થ એવો થાય છે કે, આ કૂર્મિ અભિધાનિત પ્રજા ' કૂર્મ ' સાથે અતિ ગાઢ સંબંધ ધરાવે છે. આજે જેમ ' સ્વામિનારાયણીયા ' શબ્દ વડે સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી એવો અર્થ સ્ફૂટ થાય છે. એજ પ્રમાણે ' કૂર્મિ ' શબ્દ ' કૂર્મ ' શબ્દ સાથે સંબંધ સૂચવે છે. અત : પ્રથમ ' કૂર્મ ' શબ્દ અને એનો અર્થ તથા કૂર્મિઓ સાથે એમાંનો કયો અર્થ બંધ બેસતો આવે છે ? તે જોઈએ.

ડૉ. દિલાવરસિંહ જ્યસવારે કૂર્મિ શબ્દની વિસ્તૃત ચર્ચા કરી છે. એમણે શતપથ બ્રાહ્મણના આધારે કૂર્મ એટલે સૃષ્ટિ સર્જક, સૂર્ય અને રસ એવા ત્રણ અર્થો આપ્યા છે.[૩] વળી એમણે ' કૂર્મ ' શબ્દની વધુ ચર્ચા કરતાં સાધારપણે સૃષ્ટિ જેના વડે સર્જાણી તે કશ્યપ ઋષિને, ઈંદ્રને. દઢાંગ યુવાન વ્યક્તિને, પ્રાણને. દ્યુલોક અને પૃથ્વીલોકને, મસ્તકને, (શ્રેષ્ઠાંગને) પણ કૂર્મ કહ્યાનું પ્રદિપાદન કર્યું છે.[૪]

' કૂર્મિ ' શબ્દ ઋગ્વેદ જેવા હિન્દુઓના સૌથી પ્રચીન ધર્મગ્રંથમાં એકાધિકવાર આવે છે. એ બાબત પણ ડૉ. દિલાવરસિંહ જ્યસવારે પ્રમાણસર સાબિત કરી છે.[૫]

જે કૂર્મિઓના કૂર્મ સાથેનો સબંધ સૂચવનાર છે.

' સ્કંદ પુરાણ 'માં સૂર્યવંશમાં ગ્રત્સમંદના પુત્ર કૂર્મ ઋષિ થયાનો, એના વડે કૂર્મ વંશ ચાલ્યાનો ઊલ્લેખ છે.[૬] અમારે મતે આ કૂર્મ વંશ અને આલોચ્ય કૂર્મિ ' જાતિ

---

૧. કુરમી ચેતના કે સૌ વર્ષ : ડૉ દિલાવરસિંહ જ્યસવાર, પૃ. ૪
૨. એજન, પૃ. ૫
૩. એજન, પૃ. ૩૯
૪. એજન, પૃ. ૩૯ થી ૪૩
૫. કુરમી ચેતના કે સૌ વર્ષ : ડૉ. દિલાવરસિંહ જ્યસવાર, પૃ. ૪૦
૬. એજન, પૃ. ૪૪

અલગ છે. કેમ કે એ કૂર્મ ઋષિનો વંશ કેવળ એક ગોત્ર છે. એક જ પિતાની સંતતિ છે. એમાં અંદરો અંદરના લગ્ન સગોત્ર લગ્ન કહેવાય. જેનો હિન્દુ સમાજમાં નિષેધ છે. જ્યારે આલોચ્ય કૂર્મિ જાતિ અનેક ગૌત્રોનો એક સમૂહ છે. કોઈ એક ગૌત્ર નથી. એટલે એને કૂર્મ ઋષિ કે એના વડે ચાલેલ કૂર્મવંશ સાથે કશો જ સબંધ નથી.

વળી એક વાત છે. કૂર્મિઓનો ઉલ્લેખ વેદોમાં પણ મળે છે. એટલે એ અતિ પ્રાચીન પ્રજા છે. જ્યારે પુરાણો તો વેદકાળ પછી ઘણે લાંબે સમયે રચાયાં છે.[1] એમાં ' સ્કંદપુરાણ ' તો ૧૫ મા– ૧૬ માં સૈકામાં રચાયું હોવાનો વિદ્વાનોનો મત છે.[2] એટલે સ્કંદપુરાણોક્ત મતનો કૂર્મવંશ વેદકાલીન કૂર્મિ પ્રજાથી સાવ અલગ એવું અક ગોત્રનું નાનું વર્તુળ માત્ર છે. જે કદાચ આજે તો લુપ્ત પણ થઈ ગયું હશે. આથી એનું કૂર્મિજાતિના ઇતિહાસની દૃષ્ટિએ કોઈ મૂલ્ય નથી.

ઋગ્વેદમાં ઇંદ્રને ' તુવિકૂર્મિતમ ' કહેલ છે.[3] અમારે મતે એનો સીધો સાદો અર્થ, 'કૂર્મિઓમાં ઉત્તમ એવા તમે 'ઈંદ્ર' એવો થાય છે. જો કે દયાનંદ, સાયણ વિગેરે એ વેદ ભાષ્યો કર્યાં છે. તેમાં એમણે પોતાને અભિપ્રેત અર્થ તારવવા પ્રયાસ કર્યો છે. હવે ' કૂર્મિ ' શબ્દનો વિચાર કરીએ. અને કૂર્મિ શબ્દ શાનું સૂચન કરે છે ? તે જોઈએ.

૧. આપણે આગળ જોયું તેમ ઇંદ્રને ' કૂર્મિતમ' કહેલ છે.[4] હવે ઈંદ્ર દેવરાજ છે. દેવ છે. માનવ કે અસુર નથી. એ વિચારતાં ' કૂર્મિ ' એ દેવતાઓનો પર્યાય જણાય છે. એટલે ' કૂર્મિતમ ' એ 'દેવોત્તમ ' નો જ પર્યાય છે. જેનો અર્થ દેવોમાં ઉત્તમ ' એવો થાય છે. આજે પણ આવા મનુષ્યોત્તમ, વીરોત્તમ, નરોત્તમ જેવા શબ્દો પ્રચલિત જ છે.

૨. જેમ આજે સ્વામિનારાયણ સંપ્રદાયને માનનારા સ્વામિનારાયણિયા, વૈષ્ણવ સંપ્રદાયવાળા વૈષ્ણવો કહેવાય છે, એ જ રીતે વિષ્ણુ ભગવાનના કૂર્માવતારને માનવાવાળા એટલે કૂર્મિ. એવો અર્થ પણ વ્યંજિત થાય છે. પુરાણોક્ત વિષ્ણુભગવાનના ૨૪ અવતારોમાં આ કૂર્માવતાર બીજો અવતાર છે[5], આ કૂર્માવતારને કારણે દેવોને સર્વોત્તમ લાભ થયેલો. જેનું પ્રમાણ પુરાણોક્ત સમુદ્ર મંથનની કથા છે. ભગવાન વિષ્ણુ જ સમુદ્ર મંથન પહેલાં આ કાર્ય વડે પ્રાપ્ત થતા બધા લાભો દેવોને જ મળશે તેવું જણાવતાં કહે છે.

' મારી સહાયતાથી સમુદ્રમંથન કરો. હવે આળસ અને પ્રમાદનો સમય નથી. દેવતાઓ, શ્રદ્ધા રાખો. દૈત્યોને મળશે કેવળ શ્રમ અને કલેશ પણ ફળ તમોને જ મળશે.[6] '

---

૧. એજન, પૃ. ૪૫
૨. ગુજરાતના પ્રાચીન ઇતિહાસની સાધાનસામગ્રી :- હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, પૃ. ૧૪
૩. કુરમી ચેતના કે સૌ વર્ષ : ડૉ દિલાવરસિંહ જયસવાર, પૃ. ૪૦
૪. કુરમી ચેતના કે સૌ વર્ષ : ડૉ. દિલાવરસિંહ જયસવાર, પૃ. ૧૦૨
૫. શ્રીમદ્ ભાગવત, ખંડ ૧, પૃ. ૭૮૨ (ગીતા પ્રેસ, ગોરખપુરનું પ્રકાશન)

સમુદ્રમંથન પ્રારંભે મંદરાચળ ઉઠાવવા જતાં પર્વતના વજનથી દેવતાઓ ઘાયલ થાય છે. એને વિષ્ણુભગવાન કૃપા વડે સ્વસ્થ કરે છે.[૧] પણ દેવશત્રુ અસુરો કે જેઓ પણ ઘાયલ થયા છે. એને સ્વસ્થ કર્યાનો કોઈ ઊલ્લેખ એ સ્થળે નથી.[૨] દેવો-દાનવોથી ન ઉપાડી શકાયેલ મંદરાચળને ભગવાન પોતે ઉપાડી સમુદ્ર તટે લાવે છે.[૩] ખૂદ ભગવાન સમુદ્રમંથનમાં દેવ સમાજ સાથે રહે છે.[૪]

સાગરમંથનમાં સર્વ પ્રથમ હળાહળ વિષ નીકળે છે. જેનું ભગવાન શિવ લોકહિતાર્થે પાન કરી જાય છે.[૫] અંતે ચૌદ રત્નો કે જેમાં અમૃત પણ આવી જાય છે. તે પ્રાપ્ત થાય છે. મોહિની અવતાર દ્વારા દૈત્યોને છેતરી ભગવાન વિષ્ણુ સમુદ્રમંથન દ્વારા લાભેલાં એ રત્નો દેવતાઓને આપે છે. અને અસુરોને વિનાશ અને વિનિપાત દાયિની વારુણી-શરાબ મળે છે.[૬] આ રીતે કૂર્માવતાર દ્વારા દેવતાઓનું પરમહિત થાય છે. એટલે કૂર્મ ભગવાનના ઉપાસકો અને અનુયાયીઓ એવા અર્થને પણ કૂર્મિ શબ્દ સ્ફૂટ કરે છે. જે કૂર્માવતાર પ્રત્યેની ભક્તિ અને શ્રદ્ધાનો ધોતક છે.

પુરાણકથા પ્રમાણે દાનવો અને દેવો દ્વારા સમુદ્ર મંથન થયું છે. એમાં માનવોનો ક્યાંય સમાવેશ નથી થતો. અને માનવોને પણ સમુદ્રમંથનના પુરુષાર્થથી કોઈ લાભ પ્રાપ્ત થયો નથી તેમ ઉપર જોયું તેમ દાનવોને પણ કોઈ લાભ થવાને બદલે વ્યર્થ ગયેલા પરિશ્રમ અને છળ વડે પરિશ્રમનાં ફળ ઝૂંટવાઈ જવાના શોકની જ પ્રાપ્તિ થઈ છે. આ કારણે એમને માટે પોતાને ' કૂર્મિ ' ગણાવીને કૂર્માવતાર પ્રત્યે શ્રદ્ધા ભક્તિ પ્રગટ કરવાનું કોઈ કારણ પણ નથી. એમનાં હૃદયમાં કૂર્માવતાર માટે તો દારુણ વૈર અને દ્વૈષનો જ ભાવ હોય.

૩. હિમાલય નો એક પ્રદેશ કુમાઉ છે. જેને કૂર્માચલ અને કૂર્મવન પણ કહેવામાં આવ્યો છે. આ પ્રદેશમાં લોહાઘાટ પાસે કૂર્માવતાર થયેલો.[૭] એ પ્રદેશના વાસીઓ એટલે ' કૂર્મિ ' એમ પણ માની શકાય. જેમ ગુજરાતવાસી પ્રજાનું પ્રાદેશિક નામ ગુજરાતી, નેપાલની પ્રજાનું નેપાલી, પંજાબની પ્રજાનું પંજાબી છે, તેમ કૂર્માચલ પ્રદેશની પ્રજા એના પ્રદેશ નામ વડે કૂર્મિ કહેવાતી હોય એ સમજી શકાય તેમ છે. આપણે ઉપર જોયું

૧. એજન, પૃ. ૭૮૩
૨. એજન, પૃ. ૭૮૩
૩. એજન પૃ. ૭૮૩
૪. એજન પૃ. ૭૮૩-૭૮૪
૫. શ્રીમદ્ ભાગવત, ખંડ-૧, પૃ. ૭૮૫-૭૮૯
૬. એજન, પૃ. ૭૮૯-૭૯૭
૭. કુરમી ચેતના કે સૌ વર્ષ :- ડૉ દિલાવરસિંહ જયસવાર, પૃ. ૪૯

તેમ કૂર્મ ભગવાનના અનુયાયીઓ, તેમની સાથે રહેનારા ભક્તો હોઈ શકે, અને તે કૂર્માવતાર દ્વારા, પરમ કલ્યાણ પામેલા દેવતાઓજ હોઈ શકે. દાનવો માટે પોતાના પરમ શત્રુ કૂર્મ ભગવાન અને તેના ભક્તો તથા પોતાના શત્રુ એવા દેવો સાથે કૂર્માચલમાં રહેવાનું કોઈ કારણ નથી. અને એ વાસ્તવિકતા પણ છે કે કૂર્મ ભગવાન અને દેવો પોતાના કટ્ટા વેરીઓને પોતાની નજીક પોતાના પ્રદેશ માં જ વસવા દઈને કાયમનું જોખમ પણ ન લ્યે. આ દૃષ્ટિએ પણ કૂર્મિઓ એટલે દેવો એવો જ અર્થ થાય છે. અત : ' કૂર્મિઓ' એ દેવોનું પાદેશિક નામ છે જે કાળક્રમે રૂઢ થઈ ગયું છે. અને મૂળ આ પ્રજાનું 'દેવ' એવું અભિધાન લોપ પામી ગયું

દેવો એટલે અલૌકિક તત્ત્વ એવો અર્થ કરવાની જરૂર નથી. એ વર્ણાશ્રમ અસ્તિત્ત્વમાં આવ્યા પહેલામાંના આર્ય પ્રજાના દેવો, દાનવો અને માનવો એવા ત્રણ પ્રભેદોમાંનો એક ભેદ છે. આ વાત ડૉ. નિત્યાનંદ શુકલના નિમ્નોક્ત કથન દ્વારા સમજાવે છે.

ઋગ્વેદ અને અર્થવેદમાં પણ દેવતાઓની સંખ્યા ૩૩ બતાવી છે. એ તેત્રીશ દેવતાઓ સિવાય બીજા પણ તેંત્રીશ દેવતાઓ હોય છે જેઓ પ્રાયઃમરણશીલ છે.[૧]

અને જેની ચર્ચા કરી છે. તે આ પ્રાગૈતિહાસિકકાળમા દેવ કહેવાયેલા. પછી ભગવાન કૂર્મનારાયણની કૃપાથી જીવનનાં સર્વક્ષેત્રે પ્રગતિ કરીને ઉન્નતિને પામેલા એવા માનવ સમુહની ચર્ચા છે. જેઓ ભગવાન કૂર્મની ઉપાસના અપનાવી લેવાથી 'કૂર્મિ' એવા કૂર્માનુયાઈ દર્શક અભિધાન વડે પોતાને ઓળખાયા. જેમ આજે પણ સ્વામિનારાયણ સંપ્રદાયને માનવાવાળા સ્વામિનારાયણિયા અભિધાને ઓળખાવ્યા છે. તેમ. બાકી એ પૌરાણિક દેવતાઆ કોઈ અલૌકિક અને અમાનુષિ જાતિ નથી. પણ દેવાભિધાન પામેલો એ માનવ સમાજનો જ એક સમૂહ હતો તે હકીકત આ દેવપ્રજા અને માનવ પ્રજાનાં નર-નારીઓના સંયોગ વડે સંતાનો થયાની,-વંશ ચાલ્યાની અનેક વાતો આપણને પુરાણો, મહાભારતમાંથી મળે છે, જેમ કે, કુરુકુળના પૂર્વજ પૂરૂરવાને અપ્સરા ઊર્વશી વડે સાત પુત્રો થયેલા. જેનું ભાગવત પુરાણ પ્રમાણ છે.[૧] એજ પ્રમાણે ઋષિ વિશ્વામિત્ર અને અપ્સરા દ્વારા શંકુતલા નામે પુત્રી જન્મેલી હોવાનું બ્રહ્મપુરાણ કહે છે.[૨]. દેવકન્યા ઈલાથી ધ્રુવને ઉત્કલ નામે પુત્ર થયાનું ભાગવતનું મંતવ્ય છે.[૩] તથા ઈંદ્રની કન્યા જ્યંતિના ઉદરે ક્ષત્રિયરાજવી ઋષભ દેવને ભરત નામે પુત્ર પ્રાપ્ત થયાનું ભાગવત વર્ણવે છે. તો સૂર્ય, ઈંદ્ર, વાયુ અને અશ્વિકુમાર જેવા દેવો દ્વારા પાંડુપત્નીઓ કુન્તિ અને માદ્રીના ઉદરે યુધિષ્ઠિર, ભીમ, અર્જૂન, નકુલ અને સહદેવા જેવા વીરપુરુષો પાક્યાનું મહાભારત કથે છે.

આજ રીતે અસુર અને માનવ નરનારી દ્વારા પણ સંતાનોત્પતિ થયાના પૌરાણિક

૧-૨. બ્રાહ્મણ ગ્રંથોમાં સૃષ્ટિ વિચાર :- ડૉ. નિત્યાનદ શુકલ પૃ :૮૮

૩. અધોગતિનું મૂળ વર્ણ વ્યવસ્થા : સ્વામી સચ્ચિદાનંદ, પૃ. ૩૦૩-૩૧૨

પ્રમાણો પ્રાપ્ત થાય છે. જેમ કે. રાજા યયાતિને અસુર વૃષપર્વાની કન્યા શર્મિષ્ઠા વડે દુષ્ય, અનુ અને પુરૂ નામે પુત્રો થયેલા જેનો ઉલ્લેખ બ્રહ્મપુરાણમાં છે. એજ રીતે શંબરાસુરની પુત્રી માયાવતનાં લગ્ન શ્રીકૃષ્ણ ભગવાનના પાટવીકુમાર પદ્યુમન સાથે થયાનો ભાગવતમાં ઉલ્લેખ છે.[૧] પુરાણો અને મહાભારતમાં આવાં અસંખ્ય ઉદાહરણો પ્રાપ્ત થાય છે. જે પ્રસ્થાપિત કરે છે કે દેવ, દાનવઅને માનવ એ વેદકાલીન આર્ય પ્રજાના ત્રણ વિભાગો હતા. જે વર્ણ વ્યવસ્થાના જન્મ સાથે લોપ પામી ગયા હશે. આજે જેને કૂર્મિ-કણબી કહે છે. એ જ્ઞાતિ પણ વર્ણાશ્રમની સ્થાપના પહેલાંની વેદકાલીન આર્યપ્રજાની દેવ નામે વેદો અને પુરાણોમાં ઓળખાવાયેલી એક જાતિ જ છે. અસુરો સાથે રોમહર્ષણ સંગ્રામો ખેલનાર આ વીર પ્રજા છે. અને દેવરાજ ઇંદ્રના આ વીર યોદ્ધાઓ છે. આ જ્ઞાતિ વર્ણાશ્રમમાં વર્તુળોમાં વિખેરાઈ જવાને બદલે પોતાનું અલગ અસ્તિત્ત્વ આજ સુધી જાળવી રહી છે. અને છતાં આ પ્રજા હિંદુસમાજની એક મહત્ત્વની જ્ઞાતિ રૂપે ઊભરે પણ છે.

વેદકાલીન વીરપ્રજામાં દેવો મુખ્ય છે. તેઓ આર્ય પ્રજા છે. દેવતાઓનાં રાજવી ઈંદ્રનાં વીર કર્મોને વેદોમાં મુક્તપણે ગાયાં છે. વેદકાલીન અસુરો સાથે દારુણ યુદ્ધો ખેલીને, વીરતા ભર્યા પડકારો ઝીલનાર જો કોઈ હોય તો તે ઈંદ્ર છે.[૨] એનાં પરાક્રમો અને ગુણોને વેદોમાં સવિશેષ પણે વર્ણવ્યાં છે. આ વસ્તુ એ વાત પ્રત્યે સંકેત કરે છે કે, જેને અપૌરુષેય માન્યા છે. એ વેદોની રચના પણ ઈંદ્રની વીરતાને બિરદાવવા માટે થયેલ હશે.

પાછળથી તેત્રાયુગ પછી ઋષિ વશિષ્ઠે નવી વેદ વિધિ બનાવી અને અપનાવી. તે આર્યોમાં બદ્ધમૂળ થઈ. એણે દેવ (કૂર્મિ) પ્રજાનો બાકીની આર્યપ્રજાથી સાંસ્કૃતિક વિચ્છેદ કરી નાખ્યો[૩] આ રીતે દેવો અને બ્રાહ્મણો વચ્ચે વૈમનસ્ય ઉત્પન્ન થયું.

આ વૈમનસ્યનાં પરિણામ થયેલ સંઘર્ષની વાત ત્વષ્ટાના પુત્ર વિશ્વરૂપ અને વત્રાસુર નામે બ્રાહ્મણોનો ઇંદ્રે વધ કર્યો. એમ તૈતરેય બ્રાહ્મણમાં છે[૪] અને આજ કથા 'શ્રીમદ્ ભાગવત'માં તે પુરાણના કર્તાએ આપી છે. જેમાં બાહ્મણોનાં મહત્ત્વને ઉપસાવવાનો અને ઇંદ્રને ઉતારી પાડવાનો પુરાણકારનો ઈરાદો જણાઈ આવે છે.[૫] એટલું જ નહિ, ભાગવતની

૧. એજન, પૃ. ૩૦૩-૩૧૨
૨. કુરમી ચેતના કે સૌ વર્ષ : ડૉ દિલાવરસિંરહ જયસવાર, પૃ. ૬૧
૩. એજન, પૃ. ૬૧
૪. કુરમી ચેતના કે સૌ વર્ષ : પૃ. ડૉ. દિલાવરસિંહ જયસવાર, પૃ. ૫૮
૫. શ્રીમદ્ ભાગવત : ખંડ : ૧ પૃ. ૬૦૦-૬૩૦

એ કથા પાછળથી રચીને ઘુસાડી દેવાઈ હોવાનું પ્રમાણ પણ એ કથામાં મળે છે કે સૃષ્ટિના આદિકાળે અદિતિપુત્ર ત્વષ્ટાના પુત્ર વિશ્વરૂપ થયા.[૧] એ વિશ્વરૂપ ઈંદ્રને નારાયણ કવચ પ્રબોધે છે.[૨] જેમાં દ્વાપરમાં થયેલ કૃષ્ણાવતાર અને કળિયુગમાં થયેલ બુદ્ધાવતારનો પણ ઉલ્લેખ છે. આ રીતે આ 'ભાગવત પુરાણ' જ ભગવાન બુદ્ધના જન્મ પછી રચાયાનું પ્રમાણિત થાય છે. અને એમાં ઇંદ્રનું મહત્ત્વ ઘટાડવાનું જ રચનાકારને મને અભિપ્રેત છે. તેમ જણાય છે. નહિં તો સતયુગની કથામાં કળિયુગમાં જન્મેલા ભગવાન બુદ્ધ ક્યાંથી પ્રવેશી જાય ?

પ્રચુર અદ્ભુત રસ વાળી પૌરાણિક સમુદ્રમંથનની કથા વાસ્તવમાં દેવ સમાજ દ્વારા થયેલા સંશોધન પ્રકલ્પની કથા છે.[૩] સાથે એ ભગવાન શિવ અને કૂર્મ ભગવાનના દેવ સમાજ પરના મહદોપકારની પણ ઐતિહાસિક કથા છે. એ શોધ પ્રકલ્પમાં કોઈ અનિષ્ટ શોધ રૂપે સર્વનાશી શોધ થાય છે. જેને હળાહળ વિષ કહ્યું છે. જેનું નિવારણ ભગવાન શિવ દ્વારા થાય છે.[૪] એ પછી રત્નરૂપે પ્રાપ્ત થતી, કામધેનુ કૃષિ વિજ્ઞાન અને ગોપાલન વિજ્ઞાનની શોધને સૂચવે છે. ઊચૈઃશ્રવા અશ્વની પ્રાપ્તિ દેવો દ્વારા જંગલી અવસ્થામાં રહેલ પશુઓ-અશ્વોના પાલનની પ્રવૃત્તિના આરંભની ઘોતક છે. ઐરાવત હાથીની પ્રાપ્તિ ગજપાલનની શરૂઆત થયાનું કથે છે. સાથે એ ગજાર્યુવેદ અને અશ્વાર્યુવેદની દેવો દ્વારા થયેલ શોધને પણ ઉજાગર કરે છે. કલ્પવૃક્ષની પ્રાપ્તિની કથા કૃષિ અને બાગાયત વિજ્ઞાનની શોધની કથા છે. સમુદ્રમંથન દ્વારા લક્ષ્મીનું પ્રાગટ્ય વ્યાપાર પ્રવૃત્તિની ગાથા છે. જે દેવો દ્વારા થયેલ અર્થશાસ્ત્રિય શોધની સૂચક છે. ધન્વંતરિ અને અમૃતની પ્રાપ્તિ આર્યુવેદ અને આરોગ્ય શાસ્ત્રની શોધ થવાની ગવાહીરૂપ છે.

ત્યારે દાનવ પ્રજા વારુણીની શોધ દ્વારા કશું જ પામી લાગતી નથી. એ લોકો નિરૂદ્યોગી અને શક્તિહીન થયાનું પુરાણો કથે છે.[૫] જે દાનવોની નિર્ધનતાનું સૂચક છે. આમાં ' નશો નાશનું મૂળ ' એ ઉક્તિ સાર્થક થાય છે.

કુર્માવતાર ભગવાન વિષ્ણુના ૨૪ અવતારોમાં બીજા ક્રમનો અવતાર છે. હિન્દુઓના મતાનુસાર એ સૃષ્ટિના આદિકાળની એક મહત્ત્વપૂર્ણ ઘટના છે. આદિકાળમાં એક જાતિ-વર્ગ વિશેષના લોકો આ કૂર્મ ભગવાનના અનન્ય ઉપાસક અને ભક્ત હતા. પોતાના ઉપાસ્ય ઈષ્ટદેવ કૂર્મ ભગવાનને કારણે આ લોકો પાછળથી કૂર્મિ અથવા કુરમી એવા

---

૧. એજન, પૃ. ૫૯૯-૬૦૦
૨. એજન, પૃ.૬૦૭
૩. શ્રીમદ્ ભાગવત : ખંડ : ૧, પૃ. ૭૭૯-૭૯૪
૪. એજન, પૃ. ૭૮૩-૭૮૯
૫. શ્રીમદ ભાગવત : ખંડ ૧, પૃ. ૭૯૨

જાતિ બોધક નામે ઓળખાયા એવો પ્રા. હેવિટનો મત છે.[1]

આપણે ઉપર જોયું તેમ ' સાગરમંથન ' નામે પુરાણોમાં વર્ણાવાયેલા સંશોધન અભિયાન દ્વારા દેવતાઓને જ કૂર્મ ભગવાને સર્વોચ્ચ લાભાન્વિત કર્યા છે. હવે એ દેવતાઓ જો કૂર્મોપાસક હોય, કૂર્મ ભગવાનના અનુયાયી હોય તો જ તેમને આ સંશોધનનું જ્ઞાન અને લાભ મળે, અને પોતાના ઉપાસ્યના નામે તે દેવતાઓ સગૌરવ પોતાને કૂર્મિ-કુરમીઓ કહેવરાવે એ વાત માની શકાય તેમ છે.

આટલી ચર્ચાની ફલશ્રુતિ એ છે કે કૂર્મિઓ બ્રાહ્મણવાદની વર્ણાશ્રમ પદ્ધતિમાં બદ્ધ ન થયેલી, અને પોતાનું સ્વતંત્ર અસ્તિતત્ત્વ હિન્દુ સમાજમાં ટકાવી રાખનારી વેદકાલીન દેવ કહેવાયેલી આર્યપ્રજાનો જ એક વિભાગ છે.

આ માટે મૂર્ધન્ય વિદ્વાન શ્રી કે. કા. શાસ્ત્રીનો મત દ્દષ્ટવ્ય છે :

' અનુક્રમે ચંદ્રવંશીય દેવ,' સૂર્યવંશીય ' માનવ ' અને દનુવંશીય ' દાનવ ' જાણવામાં આવ્યા છે. (ત્રિવિશ્ટપ – સ્વર્ગના ગૌરાંગો 'દેવ' કહેવાતા થયા એ પછી ઋગ્વેદનાં સૂક્તો રચાયાં છે. એ ધ્યાનમાં રાખવું જોઈએ. એ માણસ હતા પછી ' દેવ' કહેવાતા થયા. એ ધ્યાનમાં રાખવું જોઈએ.)[2]

પુરાણોમાં આ દેવોના ગુણો આ પ્રમાણે ગણાવ્યા છે. : વીર્ય (વીરતા) ઓજ (મનોબળ) અને શરીરબળ[3]

વાસ્તવમાં આ ગુણો ક્ષાત્ર ગુણો છે. જે દેવોને ક્ષત્રિય તરીકે પ્રસ્થાપિત કરે છે. જે આજે પણ ગુજરાતની કૂર્મિ જાતિમાં છલ્લોછલ્લ ભર્યા છે. આ ગુણો વડે જ આ કર્મઠ પ્રજા પ્રગતિને પંથે બીજી અનેક જ્ઞાતિઓને વટાવી આગળ નીકળી ગઈ છે.

કેટલાક વિદ્વાનોનો એવો મત છે કે, આ પ્રજા અફઘાનિસ્તાનના પામીર પ્રદેશમાં થઈ પંજાબમાં આવી છે. આ મતના મતાવલંબીઓ શ્રી.ગોકળદાસ સોમાભાઈ–મહેન્દ્ર ગોકળદાસ પટેલ,[4] પુરુષોત્તમ લલ્લુભાઈ પરીખ,[5] ડૉ. મફતલાલ પટેલ,[6] ઈશ્વર હ. પટેલ, ડૉ મફતલાલ પટેલ[7] વિગેરે છે. પણ તેમણે પોતાના મતની પુષ્ટિ અર્થે કોઈ પ્રમાણ

૧. કુરમી ચેતના કે સૌ વર્ષ : ડૉ. દિલાવરસિંહ જયસવાર, પૃ. ૧૦૧
૨. ફૂલછાબ સૌરાષ્ટ્રની ગૌરવગાથા વિશષાંક : સને, ૧૯૯૬, પૃ. ૧૪
૩. શ્રીમદ્ ભાગવત : ખંડ : ૧, પૃ. ૩૯૯
૪. ગુજરાતના કૂર્મિ ક્ષત્રિય પાટીદારોનો ઇતિહાસ : ગોકળદાસ સોમાભાઈ પટેલ , મહેન્દ્ર ગોકળદાસ પટેલ, પૃ. ૧૨૯
૫. કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ : પુરુષોતમ લલ્લુભાઈ પરીખ, પૃ. ૩૧-૩૨
૬. વિદેશોમાં પાટીદારો :- ડૉ. મંગુભાઈ પટેલ
૭. ઉમિયા માતાજી શતાબ્દિગ્રંથ : ઈશ્વરભાઈ હ. પટેલ, ડૉ. મફતલાલ પટેલ, પૃ. ૧૨૦

આપ્યાં નથી. ડૉ. ભાઈલાલ ધાભાઈ પટેલ પણ ઉપરોક્ત મતને સ્વીકારે છે. પણ પોતાનાં મંતવ્યને આધાર દર્શાવવા તેઓ ' બારોટના ચોપડાઓમાં એવી દંતકથાઓનો ઉલ્લેખ થયો છે તે અનુસાર પાટીદારો મૂળ પંજાબમાંથી અયોધ્યા ભણી ગયેલા ત્યાંથી માળવા આવેલા અને માળવામાંથી ગુજરાતમાં આવેલા'[૧] એવો ઉલ્લેખ કરે છે. પણ તેઓ આ વિગત કયા બારોટના ચોપડામાંથી મેળવી. એ બારોટનાં નામ અને ગામ શું ? એ અંગે કશું પણ જણાવ્યું નથી. એટલે એમનાં મંતવ્યનું પણ કોઈ વિશેષ મૂલ્ય રહેતું નથી. તેમ મેં જોયેલા કડવા પાટીદારોના વહીવંચા બારોટોના ચોપડાઓમાંથી પણ કડવા પાટીદારો મૂળ પંજાબના હોવાના કોઈ ઉલ્લેખો પ્રાપ્ત થયા નથી. જ્યારે આજે જેને પામીર કહે છે. એ પ્રદેશ વાસ્તવમાં કાશ્મીરની ઉત્તર સીમાનો પહાડી ભાગ છે.[૨] આ કાશ્મીર જ માનવોત્પતિની જન્મભૂમિ હોવાનો ટેલર જેવો વિદ્વાનોનો મત છે.[૩] પુરાત્ત્વવિદ બાબુ અવિનાશચંદ્ર પણ એ મતના સમર્થક છે.[૪] હિમાલયમાં આર્યો નિવાસ કરતા હોવાનું ચરક કહે છે.[૫] આધુનિક વિદેશી વિદ્વાનોમાં આ મતના મતાવલંબી લેખે જર્મન વિદ્વાન એડેલુંગ અને તે પછી પાર્જિટર નું નામ છે.[૬]

એટલે ટૂંકમાં કહીએ તો ઋગ્વેદ કાલીન દેવ. દાનવ અને માનવ કહેવાયેલી આ આર્ય પ્રજાની હિમાલયમાંથી જ ભારતમા આવી છે. હિમાલય જ આ પ્રજાનું ઉદ્ભવ સ્થાન છે. હિમાલય અને કાશ્મીરમાં પામીર પણ આવી જાય છે.

આ હિમાલયમાં ભગવાન શિવનું નિવાસસ્થાન ગણાયેલ કૈલાશ પર્વત છે. આ હિમાલયની પુત્રી એટલે ભગવાન શિવનાં પત્ની અને કૂર્મિઓનાં ઉપાસ્ય કુળદેવી મા ઉમિયા. સાગરમંથન અભિધાનિત શોધ પ્રકલ્પમાં પ્રગટેલ હળાહળ વિષનું પાન કરી ભગવાન શિવે દેવો અને સમગ્ર માનવજાત પર બહુ મોટું ઋણ ચડાવેલું આ કારણે કૂર્મિઓ ભગવાન શિવ અને જગદંબા ઊમાના ઉપાસકો અને ભક્તો હોય જ એ માની શકાય તેવી શ્રદ્ધેય વાત છે.

આ રીતે આ પ્રકરણમાં મૂળ દેવતાઓ અને ઈંદ્રના યોદ્ધા એવા કૂર્મિઓનાં મૂળ અને કુળ અંગે પ્રમાણબદ્ધ ચર્ચા કરી. હવે તેઓનાં ગુજરાતમાં આગમન વિશે વિચારીએ.

□

૧. ગુજરાતના પાટીદારો : ડૉ. ભાઈલાલલ ધાભાઈ પટેલ, પૃ. ૯-૧૦
૨. ગુજરાત : દીપોત્સવી અંક : સં. ૨૦૫૪, કે. કા. શાસ્ત્રીનો લેખ, પૃ. ૨
૩. ઓરિજીન્સ ઓફ ધ આર્યન્સ : ટેલર, પૃ. ૯
૪. ઋગ્વેદીક ઈન્ડિયા : અવિનાશ ચંદ્રદાસ, પૃ. ૫૫
૫. વૈદિક + સંપત્તિ : પંડિત રઘુનંદન શર્મા, પૃ. ૨૪૬
૬. ગુજરાત : દીપોત્સવી અંક : સં. ૨૦૫૪, કે. કા. શાસ્ત્રીનો લેખ, પૃ. ૩

૨

કૂર્મીઓનું ગુજરાતમાં આગમન

કૂર્મી, કુટુમ્બિન, કણબી, પાટીદાર અને પટેલ એ નામે ઓળખાતી આ જ્ઞાતિ વિશેષ હિમાચલ પ્રદેશમાંથી ગુજરાતમાં ક્યારે આવી ? એ અંગે અનેક વિદ્વાનોએ ચર્ચા કરી છે. અને પોતપોતાની રીતે મંતવ્યો પણ વ્યક્ત કર્યાં છે. આ સ્થળે આપણે પણ આ અંગે વિચારીને તથ્યને પામવા અર્થે પ્રયાસ કરીએ.

ડૉ. ભાઈલાલ ધાભાઈ પટેલ (ભાઈકાકા)નો મત એવો છે કે ઈ.સ. ૧૦૬૦ આજુબાજુ પાટીદારો ગુજરાતમાં આવ્યા હશે.[૧]

પોતાના આ મતમાં ટેકામાં ડૉ. ભાઈલાલ ધાભાઈ પટેલે કોઈ પ્રમાણ આપ્યું નથી.

શ્રી. ઈશ્વર હ. પટેલ અને ડૉ. મફતલાલ પટેલ એવું મંતવ્ય દર્શાવે છે કે ઈ. સ. ૩૦૦ સુધીમાં અફઘાનિસ્તાન થઈને કૂર્મિઓ ગુજરાતમાં આવ્યા હશે.[૨] આ બંને વિદ્વાનોએ પણ પોતાના મંતવ્યના આધાર માટે કેવળ ' માનવામાં આવે છે. ' એમ કહ્યું છે. પણ કોણ માને છે ? કયા ગ્રંથના લેખકની આ માન્યતા છે ? એ અંગે તેઓ કોઈ સ્પષ્ટતા કરતા નથી. એટલે એમનું મંતવ્ય પણ કોરું નિરાધાર અનુમાન જ છે.'

શ્રી પુરુષોત્તમ લલ્લુભાઈ પરીખ ઈ.સ. ૧૪૦ ના અરસામાં ઈડર અને વાંસવાડાના પ્રદેશોમાંથી પાટીદારો ઉત્તર ગુજરાતમાં આવ્યાનું કથે છે.[૩] એમણે પણ પોતાનાં મંતવ્ય માટે કોઈ પ્રમાણ આપ્યું નથી. તેમ ઈડરમાં પાટીદારો ક્યારે આવ્યા તે અંગે કોઈ પ્રકાશ

૧. ગુજરાતના પાટીદારો - ડૉ. ભાઈલાલ ધાભાઈ પટેલ, પૃ. ૧૦

૨. ઉમિયા માતાજી ૧૮મી શતાબ્દી મહોત્સવ સ્મૃતિગ્રંથ : ઈશ્વર હ. પટેલ ડૉ. મફતલાલ પટેલ, પૃ. ૧૨૧

૩. કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ : પુરુષોત્તમ લ. પરીખ, પૃ. ૫૫

પાડયો નથી.

ડૉ. મંગુભાઈ પટેલ એવું અનુમાન કરે છે કે આજથી ૨૦૦૦ વર્ષ પહેલાં પાટીદારો ગુજરાતમાં આવી વસ્યા હોય.[૧]

ઉપરોક્ત બધાં જ મંતવ્યો જેમ પ્રમાણ રહિત છે. તેમ એક વાકયતા વગરનાં પણ છે. જેમ કે પાટીદારોનાં ગુજરાતમાં આગમનનો સમય ડૉ. ભાઈલાલ ધાભાઈ પટેલ ઈ.સ. ૧૦૬૦ આપે છે. ઈશ્વર હ. પટેલ ઈ.સ. ૩૦૦ આજુબાજુનું અનુમાન કરે છે. ડૉ. મફતલાલ પારેખ પણ એમની સાથે છે. શ્રી પુરુષોત્તમ લલ્લુભાઈ પરીખ ઈ.સ. ૧૪૦ના અરસાનો સમય આપે છે. તો ડૉ. મંગુભાઈ પટેલ ' આજથી ૨૦૦૦ વર્ષ પહેલાં પાટીદારો ગુજરાતમાં આવ્યાનું કથે છે. આ રીતે આ વિષયમાં સહુએ નિરાધારપણે મન ફાવતાં અનુમાનો જ કર્યાં છે.

આ અનુમાનો કરતી વખતે એ વિદ્વાનો એ બાબત ભૂલી ગયા છે કે, ગુજરાતમાં બીજી કોઈ પણ જ્ઞાતિને મૂકાબલે પાટીદાર જ્ઞાતિની જનસંખ્યામાં અન્ય જ્ઞાતિઓ કરતાં મોટી છે. આહીરો કે જેઓ ભૂતકાળમાં યાદવ કહેવાતા હતા તેઓ કૃષ્ણ સાથે દ્વારકાં આવેલા. વિદ્વાનોએ આહીરોનો ગુજરાતમાં આગમનનો સમય ઈ.સ. પૂર્વે ૩૧૦૨ના અરસામાં થયેલાં મહાભારતનાં યુદ્ધના અરસાનો ગણ્યો છે.[૨] એ આહીરોની વંશવૃદ્ધિ પાટીદારોની તુલનામાં ઘણી ઓછી છે. તો પછી ઉપરોક્ત વિદ્વાનોના મતે વધુમાં વધુ ૨૦૦૦ વર્ષ પહેલાં પાટીદારો ગુજરાતમાં આવ્યાનું ગણીએ તો પણ આ જ્ઞાતિની વંશવૃદ્ધિ આહીરો કરતાં પણ કઈ રીતે આગળ નીકળી ગઈ ? આ વસ્તુ જ એ વાતનું સૂચન કરે છે કે આહીરો પહેલાં જ આ પાટીદારો ગુજરાતમાં આવી વસ્યા હતા.

આ બાબતમાં આપણે વહીવંચા બારોટોના ચૌપડા અને પુરાણો શું કહે છે ? તે જોઈએ.

આગળ આપણે જોયું કે આ પ્રજા દેવ કહેવાયેલ મનુષ્ય જાતિ છે. અને ભગવાન કૂર્મ દ્વારા ' સમુદ્રમંથન ' અભિધાનિત સંશોધન પ્રકલ્પ વડે એણે કૃષિ વિજ્ઞાન, પશુપાલ વિજ્ઞાન અને આયુર્વેદ વિજ્ઞાનની શોધ કરી હતી. તે સાથે બીજી પણ સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક ક્ષેત્રે પ્રગતિ કરી જ હશે. જે આ શોધ પ્રકલ્પ દ્વારા પ્રાપ્ત ૧૪ રત્નોનાં પ્રતીક વડે સૂચવાયેલ છે. જેમાં હળાહળ વિષની ઉત્પત્તિ અને ભગવાન શિવ દ્વારા તેના પાનની કથા[૩] વિષમય વનસ્પતિઓની જેવી કે અફીણ, ભાંગ, ગાંજો, ધતુરો, થોર, આંકડો, ઝેરકોચલાં અને બીજાં સ્થાવર અને જંગમ વિષોનો માનવકલ્યાણ અર્થે શોધાયેલ ઔષધિય

---

૧. પાટીદારોની ગૌરવ ગાથા : ડૉ. મંગુભાઈ પટેલ, પૃ. ૬૧

૨. ઓખામંડળ : ઐતિહાસિક અને સાંસ્કૃતિક દષ્ટિએ : આચાર્ય સુરેશભાઈ દવે, પૃ. ૧૧

૩. શ્રીમદ્ ભાગવત : ખંડ : ૧, પૃ. ૭૮૩-૭૮૯

ઉપયોગની કાવ્યમય સૂચક કથા છે.

પણ આ શોધનો લાભ કેવળ દેવો પૂરતો જ રહ્યો. પણ બીજી આર્ય પ્રજા એથી લાભાન્વિત થઈ ન હતી. એ પૃથુરાજાના ચારિત્ર પરથી સમજાય છે.

પૃથુરાજાના પિતા વેનને યજ્ઞ-યાગાદિપ્રત્યે નફરત હતી. એથી એ બધું એણે પોતાના રાજ્યમાં બંધ કરાવ્યુ[1] આમ તો એના રાજ્યમાં ગુન્હેગારા લુપ્ત થઈ ગયા હતા.[2] પણ યજ્ઞાદિના વિરોધને કારણે બ્રાહ્મણો એના શત્રુ બન્યા. એ વેળા રાજા વેન અને બ્રાહ્મણોનો જે સંવાદ થયેલો. એ પણ આ વાતનું સમર્થન કરે છે.[3] અને બ્રાહ્મણોએ વેનની હત્યા કરી.[4] પછી અરાજકતા વ્યાપી જવાથી રાજા વેનના બીજા ક્રમના પુત્ર પૃથુને રાજા બનાવ્યો.[5] આ વસ્તુ બ્રાહ્મણોની એ કાળે ક્ષત્રિયોને-રાજ્યને પોતાની સત્તામાં રાખવાની વૃત્તિ ગવાહી રૂપ છે. આ પરિસ્થિતિને કારણે રાજા પૃથુને બ્રાહ્મણો પ્રત્યે શંકા અને મનોમાલિન્ય થયું હોય તેમ સમજી શકાય તેમ છે. પણ એ રાજનીતિજ્ઞ રાજવીએ પોતાના મનાભાવો કોઈને કળાવા નહિં દીધા હોય. પૃથુરાજાએ હિમાલયવાસી દેવોને સૌ પ્રથમ સૌરાષ્ટ્રમાં વસાવ્યા હોય તેમ લાગે છે. પુરાણોમાં જે પૃથ્વી દોહનની કથા મળે છે. એ વાસ્તવમાં 'સાગર મંથન' કથાની પ્રતિકૃતિ જેવી છે. જે પૃથુરાજા દ્વારા થયેલા કૃષિ વિજ્ઞાનના ગુજરાતમાં અવતરણની કથા છે. પૃથુ પહેલાં માનવો આદિવાસીઓની જેમ મનફાવે તેમ રહેતા હતા. પૃથુરાજાએ જ ગ્રામો અને નગરો વસાવી માનવીઓના સામુહિક નિવાસનો આરંભ કર્યો હતો.[6] રાજા પૃથુનો દેવ સમાજ સાથે પણ ગાઢ સંબંધ હતો.[7] પૃથ્વી રૂપી ગાયના દોહન પ્રકલ્પમાં દેવતાઓ પણ સામેલ હતા.[8]

આટલાં પ્રમાણે જોયા પછી એ વાતિ નિશ્ચિત થાય છે કે, માનવોમાં રાજા પૃથુના સમય સુધીમાં કૃષિવિજ્ઞાનની શોધ ન હોતી થઈ. આ કારણે પૃથુરાજાના સમયમાં અન્નાભાવે એ સમયની પ્રજા અતિ પિડીત હતી.[9] આ કારણે દેવોને આ પ્રદેશમાં વસાવીને રાજા પૃથુએ આ પ્રદેશમાં કૃષિ વિજ્ઞાન, ગોપાલન વિજ્ઞાન અને સંસ્કૃતિનો પાયો નાખી આર્ય પ્રજાને વિકાસશીલ અને પ્રગતિશીલ કરી હશે. અને આ કારણે ગુજરાતની ભૂમિ અર્નગળ ઉત્પાદન દેતી થઈ હશે. આનાં પ્રમાણો વહીવંચાની વહીમાંથી પણ મળે છે.

૧-૨. શ્રીમદ્ ભાગવત : ખંડ : ૧, પૃ. ૩૮૫
૩. શ્રીમદ્ ભાગવત : ખંડ : ૧, પૃ. ૩૮૫-૩૮૬
૪. એજન, પૃ. ૩૮૮
૫. એજન. પૃ. ૩૮૮-૩૮૯
૬. શ્રીમદ્ ભાગવત ખંડ : ૧ પૃ : ૪૦૧
૭. એજન, પૃ. ૩૯૦, ૩૯૧, ૪૦૪, ૪૧૦
૮. એજન, પૃ. ૩૯૯
૯. એજન, પૃ. ૩૯૫

પાર્વતીજી-ઉમિયાજીએ તેત્રા યુગમાં ઉમિયાપુર વસાવ્યાની અને યજ્ઞમાં પોતાના કડવા પાટીદાર ભક્તોને દર્શન દીધાની વહીવંચાને ચોપડે નોંધ છે.[૧]

આજનું ઊંઝા એ વખતે ઉમિયાપુર પાટણ કહેવાતું હતું. અને ત્યાં હિમાલય-કૈલાશમાંથી પાટીદારોના યજ્ઞમાં ભગવાન શિવ અને ઉમિયાજી આવ્યાની પણ વહીમાં નોંધ છે.[૨] એ ઉમિયાપર પાટણના કડવા પટેલોને ભગવાન શિવ અને ઉમિયાજીએ ખેતીમાંથી વિપુલ ઉત્પાદન થવાનું અને જગતના ' અન્નદાતા ' થવાનો વર આપ્યો હતો.[૩] કડવા પટેલોની ગામી શાખ તેત્રાયુગ જેટલી જૂની હોવાનું વહી કહે છે.[૪] ચંદ્રવંશી રાજા યદુ એક વખત ઉમિયાપર પાટણ ઉપર ચડી આવ્યાની, અને કડવા પાટીદારોએ તેનો અપ્રતિમ વીરતાપૂર્વક સામનો કરતાં રાજા યદુ સમાધાન કરી ગયાની નોંધ પણ વહીમાં છે.[૫]

વિદ્વાનોનાં સંશોધનો પણ વહીનાં વિધાનોને જ ટેકા રૂપ છે. પ્રો. હેવિટે કૂર્મિઓના મૂળ સ્થાનની ભૌગોલિકતાની જાણકારી દેતાં જણાવ્યું છે કે ' પરમ પવિત્ર અને પુરાતન જૈન યાત્રાધામ એ જિલ્લાઓમાં આવેલ છે, જેને પ્રાચીન કાળમાં સિંધુ સુવર્ણ અને સૌરાષ્ટ્ર કહેતા હતા. એના ઉત્તરમાં શતલજ નદી છે. અને પશ્ચિમકાંઠામાં આજુબાજુ બંદરો (જલપટ્ટનો)'નું ક્ષેત્ર છે. એ બધાંને મહાભારત કાળમાં ભગદત્ત કહેવામાં આવે છે. ખાદ્ય ફળોના દેવતા ' ભગ ' દ્વારા પ્રદત્તકૂર્મિ ખેડૂતોની આ ઉદ્યાન ભૂમિ છે. તેઓ પુરાતન સૌરાષ્ટ્રના કાઠિયાવાડ અને ગુજરાતની ઉપજાઉ ભૂમિમાં કપાસ, ગળી અને શેરડી ઉગાડતા હતા.[૬] આ બધાં પ્રમાણો પૃથુરાજાએ ગુજરાતમાં કુશળ કૃષિકાર એવા કૂર્મિઓ (દેવો)ને ને વસાવ્યાની પ્રમામભૂત વિગતો કથે છે.

આજે પણ હિમાચલના કુલ્લુ પ્રદેશને ' દેવની ઘાટી ' કહેવામાં આવે છે.[૭] જે ત્યાં વેદકાળમાં કૂર્મિ (દેવ ક્ષત્રિયો) દેવો વસતા હોવાની સાક્ષી રૂપ છે.

પ્રો. હેવિટના કથનમાં કેટલાંક સ્થલનામો થોડી ગેરસમજ અને ગોટાળો સર્જે એવી શક્યતા છે. એટલે અત્રે એ વિષે પણ થોડી ચર્ચા, સ્પષ્ટતા કરી લઈએ.

આમાં શતલજ નદી અને ' સિંધુ ' શબ્દો વડે તે નદીઓ પંજાબની શતલજ અને સિંધુ નદી હશે એવી ગેરસમજ થાય તેમ છે. એટલે આ અંગે થોડું

૧. શ્રી. રજનીકુમાર બારોટ, રે. સિદ્ધપુરની વહીમાંથી. તા. ૪-૧૧-૯૮
૨. શ્રી. રજનીકુમાર બારોટ, રે. સિદ્ધપુરની વહીમાંથી. તા. ૪- ૧૧ - ૯૮
૩. એજન
૪. એજન
૫. એજન
૬. ધી રૂલિંગ રેસેજ ઓફ પ્રિહિસ્ટોરિકલ ટાઈમ્સ : પ્રા. હેવિટ, પૃ. ૩૨૪
૭. વિશ્વ કી આદિવાસી જનજાતિયાં :- ડૉ. શિવતોષદાસ પૃ. ૧૦૭-૧૦૮

સ્પષ્ટીકરણ જરૂરી છે.

પ્રા. હેવિટનું પુસ્તક અંગ્રેજીમાં છે. એમાં નદીનું નામ એમણે Shetla's એ રીતે આપ્યું હશે. પણ હિન્દી અનુવાદમાં એ 'શતલજ' થઈ ગયું હશે. વાસ્તવમાં એ સૌરાષ્ટ્રના પાલીતાણા તાલુકાની પ્રસિદ્ધિ શેત્રુંજી નદી છે. જેને લોક બોલીમાં ' શેતલ ' પણ કહે છે. યથા :

સરણાં શેતલ તણાં, રોયાં રદન કરે;
મહેરામણ મરતે, સરહું ચંડી સુચઉત[1]

શેત્રુંજીમાં સ્નાન કરી રહેલા કોઈ ચારણને વટેમાર્ગુએ સમાચાર આપ્યા કે, રાજકોટના કુમાર મહેરામણજી (જેમણે 'પ્રવીણ સાગર' ગ્રંથ રચ્યો હતો.) અવસાન પામી ગયા છે. ત્યારે સ્નાન કરી રહેલા ચારણે મરશિયાનો ઉપરોક્ત દુહો કહ્યો જેમાં શેતલ-શેત્રુંજી નદી મહેરામણજીના અવસાન પર વિલાપ કરતી હોય એવી વિભાવના છે.

સિંધુ નામે નાની નદી કાળાવડ તાલુકામાં સતિયા ગામથી થોડે દૂર છે. એની પાસે સિંધુ ગામના ખંડેરો પણ છે. જામશાહીની સ્થાપના પહેલાં એ પ્રદેશ સિંધુ નદીના કાંઠાને કારણે સિંધુ કહેવાતો હશે. એવી શક્યતા વિચારી શકાય. વસ્તુતઃ આ સૌરાષ્ટ્રનો જ પ્રદેશ છે.

કૂર્મિઓ ગુજરાતમાં આવ્યા પહેલાં પણ આ પ્રદેશમાં માનવ વસવાટ તો હતો તે પૃથુરાજા પાસે અન્નાભાવથી પીડિત પ્રજાના આર્તનાદ - અરજપરથી સમજાય છે. પણ સાથે એ પણ સમજાયછે કે એ પ્રજા કૃષિવિદ્યાથી અજ્ઞાન હશે. નહિં તો એ પ્રજા અન્નાભાવની રાવ ન કરત. ઊર્જયંતી નજીકમાં ઈંદ્રે નાર્મૂર નામે દાનવને માર્યાનું ઋગ્વેદમાં સૂચન છે એ જોતાં આ પ્રદેશમાં કૂર્મિઓના આમગન પહેલાં પણ પ્રજા વસ્તી હશે એમ લાગે છે.[2] જે પછાત સ્થિતિમાં હશે. અને કૃષિનું જ્ઞાન નહિં હોય. જેથી અન્નાભાવનો સામનો કરતી હશે.

શ્રી. કે. કા. શાસ્ત્રી નાર્મૂર દાનવના નિવાસસ્થાન રૂપે જે ઉપરોક્ત ઊર્જયંતી નદીનો ઉલ્લેખ કરે છે. એ ઉર્જયંત (ગિરનાર) પર્વતમાંથી ઉદ્‌ગમ પામીને નવી બંદર પાસે ભાદર નદી સાથે મળી જતી આજની ઓઝત નદી હોવાનું સિદ્ધ કરે છે.[3] આ રીતે કૂર્મિઓના આગમન પહેલાં દાનવ કહેવાયેલી પ્રજાની વસાહત સૌરાષ્ટ્રમાં હશે તેમ જણાય છે. જે આજે લોપ પામી ગઈ હશે. અથવા તો કોઈ અન્ય જ્ઞાતિમાં ભળી ગઈ હશે.

---

૧. રતુદાન રોહડિયાની શોધનોંધોને આધારે.
૨. ઓખા મંડળ : ઐતિહાસિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ :- આચાર્ય સુરેશભાઈ કનૈયાલાલ દવે, પૃ. ૩
૩. ફૂલછાબ : પ્લટીનમ જયંતિ અંક : ૧૯૯૬, પૃ. ૧૪

કૂર્માચલમાંથી ગુજરાતમાં આવેલ આ સંસ્કાર સમૃદ્ધ દેવ અભિધાને ઓળખાતી આ આર્ય પ્રજામાં આજ પણ દેવરાજ ઈંદ્રનો ઈંદ્રોત્સવ મહોત્સવ સમયના વહન થવાથી વિકૃત રૂપે આજ સુધી ઊજવાતો રહ્યો છે.[૧] આ ઈંદ્રપુજા ગુજરાતમાં જ નહિં પણ મધ્ય પ્રદેશના નિમાડના પાટીદારોમાં પણ આજ સુધી પ્રચલિત છે.[૨] જે વસ્તુ પણ પાટીદારો દેવ પ્રજા હોવાથી તરફેણ કરતું એક પ્રમાણ બની રહે છે.

મહારાજ પૃથુના સમયમાં ગુજરાત-સૌરાષ્ટ્રમાં કૃષિનાં જ્ઞાન વિહિન પત્થર યુગીન માનવ પ્રજા વસ્તી હતી. આ અંગેના પુરાવા રૂપે પુરાતત્ત્વવિદોએ ઉત્ખનન દ્વારા પ્રભાસમાંથી પત્થરનાં ઓજારો પણ પ્રાપ્ત કર્યાં છે. આ માટે શ્રી. ર. ના. મહેતા લખે છે કે

' પ્રભાસ ક્ષેત્રમાં થયેલ કાર્યથી પ્રાચી તીર્થ પર આશરે બે હજાર વર્ષથી પ્રવૃતિ ચાલતી દેખાય છે. નગરાદિત્યના ટેકરા પરનું નગર ચાર હજાર વર્ષનો ઇતિહાસ દર્શાવે છે. અને તામ્રાશ્મ કાળની કુરુક્ષેત્ર વિસ્તારની તથા ભાદર અને સૌરાષ્ટ્રમાં અન્યત્ર મળતા અવશેષો વાળી સંસ્કૃતિ ધરાવે છે. તદ્દુપરાંત પ્રભાસમાં માત્ર પત્થરનાં ઓજારો વાપરનાર લોકો ઘણા લાંબા સમયથી રહેતા હતા એમ દર્શાવીને આ વિસ્તારની માનવ વસવાટની પ્રક્રિયાનો લાંબો કાળક્રમ સ્પષ્ટ કરે છે.[૩]

પૃથુરાજાના સમયમાં આ પ્રદેશમાં રહેતી પ્રજાનાં પછાતપણાં અંગે હરિવંશ (ઉત્તર મહાભારત) આ પ્રમાણે વિગતો જન્મેજયરાજાને મુખે દર્શાવે છે :

' હે બ્રાહ્મણ, જે કાળે લોઢાના ખીલા સમાન અને મર્યાદા રહીત મોટા ગ્રહ સમાન એવું અજ્ઞાન આ પૃથ્વી પર પ્રવર્તતું હતું ત્યારે પ્રાણીઓનો વિનાશ તો થયો ન હતો. પરંતુ એ સમયે પ્રજાઓ કેવી રીતે ટકી રહી હતી ?[૪]

આટલાં પ્રમાણોથી એ ફલીત થાય છે કે, એ સમયે ગુજરાતમાં પછાત માનવો વસતા હતા. જેમને પશુપાલન અને કૃષિનું જ્ઞાન ન હતું. આ કારણે અન્નાભાવે તેઓ સતત પીડિત રહેતા હતા. આ કારણે આ ગરીબ પ્રજાને અન્ન, વસ્ત્ર આશરાની જોગવાઈ કરી દેવા, તથા કૃષિ અને પશુપાલન જ્ઞાનના પસાર અર્થે મહારાજ પૃથુએ ' પૃથ્વીદોહન ' પ્રકલ્પ વિચાર્યો હશે. અને આ માટે એ સમયે ' સમુદ્રમંથન પ્રકલ્પ ' દ્વારા કૃષિ, ગોપાલન અને આયુર્વેદ ક્ષેત્રે બુલંદ પ્રગતિ કરનાર દેવોનો પણ પૃથુરાજાએ સાથ લઈને આ ' પૃથ્વી દોહન ' પ્રકલ્પ પ્રયોજેલો. આનાં પ્રમાણો પણ મળે છે. હરિવંશપુરાણમાં ઉલ્લેખ છે કે –

૧. સૌરાષ્ટ્રના કડવા પાટીદારોનું માદરે વતન ઉમાપુર, ઊંઝા : ઉમિયા માતાજી : ડૉ. અમૃત પટેલ, પૃ. ૧
૨. એજન
૩. સ્વાધ્યાય. મે-ઑગષ્ટ, ૧૯૯૪; ર. ન. મહેતા, પૃ. ૨૦૪-૨૦૫
૪. હરિવંશ પુરાણ ઉત્તર મહાભારત) : પૃ. ૭૨૭-૭૨૮

' હે ભરતવંશી મહારાજ, પ્રજાઓની આજીવિકા ઇચ્છતા પૃથુએ દેવો તથા ઋષિગણોને સાથે રાખી આ પૃથ્વી રૂપી ગાયમાંથી પોતપોતાને ઈષ્ટિ વસ્તુઓ રૂપ ઉત્તમ વસ્તુઓને (દૂધ રૂપે) લીધી હતી.[૧]

આ રીતે આપણે ગુજરાતમાં પાટીદારોનાં આગમન અંગે ચર્ચા કરી. એનાથી એ વાત સમજાય છે કે આજના પાટીદારોના પૂર્વજ કૂર્મિઓ પૃથુરાજાના પૃથ્વીરૂપ ગાયના દોહન પ્રકલ્પનાં સુફળ રૂપે ગુજરાતમાં કૂર્માચલ-કુમાઉ પ્રદેશમાંથી આવ્યા છે. આપણે ઉપર જોયું તેમ તેમનાં ગુજરાતમાંના આગમનનો સમય મહાભારત કાળ પહેલાંનો છે. અને એ પહેલાં ગુજરાતમાં પત્થરનાં ઓજારોનો ઉપયોગ કરનારી કૃષિજ્ઞાન વિહિન પ્રજા અવ્યવસ્થિત પણે અત્ર–તત્ર વસ્તી હતી. અહીં આવીને આ કર્મઠ પાટીદારોએ આ પ્રદેશની સેંજળ અને ફળદ્રૂપ ભૂમિનો લાભ લઈને કૃષિ વિકાસ સાધેલો, એ કૃષિ વિકાસ જ ઉદ્યોગ, ધંધા અને સાંસ્કૃતિક વિકાસનો પાયો અને પ્રેરણાસ્રોત બની રહ્યો. પાટીદારોએ પ્રજાને પેટ ભરવાની ચિંતામાંથી મુક્ત કરતાં આ અશક્ય બન્યું. પ્રગતિને પંથે પ્રજાએ દોટ દીધી.

ગુજરાતના આ કૃષિ વિકાસને કક સૂરિ દ્વારા ઈ.સ. ૧૩૩૭માં રચાયેલા ' નાભિનંદનોદ્ધાર પ્રબંધ 'માં આ રીતે વર્ણવ્યો છે :

'ગુજરાતના ગુણનું વર્ણન તો હજાર જીભવાળો પણ ન કરી શકે. છતાં વર્ણન કરવું હોય તો કહેવાય કે દેશની ભૂમિ સર્વ પ્રકારનાં ધાન્યો ઉત્પન્ન કરવા સમર્થ છે. ત્યાંના કુવાઓમાં જમીનની નજીક પુષ્કળ પાણી હોય છે. પૃથ્વીમાં જેટલાં ફૂલ-ફળનાં ઝાડો થાય છે તે બધાં ગુજરાતમાં થાય છે. વળી એ ભૂમિના ગુણને લીધે મગ, તુવેર, અડદ, ઘઉં, ડાંગર, જુવાર વગેરે બધી જાતનાં અનાજ થાય છે.[૨]

આગળ જતાં સાધુવર ગુજરાતની ભૂમિની પૂણ્યમયતા અને તીર્થ સ્થળોનો મહિમા ગાતાં ગુજરાતી પ્રજાની વિવેકશીલતાને અહોભાવપૂર્વક વર્ણવે છે કે.

' જ્યાં શેત્રુંજ્ય, ગિરનાર, સોમનાથ, બ્રહ્મસ્થાન (ખેડબ્રહ્મા), મૂલસ્થાન (માંડલના મૂલેશ્વર મહાદેવ) અને સૂર્યનું સ્થાન (મોઢેરા) વગેરે તીર્થો છે.... એ દેશના ઉપકારો, મીઠાબોલો અને સદાચારોથી ખુશ થયેલા પંડિતો તેને વિવેક બ્રહસ્પતિ કહે છે.[૩]

કૂર્મિઓ દ્વારા ગુજરાતની પ્રગતિ અને સંસ્કારિતાની પ્રસરેલી સુવાસનાં આ પ્રમાણો છે. જે કર્મઠ કૂર્મિઓએ કરેલી ગુજરાતની સર્વાંગી કાયાપલટનું પ્રમાણ બની રહે છે.

□

---

૧. હરિવંશ પુરાણ : (ઉત્તર મહાભારત), પૃ. ૨૨)

૨. પાટડી દર્શન : પ્રભાતકુમાર મ દેસાઈ, પૃ. ૬. ૩. એજન, પૃ. ૬

3

કડવા પાટીદારોની શાખાઓનું ઐતિહાસિક દષ્ટિએ અવલોકન

પાટીદારોના જે જે ઇતિહાસો લખાયા છે. તેનાં મંતવ્યોને આધારે આપણે હવે આ મૂળે કૂર્મિઓ અને હવે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં કણબી, પાટીદાર અને પટેલ એવાં નામે ઓળખાતી આ મહાજાતિની શાખાઓ અને એના બે મુખ્ય ભેદો લેવા અને કડવાઓ અંગે વિચાર-વિમર્શ કરીએ.

લેવા અને કડવા કે કરડવા એ બે મુખ્ય ભેદો અંગે જોઈએ તો બંને એક મગની બે દાળ જેવા કૂર્મિ જાતિના બે ફાંટા છે. બંને વચ્ચે રોટી વહેવાર છે. અને બંને વચ્ચે સામાજિક રીત-રિવાજોમાં ઘણું સામ્ય છે. છતાંયે આ બે ફાંટાઓ વચ્ચે બેટી વહેવાર નથી થતો, જો કે હવે જમાનો બદલાતાં લેવા-કડવા પટેલોમાં અન્યોન્યમાં બેટી વહેવારના જુજ બનાવો બન્યા છે ખરા પણ લેવા અને કડવા પટેલોના વર્તુળો હજી પૂરેપૂરાં લોપ પામી ગયાં ન હોવાથી આ મહાજાતિ એકતા સાધી શકી નથી.

કૂર્મિ જાતિના અધિકાંશ ગુજરાતી ઇતિહાસ લેખકોએ કૂર્મિઓ પંજાબના ' કરડ ' અને ' લેયા ' પ્રદેશના હોવાથી ' લેવા ' અને ' કરડવા' એવા બે વિભાગો થયા એવો મત વ્યક્ત કર્યો છે. પણ આ મતના ટેકામાં એમણે કોઈ આધાર આપ્યો નથી. આ મતના મતાવલંભીઓમાં ડૉ. મફતલાલ પટેલ,[૧] ડૉ. મંગુભાઈ પટેલ,[૨] ગોકળદાસ સોમાભાઈ પટેલ તથા મહેન્દ્ર ગોકળદાસ પટેલ,[૩] શ્રી પુરુષોત્તમ લલ્લુભાઈ પરીખ,[૪] જેવા

૧. વિદેશોમાં પાટીદારો : ડૉ. મફતલાલ પટેલ, પૃ. ૮૧-૮૨
૨. રાવબહાદુર બેચરદાસ અંબાઈદાસ લશ્કરી : ડૉ. મંગુભાઈ પટેલ, પૃ. ૨૯
૩. ગુજરાતના કૂર્મિ ક્ષત્રિય પાટીદારોનો ઇતિહાસ : ગોકળદાસ સોમાભાઈ પટેલ–મહેન્દ્ર ગોકળદાસ પટેલ, પૃ. ૧૩૨
૪. કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ : પુરુષોત્તમ લલ્લુભાઈ પરીખ, પૃ. ૫૧

વિદ્વાનો છે. પણ આધાર વિહિન વિધાનોને કારણે એમનો મત અશ્રદ્ધેય બની રહે છે.

પાટીદારો મૂળ પંજાબના રહેવાસી હતા, અને ત્યાંથી તેઓ ગુજરાતમાં આવ્યા. એવો મત પાટીદારોનો ઇતિહાસ લખનારા વિદ્વાનોનો છે. એટલે એની ચર્ચા પ્રથમ કરી લઈએ.

ગુજરાતના પાટીદારો પંજાબમાંથી ગુજરાતમાં આવ્યા. એ મતના મતાનુયાયીઓ મા ડૉ. ભાઈલાલ ધાભાઈ પટેલ,[૧] ઈશ્વર હ. પટેલ - ડૉ. મફતલાલ પટેલ,[૨] પુરુષોત્તમ લલ્લુભાઈ પરીખ,[૩] ડૉ. મંગુભાઈ પટેલ[૪] ડૉ. મફતલાલ પટેલ[૫] ડૉ. દિલાવરસિંહ જયસવાર[૬] ગોકળદાસ સોમાભાઈ પટેલ, મહેન્દ્ર ગોકળદાસ પટેલ[૭] વિગેરે વિદ્વાનોનો સમાવેશ થાય છે.

આમાં પુરુષોત્તમ લલ્લુભાઈ પરીખે ' કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ ' નામે શોધપૂર્ણ ગ્રંથ ઈ.સ. ૧૯૧૨માં લખીને પ્રગટ કરેલ. જેની ત્રણેક આવૃત્તિ પ્રગટ થવાનું જાણમાં છે.

એ ગ્રંથમાં પુરુષોત્તમ લલ્લુભાઈ પરીખે પાટીદારો પંજાબમાંથી આવ્યાના પોતાના દાવાના આધાર અર્થે કડવા પટેલોની બાવન શાખાઓ, અને તે શાખાના પટેલો મૂળ કયા ગામના હતા, તે ગામ કયા પ્રદેશમાં આવેલ છે. એનું કોષ્ટક રજૂ કરીને તેઓ લખે છે કે ' પોતાના અસલ વતન પંજાબના જુદા જુદા ભાગમાંથી નીકળી છેવટે ગુજરાતમાં હાલ જ્યાં ઊંઝા ગામ છે તે ભાગમાં કૂર્મિઓની ટોળીઓ આવી આવીને વસવા લાગી, ત્યાં પણ પંજાબ અને ત્યાર પછી ઉત્તર હિન્દુસ્તાનના જે જે ભાગોમાંથી તેઓ આવેલા તે અસલ વતનના નામે તેઓએ પોતાની શાખો હજી જાળવી રહ્યા છે. જો કે લાંબો સમય થવાથી અસલ સ્થાનોનાં નામો કેટલેક અંશે અપભ્રંશ થઈ ગયાં છે. તથાપિ નીચે જણાવેલ શાખો અને સ્થાનો પરથી તે હકીકત સારી રીતે સમજી શકાય તેમ છે; અને તે કૂર્મિઓની ઉત્પતિના આ ઇતિહાસને મજબૂત પુરાવો આપે છે.[૮]

---

૧. ગુજરાતના પાટીદારો : ડૉ. ભાઈલાલ ધાભાઈ પટેલ, પૃ. ૧૦
૨. ઉમિયામાતાજી ૧૮મી શતાબ્દી મહોત્સવ સ્મૃતિગ્રંથ : ઈશ્વર હ. પટેલ, ડૉ. મફતલાલ પટેલ પૃ. ૧૨૧
૩. કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ : પુરુષોત્તમ લલ્લુભાઈ પરીખ, પૃ. ૫૦-૫૧
૪. પાટીદારોની ગૌરવગાથા : ડૉ મંગુભાઈ પટેલ. પૃ. ૪૦-૪૧
૫. વિદેશોમાં પાટીદારો : ડૉ. મફતલાલ પટેલ, પૃ. ૮૧
૬. કૂરમી ચેતના કે સૌ વર્ષ : ડૉ. દિલાવરસિંહ જયસવાર, પૃ. ૪૩૫
૭. ગુજરાતના કૂર્મી ક્ષત્રિય પાટીદારોના ઇતિહાસ : ગોકળદાસ સો. પટેલ, મહેન્દ્ર ગો. પટેલ, પૃ. ૨૦૧-૨૦૩
૮. કણબી ક્ષત્રિય ઉત્પતિ અને ઇતિહાસ : પુરુષોત્તમ લલ્લુભાઈ પરીખ, પૃ. ૫૧

શ્રી પુરુષોત્તમ લ. પરીખ પોતાનાએ ' મજબૂત પુરાવા ' રૂપ બાવન શાખોનું કોષ્ટક આ રીતે આપે છે :

ક્રમ	શાખ	ગામ	ઠેકાણું[1]
૧.	રુસાત	રોહતાગઢ	જેલમ નદી ઉપર
૨.	માંડલોત	માંડલેહ	મેવાડની ઉત્તરે
૩.	ભેમાત	ભામ	હોશિયારપુર પાસે
૪.	મુંજાત	મુંજા	ગુજરાનવાલા પાસે
૫.	ડાકોત્તર	-	-
૬.	વિજાયત	વજીરપુરા	આગ્રા જિલ્લો
૭.	ગામી	ગમ્બાર	માઉન્ટ ગોમરી પાસે
૮.	ગોઠી	ગોઠ	શરીફપુર પાસે
૯.	ફોક	ફૂક	લારખાના પાસે
૧૦.	મોખાત	-	-
૧૧.	અમૃતિયા	અમૃતસર	પંજાબ
૧૨.	ટિલાટ	ટિલાથુ	શાહબાદ પાસે
૧૩.	મુંગલા	મંગલપુરા	લાહોર પાસે
૧૪.	ભૂત	ભૂતના	લુધિયાણા પાસે
૧૫.	કડવાતર	-	-
૧૬.	પહાણ	પાન	ગોંડા બલરામપુર પાસે
૧૭.	ભૂવા	ભોવા	લાહોર પાસે
૧૮.	ચેંચાટ	-	-
૧૯.	જુવાતર	જુવા	ઈટાવા પાસે
૨૦.	સોરઠા	સોનથા	પુરનીઅલ પાસે
૨૧.	લારી	લાર	ગોરખપુર પાસે
૨૨.	લાકોડા	લાખોદર	લાહોર પાસે
૨૩.	ગોગડા	ગોધા	ભાવલપુર પાસે
૨૪.	સાકરિઆ	-	-
૨૫.	મજિઠિયા	મજીઠમંડી	અમૃતસર પાસે

૧. કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અન ઇતિહાસ : પુરુષોત્તમ લલ્લુભાઈ પરીખ, પૃ. ૫૧, ૫૨, ૫૩

ક્રમ	શાખ	ગામ	ઠેકાણું
૨૬.	મનવર	-	-
૨૭.	કતવર	કાતના	મથુરા પાસે
૨૮.	દાણી	દાણાવલ	જલંધર પાસે
૨૯.	ચેણિઆ	-	-
૩૦.	ચપલા	ચપલ	મહુ પાસે
૩૧.	હરણિઆ	હર	મેદનીપુર પાસે
૩૨.	હોતી	હોતી	પેશાવર પાસે
૩૩.	ચપેલિઆ	-	-
૩૪.	શેઠિઆ	-	-
૩૫.	લહુઓટ	લાહોર	પંજાબ
૩૬.	કલારા	કાલ	જેલમ ઉપર
૩૭.	કાળપૂંછા	કાળસાયા	લુધિયાણા પાસે
૩૮.	વગદા	-	-
૩૯.	ગોદાળ	ગોન્દા	અલીગઢ પાસે
૪૦.	સીરવી	-	-
૪૧.	ભક્કા	ભક્કા	ગોપાળગંજ પાસે
૪૨.	કુંવારા	-	-
૪૩.	ઢાન ટોડવા	ઢાનાપુર	ગોંડા બલરામપુર પાસે
૪૪.	ઢાંકણિયા	-	-
૪૫.	કરણાવત	કરંજા	ઘાસીપુર પાસે
૪૬.	ધોળુ	ધોળ	મુજફ્ફરપુર પાસે
૪૭.	દેવાણી	-	-
૪૮.	ઢેકાળ	ઢેખાલ	ફરીદપુર પાસે
૪૯.	પોકાર	-	-
૫૦.	ચોપડા	-	-
૫૧.	કોદાળ	-	-
૫૨.	માંડવિઆ	માંડી	પંજાબ

આમાં ક્રમ : ૫, ૧૦, ૧૫, ૧૮, ૨૪, ૨૬, ૨૯, ૩૩, ૩૪, ૩૮, ૪૦, ૪૨, ૪૪, ૪૭, ૪૯, ૫૦, અને ૫૧ ક્રમની શાખાઆનાં ગામ અને ઠેકાણાંની નોંધ નથી. એથી એ બધાં જ આપો આપ આધાર વિહિન બની રહે છે. આ ૧૭ શાખો બાદ કરતાં બાકીની ૩૫ શાખાઓ અંગે ચર્ચા વિચારણા કરીએ.

આમાં પ્રથમ શાખા ' રુસાત ' છે. પુરુષોત્તમ ા.ન. પરીખ આ શાખા નામ રોહતાગઢ નામે પંજાબના ગામ ઉપરથી પડ્યાનું માને છે.

આ માન્યતા માટે એમણે નક્કર આધાર આપ્યો નથી. માત્ર શાખાના અને ગામના પ્રથમાક્ષરો મળતા હોવાથી જ તેમણે ' રુસાત ' શાખા રોહતાગઢ ઉપરથી પડ્યાનું માની લીધું છે. અમારે મતે તો રોહતાગઢને કારણે શાખા નામ થયું હોત તો તે ' રોહતાગઢિયા' એવું ' ઈયા ' પ્રત્યતવાળું હોય પણ ' રુસાત' તો ન જ હોય, આ વાત કોઈ પણ વિદ્વાન સમજી શકશે.

રુસાત એ કોઈ સ્વતંત્ર શાખા નથી. પણ ગામી શાખાની પેટા શાખા છે. જે ઊંઝામાંથી જ અસ્તિત્ત્વમાં આવી છે. બારોટને ચોપડે આ શાખાની ઉત્પતિની વિગત આ પ્રમાણે મળે છે.

" પાટણથી રણાઓને ઊંઝાનો પટો મળેલો. તેઓને ત્રાસ પટેલો પર હતો. પટેલ વેગડ ગામીના દીકરાને તેમણે માર્યો; ત્યારે પટેલો પાટણ સિદ્ધરાજ જયસિંહ પાસે ફરિયાદે ગયા. રાવ કરી ત્યારે સિદ્ધરાજે જાદવ શાખાના રજપૂતો જે રાજના અમીર હતા તેને પટેલોને મદદ કરવા કહ્યું. પછી ફાગણ માસમાં હુતાસણીના દીવસે ગોઠમાં બોલાવી ખૂબ દારૂ પાઈ પટેલોએ અને જાદવોએ રણાઓની કતલ કરી. એ વખતે પટેલ રાણો ગામી બહુ રોષે ભરાયેલ હતો. એણે તરવાર કાઢીને રણાઓને રહેંસી નાખ્યા, ત્યારથી પટેલ રાણાથી રુસાત (રોસાળ)' શાખા ચાલી."[1]

એ યુદ્ધમાં મોલ્લોતો એ પણ અગ્રભાગ ભજવેલો.

આ રીતે રોહતાગઢ અને રુસાત શાખાને કશું જ લાગતું વળગતું નથી તે સિદ્ધ થાય છે. એ સાથે સમજાય છે કે રુસાત એ સ્વતંત્ર શાખા-ગોત્ર પણ નથી. ગામીની પેટા શાખ છે.

આવું જ ' હરણિયા ' અટકનું છે. એ પણ ' મુંજાત ' શાખાની પેટા શાખા છે. મુંજાત શાખા પણ ઊંઝાથી ચાલી છે.[2] આ શાખા પંજાબના મેદનીપુર પાસેના ' હર ' ગામ પરથી ગ્રામનામી થઈ એવું પુરુષોત્તમ પરીખનું અનુમાન ખોટું છે કેમ કે ભાષાકીય

૧. શ્રી રજનીભાઈ બારોટ, રે. સિદ્ધપુરને ચોપડેથી.
૨. શ્રી મણીભાઈ બારોટ, રે, સિદ્ધપુરને ચોપડેથી

દૃષ્ટિએ ' હર ' ઉપરથી ' હરિયા ' શબ્દ વ્યુત્પન્ન થાય પણ હરણિયા ન થાય. એ વાત શ્રી પરીખની સમજણ બહાર રહી ગઈ લાગે છે. વાસ્તવમાં ઊંઝામાં પ્રથમથી જ મૂંજાત શાખા હતી પછી એ શાખાની પેટા શાખા રૂપે હરણિયા અટક પણ ગુજરાતમાં જ ઉદ્ભવી છે. માંડલોત શાખાને શ્રી પરીખ પંજાબના માંડલેહ ગામ સાથે જોડવાનો કઢંગો પ્રયાસ કરે છે, ત્યારે એ વાત સહેલાઈથી ભૂલી જાય છે કે ઉત્તર ગુજરાતમાં વીરમગામ પાસે માંડલ ગામ છે. એ માંડલ ગામથી આ માંડલોત શાખા ઉદ્ભવી હશે, એવું એ વિચારી શકતા નથી. એમણે એ વાસ્તવિકતા વિચારી નહિ, કે માંડલેહ ગામ પરથી શાસ્ત્રીય રીતે ' માંડલેહોત ' શબ્દ વ્યુત્પન્ન થાય, પણ માંડલોત ન થાય. પણ માંડલ ગામ પરથી જ ' માંડલોત ' શબ્દ વ્યુત્પન્ન થાય. આ રીતે માંડલોત શબ્દ જ માંડલોત શાખાને ગુજરાતમાં વીરમગામ પાસેના માંડલ ગામમાં ઉદ્ભવ્યાનું સિદ્ધ કરે છે.

આ દૃષ્ટિએ જોઈએ તો પુરુષોત્તમ લ. પરીખે જે સિદ્ધ કરવાનું છે, એ સિદ્ધ થતું નથી. વધુ એક ઉદાહરણ લ્યો. શ્રી પરીખ પુરનિઅલ (પંજાબ) પાસેના સોનથા ગામ પરથી સોરઠા અટક પડી એવું પ્રસ્થાપિત કરવા માગે છે, ત્યારે આપણે હસવું કે રડવું એ સમજાતું જ નથી સોનથા પરથી સોરઠા ન થાય, પણ સોરઠ પરથી સોરઠા થાય એ સાદી સમજણની વાત છે. સોરઠા એટલે સોરઠ (સૌરાષ્ટ્ર)ના વાસી એ અર્થ દર્શક શબ્દ છે. આ સોરઠાનું લાઘવી કરણ પામેલું રૂપ ' સરઠાં 'છે. જે પ્રાચીન દુહાઓમાં પણ પ્રાપ્ત થાય છે. યથા :

સરઠાં કરો વિચાર, બે વાળામાં કવણ વડો,
સરનો સોંપણહાર કે, વાઢણહાર વખાણિએ[1]

(હે સોરઠવાસીઓ, વિચારો કે આ બે વાળા ક્ષત્રિયો માં કયો મહાન છે ? કોને વખાણીએ ? મસ્તકનું દાન દેનાર (પુત્રોને કે પછી મસત્ક કાપનારા (પિતા) ને ?)

તળાજાના એભલવાળાના પુત્ર અણાવાળાના મસ્તક દાનની કથા છે. જેમાં અણો ચારણને માથું દાનમાં આપે છે. અને એભલવાળો સ્વહસ્તે પુત્રનુ શીશ કાપે છે. એનો આ દુહો છે.[2]

આજ રીતે જોઈએ તો ગામી શાખા પરીખે દર્શાવેલ ગમ્બાર ગામ સાથે કશાય સબંધ વગરની જણાઈ આવે છે. પણ વહીવંચાના ચોપડા પ્રમાણે તો આ ઊંઝાના કડવા કૂર્મિ રાજવંશની મા ઉમિયા પ્રદત અટક છે.[3] એનો અર્થ પણ ગામનો ધણી, ગ્રામપતિ,

૧. સૂર્યવંશ અને વાળા રાજપૂત રાજવંશ : સહદેવસિંહજી વાળા, પૃ. ૨૫૧
૨. એજન, પૃ. ૨૫૧
૩ શ્રી. રજનીભાઈ બારોટ, રે, સિદ્ધપુરને ચોપડેથી

ગિરાસદાર એવો થાય છે.[૧] આ શાખાએ ' રાજા 'ના બિરુદ સાથે ઘણો લાંબો સમય ઊંઝા પર રાજ્ય કરેલું.[૨] સોલંકી કાળ પહેલાંથી જ ચારણો, બ્રાહ્મણો અને ભાટો ઊંઝા-પતિને સલામ કરે ત્યારે ' મહારાજા રાજા કરડુવા મહારાજાને ઘણી ખમ્મા ' કહીને સલામ કરતા.[૩].

આવું જ ટિલાટ શાખા અંગે છે. એનો મેળ કોઈ પણ રીતે શાહબાદ પાસેના ટિલાથુ ગામ સાથે મળતો નથી. પણ ' ટિલાટ ' શબ્દ જ પોતાનો ઇતિહાસ વ્યક્ત કરનારો બની રહે છે. લોક માનસમાં સમાજના અગ્રણી માટે એ શબ્દ પ્રચલિત બનેલો છે. રાજમાં - કુમારોમાં અગ્રણી હોવાને કારણે પાટવી રાજકુમારને ટિલાટનું બિરુદ મળેલું[૪] એ જ રીતે ગિરાસદારોમાં પણ ગ્રામાગણીને ટિલાટ કહેતા.[૫] આ રીતે વિચારતા આ ટિલાટ શાખા કોઈક સમયે સમાજમાં અગ્રણી હોવાથી ' ટિલાટ ' કહેવાતી હશે એમ સમજાય છે.

આવો બીજે દાખલો ' દાણી ' નો છે. જેને કડવા પટેલની એક શાખા રૂપે શ્રી પરીખે દર્શાવ્યા છે. અને જલંધર પાસેના દાણાવાલ સાથે સંલગ્ન શબ્દ લેખે મૂક્યો છે. હવે સામાન્ય માણસ એ સમજી શકે છે કે, દાણાવાલ ગામ ઉપરથી ' દાણાવાલિયા ' એ રીતની વ્યુત્પન્ન થાય, દાણી નહિ. દાણીનો સીધો સાદો અર્થ તો દાણ ઉઘરાવવા વાળા એવો થાય છે.[૬] જે સૂચવે છે કે આ અટક વાળાના પૂર્વજોને રાજવીઓ તરફથી જળ-સ્થળના માલની આવક પર દાણ વસૂલ કરનાર અધિકારી તરીકે નિમ્યા હશે.

આ રીતે જોઈએ તો ભેમાત અટકનો ભામ ગામ સાથે વિજાયતનો વજીરપુરા સાથે, ફોકનો ફૂક સાથે, પહાણનો પાન સાથે ભૂવાનો ભોવા સાથે, જુવાતરનો જુવા સાથે, લાકોડાનો લાખોદર સાથે, ગોગડાનો ગોધા સાથે, લહુઓટનો લાહોર સાથે, કલારાનો કાલ અને કાળપૂંછાનો કાળસાયા સાથે વ્યુત્પતિની દૃષ્ટિએ મેળ બેસતો નથી. આજ રીતે બીજી શાખો જેવી કે કરણાવત, ઢાન ટોડવા, ઢેકાળ, માંડવિયાનો એમની સામે દર્શાવેલ ગ્રામનામો સાથે મેળ બેસતો નથી. આમાં કરણાવત જેવી શાખ તો બાપનામે પડી હોય તેમ જણાય છે. કરણાવત એટલે કરણ પટેલના વંશજો એવો સ્પષ્ટ અર્થ થાય છે. આવું

---

૧ ભગવદ્દગોમંડળ : ઠાકોર ભગવતસિંહજી, પૃ. ૨૯૧૭ (ખંડ – ૩)
૨ શ્રી. રજનીભાઈ બારોટ, રે. સિદ્ધપુરને ચોપડેથી.
૩. એજન
૪ ભગવદ્દગોમંડળ : ઠાકોર ભગવતસિંહજી, પૃ. ૩૭૭૧ (ખંડ : ૪)
૫ શ્રી. સહદેવસિંહ વાળા, રે ઢાંકને મુખેથી તા. ૬-૪-૯૯
૬ સાર્થે જોડણીકોશ, પૃ. ૪૩૯ એજન

જ માંડવિયા અટકનું છે. જેનો સ્પષ્ટ અર્થ ' માંડવી ગામવાળા ' એવો થાય છે. માંડીના વાસી એવો નથી થતો. એ સામાન્ય માણસ પણ સમજી શકે એવી વાત છે. છતાં શ્રી પુરુષોત્તમ પરીખે માંડવિયાને માંડી સાથે જોડીને કજોડું સર્જી દીધું છે.

છતાં કેટલાંક અટક અને ગામનાં જોડાં એવાં છે કે જે પ્રથમ દષ્ટિએ એક બીજાને અનુકૂળ આવતાં હોય તેમ જણાય છે. એની પણ અત્રે વિચારણા કરી લઈએ.

હોતી - હોતી.

ઉપરના શાખનામ અને ગામનામ એક જ છે. મારે મતે હોતી ગામ ઉપરથી શાખાનામ પડ્યું હોય તો ' હોતિયા ' એવું હોય. પણ એમ નથી. એટલે એવું લાગે છે કે, યદુવંશી જાડેજાઓની એક શાખા હોથી છે. તે કાળાંતરે કડવા પાટીદારોમાં ભળી ગઈ હશે. પછી હોથીનું અપભ્રંશ હોતી થઈ ગયુ હશે. કડવા પટેલોમાં હોથી અટક હોવાનું બારોટને ચોપડે છે.

ભક્કા - ભક્કા.

આમાં પણ શાખ અને ગામ એક જ નામનાં છે. ભક્કા પરથી ' ભક્કિયા ' શબ્દ વ્યુત્પન્ન થાય, પણ અત્રે એવું નથી. વળી ભક્કાનો અર્થ જોઈએ તો તે શબ્દનો અર્થ ' આખા બોલા ' થાય છે.[૧] એટલે લાગે કે તડ ને ફડ કહી દેનારા કોઈ આખાબોલા પૂર્વજને કારણે તેના વંશ-વારસોને આ અટક મળી હશે.

ગોઠી - ગોઠ

ગોઠ ગામ ઉપરથી ગોઠી શબ્દ વ્યુત્પન્ન થઈ શકે છે. એ સ્વીકારીએ તોયે પ્રશ્ન એ રહે છે કે, શું ગુજરાતમાં પણ કોઈ ગોઠ નામનું ગામ નહિ હોય ? હશે જ. એટલે ગુજરાતમાં જ કોઈ ગામ ઉપરથી ગોઠી અટક પડી હોય તેવી પણ શક્યતા છે. ગોઠીનો અર્થ સગોત્ર પુરુષ, જૈન મંદિરનો પુજારી, અને સાથી એવો પણ થાય છે.[૧] એથી એવી પણ શક્યતા છે કે સાથીપણું કરવાને કારણે પણ આ અટક પડી હોય. આ રીતે ગોઠી અટકનાં મૂળ શોધવા પંજાબ જવાને બદલે ગોઠીઓના વહીવંચા બારોટની વહીઓમાં શોધ કરવી વધુ ઉચિત ગણાશે.

ભૂત - ભૂતના

આમાં ઉપરથી શ્રી પરીખના મતને ટેકો મળતો લાગે છે. શાખ અને ગ્રામનામમાં સામ્ય છે. પણ વહીંવચાના ચોપડા આ અંગે જૂદો સૂર કાઢે છે. તેઓ ભગવાન શિવ

---

૧ સાર્થ જોડણીકોશ - પૃ. ૬૧૩

પ્રદત્ત આ નામ હોવાનું જણાવે છે.[1]

આ રીતે પૂરાકલ્પન કરી તથ્ય શોધીએ તો એ વાત આપણી સામે આવે છે કે, ભગવાન શિવ ભૂતનાથ કહેવાય છે. પુરાણો પણ શિવ ગણોમાં ભૂત નામી ગણો હોવાનું કહે છે.[2] હિમાલયમાં ભૂતાન નામે એક પ્રદેશ આજે પણ છે. જે ભૂતસ્થાનનું લાઘવી- કરણ પામેલું નામ લાગે છે. જેમ હિન્દુઓના નિવાસને કારણે આ દેશનું નામ હિંદુસ્તાન પડ્યું તેમ એ ભૂત ગણોના પ્રદેશને ભૂતસ્થાન અભિધાન પ્રાપ્ત થયું હશે. ભગવાન શિવ અને પાર્વતીનું નિવાસસ્થાન કૈલાશ પણ હિમાલયમાં જ છે. આ રીતે ભૂત શાખના કૂર્મિઓ મૂળે ભગવાન શિવના ભૂત નામી ગણો હશે. એ પણ માનવ પ્રજા છે. એ કોઈ અલૌકિક આત્માઓ નથી. આપણે આગળ જોઈશું તેમ કૂર્મિઓ ભગવાન શિવ અને મા ઉમાના ભક્તો છે. એમને માટે એ સર્વોચ્ચ શ્રદ્ધાપાત્ર દેવો છે એટલે શ્રી. પરીખની ' ભૂત ' અટક પંજાબના ' ભૂતના' ગામ પરથી પડી એ નિરાધાર થિયરીમાં કોઈ વજન રહેતું નથી. ભૂત એટલે ભૂતાન વાસી એ અર્થ ઊચિત ગણાશે.

મજીઠિયા - મજીઠમંડી

આ મજીઠિયા અટક પંજાબમાં પણ છે. પ્રસિદ્ધ લેખક સુદર્શનસિંહ મજીઠિયા પંજાબી શીખ છે. મારા મિત્ર પણ છે. આજ રીતે ગુજરાતની દરજી જ્ઞાતિમાં પણ મેં આ મજીઠિયા અટક જોઈ છે.

મજીઠ એ મધ્યકાળે વસ્ત્રો રંગવાની એક વસ્તુ હતી. એ કાળે આજના જેમ રસાણિક રંગોનો જમાનો ન હતો. ત્યારે વનસ્પતિજન્ય રંગોનો સર્વત્ર ઉપયોગ થતો હતા. ગુજરાતના કુશળ ખેડુતો એ કાળે કસૂંબી, ગળી જેવા રંગદાયક છોડની ખેતી કરતા, એનો વેપાર પણ ધમધોકાર ચાલતો. આ રીતે રંગ માટે મજીઠનો પણ વેપાર થતો. તેનાથી વસ્ત્રો રંગાતાં. આ મજીઠનો વ્યવસાય કરનારા મજીઠિયા કહેવાતા, જે કાળ ક્રમે રૂઢ અટક રૂપે સ્થાયી થઈ, આમાં પંજાબીઓ, ગુજરાતીઓ, મારવાડિઓ બધા જ વેપારમાં પરોવાયેલી પ્રજાઓ આવી જાય છે. ભૂતકાળમાં ગુજરાતમાં વણાટનો વ્યવસ્યા ખૂબ વિકાસેલો હતો. મધ્યકાળમાં અહીંથી કાપડ એમાંયે પાટણનાં પટોળાંની વિદેશોમાં ધૂમ નિકાસ થતી.[3] એ વસ્ત્રોના રંગાટ કામ માટે એ કાળે વપરાતા કુદરતી-વનસ્પતિજન્ય રંગોમાં મજીઠનો પણ સમાવેશ થતો. આ મજીઠનું ઉત્પાદન, વેપાર અને રંગાટકામ કરનારા ' મજીઠિયા '

૧ શ્રી. નટવરભાઈ નાયક, રે. બોરીસણા (જિ : મહેસાણા) ને ચોપડેથી
૨ શ્રીમદ્ ભાગવત : ખંડ : ૨, પૃ. ૪૪૮
૩ ગુજરાત : દીપોત્સવી અંક : વિ. સ. ૨૦૫૪, ડૉ. નરોત્તમ વાળંદનો લેખ : પાટણનાં પટોળા, પૃ. ૩૮

એવી ધંધાજન્ય અટક પામી ગયેલા હશે. આ અટકને મજીઠમંડી નામે ગામ સાથે સાંકળવાનું કોઈ સબળ કારણ નથી. શોધવા જઈશું તો ગુજરાતમાં પણ ' મજીઠ ' '' મજીઠિયા ' નામે ગામો મળી આવસે. શ્રી પરીખની જેમ કેવળ પ્રથમાક્ષરનાં સામ્યને કારણે મારી મચડીને ગ્રામનામી અટક પાડવી હોય તો જામનગર જિલ્લાના ધ્રોળ તાલુકાના મજોઠ ગામ પરથી ' મજીઠિયા ' અટક પડી હશે એવી થિયરી વિચારી શકાય.

આટલી ચર્ચાનું સમાપન કરીએ. આ ચર્ચાનો સાર તારવીએ તો એટલું જ કહી શકાય શ્રી પરીખની ' પાટીદારો પંજાબમાંથી આવ્યા. ' એ થિયરી આધારહીન છે. એટલે પાટીદારો પંજાબથી આવ્યા અને ' કંરડ ' અને ' લેયા ' પ્રદેશને કારણે પાટીદારોના ' કડવા ' અને ' લેઉવા ' એવા બે ભેદો થયા એ થિયરીનો છેદ ઊડી જાય છે.

શ્રી. પરીખના મતને ઈશ્વર હ. પટેલ. ડૉ. મફતલાલ પટેલ[1] ડૉ. મફતલાલ પટેલ[2] ડૉ. મગુંભાઈ પટેલ[3] ડૉ. દિલાવરસિંહ જયસવાર[4] ગોકળદાસ સોમાભાઈ પટેલ –મહેન્દ્ર ગોકળદાસ પટેલ[5] વિગેરે વિદ્વાનોએ સાંગોપાંગ સ્વીકારી લીધો છે. એટલે શ્રી. પરીખના મતની ચર્ચા - નિરસનમાં તેમને મતપણ આવી જાય છે. આ કારણે એ અંગે કોઈ વધુ ચર્ચા આવશ્યક નથી.

પાટીદારોની જે શાખાઓ અંગે વિચારણા કરી તે સિવાય પણ કાળક્રમે ઘણાં રજપૂતો પાટીદારોમાં સંમિલ્લત થઈ જતાં આજે આપણને પાટીદારોમાં રાજપૂત અટકો પણ જોવા મળે છે. તે અંગે ચર્ચા કરી લઈએ. આપણે આગળ જોઈશું તેમ આજના કૂર્મિ પાટીદારો પણ દેવ કહેવાયેલા લડાયક યોદ્ધાઓ છે. અને એમનો વર્ણાશ્રમ અનુસાર ક્ષત્રિય વર્ણમાં જ સમાવેશ થઈ શકે છે. એટલે રાજપૂતોનું તેમનામાં સંમિલ્લિત થવું કોઈ બે વર્ણની ભેળસેળ નથી પણ માનવ અને દેવ જાતિના ક્ષત્રિયોએ ભૂતકાળમાં સાધેલી કલ્યાણકારી એકતા છે.

સિદ્ધરાજ જયસિંહ પિતા કરણદેવ ઊંઝાના હેમાળા પટેલની ભાણેજ મીનળ સાથે પરણ્યા હતા. જાન લઈ ઊંઝા પરણવા આવેલ. એ સમયે સમગ્ર પાટીદાર સમાજના આગેવાનો ઊંઝામાં પધારેલ, ત્યારે વડનગરના પાટીદારોએ બૂમ-બરાડા પાડી ધમાલ

૧ ઉમિયા માતાજી ૧૮ મી શતાબ્દી મહોત્સવ સ્મૃતિ ગ્રંથ : ઈશ્વર હ. પટેલ - ડૉ. મફતલાલ પટેલ પૃ. ૧૩૭

૨ વિદેશોમાં પાટીદારો : ડૉ. મફતલાલ પટેલ, પૃ. ૧૧૨

૩ પાટીદારોની ગૌરવગાથા : ડૉ. મંગુભાઈ પટેલ, પૃ. ૪૧

૪ કુરમી ચેતના કે સૌ વર્ષ : ડૉ. દિલાવરસિંહ જયસવાર, પૃ. ૪૩૫-૪૩૭

૫ ગુજરાતના કૂર્મી ક્ષત્રિય પાટીદારોનો ઇતિહાસ : ગોકળદાસ સો. પટેલ, મહેન્દ્ર ગો. પટેલ પૃ. ૨૦૨-૨૦૪

કરતાં તેમને નાત બહાર મૂકેલા. એજ સમયે સર્વે આગેવાનોએ (૧) ગામ વિઠ્ઠલપરના ચાવડા, (૨) ગામ કરજેસણના બારિયા, (૩) ગામ જેસલપરના ગોલ, (૪) ગામ ઉપેરાના રાઠોડ, (૫) ૪ ગામના મોરી, (૬) બરોંદરના મકવાણા, (૭) ગામ મનીપરના વાઘેલા, (૮) ગામ નાયકાના ઘોઘારી, એ સાત શાખના રાજપૂતોને કણબી નાતમાં ભેળવ્યા.[1] ત્યારથી આજ સુધી કડવા પાટીદારોમાં એ શાખાઓ ચાલી આવી છે. નાયકાના ઘોઘારીઓ મૂળ ગોહિલ રાજવંશના મૂળ પુરુષ સેજકજીના પુત્ર રાણાજીના પુત્ર મોખડાજીના ત્રણ પુત્રોમાં એક શિહોરનો ગાદીપતિ થયો, એકનો વંશ રાજપીંપળાની ગાદીએ આવ્યો, ત્રીજો પુત્ર સાંગણ પટેલ કન્યાને પરણી કડવા પટેલોમાં ભળી ગયો. તેઓ મૂળ ઘોઘાના હોવાથી ઘોઘારી એવી અટક પડી.[2]

આ પ્રસંગ મોલ્લોત હેમાળા પટેલને કડવા પાટીદારો અને ઊંઝાના સર્વોચ્ચ આગેવાન તરીકકે પ્રસ્થાપિત કરે છે.

આ ગુજરાતની વાત થઈ. માળવામાં તો બીજાં અનેક રાજપૂત કુળો કડવા પાટીદારોમાં ભળી ગયાં છે જેની વિગતો પણ વહીવંચાને ચોપડે મળે છે. જે આ પ્રમાણે છે :

૧. મહીડા ૨. ચવાણ (ચૌહાણ), ૩. ડોડિયા, ૪. ખેર, ૫. જાદવ, ૬. રાવત, (રાવતિયા), ૭. હોથી (હાથી), ૮. રાણા (રાણાવત), ૯. પઢિયાર, ૧૦. વાઘેલા, ૧૧. શિશોદિયા, ૧૨. રાણા, ૧૩. પરમાર, ૧૪. શાંખલા[3]

આ રીતે સિદ્ધરાજના સમયે પાટીદારોમાં ભળી ગયેલાં ક્ષત્રિય કુળો જેની સંખ્યા ૭ છે. અને આ બીજા કાળક્રમે પાટીદારોમાં ભળી ગયેલાં ૧૩ કુળો એમ કુલ ૨૦ કુળો થાય, આ રીતે ૩૬ રાજકુળો કહેવાયાં છે, એમાંથી બહુમતી એવાં ૨૦. ક્ષત્રિય રાજકુળો પાટીદારોમાં સમિલ્લિત થયાં એ વસ્તુ જ પાટીદારો મૂળથી જ ક્ષત્રિય હોવાની ગવાહી રૂપ છે. ટૂંકમાં પટેલો અને ક્ષત્રિયો એવો ભેદ જ વ્યર્થ છે. બંને એક જ વર્ણના છે. બાકી લેવા, કડવા, અને રજપૂતો એવા ભેદો કેવળ વૈવાહિક વર્તુળોને કારણે ઊભા થયાનું માની લઈએ તો તે વધુ ઉચિત ગણાશે.

આમાં રાજકુળોના વીરો યુદ્ધમાં વીરગતિ પામી જતાં એમનાં કુટુંબને-બાળકોને પાટીદારોએ પેટનાં સંતાનની જેમ સાંચવી-ઉછેરી મોટાં કરેલાં એ બાળકોને પાટીદાર કન્યાઓ પરણાવી, પાટીદારની નાતમાં સમાવી લીધેલાં, એવી વિગતો પણ વહીવંચાના ચોપડે મળે છે. જેમ કે ઘોઘા-શિહોરના ગોહિલ રાજવી મોખડેજી મુસલમાનો સામે વીરતાપૂર્વક લડીને અવસાન પામેલા એમના ત્રીજા નંબરના કુમાર સાંગણજી શેખાત શાખાના કડવા પટેલ ને ત્યાં ઉછર્યા, અને પટેલોમાં પરણીને પાટીદારોમાં ભળી ગયા.

૧ શ્રી રજનીભાઈ બારોટ, રે. સિદ્ધપુરને ચોપડેથી

૨ શ્રી વિષ્ણુભાઈ બારોટ, રે. વઢવાણને ચોપડેથી

૩ શ્રી નટવરલાલ વ્યાસ, રે. બોરિસણાને ચોપડેથી

ઘોઘાના ગોહિલ હોવાથી તેમના વંશજોની ઘોઘારી એવી અટક પડી.[૧]

એજ રીતે દેથળિઆના ભીમાણી શાખના પાટીદારે મોરી શાખાના રજપૂતનો દીકરો દત્તક લીધેલો. તે પણ પટેલોમાં ભળી જતાં મોરી અટક પટેલોમાં અસ્તિત્ત્વમાં આવી, જેનો વંશવેલો આજે પણ છે.[૨]

આ મુખ્ય અટકોની વાત થઈ પણ કાળક્રમે અનેક પેટા અટકો પણ અસ્તિત્ત્વમાં આવી, આમાં બાહુલ્ય ગ્રામનામી અટકોનું છે. ઊંઝાથી મૂળ શાખા સ્થળાંતર કરતી ગઈ. જુદાં જુદાં ગામોમાં વસ્તી ગઈ તેમ તેમ આ મુખ્ય શાખાની અનેક પેટા અટકો પિતૃનામે, ગ્રામનામે, કાર્યનામે અને પ્રસંગજન્ય નામે એમ અનેક અટકો પડતી ગઈ.

ગુજરાતમાં ઈડર પંથકમાં પાટીદારોમા 'વાઘમારા' અટક જોવા મળે છે. જે પરાક્રમ-જન્ય અટક છે. જે સૂચવે છે કે, આ અટકધારીઓના કોઈ પરાક્રમી પૂર્વજે પોતાનો શિકાર કરવા આવેલા માનવભક્ષી વાઘને જ મારી નાખેલ[૩] તો સૌરાષ્ટ્રમાં જોવા મળતી ' ઘાઘરા ' અટક એ અટક વાળાનું સૌરાષ્ટ્રમાં આવ્યા પહેલાનું નિવાસસ્થાન સૂચવે છે. સરસ્વતી નદીનાં એકાધિક નામોમાં એક નામ ' ઘાઘર ' પણ છે. એ ઘાઘર નદીના પ્રદેશમાં વસવાટ કરવાને કારણે આ ' ઘાઘરા ' અટક પડી.[૪]

તો ભેંસદડિયા, કાલાવડિયા, ભાણવડિયા, ધૂમલિયા જેવી અટકો તો ગ્રામનામી અટકો છે. જે, જે તે શાખાનાં સૌરાષ્ટ્રનાં આગમન સમયનાં નિવાસનાં ગામોનું સૂચન કરે છે. સાથે એ ગામોની પ્રાચીનતા પણ ઊજાગર કરે છે.

કેટલીક અટકો એવી છે જે વાંરવાર બદલાતી રહી છે. જેમ જેમ પટેલોએ સ્થળાંતર કર્યું તેમ તેમ ગામ પ્રમાણે અટક પરિવર્તિત થતી ગઈ.

જેમ કે મૂળ ઊંઝાના વિંજાત શાખામાંથી જેસા વિંજાત ના પુત્રોએ માતા-પિતાના કારજમાં સાકર વહેંચી એથી સાકરિયા કહેવાયા પછી કાળક્રમે કુંડાલમાં વસ્યા વિ.સં. ૧૨૩૨થી કુંડાલ ગામને કારણે કુંડાલિયા કહેવાયા.[૫]

આવો જ બીજો દાખલો ભેંસદડિયા પરિવારનો છે. તેઓ મૂળ ઊંઝાના વિંજાત

૧ શ્રી વિષ્ણુભાઈ બારોટ, રે. વઢવાણને ચોપડેથી
૨ શ્રી મણીભાઈ બારોટ, રે. સિદ્ધપુરને ચોપડેથી
૩ રતુદાન રોહડિયાની શોધ નોંધોને આધારે
૪ એજન
૫ શ્રી મણીભાઈ બારોટ રે. સિદ્ધપુરને ચોપડેથી

શાખના પાટીદારો. પણ પછી તેઓ ઉપર જોયું તેમ સાકરની લાણી કરવાના કારણે સાકરિયા કહેવાયા, ઊંઝાથી પટેલ અજરામલ ડોસલ નાંદોદ રહેવા ગયા. સવંત ૧૪૧૫માં સૌરાષ્ટ્રના ભેંસદડ ગામે પટેલ વણાક ડોસલ રહેવા આવ્યા. ત્યાં તેઓ નાંદોદિયા કહેવાયા. પછી જામ રાવળે પટેલ ગોકળ પુંજાને બાણુંગાર ગામે વસાવ્યા, ત્યારે તેમને ભેંસદડિયા અટક મળી[૧]

આવું જ બીજી પેટા અટકો અંગે સમજી લેવું એમાં પણ ઘણી શાખાઓમાં કાળક્રમે નામ પરિવર્તનો આવ્યાં હશે.

વર્તમાન સમયે તો કડવા પટેલોની કહેવાતી બાવન શાખાઓમાંથી મુખ્ય શાખાઓમાંથી ગામે, કામે, પ્રતાપી પિતૃનામે અનેક પ્રશાખાઓ રૂપી ડાળો ફૂટી નીકળતાં પ્રત્યેક મુખ્ય મુખ્ય શાખાઓ ઘેઘૂર વટવૃક્ષ સમાન થઈ ગઈ છે. આ કારણે ગણતાં થાકી જવાય એટલી શાખાઓનાં નામો પ્રાપ્ત થાય છે.

' ઉમિયા પરિવાર ' નાં તંત્રી શ્રી. જમનાદાસભાઈ ખીરસરિયા દ્વારા આવું કડવા પટેલોની શાખાઓનું એક લિસ્ટ પ્રાપ્ત થયું છે. જેમાં કુલ : ૫૧૩ જેટલી શાખાઓ મળે છે. જે લિસ્ટ અત્રે પ્રસ્તુત કરવામાં આવ્યું છે.

સૌરાષ્ટ્ર વિસ્તારના કડવા પાટીદારોની (અટકો) શાખની યાદી

સૌરાષ્ટ્ર વિસ્તારના જામનગર, રાજકોટ, જૂનાગઢ, સરેન્દ્રનગર, અમરેલી અને ભાવનગર એમ છ જિલ્લાને આવરી લીધા છે.

o અટકો કક્કાવારી પ્રમાણે લખી છે.

o અંક એ અટકોની સંખ્યા દર્શાવે છે.

ક[૪૪] કકાણીયા, કગથરા, કડથી, કડીવાર, કમાણી, કરડાણી, કનેરીયા, કલોલા કડેવાર, કડવાણી, કકસાણીયા, કણસાગરા, કથીરીયા, કટારીયા, કંટેસરીયા, કંટારીયા, કાકડીયા, કાચરોલા, કારટીયા, કાલરીયા, કાલવડીયા, કાવર, કાંજીયા, કાવડીયા, કાટોડીંયા, કાનાણી, કાશીપરા, કાથરોટીયા, કાસુનદ્રા, કાસોશીયા, કાસાટીયા, કાચરીયા, કાંગરાષીયા, કીકાણી, કુંડારીયા, કુંદાણી, કૈલા, કોટડીયા, કોરડીયા, કોઠડીયા, કોરવાડીયા, કોઠીયા, કોરીંગા

ખ [૦૭] ખરેડ, ખાનપરા, ખાચર, ખાવડીયા, ખીરસરીયા, ખોપાલ, ખાંટ.

ગ [૨૭] ગરાળા, ગરમોરા, ગડારા, ગલાણી, ગરધરીયા, ગઢીયા, ગાબારી, ગામી, ગાંભા, ગાંભવા, ગાંગડીયા, ગીરધરીયા, ગુજરાતી, ગુંજારીયા, ગોટી, ગોરગોઠી,

૧ શ્રી પ્રભુલાલ દુર્ગાશંકર શાસ્ત્રી, રે બાણુંગાર (મોટી)ને ચોપડેથી.

ગોધાસરા, ગોપાણી, ગોરૈયા, ગોવાણી, ગોધાણી, ગોધવિયા, ગોજારીયા, ગોદવાણી, ગોલાણી, ગોધાતરા.

ઘ [૦૮] ઘઉંના, ઘમસાણી, ઘાઘરા, ઘાટોડીયા, ઘુમલિયા, ઘુજારીયા, ઘટીયા, ઘોડાસરા

ચ [૨૨] ચનિયારી, ચપલા, ચંદ્રાલા, ચડાસણા, ચાડમિયા, ચાડસણીયા, ચાપાણી, ચારોલા, ચારોત્રા, ચાનેપરા, ચાડસણિયા, ચાંગેલા, ચાંચડિયા, ચીકાણી, ચીંદરોડા, ચોવટિયા, ચોપડા, ચોખલિયા, ચોંવાડીયા, ચૌધરી.

છ [૦૩] છત્રાળા, છત્રોલા, છાંટસણિયા.

જ [૧૮] જસાણી, જગોદરા, જકાસણિયા, જશાપરા, જાવિયા, જાલરિયા, જાટડીયા, જાગાંણી, જાલાવાડિયા, જારસાણિયા, જાતીસણિયા, જાજરૂકિયિા, જીવાણી, જીણજા, જીંથરા, જુલાસણા, જેતાણી, જેતપરિયા, જેઠલોજા.

ટ [૦૫] ટીલવા, ટીકરિયા, ટીલાળા, ટીટોડિયા,

ઠ [૦૧] ઠોરિયા

ડ [૦૮] ડઢાણિયા, ડારા, ડોબરિયા, ડાંગરોશીયા, ડેડકીયા, ડેડાણીયા, ડેકીવાડીયા, ડોળિયા

ઢ [૦૧] ઢોલ

ત [૦૬] તળાવિયા, તાજપરા, તલવાણિયા, તાંબડિયા, ત્રાંગડિયા, તોગડિઆ

દ [૧૧] દલસાણીઆ, દટાસણા, દસાડીઆ, દાવડા, દિવાન, દુદાણી, દેસાઈ, દેપાણી, દેત્રોજા, દેલવાડિયા, દેથરિયા

ધ [૧૩] ધરવાડિયા, ધમસાણિયા, ધરસંડીયા, ધાણેજા, ધામત, ધ્રાસોઢિયા, ધીંગાણી, ધુલીયા, ધુળશીયા, ધુમળીયા, ધુશરીયા, ધોળુ, ધોરીયાળી.

ન [૧૩] નગરીયા, નનાણીયા, નરોડીયા, નંદાસણા, નંદવાસણા, નાર, નાદપરા, નારીયા, નવાપરીયા, નાકરાણી, નંદાણીયા, નિંદરોળા, નેસડીયા

પ [૨૭] પનારા, પરસાણીયા, પરવડીયા, પરીયા, પરેસા, પટેલ, પરસાણા, પલાણી, પસમીયા, પડસુંબીયા, પંચાસરા, પંતોટીયા, પાડલિયા, પાંચાણી, પાણ, પારેચા, પાર, પાનશરા, પારજીયા, પાધડાર, પાડોદરા, પુરાણી, પેથાપરા, પેશીવાડીયા, પેથાણી, પૈજા, પોમેટ

ફ [૦૭] ફડદુ, ફડદલીયા, ફીણાવા, ફીણવીયા, ફુલેત્રા, ફુલતરીયા, ફેફર

બ [૨૫] બકોરી, બકોરીયા, બરોચીયા, બરાસરા, બફ્લીપરા, બાથાણી, બારીયા, બાવરીયા, બાણુગારીયા, બાજડીયા, બાવરવા, બારસીયા, બુડ, બુડાસણા, બુટાણી, બેરા, બેચરા, બેડીયા, બોકરવાડીયા, બોડા, બોરડ, બોદર, બોરસાણીયા, બોપલીયા, બોરીગડા

ભ [૨૩] ભલાણી, ભગાઈ, ભડાણીયા, ભટાસણા, ભાલોડીયા, ભાણવડીયા, ભાણપરા, ભાટવાડીયા, ભાયાણી, ભારાણી, ભાડજા, ભાલોડી, ભાટીયા, ભાવનગરી-ભાંગણેચા, ભીલા, ભીમાણી, ભૂવા, ભુત, ભુંગાણી, ભેંસદડિઆ, ભોરણીયા, ભોજાણી

મ [૩૮] મલી, મકવાણા, મણવર, મકાતી, મસત, માકડિયા, માણાવદરીયા, મેવા, મારવણીયા, માટલીયા, મારડીયા, માણસુરીયા, માખેસણા, માકાસણા, મોટકા, માકણસા, માતરીયા, માથાસોડીયા, માંડવીયા, માંજરીયા, મીંજરોલા, મીનીપરા, મુંજપરા, મુંદડીયા, મેઘપરા, મેંદપરા, મેનપરા, મેતલીયા, મરેજા, મેઘાણી, મેથાણીયા, મોરી, મોટેરીયા, મોડીયા, મોકાણી, મોરજરીયા, મોરડીયા, મોકાણ

ર [૨૫] રતનપરા, રબારા, રજોડીયા, રંગાણી, રંગપરીયા, રાબડીયા, રાજપરા, રામોલીયા, રાજકોટીયા, રાડીયા, રાણીપા, રાછડીયા, રાશમીયાં, રાણસરીયા, રામાણી, રાંકજા, રાઘેશીયા, રાસડીયા, રૂપાલા, રૂપાપરા, રેણપરા, રૈયાણી, રોકડ, રોજમાળ, રોજીવાડીયા

લ [૧૫] લખધરીયા, લખતરીયા, લાડાણી, લાલાણી, લાલકીયા, લાંડોલા, લાખાણી, લાડપરા, લાંભીયા, લાંઘણોજા, લાંગણેચા, લીખીયા, લીંભાણી, લોહીયા, લોદરીયા

વ [૫૨] વરીયા, વડાલીયા, વરસડીયા, વડકીયા, વડુકીયા, વરસાણીયા, વરાસડ', વસ્તાણી, વડાવીયા, વડોદરીયા, વસાણીયા, વરમોરા, વસીયાણી, વડસોલા, વડાસરા, વડગાસીયા, વાછાણી, વાઘડીયા, વામજા, વાનાણી, વાઘાણી, વાગડીયા, વાઘરીયા, વાસમડા, વાવૈયા, વાઘરોકીયા, વાંકાનેરીયા, વાસદડિયા, વાંસજાલીયા, વીરોજા, વીરપરિયા, વીકાણી, વીરમગામા, વીડજા, વીલખીયા, વીરસોડીયા, વીરાણી, વિશ્વનોરીયા, વિજાપુરા, વિસોડીયા, વીલપરા, વીસનગરા, વીરપરા, વિઠ્ઠલપરા, વીણપરા, વીજાયત, વીડલોજા, વેગડા, વેકરીયા, વેલાણી, વૈશ્નાણી, વૈશ્નવ

સ [૬૧] સવાણી, સરડવા, સરોડીયા, સખીયા, સલાપરા, સઘરાકીયા, સરખેદી, સનારીયા, સવેરા, સનાવડ, સદાવીયા, સદાતીયા, સવસાણી, સંતોકી, સંઘાણી, સાપોવાડીયા, સાદરીયા, સાવલીયા, સારણીયા, સમાણી, સાણજા, સાદરાણી, સાપરીયા, સાણદીયા, સાકરવાડીયા, સાયાણી, સાઘરીયા, સાનેપરા, સાકરીયા સાંઈજા, સાગરવાડીયા, સીંસાગીયા, સીણોજીયા, સીતાપરા, સીહોરા, સીરોયા, સીસોટીયા, સીરા, સીરવી, શિયાત, સિદ્ધિવાળા, સુરેજા, સુખચીયા, સુતરીયા, સુરાણી, સુવારીયા, સેરસીયા, સેરઠીયા, શેખાત, સેજાણી, શેખલીયા, શેરા, સૈજા, સોરઠીયા, સોલધરા, સોભાણી, સોલીયા, સોભાણા, શોભાસણા, સોજીત્રા.

હ [૧૮] હટાણીયા, હદવાણી, હરણવા, હળવદીયા, હરણીયા, હરખેદી, હાલપરા, હાજીપરા, હાંસલીયા, હાંસલપરા, હાંસોટીયા, હીંસુ, હીરાણી, હીરપરા, હીંગરાજી, હુડકા, હેદપરા, હોથી

અ [૨૯] અકવાલીયા, અઘેરા, અમૃતીયા, અધડુક, આઘારા, અરણીયા, અંદરપા, અંબાણી, અંચડીયા, આણજા, આરદેશણા, આદોદરીયા, આદરોજા, આખજા, આદીપરા, આલોન્દ્રા, આગોલા, આસરવા, આજોલીયા, આલોદરીયા, આંકોલા, આંજોલીયા, આંબલીયા, એરવાડીયા, એવીયા, એદપરા, ઓગણાજા, ઓઢવીયા, ઓડીયા

ઈ [૦૧] ઈસોટીયા

ઉ [૦૭] ઉકડીયા, ઉકાણી, ઉઘરેજા, ઉભડીયા, ઉભડા, ઊંજીયા, ઊટેશીયા

આ બધી શાખાઓ ઉપરાંત મારા સંશોધનમાં ઉપરની શાખાઓ સિવાયની બીજી કેટલીક શાખાઓનાં નામ મળ્યાં છે. જે કક્કાવારી પ્રમાણ ક્રમાનુસાર નીચે પ્રમાણે છે :

(૧) આણંદિયા, (૨) એરણિયા, (૩) કવાડિયા, (૪) કામળિયા, (૫) કારવેલિયા, (૬) કારોલિયા, (૭) ખંભાળિયા, (૮) ગામવા, (૯) ગોઢા, (૧૦) ગોલ, (૧૧) ચાવડા, (૧૨) જાખણિયા, (૧૩) ઝાટકિયા, (૧૪) ઝામરિયા, (૧૫) ઝાલોરિયા, (૧૬) ડરાણિયા, (૧૭) તાડપરા, (૧૮) થડોદા, (૧૯) થોરિયા, (૨૦) દુધાત, (૨૧) ધુલેશિયા, (૨૨) નાયકપરા, (૨૩) પારસિયા, (૨૪) પાંચોટિયા, (૨૫) પોકાર, (૨૬) ફરસાણિયા, (૨૭) બડોદરિયા, (૨૮) બાકાણિયા, (૨૯) બાપોલિયા, (૩૦) બારૈયા, (૩૧) ભાણજા, (૩૨) ભાલસરા, (૩૩) મગનિયા, (૩૪) મારસોણિયા, (૩૫) માવાણી, (૩૬) માંડળિયા, (૩૭) મેખાણિયા, (૩૮) રાઠોડ, (૩૯) રામોલિયા, (૪૦) લાલપરા, (૪૧) લાલરોચણા, (૪૨) વનારા, (૪૩) વિલકિયા, (૪૪) સડોદા,

(૪૫) સદાકિયા, (૪૬) સવાણી, (૪૭) સંદરાળા,[૧]

શ્રી જમનાદાસ ખીરસરિયા દ્વારા પ્રાપ્ત થયેલ શાખાઓનો સરવાળો કરતાં તેની સંખ્યા ૫૧૩ જેટલી થાય છે. એમાં મેં સંશોધન દ્વારા પ્રાપ્ત કરેલી ઉપરોક્ત ૪૭ શાખાઓ ઉમેરતાં સૌરાષ્ટ્રના કડવા પાટીદારોની શાખાઓની કુલ સંખ્યા ૫૬૦ જેટલી થાય છે. સંભવ છે કે હજી પણ ખોજ કરવામાં આવે તો બીજી ઘણી શાખાઓનાં નામો જાણવા મળે. આ દૃષ્ટિએ અત્રે પ્રસ્તુત શાખાનામોની યાદી પૂર્ણ હોવાનો દાવો થઈ શકે તેમ નથી.

શાખાઓ પોતે જ ઇતિહાસના અવશેષ પ્રમાણ રૂપ છે. ઘણી શાખાઓ ગ્રામનામી છે. જેમ કે કંટેસરિયા, કાલાવડિયા, ખાનપરા, ધુમલિયા, ચંદ્રાસણા.

આ શાખા નામો વડે એ વાત જાણી શકાય છે કે એ ગ્રામનામી શાખાઓ એક સમયે જે ગામ પરથી અટક પડી એ ગામે વસ્તી હતી, પછી કાળક્રમે અન્ય ગામોમાં જઈને વસી. દા.ત. કાલાવડિયા શાખાના કડવા પાટીદારો આજ કાલાવડ ઉપરાંત સૌરાષ્ટ્રમાં બીજે પણ વસે છે. પણ પહેલાં પોતે કાલાવડ ગામે રહેતા હોવાથી કાલાવડિયા એવી ગ્રામનામક દર્શક શાખા નામ સ્વીકાર્યું. બારોટના ચોપડે પણ આ વિગત છે.[૨] એક જ કુટુંબના સભ્યો જુદાં જુદાં ગામે વસવા છતાં શાખાનામને કારણે એક બીજાને જાણી-ઓળખી શકે કે આ તો અમારા જ કુટુંબના છે. અને એથી કુટુંબભાવના જળવાઈ રહેવા સાથે જૂનાં સગાંઓના સંપર્ક પણ જળવાઈ રહે એવી ભાવના પણ આ શાખાનામો સાથે સંલગ્ન હોય તેમ માની શકાય છે.

કાનાણી, જેતાણી, જસાણી, કીકાણી, ગલાણી જેવી શાખાઓ બાપનામી શાખાઓ છે. જે વિશિષ્ટ પુરુષોને કારણે પડી છે. જેના દ્વારા જે તે વિશિષ્ટ નરોના વંશજોએ પોતાના પ્રતાપી પૂર્વજોની સ્મૃતિ- ગૌરવને જાળવી રાખવાનો પ્રયાસ કરેલ છે.

ચોવટિયા, માંડવિયા, પુરાણી, અને દાણી જેવી અટકો એ અટક વાળા પાટીદારોના પૂર્વજોને સમાજ અને રાજ્યમાં પ્રાપ્ત અધિકાર અને સ્થાન દર્શક છે. ચોવટિયાનો સાદો અર્થ સલાહકાર અને ગ્રામગણી અને વાટાઘાટો કરનાર એવો થાય છે. વસ્તુત : મધ્યકાળે રાજ્ય અને ખેડૂતો વચ્ચે વાટાઘાટો કરી, પ્રશ્ન ઉકેલી દેનાર ગ્રામાગણીઓના વંશજોની ચોવટિયા અટક પછી આ અટકધારીઓનાપૂર્વજોએ રાજા-પ્રજા વચ્ચે સુલેહ, સંપ અને સદ્ભાવ ટકાવવામાં અને વધારવામાં સિંહભાગ ભજવ્યો હશે.

ભૂતકાળમાં ગામો કે તાલુકાઓની માંડવી અપાતી. માંડવી એટલે જે તે ગામ કે તાલુકાનો રાજ વતી કે દરબાર વતી વહીવટ કરવાનો ઈજારો[૩] આ ઈજારો રાખનારને

૧ રાજકોટના કડવા પાટીદારોની વસતિગણત્રીના ગ્રંથને આધારે.
૨. શ્રી મણીભાઈ બારોટ, રે. સિદ્ધપુરને ચોપડેથી
૩ શ્રી. રતુદાન રોહડિયાની શોધનોંધને આધારે

મહેનતાણાં બદલ ખળાં દીઠ નિશ્ચિત પ્રમાણમાં અનાજ આપવામાં આવતું જેને માંડવિયાનું માપું કહેતાં[1] જ્યારે કેટલાક માંડવિયાઓ નિશ્ચિત વાર્ષિક રકમ આપવાનું નક્કી કરીને તાલુકાઓ ઈજારે રાખતા. તેમણે આખા તાલુકાની ઉપજ વસૂલ કરીને એમાંથી નિશ્ચિત રકમ રાજ્યને આપવાની હતી, અને વધારાની જે આવક થાય તે તેમની અંગત ગણાતી. આ પણ એક પ્રકારનો ધંધો જ એ સમયે ગણાતો.

જ્યારે પુરાણી અટક વડે જાણી શકાય છે કે આ અટકના કડવા પાટીદારોએ મધ્યકાળે ચોરે બેસીને સાદા સીધા ગ્રામજનોને સમજાય એવી ભાષા શૈલીમાં પુરાણોની કથાઓ કરીને સમાજમાં ધર્મ ભાવનાની વૃદ્ધિ અને સંસ્કારના જતનનું કાર્ય કર્યું છે. જે પાટીદારોની ભૂતકાલીન ધર્મ ભાવના અને સંસ્કાર પ્રીતિને ઉજાગર કરે છે. આ વાત એ વસ્તુ પ્રસ્થાપિત કરે છે કે, ભૂતકાળમાં સમાજની ધર્મભાવના અને સંસ્કારના જતનમાં કેવળ બ્રાહ્મણોએ જ નહિ પણ સાથે સાથે પટેલો અને બીજી જ્ઞાતિઓએ પણ ભરપૂર ફાળો આપ્યો છે.

જ્યારે માંજરિયા, ચાવડા જેવી શાખાઓ પાટીદારોમાં સમિલ્લિત થઈ ગયેલ રજપૂત કુળોની ગવાહી પૂરે છે. માંજરિયા એ કાઠી ક્ષત્રિયોની એક શાખા છે. જેણે ભૂતકાળમાં જામનગર જિલ્લાના કાળાવડ (શીતળા)માં રાજ્ય સ્થાપેલ અને પાંચસો વર્ષ લગી રાજ્ય કરેલ.[2] પછી રાવળ જામે કચ્છમાંથી આવીને હાલારમાં રાજ્ય સ્થપાયું ત્યારે માંજરિયાઓ પાસેથી કાળાવડ જીતી લીધેલ.[3] સંભવ છે રાજ્ય ગુમાવ્યા પછી માંજરિયા શાખાનો કેટલોક ભાગ પાટીદારોમાં ભળી ગયો હોય. આવું જ ચાવડાઓનું સમજવાનું તેઓ પણ કાળક્રમે પાટીદારો સાથે ભળી ગયા હશે. આપણે ક્ષત્રિયોના પાટીદારોમાં ભળી જવા અંગે આગળ સપ્રમાણ ચર્ચા કરી જ છે.

જ્યારે ઝાલાવાડિયા, ઝાલોરી અને સોરઠિયા જેવાં શાખા નામો પ્રાદેશિક નામો છે. ઊંઝાથી સર્વપ્રથમ ઝાલોર (રાજસ્થાન) ગયેલા, અને ત્યાંથી પરત ગુજરાતમાં આવેલાઓ ઝાલોરી કહેવાયા, જ્યારે ઊંઝાથી ઝાલાવાડમાં (સૌરાષ્ટ્રના ઝાલા રાજવંશની હકુમતનો પ્રદેશ જે ભૂતકાળમાં ઝાલાવાડ કહેવાતો) આવીને ત્યાંથી અન્યત્ર પ્રસરેલ પાટીદારોની અટક ઝાલાવાડિયા એવી પ્રચલિત થઈ ગઈ. સોરઠિયાનું પણ આમ જ સમજવાનું

આ રીતે શાખાનામોમાં સમાયેલો ઇતિહાસ આપણે જોયો. અને એ રીતે શાખાનામો દ્વારા થતી ઇતિહાસ સેવા પણ જોઈ. અને શાખા અને તેની પ્રશાખાઓનાં નામોનું મહત્ત્વ પણ પિછાન્યું.

આટલાં વિવરણ પછી એ વાત સમજાય છે કે કૂર્મિઓએ પોતાનાં ગોત્ર-શાખાનામો દ્વારા પણ કેટલોક ઇતિહાસ સાંચવી રાખીને પોતાનાં મૂળ અને કુળનું જતન કર્યું છે.

---

૧ શ્રી. રતુદાન રોહડિયાની શોધનોંધને આધારે

૨ કાઠિયાવાડ : વાળા અને કાઠી રાજવંશ : નાજભાઈ હ.વાળા, પૃ. ૧૩૩

૩ એજન, પ. ૨૭૦-૨૭૨

૪

સિંધુઘાટીની સંસ્કૃતિ અને કૂર્મીઓ : એક વિમર્શ.

પુરાતત્વવિદોએ આઝાદી પહેલાંથી જ શોધ-ખોળ દ્વારા એક લુપ્ત થયેલી કહેવાતી સંસ્કૃતિની શોધ કરી અને 'સિંધુ કાંઠાની સંસ્કૃતિ' એવું નામ આપી દીધું. આ સભ્ય અને વિકસિત સંસ્કૃતિ હતી. ઉત્ખન્ન વડે આ સંસ્કૃતિના જે અવશેષો પ્રાપ્ત થયા છે તે સૂચવે છે કે વ્યાપાર અને ઉદ્યોગમાં સિંધુ ઘાટીની સંસ્કૃતિએ પોતાના યુગમાં ગણના પાત્ર પ્રગતિ કરી હતી. પ્રાચીન ભારતનું આ એક મહત્ત્વનું ઐતિહાસિક પાસું હતું.

વિદ્વાનોનું મંતવ્ય છે કે આ સભ્યતા સૌરાષ્ટ્ર સુધી પ્રસરેલી હતી.[૧] સૌરાષ્ટ્રમાં પાષાણયુગના પ્રારંભે જ આદિ માનવો વસતા હતા.[૨] જેઓ કૃષિજ્ઞાન વગરના હોવાથી અસંસ્કૃત અને અન્નાભાવે પીડિત હતા. એ વાત આપણે શ્રીમદ્ ભાગવતના પૃથુરાજાના પૃથ્વી રૂપી ગાયના દોહનના આખ્યાન વડે જાણીએ છીએ જેની ચર્ચા યોગ્ય સ્થળે કરવામાં આવેલ છે.

સિંધુ ઘાટીની આ સભ્યતા કેવળ સૌરાષ્ટ્ર જ નહિં સમગ્ર ગુજરાતમાં પ્રસરેલી હતી. પાકીસ્તાનના અમુક ભાગમાં પણ આ સભ્યતાનો પ્રસાર હતો તેવું પાકિસ્તાનમાં લાભેલા સિંધુ ઘાટીની સભ્યતાનાં ૪૧૧ સ્થળો વડે જાણી શકાય છે. જ્યારે ભારતમાં આ સભ્યતાનાં ૯૧૭ સ્થળો પ્રાપ્ત થયાં છે.[૩]

કેવળ જામનગર જિલ્લામાં જ સિંધુ ઘાટીની સભ્યતાનાં ૪૦ સ્થળો પ્રાપ્ત થયાં છે.[૪]

---

૧ વિશ્વ કી પ્રાચીન સભ્યતાઓકા ઇતિહાસ : સુશીલ માધપ પાઠક, પૃ. ૫૫૩
૨ પ્રાચીન નગરી દ્વારકા - પુષ્કર ગોકાણી, પૃ. ૨૪૯
૩ ઈન્ડિયા ટુડે : ફેબ્રુઆરી : ૧૯૯૮, પ. ૨૪૯
૪ પ્રાચીન નગરી દ્વારકા : પુષ્કર ગોકાણી, પૃ. ૨૪૯

હજી વધુ શોધ કરવામાં આવે તો બીજા ઘણાં સ્થળો મળી આવે એવી સંભાવના છે.

હડપ્પા અને મોએ-જો-દડો નામે આ સભ્યતાનાં સૌ પ્રથમ બે સ્થળો સિંધમાં મળી આવેલ. આ કારણે એ સંસ્કૃતિને 'સિંધુ ઘાટીની સભ્યતા અભિધાન' અપાઈ ગયું.[૧]

વાસ્તવમાં આ સભ્યતાની જન્મભૂમિ ઘગ્ઘર-હાકરા નામે આજની સૂકી નદીઓ છે. જે સિંધુ નદીની સમાન્તર વહેતી અને રણમાં સમાઈ જતી નદીને કાંઠે છે.[૨]

એંસીના દાયકામાં ભારતીય ઉપગ્રહો દ્વારા મેળવાયેલ તસ્વીરો દર્શાવે છે કે ઘગ્ઘર-હાકરા નદીની પ્રાચીન તળેટી (વહન ભૂમિ) શિવાલિક પર્વત માળાથી લઈ કચ્છના રણ વચ્ચે હોઈ શકે છે. જેમાં તેનો પટ ત્રણથી દશ કિલોમીટર જેટલો પહોળો છે. જે એને એક મહાનદીનું રૂપ આપે છે.[૩]

સુપ્રસિદ્ધ વિદ્વાન અને પુરાત્તત્વવિદ્ પજ્ઞ શ્રી એલ. એસ. વાકણકરે અને ડૉ.સી.એન.પરચુરે ઊંડાં સંશોધન અને ઋગ્વેદના અનુશિલન દ્વારા એ તથ્ય શોધી કાઢ્યું છે કે હાકરા-ઘગ્ઘર નામે આ નદી વાસ્તવમાં મહાનદી વૈદિક સરસ્વતી નદી જ છે.[૪] એમના મતને પુનાની ડેક્કન કૉલેજના પુરાતત્ત્વ વિભાગના નિર્દેશક પ્રા. બી.એન.મિશ્રા પણ અનુસરે છે.[૫] અને એ વિદ્વાનોની તથ્ય આધારિત માગણી પણ છે કે હવે આ કહેવાતી સિંધુ ઘાટીની સભ્યતાનું નામ સરસ્વતીની ઘાટીની સભ્યતા રાખવામાં આવે.[૬]

ડૉ. વાકણકરનાં સંશોધન અનુસાર આ મહાનદી સરસ્વતી હિમાલયમાંથી નીકળી અનેક શાખાઓમાં વિભક્ત થઈ વહેતી હતી, એમાં એક શાખા સિદ્ધપુર થઈને નળ સરોવર દ્વારા સોમનાથ સુધી બે ફાંટાઓ રૂપે વહેતી હતી.[૭] હિમાલયથી નીકળેલી સરસ્વતીની બે શાખાઓ હાકરા નામે રાજસ્થાન અને સિંધમાં થઈને વહેતી હતી. જેનું સાક્ષ્ય ચારણી સાહિત્યમાં પણ મળે છે :

તિબ્બત કંબોજ સૂં ઊતરે તાકડો, હાકડો નામ દરિયાવ હાલે,
ઊિરોળા દેહંતો વેહંતો ધમંડી, રતન રતનાકર નામ રાળે.[૮]

---

૧ ઈન્ડિયા ટુ ડે-ફેબ્રુઆરી : ૧૯૯૮, પૃ. ૪૧
૨ એજન, પૃ. ૪૧
૩ ઈન્ડિયા ટુ ડે : ફેબ્રુઆરી, ૧૯૯૮, પૃ. ૪૧
૪ લોસ્ટ રિવર સરસ્વતી : વાકણકર અને પરચુરે પૃ : ૩૦ થી ૪૨
૫-૬ ઈન્ડિયા ટુ ડે : ફેબ્રુઆરી : ૧૯૯૮, પૃ. ૪૧
૭ અ : લોસ્ટ રિવર સરસ્વતી : વાકણકર અને પરચુરે, પૃ. (નકશો)
આ : પાટડી દર્શન : પ્રભાતકુમાર દેસાઈ, પૃ. ૪૭
૮ ભગવતી શ્રી. આવડજી : ઠાકુર મૂલસિંહ ભાટી, પૃ. ૧૪૧

(તિબેટ અને કંબોજથી વહીને ઉતાવળે વેગભરી રીતે વહેતો આ હાકડો જેને મીઠો મહોરામણ કહે છે એ ગર્વોન્મંત ' હાકડો દરિયાવ' મોજાંઓ ધકેલતાં પોતાને 'દરિયો' કહેવરાવતાં વહે છે.)

આ મહાનદી સરસ્વતીને કારણે ગુજરાત-સૌરાષ્ટ્રની ભૂમિ એ કાળે અતિ ફળદ્રુપ, અને જળ પૂર્ણ તળ વાળી હતી. એના ભૂગર્ભમાં વિપુલ જળ સમાયેલું હતું.

આ જળ સમૃદ્ધિ અને ભૂમિની ફળદ્રુપતાને કારણે આ પ્રદેશમાં-ગુજરાત-સૌરાષ્ટ્રમાં સભ્યતાનો વિકાસ થયો. કેમ કે એ કાળે આ પ્રદેશમાં માંગ્યા મેહ વરસતાં હતા.[૧] તો ઉનાળામાં પણ હિમાલયનો બરફ પિંગળવાને કારણે સરસ્વતી નદીના જળ પ્રવાહમાં વૃદ્ધિ થતી હશે. આ કારણે આ પ્રદેશમાં વર્ષમાં ત્રણ ત્રણ પાકો લેવાતા હશે એ માની શકાય તેમ છે. અને આ રીતે ખેતીની વિપુલ ઉપજને કારણે આ ભૂમિમાં પશુપાલનનો વ્યવસાય પણ ખીલ્યો હશે. આ વ્યવસાય પણ મહદ અંશે ખેતી સાથે સંલગ્ન હોવાથી તેઓ એક બીજાના પૂરક બની રહેલા હશે.

જેને સિંધુઘાટીની સભ્યતા કહેવામાં આવે છે તેનાં પ્રાપ્ત સ્થળાનાં ઉત્ખનન દ્વારા એ વાત પણ જાણવા મળી છે કે એ લોકોનાં ભોજનમાં જવ, ઘઉં જેવા ધાન્યો હતાં.[૨] સાથે તેઓ ખજુર, નારિયેળ, દાડમ, લીંબુ, તરબૂચ વિગેરે ફળોનો આહારમાં ઉપયોગ કરતા હતા.[૩]

તેઓ ઘઉં, જવ, કપાસ, વટાણાં, તલ અને ચોખાની ખેતી કરતા હતા.[૪] આ ઉપરાંત પ્રો. હેવિટ આમાં ગળી અને શેરડીનું વાવેતર પણ ઉમેર છે.[૫] શેરડીનું વાવેતર એ સમયમાં સાકર અને ગોળનાં ઉત્પાદનનું સૂચન કરે છે. સંભવત : સાકર અને ગોળનો એ સમયે ભોજન અને વ્યાપાર અર્થે ઉપયોગ થતો હશે એમ માનવા આ વિગત પ્રેરે છે. અનેક ભારતીય વાનગીઓ ગોળ વડે બને છે. અને આજ સુધી ગોળ શુભ પ્રસંગોએ વપરાય છે. ગોળખાઈ ' મીઠું મોઢું ' કરવું એ આજે પણ શુભ શુકન મનાય છે. જ્યારે ગળીએ વનસ્પતિજન્ય રંગ છે. જે વસ્ત્રોના રંગાટ કામમાં ભૂતકાળમાં વપરાતો હતો.

સિંધુ ઘાટીની એ સભ્યતામાં સુતાર, લુહાર, વણકર કુંભાર, રંગારા અને ખેડૂત જેવા અનેક વર્ગો હતા.[૬]

---

૧ વિશ્વકી પ્રાચીન સભ્યતા કા ઇતિહાસ : સુશીલ માધવ પાઠક, પૃ. ૫૫૩
૨-૩ એજન, પૃ. ૫૫૬
૪ એજન, પૃ. ૫૫૮
૫ કુરમી ચેતના કે સૌ વર્ષ : ડૉ. દિલાવરસિંહિ જયસવાર, પૃ. ૧૦૧-૧૦૯
૬ વિશ્વ કી પ્રાચીન સભ્યતા ઓકા ઇતિહાસ : સુશીલ માધવ પાઠક, પૃ. ૫૫૬

એ સમયે વેપાર પણ સારો જામેલો હતો એથી વેપારી વર્ગ સુખી હતો.[૧]

એ વેપારનો વિકાસ જ શહેરીકરણનો ઘોતક છે. આજે પણ આસપાસનાં ગ્રામો સાથેના વ્યાપારને કારણે જ તાલુકા અને જિલ્લા મથકોનો ઝડપી વિકાસ થયો છે. આવું એક મોટું નગર પુરાત્તત્વવિદોને કચ્છ જિલ્લાના ધોળાવીરા ગામે થી ઉત્ખનન દ્વારા પ્રાપ્ત થયું છે.[૨] આ નગરમાં માનવકંકાલો પણ પ્રાપ્ત થયાં છે.[૩]

આપણે આગળ જોયું એમ સિંધુ ઘાટીની સભ્યતાની ખેતી અતિ સમૃદ્ધ હતી. એ ન ભુલાય કે સમૃદ્ધ ખેતી જ હરકોઈ સંસ્કૃતિના વિકાસની પાયાની મુખ્ય જરૂરિયાત છે. ખેત ઉત્પાદન દ્વારા ભરપૂર જીવનોપયોગી અન્નાદિનું ઉત્પાદન જ સંસ્કૃતિના વિકાસ માટેનો પ્રથમ અને મુખ્ય રાજમાર્ગ છે. ભુખ્યે પેટે કોઈ સંસ્કૃતિનો વિકાસ નથી થતો પણ ઊલ્ટાનો વિનાશ થાય છે, જે એક ઐતિહાસિક સત્ય છે.

આવાં મોટાં નગરોના રહેવાસીઓ માટે અન્ન, ઘી, દૂધ અને વસ્ત્રો આસપાસનાં ગામોમાંથી બળદ ગાડાં દ્વારા આવતાં હતાં.[૪] જે પરંપરા આઝાદી સુધી સૌરાષ્ટ્રમાં ચાલુ હતી. આઝાદી પછી જ માર્ગ વ્યવહાર વિકસ્યો છે. અને યાંત્રિક વાહનો આવ્યાં છે.

સિંધુ ઘાટીની સભ્યતામાં સમાજના બધા જ વર્ગોની નારીઓ આભૂષણ પ્રિય હતી. તેઓ સોના, ચાંદી, ત્રાંબા, હાથીદાંત અને કેટલીએ જાતના પથ્થરોનાં બનેલાં ઘરેણાઓ પહેરતી.[૫]

એ પ્રજાના ધર્મ અંગે જે જાણકારી મળી છે, એનાથી આપણને ભારતીય સંસ્કૃતિ અને હિન્દુ ધર્મની સનાતનતા અને ક્રમબદ્ધતાનું અદ્ભુત પ્રમાણ મળે છે. આ રીતે પ્રાપ્ત જાણકારી વડે સિંધુ ઘાટીનો ધર્મ ભારતીય ધર્મના અખંડ રૂપને સિદ્ધ કરે છે સિંધુ ઘાટીના ધાર્મિક જીવનનાં ઘણાં બધાં તત્ત્વો વર્તમાન હિન્દુ ધર્મમાંથી પણ પ્રાપ્ત થાય છે. સિંધુઘાટીની સભ્યતાનાં ધાર્મિક જીવનનાં ચાર પાસાંઓ છે, જે આજે પણ કોઈ ને કોઈ રૂપમાં હિન્દુ ધર્મમાંથી પણ પ્રાપ્ત થાય છે. સિંધુઘાટીની સભ્યતાની ધર્મની ચાર મુખ્ય વિશેષતાઓ હતી (૧) માતૃશક્તિની ઉપાસના, (૨) શિવ ઉપાસના, (૩) વૃક્ષ પૂજા, (૪) પશુ પૂજા[૬]

---

૧ એજન, વિશ્વકી પ્રાચીન સભ્યતાઓકા ઇતિહાસઃ સુશીલ માધવ પાઠક, પૃ. ૫૫૬
૨. ગુજરાત દીપોત્સવી અંક : વિ. સં : ૨૦૫૩, પૃ. ૪૬
૩. ઈન્ડિયા ટુ ડે-૪ ફેબ્રુઆરી - ૧૯૯૮, પૃ. ૪૦
૪. વિશ્વકી પ્રાચીન સભ્યતા કા ઇતિહાસ : સુશીલ માધવ, પૃ. ૫૫૮
૫. એજન, પૃ. ૫૫૭
૬. अ : એજન, પૃ. ૫૫૭
आ : પ્રાચીન ભારતકા ઇતિહાસ : શ્રીનેત્ર પાંડે, પૃ. ૧૫૨-૧૫૩

પ્રાપ્ત થતી કેટલીક મુદ્રાઓમાં સ્વસ્તિક અને ચક્ર બનાવેલ જણાય છે. આ કારણે એવું અનુમાન થઈ શકે છે કે એ લોકો સૂર્યોપાસક પણ હતા.[૧]

છેવટે પ્રશ્ન થશે સિંધુ સભ્યતાના એ લોકો હતા કોણ ? જો કે આ પ્રશ્નનો ઉત્તર સિંધુ ઘાટીની સભ્યતાના લોકોની ઉપર દર્શાવેલ ધાર્મિક માન્યતાઓ જ આપી દે છે. છતાં આ વિષેના પુરાતત્ત્વવિદોનાં મંતવ્યો પણ જોઈ લઈએ.

ઉપરોક્ત પ્રશ્નનો જવાબ છેલ્લા કેટલાક દાયકાઓમાં થયેલી શોધોએ અધિકાંશપણે આપી દીધો છે. ૭૦નાં દાયકામાં રાજસ્થાનમાં કાલીબંગા નામે રેતાળ પ્રદેસમાં ઉત્ખનન કરનાર પુરાતત્ત્વ વિભાગના માજી નિર્દેશક વ્રજવાસી લાલ એ વેળા આશ્ચર્યચકિત થઈ ગયા હતા કે જ્યારે એક ખેતરમાં એમને ખેડ કર્યા પછીના ૨૯૦૦ જેટલો ચાસનાં ઈ.સ. પૂર્વેનાં પ્રમાણ મળ્યાં. લાલે જોયું કે ૫૦૦૦ વર્ષ પછી પણ આ પ્રદેશના ખેડૂતો ખેતીની એ જ રીતનો ઉપયોગ કરી રહ્યા છે. લાલ કહે છે : આ તો એવું લાગે છે કે વર્તમાન જ ભૂતકાળ હતો[૨]

તે ઉપરાંત ઉત્ખનન દ્વારા જે કાલાવશેષો મળ્યા છે જેમાં ધોળાવીરામાંથી પ્રાપ્ત હાડપિંજર પણ સામેલ છે, તે એ વાત પ્રત્યે અંગુલિ નિર્દેશ કરે છે કે ત્યારના લોકો પણ આજના ભારતીઓ જેવા જ મૂળથી હતા.[૩]

સિંધુઘાટીની સંસ્કૃતિ અંગે પોશેલ માને છે કે એ તો ભારતીય મેધાની જ અભિવ્યક્તિ હતી.[૪]

આપણે આગળ જોયું તેમ કહેવાતી સિંધુ ઘાટીની સભ્યતા ખરેખર તો સરસ્વતી નદીના કાંઠાની સભ્યતા છે. વેદોનો જન્મ પણ સરસ્વતીને કાંઠે થયાનું જણાવતાં પં. રઘુનંદન શર્મા કહે છે કે, ' વેદો ત્યારે રચાયા કે જ્યારે સરસ્વતી નદી હિમાલયમાંથી નીકળીને સમુદ્રમાં જતી હતી.[૫]

આ રીતે જોતાં સમજાય છે કે, કહેવાતી સિંધુઘાટીની સભ્યતાના લોકો વાસ્તવમાં આર્ય પ્રજા જ હતા. એટલે એ સભ્યતા આર્ય સભ્યતા જ હતી.

૧ પ્રાચીન ભારત કા ઇતિહાસ : શ્રી નેત્ર પાંડે, પૃ. ૧૫૪
૨ ઈન્ડિયા ટુ ડે : ૪ ફેબ્રુઆરી : ૧૯૯૮, પૃ. ૪૧
૩ એજન, પૃ. ૪૧
૪ એજન, પૃ. ૪૨
૫ વૈદિક સમ્પતિ - પં. રઘુનંદન શર્મા પૃ. ૧૧૨

હવે એ આર્ય પ્રજા હતી, તો દેવ, માનવ અને દાનવ એવા ત્રણ વિભાગમાંથી કયા વિભાગમાં સમાવી શકાય ? તે જોઈએ.

પુરાણોની સમુદ્રમંથન અને પૃથુ રાજા દ્વારા પૃથ્વી રૂપી ગાયના દોહનની જે કથા છે. તે એવા સંકેતો આપે છે કે, દાનવ પ્રજા શરાબમાં ડૂબેલી હતી. ત્યારે માનવો કોઈ પ્રગતિ કરી શક્યા હોવાનું પુરાણો કથતા નથી. સમુદ્ર મંથન રૂપ વૈજ્ઞાનિક શોધોનો સર્વોચ્ચ લાભ દેવતાઓ પામી ગયા છે. અને એમાં એમને ભગવાન કુર્મ અને ભગવાન શિવનો પૂરેપૂરો સહયોગ. માર્ગદર્શન અને મદદ મળેલાં છે. આ રીતે દેવો એ બંને દેવોના પૂજક, ભક્ત અનુયાયી હોય. એ માની શકાય તેવી વાત છે. આપણે પ્રથમ પ્રકરણમાં જોઈ ગયા છીએ તે પ્રમાણે દેવતાઓ જ કૂર્મ ભગવાનના અનુયાયી હોવાથી કૂર્મિઓ કહેવાયા. અને પૃથુરાજાએ એમને કૂર્માચલ (હિમાલય) માંથી ગુજરાતમાં તેડાવીને એમના કૃષિજ્ઞાન વડે આ પ્રદેશમાં ખેતીની શરૂઆત કરાવી, તે વાત પણ બીજાં પ્રકરણમાં આપણે જોઈ.

પૃથુરાજાના પૃથ્વી દોહન પ્રકલ્પ પહેલાં આ પ્રદેશમાં લોકો સ્વેચ્છા પ્રમાણે વેર-વિખેર પણે અત્ર-તત્ર વસ્તા હોવાનું પુરાણ કથન છે.[૧] સાથે ભાગવત એમ પણ કહે છે કે, પૃથુરાજાના સમયથી જ વ્યવસ્થિત ગામો, કસ્બાઓ અને નગરો વસ્યા[૨]

આ વાતને કડવા પાટીદારોના બારોટોના ચોપડા પણ ટેકો આપે છે. સાથે આ વાત ત્રેતાયુગની હોવાનું પણ બારોટનો ચોપડો બોલે છે.[૩]

વધુમાં બારોટનો ચોપડો કહે છે કે ત્રેતાયુગમાં કડવા પાટીદારોએ સૌ પ્રથમ ઉમાપુર પાટણ (હાલનું ઊંઝા) નામે વગર વસાવ્યું જેના અગ્રણી ગામી શાખના કડવા પાટીદાર હતા.[૪] આ રીતે જોઈએ તો કહેવાતી સિંધુ સંસ્કૃતિનો વિકાસ કૂર્મિઓ દ્વારા થયો છે. કેમકે એમણે જ આ પ્રદેશની ઉપજાઉ ભૂમિમાં ખેતી કરીને સભ્યતાના વિકાસનું પ્રથમ પાયાનું કાર્ય કર્યું છે. પહેલાં આ પ્રદેશ કૃષિ વિહિન હતો. એથી પ્રજા અન્નાભાવે પિડીત હતી.[૫]

---


૧ શ્રીમદ્ ભાગવત : પ્રથમ ખંડ : ચતુર્થ સ્કંધ : અધ્યાય : ૧૮ મો, પૃ : ૩૯૯-૪૦૧

૨ એજન, પૃ. ૩૯૯-૪૦૧

૩ શ્રી રજનીભાઈ બારોટ રે. સિદ્ધપુરને ચોપડેથી

૪. એજન

૫ શ્રીમદ્ ભાગવત : પ્રથમ ખંડ : ચતુર્થ સ્કંધ : ૧૮ મો અધ્યાય, પૃ. ૩૯૯-૪૦૧



(મહારાષ્ટ્રના દાયમાંબાદમાંથી પ્રાપ્ત થયેલો સરસ્વતી તટની સંસ્કૃતિનો કાંસાનો તામ્રરથ)

ઈંદ્રોત્સવ ઉજવતી વેળા કૂર્મિઓ ગાડાં દોડની હરિફાઈ યોજતાં હશે એમ આ રથ દ્વારા સમજાય છે. આજે પણ વિકૃત રીતે ઉત્તર ગુજરાતમાં ઇંદ્રોત્સવ ઉજવાય છે.

જ્યારે ભૂતકાળમાં આ ઇંદ્રોત્સવ સૌરાષ્ટ્રમાં 'હળોતરાં' નામે ઊજવાતો જે હળોત્સવનો પર્યાય છે. આ ઉત્સવ વખતે ગામનો સુતાર રમકડાં જેવું લાકડાનું હળ બનાવતો. એને ગ્રામજનો, 'હળિયું' કહેતા એ ઉજવણી પ્રસંગે પણ ગાડાદોડની હરિફાઈ થતી. એમાં જે જીતે તેને પેલું 'હળિયું' પુરસ્કાર રૂપે મળતું.

આજે તો એ હળોત્તરાં-હળોત્સવનો લોપ થઈ ગયો છે. પણ સાપ ગયા અને લિસોટા રહ્યાની જેમ 'અમારે ક્યાં હળિયું જીતવું છે ?' એ રૂઢિપ્રયોગ સૌરાષ્ટ્રની તળપદી બોલીમાં અસ્તિત્ત્વ ધરાવે છે. જે પણ હવે વિસરાતો જાય છે.





આ વસ્તુ પણ કૂર્મિ જાતિ દ્વારા સરસ્વતી તીરે થયેલા કૃષિ વિકાસ અને પશુપાલન પ્રવૃત્તિનું સૂચન કરે છે.

જેમનાં મસ્તક પર શિંગડા યુક્ત મુકુટ છે. અને જેમની ચોતરફ પશુઓ છે. એવી આ સિંધુ ઘાટીની કહેવાતી પણ વાસ્તવમાં સરસ્વતી ઘાટીની સંસ્કૃતિની આ મુદ્રાઓ ભગવાન શિવનાં પશુપતિ સ્વરૂપની મુદ્રાઓ છે. જે સરસ્વતી ઘાટીની સંસ્કૃતિના લોકો શિવોપાસક હોવાનું પ્રમાણ બની રહે છે. સાથે ભગવાન શિવ દ્વારા પશુપાલન અને કૃષિનો આવિષ્કાર થયાનું સૂચવે છે.



(સરસ્વતી ઘાટીની એક મુદ્રા)

જેમાં વઢિયારા ગોવંશના મૂળ પૂર્વજ એવા વઢિયારા સાંઢનું અંકન થયેલું છે. જે સૂચવે છે કે આ પ્રખ્યાત ગોવંશ ગુજરાતનો છે. અને એનું સંવર્ધન સરસ્વતી ઘાટીની સંસ્કૃતિની પ્રજાએ કર્યું છે. કૂર્મિ જાતિ આ વઢિયારા બળદો દ્વારા આદિકાળથી ખેતી કરતી આવી છે. બારોટોના ચોપડા અનુસાર આ ઓલાદનો ગોવંશ સમુદ્રમંથન પ્રકલ્પ દ્વારા આવિષકારિત કામધેનુની ઓલાદનો છે. દેવલોકમાંથી ગુજરાતમાં આવ્યો છે.

આ રીતે મદ્ ભાગવત અને બારોટજીના ચોપડાના સાક્ષ્યે જાઈએ તો નગર સંસ્કૃતિનો આરંભ ગુજરાતથી થાય છે. પ્રથમ નગર વસ્યું તે ઉમિયાપર પાટણ છે. જેનાં વસાવનાર ભગવાન શિવ અને જગદંબા ઉમિયાજી છે[1]

શ્રી. કે. કા. શાસ્ત્રીનો મત છે કે, ભારતીય ઉપખંડનું સૌથી જુનું સાહિત્ય ઋગ્વેદ છે.[2] આ મતને શ્રી અવિનાશચંદ્રદાસ, મ્યુર, મેક્સ મૂલર, યાકોબી અને લોકમાન્ય ટીળક જેવા પૂર્વસૂરિઓએ સ્થાપિત કરેલ છે.[3] મ્યુર જેવા વિદ્વાનાનો મત છે કે આર્યો વિદેશી ન હતા.[4] અહિંના જ હતા. શ્રી અવિનાશચંદ્ર દાસનો પણ આ જ મત છે[5]

૧ શ્રી રજનીભાઈ બારોટ, રે. સિદ્ધપુરને ચોપડેથી
૨ ફૂલછાબ : ઑક્ટોબર : ૧૯૯નો વિશેષાંક
૩ વશિષ્ટઋષિનું દર્શન : અ. દે. શાસ્ત્રી, પૃ. ૬-૭
૪ એજન, પૃ. ૭ ૫ ઓરિજીનલ સંસ્કૃત ટેક્સીઝ : વોલ્યુમ : ૧૧ : મ્યુર, પૃ. ૩૨૨

એ પ્રાચીનતમ ઋગ્વેદમાં એ કાળની સમૃદ્ધ કૃષિનું વર્ણન મળે છે :

ખેતરના સ્વામી માટે અમે ગાયો, ઘોડા અને પોષક પદાર્થો દઈએ છીએ. એ જ પ્રમાણે એ ખેડૂત પણ અમને સુખ દે. હે ખેડૂત, ધનપતિ, તમે ગાયનાં દૂધ પ્રમાણે મધુર પવિત્ર જળ, દૂધ અને મિષ્ટ આમ્રફળ અમારા માટે પરિપૂર્ણ કરો..... બળદ, મજુર, હળનાં અંગો, વરત એ બધું સુખદાયક હો, અને ખેતીનાં અન્ય અંગો પણ સુખદ હો. (ઋ : ૪/૫૭)[૧]

આટલું જ નહિં વેદોમાં કૃષિનું વર્ણન વિસ્તાર થી આપ્યું છે. જેમાં મોટા મોટા વિદ્વાનોને હળ જોડતા હોવાનુ દર્શાવ્યું છે.[૨]

આ વસ્તુ અત્યંત સૂચક છે. એ સૂચવે છે કે એ કાળે કૃષિએ કેવળ સામાન્યજનનો જ વ્યવસાય ન હતો. તેમ કૃષિ કરનાર કૂર્મિઓ-દેવો કોઈ અજ્ઞાન કે અસંસ્કૃત પ્રજા ન હતી. પણ તેએ વિદ્વાન અને સભ્ય પ્રજા હતી આ વાતને આપણે આગળ જોયું તેમ ' નાભીનંદનોદ્ધાર' ગ્રંથમાં ગુજરાતના કૃષિકારોને પંડિતો ' વિવેક બ્રહસ્પતિ ' કહેતા હતા. જે એ ખેડૂતોની સભ્યતા અને સુસંસ્કૃતતાને ઊજાગર કરે છે : જે પણ ઉપરોક્ત વેદોનાં કથનને પુષ્ટ કરે છે. એ કાળે જીરાયત અને બાગાયત બંને પ્રકારની કૃષિનો પૂર્ણ વિકાસ થયો હશે. તેમ ઋગ્વેદનાં ઉપરોક્ત પ્રમાણમાં ઉલ્લેખાયેલ 'આમ્રફળ'ના ઉલ્લેખથી જાણી શકાય છે.

ઉપરોકત વેદોકત પ્રમાણોને બારોટનો ચોપડે પણ ટેકો આપતાં એ કાળે ગુજરાતમાં થતાં વિપુલ કૃષિ ઉત્પાદન ભગવાન શિવની કૃપાથી થતું હોવાનું કહે છે. યથા :

' શિવ-પાર્વતી'એ કરડુવાને પેદા કરા : તારે : પેલા પુતલાને ગઢ ઉમીયાપર વસીને સુપા : તે પેલી સાખ : ગામી : થઈ : તે ગામીએ માગી લીધું જે : એકવાર વાવીએ ને એકવી વાર લણીએ : તે સિવે આપીને થાપા : ઉમિયા પરગટાં તેના નામ : ગંગેસના ગામી કેવાણા. [૩]

(શિવ અને પાર્વતીજીએ કરડવાઓને ઉત્પન્ન કર્યા ત્યારે પેલા પૂરુષને ગઢ ઉમિયા પર વસાવીને સોંપ્યો. તે પ્રથમ શાખ ગામી થઈ. એ ગામી શાખાએ વરદાન માગી લીધું કે અમે એક વાર વાવીએ અને એકવીશ વાર લણીએ. ગંગેશનો વંશ ' ગામી ' કહેવાયો.)

આ પ્રસંગ ત્રેતાયુગનો હોવાનું પણ બારોટનો ચોપડો બોલે છે :

' માતાની સાખ આપેલી : ગામી હતા : ત્રેતાજુગના વરસ : દોઢ લાખ વરસ

---

૧. વૈદિક સમ્પતિ : પંડિત ટેક્સિઝ : વોલ્યુમ : ૧૧ મ્યુર : પૃ : ૩૨૨
૨ એજન પૃ : ૩૭૯
૩ શ્રી રજનીકુમાર બારોટ રે સિદ્ધપુરને ચોપડેથી

જાતાં પેદા થીઆતા:[૧]

(એ ગામી શાખ માતા ઉમિયાજી પ્રદત્ત હતી. ત્રેતાયુગનાં દોઢ લાખ વરસ વિત્યે ઉત્પન્ન થયા હતા.)

પુરાણો પણ પૃથુરાજાને ત્રેતાયુગમાં થયાનું કહે છે.[૨]

આપણે પુરાણો અને બારોટોના ચોપડાઓની લાંબી યુગ ગણત્રીઓમાં ન પડીએ તો પણ એટલું તો માની શકીએ છીએ કે જે કાળે સરસ્વતી નદી ગુજરાતમાં વહેતી હતી ત્યારે આ પ્રદેશમાં દેવ કહેવાતા માનવો દ્વારા કૃષિ અને સભ્યતાનો વિકાસ થયેલો. એ નિશ્ચિત છે. બાકી સમય અંગે તો મત મતાંતરો ચાલ્યાં જ કરવાનાં.

આજના પાટીદારોના પૂર્વજો જ સિંધુઘાટીની સભ્યતાના સર્જકો હતા. એ વિષે વધુ પ્રમાણો પણ મળે છે. એ સિંધુઘાટીની સભ્યતામાં (૧) માતૃશક્તિની ઉપાસના થતી હતી, (૨) શિવની ઉપાસના થતી હતી, (૩) વૃક્ષપૂજા અને (૪) પશુની પૂજા થતી હતી.[૩]

આજના હિન્દુધર્મમાં આજે પણ શક્તિ ઉપાસના શિવોપાસના ચાલુ જ છે. ગામે ગામ આપણને ઓટા પર કે મંદિરમાં શિવલીંગનાં દર્શન થવાનાં જ. આખો શ્રાવણ માસ ભગવાન શિવને સમર્પિત છે. આ માસમાં શ્રદ્ધાળુઓ ભગવાન શિવનાં પૂજન અને એકટાણાં કરે છે. મહામાસમાં આવતું શિવરાત્રીનું પર્વ પણ હિન્દુસમાજમાં ભગવાન શિવની ભક્તિભાવના પ્રસારનું દ્યોતક છે.

એમાંય કૂર્માચલ વાસી અને પછી ગુજરાતમાં આવેલી આ કૂર્મિ પ્રજા પર તો સમુદ્રમંથન પ્રકલ્પ વખતે ભગવાન શિવનો એ સમુદ્રમંથન પ્રકલ્પમાંથી પ્રાપ્ત વિષનું પાન કરી જઈને દેવોને રક્ષવાનો મહદોપકાર છે. ભગવાન શિવને પશુપતિ પણ કહ્યા છે. જે ભગવાન શિવ દ્વારા શોધાયેલ પશુપાલન વિજ્ઞાન અને કૃષિ વિજ્ઞાન પ્રત્યે અંગુલી- નિર્દેશ કરે છે. એ ન ભુલાય કે પશુપાલન અને કૃષિ એકબીજા પર આધારિત છે. ભગવાન શિવનું વાહન નંદી ખેડૂત માટે કૃષિ કાર્ય અર્થે અનિવાર્ય છે. તો દૂધ માટે અને બળદો માટે ગાય પણ જરૂરી છે. ટૂંકમાં ભારતીય કૃષિનો મુખ્ય આધાર સ્થંભ ગાય છે. તો ભેંસ, ઘોડાં, વિગેરે બીજાં પશુઓ પણ એ કાળે ઘી, દૂધ, પરિવહન અને સ્વારી અર્થે આવશ્યક હતાં. જ. આ રીતે દેવો દેવેશ્વર શિવના ઉપાસક બને તે માની શકાય તેવું છે. કેમ કે સમુદ્ર મંથન

---

૧ એજન

૨ હરિવંશ અથવા ઉત્તર મહાભારત, પૃ. ૭૨૮

૩ વિશ્વ કી પ્રાચીન સભ્યતાઓ કા ઇતિહાસ : સુશિલ માધવ પાઠક, પૃ. ૫૬૨

પ્રકલ્પમાં ભગવાન શિવ અને કૂર્મની કૃપાથી સર્વોચ્ચ લાભ દેવતાઓને જ થયો છે. જે આપણે આ પહેલાં જોયું. હિન્દુ ધર્મમાં શિવને મહાયોગી, પશુપતિ અને ત્રિશુલધારીનાં રૂપમાં પૂજવામાં આવે છે. સિંધુઘાટીની સભ્યતાના ધર્મમાં પણ શિવનુ એજ સ્વરૂપ હતું.[૧]

સિંધુ સભ્યતાની એક વિશેષ મુદ્રા પર એક દેવતાનું ચિત્ર પ્રાપ્ત થયું છે. જે શિવનાં પશુપતિ રૂપની કલ્પનાને સાકાર કરે છે. એ દેવતાનાં ઉન્નત શિસ્ત્રાણની બંને તરફ બે શીંગડા છે. શિરસ્ત્રાણ ત્રિશુલને મળતું આવે છે. એ દેવને ત્રણ મુખ છે તથા યોગીની મુદ્રામાં બિરાજેલ છે. અને તેઓ પશુઓ વડે વિંટળાયેલા છે. એ દેવની ડાબી બાજુ હાથી અને સિંહ છે, જમણી બાજુ ગેંડો, પાડો છે. અને સામે હરણ છે.[૨]

કેટલીક મુદ્રાઓ પર પાન અને કૂંપળો સહિત પિંપળાના વૃક્ષને દર્શાવ્યું છે. એથી સિંધુ ઘાટીમાં પિંપળાને અત્યંત પવિત્ર વૃક્ષમાની પૂજન થતું હતું. એમ સમજાય છે. વર્તમાન હિન્દુ ધર્મમાં પણ પિંપળાની પૂજા કરવામાં આવે છે.[૩]

વટ સાવિત્રી વૃતમાં થતું વડનું વૃક્ષનું પૂજન. દશેરાના દિવસે થતું સમી (ખીજડા) વૃક્ષનું પૂજન અને ઘર આંગણે થતું તુલસી પૂજન અને ઊજવાતા તુલસી વિવાહ એ બધું જ વૃક્ષ પૂજનમાં આવી જાય છે. આજે પણ હિન્દુ સમાજમાં 'તુલસીદાસ, આંબાભાઈ, તુલસીબાઈ, ગુલાબજી કે ગુલાબસિંહ, ડોલરભાઈ, ઈત્યાદિ વૃક્ષ પરક માનવનામો, અને પિંપળિયા, પીંપળી, આંબલિયા, વડિયા, વડતાલ, વાલોવડ, ખીજડિયા જેવાં વૃક્ષો પરથી પડેલાં ગ્રામનામો પણ હિન્દુ સમાજના વૃક્ષો પ્રત્યેના આદરને વ્યક્ત કરે છે.

સિંધુ ઘાટીની સભ્યતાની અન્ય જે મુદ્રાઓ પ્રાપ્ત થઈ છે. મૂર્તિઓ મળી છે. એ માતૃશક્તિની ઉપાસના દર્શક છે. જેમાં ઊભેલ અર્ધનગ્ન નારીનું ચિત્રાંકન છે. સર જોન માર્શલ એને પ્રકૃતિ અને સૃષ્ટિ સર્જક શક્તિ માને છે.[૪] બારોટોની વહીમાં પણ ભગવતી ઉમિયા દ્વારા કૂર્મિઓની ઉત્પતિની કથા સિંધુ ઘાટીની સભ્યતાની પરંપરાનું જ સૂચન કરે છે.[૫] દેવી ભાગવતમાં પણ સમગ્ર વિશ્વ ભગવતી દ્વારા ઉત્પન્ન થયાનું કથાયું છે. અને આજે પણ હિન્દુ સમાજમાં નવરાત્રીના ઉત્સવો, અને કૂળદેવીનાં નિવેદો, તેમ અંબાજી, ઉમિયાજી, આશાપુરીમાતા, ખોડિયાર, બહુચરાજી વિગેરે દેવીઓનાં મંદિરો હિન્દુધર્મની માતૃભક્તિનાં ધોતક છે. ભૂતકાળમાંતો ગુજરાતમાં શાક્ત સંપ્રદાયનું ભારે જોર હતું. પણ આજે એ સમયે દેવી ભક્તિને નામે ચાલતો પશુવધનો હિંસાચાર નાબુદ થયો

---

૧ વિશ્વ કી પ્રાચીન સભ્યતાઓ કા ઇતિહાસ : સુશિલ માધવ પાઠક, પૃ. ૫૬૨
૨ વિશ્વકી પ્રાચીન સભ્યતાઓકા ઇતિહાસ : સુશીલ માધવ પાઠક, પૃ. ૫૬૨
૩ એજન, પૃ. ૫૬૨
૪ પ્રાચીન ભારત કા ઇતિહાસ : શ્રી નેત્ર પાંડે, પૃ. ૧૫૨
૫ શ્રી રજનીભાઈ બારોટ, રે. સિધ્ધપુર ને ચોપડેથી

છે. પણ સામે પક્ષે નિર્મળ ભક્તિનો પ્રસાર વધ્યો છે.

ઉત્ખનનમાંથી પ્રાપ્ત થયેલ મુદ્રાઓમાં પ્રખ્યાત વઢિયારી ઓલાદના સાંઢનું અંકન મળે છે.[૧] જે ગૌ પૂજા અને નંદી પૂજાનાં સૂચક હોવા સાથે સિંધુ ઘાટીની મનાયેલી એ સભ્યતાને વાસ્તવમાં ગુજરાતની સરસ્વતી ઘાટીની જ સભ્યતના પ્રસ્થાપિત કરે છે. કેમ કે આ વઢિયારો ગોવંશ ગુજરાતની પોતાની આવગી ગાયની જાતિ છે. અને એ વખણાયેલી ઓલાદ છે. આ જાતિના બળદોની દિલ્હીના બાદશાહોને મન મોટી કિંમત હતી. આ કારણે ઊંઝાના ઘણા પાટીદાર અગ્રણીઓએ દિલ્હીના બાદશાહોને ગુજરાતના વઢિયારા બળદોની જોડી ભેટ આપીને બાદશાહને પ્રસન્ન કરી શાહી સૈન્યની મદદ મેળવ્યાના ઘણા દાખલા બારોટોને ચોપડે નોંધાયા છે.[૨]

એ કહેવાતી સિંધુ ઘાટીની સભ્યતામાં માનવીના અંતિમ સંસ્કારની પ્રણાલીઓ આજના હિન્દુ સમાજ જેવી જ હતી. એ સમાજમાં ત્રણ પ્રકારે અતિમ સંસ્કાર થતા.

૧. પૂર્ણ સમાધિકારણ : શબને ભૂમિમાં દાટવામાં આવતું સાથે સમાધિમાં મૃતકના સુખ-સુવિધાનો સામાન દાટવામાં આવતો

૨. આંશિક સમાધિકરણ : શબને પશુ–પક્ષીઓનો આહાર થવા ખુલ્લો મેદાનમાં છોડી દેવામાં આવતું પછી શેષ રહેલ અસ્થિઓને ભૂમિમાં દાટવામાં આવતાં.

૩. અગ્નિદાહ કર્મ : શબને ચિતામાં બાળી નાખતા પછી શેષ રહેલ હાડ અને રાખને દાટી દેતા. જે સર્વાધિક પ્રચલિત પ્રણાલી હતી.[૩]

આજના હિન્દુસમાજમાં પણ આજ પ્રણાલીઓ આજે ચાલુ છે. અધિકાંશ મૃતકોને અગ્નિદાહ અપાય છે. સાધુ–સંતોને ભૂમિમાં સમાધિ અપાય છે. આંશિક સમાધિકરણની રીત પણ ભૂતકાળમાં હિન્દુધર્મના કોઈક સંપ્રદાયમાં પ્રચલિત હતી. એના પ્રમાણરૂપે ભજનનુ એક ચરણ મળે છે.

' સાધુ શૂર સોહે મૈદાના,[૪]

(સંતો અને શૂરવીરો તો મેદાનમાં જ શોભે.)

પુરાતત્ત્વવિદોએ કરેલ શોધ પ્રમાણે સિંધુ ઘાટી સભ્યતાનાં નાનાં-મોટાં ૩૦૦, જેટલાં શહેરો શોધાયાં છે. એ લોકોએ સૌ પ્રથમ ચોખા અને કપાસની ખેતી શરૂ કરી.[૫] તે ઉપરાંત બીજા હજારો કસ્બાઓ (તાલુકા મથકો) અને ગામો હતાં, જે તે સમયે ગ્રામોદ્યોગ

---

૧ લોસ્ટ રિવર સરસ્વતી : એલ. એસ. વાકણકર - સી. એમ. પરચુરે, પૃ. ૯૦

૨ શ્રી મણીભાઈ બારોટ, રે. સિદ્ધપુરને ચોપડેથી

૩ વિશ્વકી પ્રાચીન સભ્યતાઓકા ઇતિહાસ : સુશીલ માધવ પાઠક, પૃ. ૫૬૪

૪ રતુદાન રોહડિયાની શોધનોંધોને આધારે

૫ ઈન્ડિયા ટુ ડે : ૪ ફેબ્રુઆરી, ૧૯૯૮, પૃ. ૪૪

અને ગૃહોદ્યોગથી ધમધમતાં હતાં.[૧]

ખેત–ઉત્પાદનની અધિકતાને કારણે લોકો કલાઓ પ્રત્યે રુચિ અને લગાવવાળા હતા.[૨]

સિંધુ સંસ્કૃતિના ઉદ્‌ભવ અને વિકાસ અંગે આગળ જોયું તેમ વેદ, પુરાણો અને બારોટોના ચોપડાઓમાંથી પ્રમાણો પ્રાપ્ત થાય છે. તેમ હવે આપણે તે સભ્યતાની પડતીની વિગતો અંગે પણ વિચારીએ.

કૃષિ અને પશુપાલન એક બીજાનાં પૂરક છે. કૃષિ, માર્ગ વ્યવહાર, વાહન, દૂધ, ઘી, ખાતર અર્થે પશુપાલન આવશ્યક છે. તો સામે અન્ન, પશુ આહાર, વસ્ત્રો, ફળો માટે કૃષિ વિકાસ જરૂરી છે. પણ આ બંને માટે પ્રથમ જરુરિયાત જળ છે. જળની સુલભતા અને અભાવ સંસ્કૃતિના જન્મ અને વિલોપન માટે જવાબદાર છે.

આપણે આગળ જોયું તેમ મહાનદી સરસ્વતી આ ગુજરાતની ભૂમિમાં વહેતી હતી. ડૉ. એલ. એસ. વાકણકરના સંશોધન આધારિત મત પ્રમાણે આ સરસ્વતી નદી હિમાલયમાં થઈને ગુજરાતમાં વહેતી હતી. અને આજના કચ્છના રણમાં આવતી હતી, કચ્છના રણમાંથી એનો એક ફાંટો મધ્ય સૌરાષ્ટ્ર થઈ પ્રાચી આવીને સોમનાથ પાસે સમુદ્રમાં મળતો હતો. બીજો ફાંટો નળ સરોવર પાસે થઈ મહુવા થઈ પ્રથમ ફાંટા સાથે સંગમ પામી પ્રાચી પાસે થઈ સમુદ્રમાં મળતો હતો.[૩]

એ સમયે માગ્યા મેઘ વરસતા, અને ઉનાળામાં હિમાલયમાં બરફ ઓગળતાં સરસ્વતી નદીમાં જળની વૃદ્ધિ થતી. આ રીતે ઉનાળા-ચોમાસાનાં વિપુલ જળને લીધે ધરતીનું તળ સેંજળ હતું અને આ કારણે કૃષિ વિકાસ પણ ખૂબ થયેલો. વરસમાં ત્રણ પાક લેવાતા હતા.

ઋગ્વેદમાં આ સરસ્વતીને સૌથી જૂની અને સાગર સમાન ફેલાવા વાળી મહાનદી કહી છે.[૪] પણ આજે એનું કોઈ અસિત્ત્વ નથી. લુપ્ત થઈ ગઈ છે. આ અંગે પુરાતત્ત્વવિદ એલ્કીન કહે છે કે, જ્યાં પ્રથમ ઉત્તમ વર્ષા હોવાનો કારણે સમૃદ્ધિ આવી ત્યાં પાછળથી ઋતુચક્ર બગડવાથી અવળી અસર દેખાવા લાગી એના પરિણામે હિમાલય ક્ષેત્રમાં ભૌગોલિક પરિવર્તનો થવાથી શક્ય છે કે પ્રચંડ ધરતીકંપ થયો હોય જેને લીધે સરસ્વતી

---

૧ ઇન્ડિયા -ટુ -ડે : ૪ ફેબ્રુઆરી, ૧૯૯૮,

૨ એજન, પૃ. ૪૪

૩ લોસ્ટ રિવર સરસ્વતી : એલ. એસ. વાકણકર-સી.એન. પરચુરે, પૃ. ૧

૪ ઈન્ડિયા ટુ ડે : ૪ ફેબ્રુઆરી, ૧૯૯૮, પૃ. ૪૧

સહિતની બીજી નદીઓએ પોતાનો રસ્તો બદલ્યો હોય. જેને લીધે સિંધુઘાટીનાં શહેરો પર અસર થઈ હોય.[૩] તો લાલ જેવા વિદ્વાનનું મંતવ્ય છે કે , એ કારણે વેપાર-ધંધામાં ભારે મંદી આવી હોય અને શહેરો ઉજ્જડ થઈ ગયાં હોય.[૧] આપણે આમાં આટલું ઉમેરીએ કે, સરસ્વતી લુપ્ત થઈ જવાથી કૃષિને પણ ફટકો પડ્યો હશે. અને એ કારણે પણ શહેરો, નગરો અને કસ્બાઓ ક્રમશ : ઉજ્જડ થઈ કાળક્રમે ટીંબામાં ફેરવાઈ ગયાં હશે. શ્રી વિષ્ટ લાલ સાથે સહમત થતાં એક વિશેષ સંભવના પણ દર્શાવે છે કે, ધરતીકંપના પ્રચંડ અને જોરદાર આંચકા લાગવાથી લોકો ઘરબાર, ગામ, શહેરો ત્યજી અત્રતત્ર નાશી છૂટ્યા હશે. એ કારણે પણ ઘણાં ગામો, શહેરો, કસ્બાઓ ઉજ્જડ થઈ ગયા હશે.[૨] ધરતીકંપના જોરદાર ઝાટકાઓને કારણે એ સમયે ગ્રામો અને શહેરોના આવાસો ધરાશાયી થઈ ગયા હશે તે કારણે પણ એ સમયની સંસ્કૃતિ લુપ્ત થવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હશે.

એ મહાભયાનક ભૂકંપ લોકસાહિત્ય, ચારણી સાહિત્ય અને બારોટની વહીમાંથી મળે છે. પણ તે અદ્‌ભુત, રસમય અને વાર્તા સાથે વણી લીધેલ હોય તે રીતે.

ભૂકંપને કારણે હાકડા (સરસ્વતી નદીનું એક નામ) સુકાઈ જળ વિહિન થઈ જવાના પ્રસંગને ચારણી સાહિત્યમાં ચારણદેવી આઈ આવડના જીવન સાથે વણી લેવામાં આવ્યો છે. અને આઈ આવડનાં સ્તવનોમાં સિંધના સૂમરાઓ પર કોપાયમાન થયેલાં આઈ આવડે હાકડાને પી જઈ જળ વિહિન કરી મૂક્યાની ચમત્કાર પૂર્ણ પરાક્રમ ગાથા કાવ્યમય વાણીમાં વર્ણવી છે. યથા :

સાયર ઠહરે સોષી જતો, ઉતરયૌ ઔસારૈ;
ગિલગી ભર ભર અંજલિ, નહીં નીર લગારૈ.[૩]

(જે સાગર કહેવાતો હતો એ હાકડા તો હવે સ્મૃતિ શેષ થઈ ગયો. જગદંબા એની અંજલિમાં ભરીને એને પી ગયાં. હવે એમાં જરા પણ જળ નથી.)

હેક ચળુ ભર હાકડો, પિયો લીધો ભર પેટ[૪]

(એક અંજલિ ભરાઈને હાકડો પી લીધો. ત્યાં પેટ પણ ભરાઈ ગયું.)

પિયો દરિયાવ જદ હાકડો પેટમાં,
ચિલકિયો રેટમાં નટ ચોખો.[૫]

૧ ઇન્ડિયા ટુ ડે : ૪ ફેબ્રુઆરી, ૧૯૯૮, પૃ. ૪૪
૨ ઈન્ડિયા ટુ ડે : ૪ ફેબ્રુઆરી, ૧૯૯૮, પૃ. ૪૪
૩ ભગવતી શ્રી. આવડ : મૂલસિંહ ભાટી, પૃ. ૭૮
૪ એજન, પૃ. ૮૯
૫ એજન, પૃ. ૧૧૩

(જ્યારે જગદંબાએ દરિયો કહેવાતા હાકડાને ઉદરસ્થ કર્યો ત્યારે તે જળહિન ચળકતી રેતીવાળો થયો.)

આઠ સેં કોસ વહેતો સમંદર અતાળી,
માય ગ્યો હથેળી માંય માતા[1]

(આઠ સો કોસ સુધી વહેતો આ હાકડો -મીઠો મહેરામણ- હે મા, તમારી હથેળીમાં સમાઈ ગયો.)

પ્રસ્તુત ઉદાહરણમાં હાકડાને આઠસો કોસના લાંબા પથમાં વહેતો દર્શાવ્યો છે. જે સંશોધકોના ' સરસ્વતી ' હિમાલયમાંથી વહેતી હતી ' એવા પૂર્વોકતમતનું અનુમોદન કરે છે.

મેઘાણી સંપાદિત સૌરાષ્ટ્રની રસધાર–ભા. ૨ માં ' રા' નવઘણની વાતમાં પણ જુનાગઢ પતિ રા' નવઘણની સિંધ પરની ચડાઈની કથા છે. જેમાં પણ આઈ વરુડી એ કચ્છના મોટા રણમાં રેલાતા સાગરને શોષી લીધાનો ઉલ્લેખ છે. જે પણ હાકડાનો જ નિર્દેશક છે.[2] આઈ વરૂડીનું ચારણી સ્તવન કાવ્ય પણ એજ વાત કથે છે :

સમંદર પડ સોખીઆ [3]

(સાગર(હાકડા)નો પટ તેં શોષી લીધો.)

વર્તમાન ઢાંક કે જે પહેલાં પ્રેહ પાટણ નગરી કહેવાતું, એના વિનાશની કથા ધુંધળીનાથ નામે નાથપંથી યોગી સાથે વાર્તાકારોએ સાંકળી છે. ચેલા સિદ્ધનાથને ભીક્ષા ન આપનાર એ નિર્દય નગરીનો ધુંધળીનાથ કોપે કરીને, ખપ્પર ઊંધુ વાળતાં —

'પટ્ટણ સો દટ્ટણ, અને માયા સો મિટ્ટિ'

એવી શાપ વાણી વડે નાશ કરે છે.[4]

આ જ ધુંધળીમલ્લ ઉમાપુર-પાટણ (વર્તમાન ઊંઝા) નો પણ એજ કારણસર અને એજ શાપવાણી વડે વિનાશ કરે છે.[5]

આઈ આવડના જીવનનો એક પ્રસંગ પણ ભૂકંપનું જ સૂચન કરે છે. લોકોકિત છે કે આઈ આવડે એક વેળા સૂર્યને ઉદય પામતાં અટકાવી દીધેલો. આ અંગે એક દુહો પણ મળે છે :

---

૧ ભગવતી શ્રી આવડ : મૂલસિંહ ભાટી, પૃ. ૧૨૦
૨ સૌરાષ્ટ્રની રસધાર–ભા-૨ : ઝવેરચંદ મેઘાણી, પૃ. ૪૨-૪૬
૩ એજન, પૃ. ૪૬
૪ એજન, પૃ. ૭
૫ રજનીકુમાર બારોટ, રે. સિદ્ધપુરને ચોપડેથી.

આવડ કેરી આણ, લાજાળુ કોઈ લોપે નૈ;
ભરે ન ડગલું ભાણ, કરમી કાશપરાઉત[1]

(જગદંબા આવડની આણ (આજ્ઞા) કોઈ આબરૂદાર ઉથાપતું નથી. એથી જ તો કશ્યપ ઋષિના પુત્ર ભગવાન સૂર્ય થંભી ગયા છે. એક ડગલું પણ ભરતા નથી.)

આમાં પરંપરાગત રીતે કથાતી આવેલ સરસ્વતી લુપ્ત થવાના કારણભૂત ભયાનક ભૂકંપની કથાને લોક માનસે પોતાનાં શ્રદ્ધેય દેવી અને સંત સાથે જોડી દઈને પોતાનાં એ શ્રદ્ધેય દેવી અને સંતનો મહિમા વધારવાનો ઉપક્રમ સેવ્યો હોય તેમ જણાય છે. પણ આમાં સમયનો મેળ નથી પડતો કેમ કે આઈ આવડનો સમય વિ.સં. ૮૦૮ થી ૯૯૯ સુધીનો છે કેમકે આઈ આવડે ૧૯૧ વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવ્યું હતું.[2] જ્યારે મેઘાણી ધૂંધળીનાથનો સમય એક હજાર વરસ પહેલાંનો સૂચવે છે.[3] સાથે તેઓ લોકકથા 'એ સમયે કોપી ઊઠેલા ધૂંધળીનાથે ૮૪, પાટણનો વિનાશ' કર્યાનું જણાવતી હોવાનું ઉલ્લેખે છે.[4]

જ્યારે પુરાતત્વવિદો ' સિંધુઘાટીની સભ્યતા ' નો ઈ.સ. પૂર્વે ૨૦૦૦-૧૬૦૦ માં વિનાશ થયાનું જણાવે છે.[5]

એટલે આપણે સુખેથી માની શકીએ છીએ કે ઉપરોક્ત દંતકથાઓમાં ભયાનક ભૂકંપ અને તેને કારણે સરસ્વતીનું લુપ્ત થવું તથા વિપુલ નગરો-શહેરોનો વિનાશ થવો તે તથ્ય પૂર્ણ હકીકત છે. પણ એ પ્રાકૃતિક ઘટના છે. એની સાથે આઈ આવડ કે ધુંધળીનાથને કશો સબંધ નથી. કેવળ શ્રદ્ધાળુજનોએ આઈ આવડ અને ધુંધળીનાથને એ પ્રાકૃતિક ઘટના સાથે જોડી દઈને પોતાનાં શ્રદ્ધેય દેવી અને સંતના જીવનમાં પરચાનું આરોપણ કર્યું છે અને એ કારણે કાળ વ્યુતિક્રમનો દોષ થયો છે. જે માટે દોષનો ટોપલો પેલા શ્રદ્ધાળુજનોને માથે જાય છે.

આવું જ આઈ આવડે સૂર્યોદયને થંભાવ્યાની કિવદંતીનું માનવું. આમાં તથ્ય હોય તો તે એટલું જ છે કે મહાભયાનક ભૂકંપને કારણે અને જ્વાળામુખીના ફાટવાથી આકાશમાં રાખ અને રજના થર બંધાઈ ગયા હશે. જેને કારણે સૂર્યદર્શન દિવસો સુધી નહિં થયું હોય. આ રીતે આ દંતકથા પણ સિંધુ સભ્યતાનો વિનાશ માટેના કારણભૂત ધરતી

---

૧ રતુદાન રોહડિયાની શોધનોંધોને આધારે
૨ ભગવતી શ્રી આવડ : મૂલસિંહ ભાટી, પૃ. ૩૪-૩૫
૩ સૌરાષ્ટ્રની રસધાર ભા-૨ : ઝવેરચંદ મેઘાણી, પૃ. ૧
૪ એજન, પૃ. ૭-૮
૫ ઇન્ડિયા ટુ ડે : ૪ ફેબ્રુઆરી, ૧૯૯૮, પૃ. ૪૨

કંપની વાતને ટેકો આપે છે.

આવા ભયાનક ધરતીકંપથી ભારે વિનાશ થાય, અને જાનમાલની અકલ્પનિય હાની થાય તે સમજી શકાય તેવી વાત છે. અને એ કાળે આજના જેવી રાહતકાર્યની વ્યવસ્થા પણ ન થઈ શકે. એ કારણે પણ એ સમયે ધરતીકંપજન્ય ખૂવારી વિશેષ રહેવાની.

સિંધુઘાટીની સભ્યતા કે સરસ્વતી ઘાટીની સભ્યતા એ આપણે જોયું તેમ પ્રાચીન સભ્યતા છે. એનો ઉલ્લેખ ઋગ્વેદમાં પણ છે. અને એ સભ્યતાનો જન્મ આ ગુજરાતની ભૂમિમાં થયો છે. આપણે આગળ જોયું તેમ દેવતાઓએ ભગવાન શિવ અને કૂર્મની આગેવાની નીચે ' સમુદ્રમંથન પ્રકલ્પ' દ્વારા કૃષિ, પશુપાલન અને સાહિત્ય, સંસ્કૃતિમાં પ્રગતિ કરી હતી. પૃથુરાજા દ્વારા એ દેવોને જે વાસ્તવમાં કૂર્મિઓ હતા અને આજના પાટીદારોના પૂર્વ જ હતા તેમને તેડાવીને ગુજરાતમાં કૃષિ સંસ્કૃતિની સ્થાપિત કરી અને પૃથુરાજાના સમયથી ગામો, કસ્બાઓ, અને નગરો વસવાનો આરંભ થયો. અને કૃષિના વિકાસ સાથે ઉદ્યોગ, ધંધા અને વ્યાપારનો પણ વિકાસ થયો. જેનો ધરતીકંપને કારણે વિનાશ થયાનું આપણે જોયું. પણ એ ન ભુલાય કે ધરતીકંપને લીધે ગ્રામો, નગરોનો નાશ થયો હશે.

સરસ્વતીના લુપ્ત થવાને લીધે વિપુલ કૃષિ ઉત્પાદનને પણ અસર પહોંચી હશે. પણ એ બધું હોવા છતાં ધરતીકંપ બાદ બચેલી પ્રજાના કૃષિજ્ઞાનનો કે સંસ્કૃતિનો નાશ તો નહિં જ થયો હોય કેમ કે એ વંશ પરંપરાગતનો બૌદ્ધિક વારસો છે. આ કારણે જ આપણે ઉપર જોયું તેમ પુરાતત્વવિદોને આજની અને સિંધઘાટીની સભ્યતા સમયની ખેતીમાં સમાનતા જોવા મળે છે. એ સૂચવે છે કે સિંધુઘાટીની સભ્યતાના ખેડૂતો આજના કૃષિકારોના પૂર્વજ છે. એટલે વેદ, પુરાણ અને પુરાતત્વવિદોનાં મંતવ્યોને આધારે એ નિષ્કર્ષ કાઢી શકાય છે કે, સિંધુ ઘાટીની સભ્યતા એ દેવતાઓ કે જે વાસ્તવમાં કૂર્મિઓ છે. તેમના દ્વારા સ્થાપિત અને વિકસિત થયેલી સંસ્કૃતિ છે. કેમકે હરકોઈ સંસ્કૃતિનો આધાર ખેતી છે. અને કૃષિવિજ્ઞાનનાં સંશોધક કૂર્મિઓ છે. જે એમનો વારસાગત ગઈકાલનો અને આજનો વ્યવસાય પણ છે. જેની બારોટના ચોપડાઓ પણ સાક્ષી આપે છે. જે આપણે આગામી પ્રકરણોમાં જોઈશું.

આજે પાટીદારો ઉપરાંત બીજી કેટલીક કોમો ખેતી કરે છે. પણ મૂળભૂત રીતે તો કૃષિએ તેમનો વ્યવસાય ન હતો. એતો એમણે પાટીદારોનું જોઈને અપનાવેલો. એ પણ લાંબા સમયે પાછળથી અપનાવેલો-વ્યવસાય છે. પાટીદારોના વહીંવંચા બારોટ સિવાય બીજી અન્ય કોઈ કોમના વહીંવચા બારોટને ચોપડે એ કોમ મૂળથી જ ખેતીનો વ્યવસાય

ફર્મા - ૫

કરતી હોવાનો ઉલ્લેખ નથી. ભાગવત પુરાણ પ્રમાણે તો આહીરો મૂળે ગોપાલન પશુપાલનનો વ્યવસાય કરતા હતા. પણ ખેતી કરતા હોવાનું જણાયું નથી.

અને આપણે આગળ જોયું તેમ પશુપાલનનો વ્યવસાય જ નહિં પણ નગરો, ગ્રામો અને કસ્બાઓનો ઔદ્યોગિક અને વ્યાપારી વિકાસ અંતે કૃષિ અને કૃષિકાર આધારિત છે. અને વિશેષ તો આ ખેતીના ધંધામાં જ પ્રજાના બહુ મોટા ભાગને કામ મળી રહે છે. મજૂરો, કારીગરો અને વેપારીઓ બધાંનો વ્યવસાય કૃષિ આધારે ચાલે છે. ભૂતકાળમાં સૌરાષ્ટ્રમાં ૮૦ % ટકા પ્રજા ખેતી અને ખેતમજૂરી સાથે જોડાયેલી હતી. અને એમાં ગઈકાલે અને આજે પણ સર્વોચ્ચ બહુમતી પાટીદારોની છે. ટૂંકમાં કહીએ તો પાટીદારો એ ખેતીવિદ્યાના ગુરુ છે. એમની પાસેથી બીજી કોમોએ પાછળથી આ વિદ્યા શીખી છે. પણ તેમાં બીજી કોઈ પણ કોમ પાટીદારો જેટલી કૃષિ નિષ્ણાત નથી બની શકી.

આ રીતે આપણે કહેવાતી સિંધુઘાટીની સભ્યતા પણ જે વાસ્તવમાં સરસ્વતી કાંઠાની સભ્યતા છે. તેનો ઉદ્‌ગમ અને વિકાસ અને વિનાશ જોયો, સાથે એ સભ્યતાના વિકાસમાં આજના પાટીદારોનો પૂર્વજોનો ફાળો અને સબંધ પણ જોયો, હવે આગામી પ્રકરણમાં આપણે. જૈન મુનિ મેરુતુંગાચાર્યના ' પ્રબંધ ચિંતામણી ' ગ્રંથમાં પ્રાપ્ત થતા પાટીદારોના ઉલ્લેખ અંગે વિચારીએ.

□

૫

પ્રબંધ ચિંતામણીમાં પાટીદારો

મેરુતુંગાચાર્યે ' પ્રબંધ ચિંતામણી ' ગ્રંથ દ્વારા ગુજરાતના સોલંકીકાલીન ઇતિહાસની મહત્ત્વપૂર્ણ સેવા કરી છે. સોલંકીકાલીન ગુજરાતના ઇતિહાસ પર કામ કરનારા અનેક વિદ્વાનોએ પોતાના ગ્રંથમાં ' પ્રબંધ ચિંતામણી 'નો સંદર્ભ ગ્રંથ લેખે ઉપયોગ કરીને આ ગ્રંથના ઐતિહાસિક મહત્ત્વને સ્વીકાર્યું છે.

' પ્રંબધ ચિંતામણી 'માં સિદ્ધરાજનાં અને એના પિતા કર્ણ સોલંકીના જીવન પ્રસંગોને મેરુતુંગાચાર્યે આ ગ્રંથના ત્રીજા સર્ગમાં 'સિદ્ધરાજ પ્રબંધ' રૂપે આલેખ્યા છે. જેમાં એમણે વારાહી ગામના પાટીદારો અને સિદ્ધરાજનો પ્રસંગ તથા ઊંઝાના પાટીદારો સાથે સિદ્ધરાજનો પ્રસંગ એમ બે પ્રસંગો આલેખ્યા છે. અત્રે એ પ્રસંગો અંગે જોઈએ. તથા તે અંગે બારોટોના ચોપડામાં મળતી વિગતોની પણ ચર્ચા કરીએ.

' પ્રબંધ ચિંતામણી ' નો પૂર્ણાહુતિનો પુષ્પિકાલેખ આ પ્રમાણે છે :

વિક્રમ સંવત ૧૩૬૧ના વર્ષે ફાગણ સુદ પુનમ, રવિવારે શ્રી. વર્ધમાનપુર (વઢવાણ)માં ' પ્રબંધ ચિંતામણી ' નામે ગ્રંથ રચ્યો છે.[૧]

' પ્રબંધ ચિંતામણી'ના ઉલ્લેખ પ્રમાણે વિ. સં. ૧૧૫૦માં સિધ્ધરાજનો રાજ્યાભિષેક થયો[૨] અને એના પછી વિ. સં ૧૧૯૯માં કુમારપાળનો રાજ્યભિષેક થયો.[૩] એટલે સિદ્ધરાજે

૧ પ્રબંધ ચિંતામણી : રામચંદ્ર દીનાનાથ શાસ્ત્રી, પૃ. ૩૨૮
૨ એજન, પૃ. ૧૮૦
૩ એજન, પૃ. ૨૨૪

૪૯ વર્ષ રાજ્ય કર્યું. જ્યારે ' પ્રબંધ ચિંતામણી ' વિ. સં. ૧૩૬૧માં રચાણી. આ રીતે જોઈએ તો આ ગ્રંથના રચનાર મેરુતુંગાચાર્ય સિદ્ધરાજના સમકાલીન પણ નથી. પણ સિદ્ધરાજના અવસાન પછી ૧૬૨ વર્ષે આ ગ્રંથ રચાયો છે. વળી આ ગ્રંથ વઢવાણમાં રચાયો છે, પાટણમાં નહિં. આ સાથે ખૂદ મેરુતુંગાચાર્ય કથે છે તે પ્રમાણે આ ગ્રંથ એમણે સાંભળેલી દંતકથાઓને આધારે લખ્યો છે.

' ગુરુમુખેથી જે રીતે મેં પ્રબંધો સાંભળ્યા છે. તે રીતે યદ્યપિ મારી અલ્પબુદ્ધિ હતી તો પણ પ્રયત્નથી પ્રબંધોનો સંગ્રહ કરી આ ગ્રંથ રચ્યો છે. માટે મોટી બુદ્ધિવાળા પંડિતોએ મત્સરનો ત્યાગ કરીને આ ગ્રંથની ઉન્નતાઈ કરવી.'[1]

વળી મેરૂતુંગાચાર્ય સિદ્ધરાજ પ્રબંધની સમાપ્તિમાં ઊંઝાના પાટીદારોને ' ગામડિયા અને જડ લોક ' તરીકે વર્ણવે છે. યથા :

' એ પ્રકારે ઊંઝાના રહેનાર ગામડિયા જડપા લોકાનો પ્રબંધ પુરો થયો.'[2]

આ વાક્ય સૂચવે છે કે મેરુતુંગાચાર્યનું માનસ ગૃહિત છે. તટસ્થ નથી, નહિં તો એણે ગામડિયા અને ' જડપા ' એવા શબ્દો ન વાપર્યા હોત. તેને બદલે ' ઊંઝાના પાટીદારોનો પ્રબંધ પૂરો થયો ' એવો વાક્ય પ્રયોગ કર્યો હોત. વાસ્તવમાં મેરુતુંગાચાર્યે ઊંઝાના પાટીદારોનો જે પ્રસંગ ' પ્રબંધ ચિંતામણી' માં મૂક્યો છે તેમાં તો ઊંઝાના ભોળા અને નિખાલસ પાટીદારોનો સિદ્ધરાજ પ્રત્યેનો અપાર સ્નેહ અને સ્વામીભક્તિ જ પ્રગટ થાય છે.

ઊંઝાના પ્રસંગ ઉપરાંત મેરુતુંગાચાર્યે ' પ્રબંધ ચિંતામણી ' માં વારાહી ગામના પાટીદારોનો પણ એક પ્રસંગ આપ્યો છે. જેમાં મેરુતુંગાચાર્ય સિદ્ધરાજ માળવે જતો હતો ત્યારે રસ્તામાં આવતા આ વારાહી ગામે આ પ્રસંગ બન્યાનો ઉલ્લેખ છે.[3] હવે જો આ વારાહી ગામ રાધનપુર તાલુકાનું વારાહી ગામ હોય તો આ પ્રસંગ સિદ્ધરાજ માળવે જતો ત્યારે બન્યાનું માની શકાય તેમ નથી. કેમ કે પાટણથી માળવા જવા માટે ગોધરા કે લુણાવાડા તરફ થઈને જવાય પણ વારાહી થઈને તો થરપારકર બાજુ જવાય. જે એક વાસ્તવિકતા છે. એટલે આ વારાહી ગામનો પ્રસંગ શંકાસ્પદ લાગે છે. કારણ કે ગમે તેવા ગામડિયા હોય તો પણ એ પ્રસંગમાં જણાવ્યા પ્રમાણે સિદ્ધરાજની ' સેજવાળી' (એટલે કે શય્યાયુક્ત). ગાડી કે જે સાચવવા આપી છે. તેને સાચવવાને બદલે તોડીને

---

૧ પ્રબંધ ચિંતામણી : રામચંદ્ર દીનાનાથ શાસ્ત્રી, પૃ. ૩૨૮

૨ એજન, પૃ. ૩૨૮

૩ એજન, પૃ. ૨૧૦

કટકા ન કરે. ખેતીનો વ્યવસાય કરનારા પાટીદારો પરાપૂર્વથી બુદ્ધિશાળી પ્રજા છે. તેઓ સાચવવા આપેલ સેજવાળી ગાડીને સાંચવવાને બદલે તોડી-ફોડીને તેના કટકાઓ પાટણપતિને આપીને સામે ચાલીને ઉપહાસ અને મૂર્ખનું વિશેષણ વહોરી લ્યે તે ગળે ઊતરે એવી વાત તો નથી જ.

એ પ્રસંગે સિદ્ધરાજે પટેલોને ' બુચા ' એવું બિરૂદ આપ્યાનું મેરુતુંગાચાર્ય જણાવે છે. હવે બિરૂદ તો પ્રશંસા દર્શક હોય છે. ઉપહાસ કે બદનામી દર્શક નહિં. આ જોતાં આ પ્રસંગ અવાસ્તવિક અને ઉપજાવી કાઢીને ' પ્રબંધ ચિંતામણી'માં જોડી દીધેલો લાગે છે. વળી ' પ્રબંધ ચિંતામણી ' કાંઈ આંખે દેખ્યો અહેવાલ નથી. પણ સિદ્ધરાજના અવસાન પછી ૧૬૨ વર્ષે પાટણથી દુર દૂર વઢવાણમાં બેસીને સાંભળેલી વાતોને આ મેરુતુંગાચાર્યે ગ્રંથસ્થ કરી છે. હવે જીભે જીભે પ્રવાસ કરતી અને કર્ણોપકર્ણ અથડાતી વાતોમાં વિકૃતિ આવી જાય એ સમજી શકાય એવી વાત છે. આ દષ્ટિએ પણ મેરુતુંગાચાર્યે આપેલા પ્રસંગોમાં પણ ઘાલમેલ થઈ હોવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

બીજી વાત. જો સિદ્ધરાજે ' બુચા ' એવું બિરૂદ પાટીદારોને આપ્યું હોય તો તે સાખ રૂપે આજ પણ પાટીદારોમાં હયાત. હોવું જાઈએ કેમ કે બિરૂદ પ્રાપ્તિ એતો ગૌરવની વાત છે. પણ મારી શોધમાં કડવા પાટીદારોમાં ' બુચા ' અટક પ્રાપ્ત થતી નથી. પણ લેવા પાટીદારોમાં સૌરાષ્ટ્રમાં ' બુચા ' સાથે શબ્દ સામ્ય ધરાવતી ' બુહા-બુસા ' અટક મળે છે. એ અંગે લેવા પટેલોના બારોટનું કથન છે કે, ખળાં ભરવા પ્રસંગે કામદાર સાથે તકરાર થતાં પટેલે ગાડાનું આડું લઈને કામદાર માથે ફટકાર્યું. એક જ ઘાએ કામદારના રામ રમી ગયા. આ પરાક્રમને કારણે એ પટેલના વંશજો ' બુહાં કે બુસાં ' અટક ધારી બની ગયા.[૧] ધોકાને ગુજરાતીમાં ' બુધું-બુધાં ' પણ કહે છે. યથા :

' બુધે જાર બાજરી, બુધે નાર પાંસરી, '

બુધાનું બુહા કે બુસા એવું રૂપાંતર લોકબોલીમાં થઈ ગયાનું બારોટનું કથન છે.[૨]

બીજી એક વાત પણ ધ્યાનર્હ છે કે મેરુતુંગાચાર્યે 'પાટીદાર, કે કણબીઓ ' એમ ન જણાવતાં ' વારાહી ગામના પટેલો ' એવો શબ્દ પ્રયોગ કર્યો છે. હવે ' પટેલ ' અટક તો પાટીદારો સિવાય બીજી ઘણી કોમોમાં પણ છે. વળી પટેલ શબ્દનો અર્થ ગ્રામાગ્રણી એવો પણ થઈ શકે છે. આ રીતે પણ આ પ્રસંગને પાટીદારો અને સિદ્ધરાજ વચ્ચેનો પ્રસંગ ન માની શકાય, પણ શંકાસ્પદ દંતકથા માત્ર જ ગણી શકાય. બારોટના

---

૧ શ્રી કેશુભાઈ બારોટ, રે. જુનાગઢને મુખેથી

૨ એજન

ચોપડામાં પણ સિદ્ધરાજે વારાહીના પાટીદારોને બુચાનું બિરૂદ પ્રદાન કર્યાનો કોઈ ઉલ્લેખ મારા જોવામાં આવ્યો નથી.

' પ્રબંધ ચિંતામણી ' માં પાટીદારોને લગતો બીજો પ્રસંગ ઊંઝાનો છે. એમાં પણ પાટીદાર કે કણબીને બદલે ' પટેલ ' એવો શબ્દ પ્રયોગ છે. પણ બારોટોના ચોપડામાં સિદ્ધરાજના ઊંઝામાં આગમનનો પ્રસંગ મને મળ્યો નથી. પણ રાજા કર્ણ સોલંકી ઊંઝામાં પરણ્યાનો પ્રસંગ બારોટના ચોપડામાંથી પ્રાપ્ત થાય છે.[૧] એથી પાટણી પતિ રાજા કર્ણ અને એના પુત્ર સિદ્ધરાજ જયસિંહ સાથે ઊંઝાના પાટીદારોને સ્નેહપૂર્ણ ગાઢ સબધ હોવાનું ફલિત થાય છે. પણ ' પ્રબંધ ચિંતામણી ' કારે આપેલ દંતકથા પ્રમાણે પાટીદારો સિદ્ધરાજ જયસિંહના ઢોલિયા પર ચડી બેઠા એવી દંતકથા અતિશયોક્તિ પૂર્ણ અને ઉપજાવી કાઢેલી લાગે છે. કેમ કે ગમે તેટલો ગાઢ સબંધ હોય તોયે પોતાના રાજવી સાથે કોઈ ગ્રામજન અવિવેકી રીતે ન વરતે, પણ મર્યાદા અને વિવેકથી વર્તે. લાગે છે કે વહેતી દંતકથામાં ઘાલમેલ થતાં મેરુતુંગાચાર્યને મળેલી વાતનુ વતેસર થઈ ગયું હશે.

હવે આપણે ઉપરોક્ત ' પ્રબંધ ચિંતામણી ' ના બંને પ્રસંગોને મૂળ સ્વરૂપે જે રીતે મેરુતુંગાચાર્યે રજૂ કર્યા છે એ રીતે જોઈએ.

વારાહી પ્રસંગ :

એક દિવસ સિદ્ધરાજે માળવે જતાં માર્ગમાં આવેલ વારાહી ગામના પટેલોને બોલાવી તેમની ચતુરાઈ જોવા સારુ પોતાને બેસવાની સેજવાળી નામે ગાડી ઠીક કરવા થાપણ મૂકી (રોગાન દેવા વાસ્તે ત્યાં રહેવા દઈ) માળવે ગયો. ત્યારે તે ગામના પટેલોએ એકઠા થઈ વિચાર કર્યો કે આ સરકારી ભારે વસ્તુ સાચવવી એ એક જણનું કામ નથી. માટે આપણ સર્વે વહેંચી લઈએ. એમ કહી તેના અંગોપાંગ તોડી કકડા કરી પોત પોતાને ઘેર લઈ સાચવી રાખ્યાં. પછી રાજાએ માળવેથી આવી પોતે મૂકેલી થાપણ માગી ત્યારે સર્વેએ પોતાને ઘેરથી એક એક કકડો લાવી રાજા પાસે નિવેદન કર્યો. રાજાએ આશ્ચર્ય પામી પૂછ્યું : ' આમ કેમ કર્યું ? ' ત્યારે તે સર્વે બોલ્યા કે, ' હે મહારાજ, અમારામાંથી કોઈ એક જણ એવો સમર્થ નથી જે આ વસ્તુને સાચવી રાખે. ચોરનો ભય ઘણો છે માટે એ વસ્તુ ચોરી જાય તો સરકારને કોણ જવાબ આપવા સમર્થ થાય ? માટે એનાં અંગો અંગ જુદાં કરી ઘણી ગુપ્ત રીતે સાચવી રાખ્યાં હતાં. ' આ વાત સાંભળી રાજાએ આશ્ચર્ય પામી તેમને ' બુચા ' એ પ્રકારનું બિરૂદ આપ્યું તે ઉપરથી આજ ગામડાના બૂચા ' એવો ઉખાણો કહેવાય છે.[૨]

૧ શ્રી રજનીભાઈ બારોટ, રે. સિદ્ધપુરને ચોપડેથી
૨ પ્રબંધ ચિંતામણી : રામચંદ્ર દીનાનાથ શાસ્ત્રી, પૃ. ૨૧૦

ઊંઝા પ્રસંગ :

ક્યારેક સિદ્ધરાજે માળવો જીતી પાછા વળતાં ઊંઝા ગામમાં સેનાનો પડાવ નાખ્યો હતો. તે ગામના લોક ઘણા રાજભક્ત હતા. તે એમ માનતા હતા કે આ તો અમારા મામા આવ્યા છે. એમ વિચારી વિશેષ સ્નેહ બતાવી દહીં–દૂધના પ્રવાહથી રાજાને ઘણો પ્રસન્ન કરતા હતા. તેજ રાત્રીએ રાજા ગુપ્તવેશ કરીને તે લોકનું સુખ–દુઃખ તથા રાજા ઉપર પ્રીતિ જોવાને કોઈ એક પટેલને ત્યાં જઈ ઊભા રહ્યા. તે વખતે પટેલ ગાયો–ભેંસોને દોહન કરવાના કાર્યમા વ્યાકૂળ હતો, તો પણ આદરભાવથી બેસારી પૂછ્યું કે : ' હે મહારાજ, તમો કોણ છો ? ' ત્યારે રાજા બોલ્યો કે ' હું તો સોમેશ્વરની યાત્રા કરવા નીકળેલો દક્ષિણ દેશનો રહેનાર છું. ' ત્યારે તે બોલ્યો કે ' દક્ષિણ દેશ કેવો છે ? અને ત્યાંનો રાજા કેવો છે ? ઈત્યાદિ વાતોનો પ્રસંગ ચાલતે સિદ્ધરાજે કહ્યું કે અમારા દેશના તથા અમારા રાજાની શી વાત કહીયે. નીતિશાસ્ત્રમાં રાજાના છનુ ગુણો કહ્યા છે, તે સર્વે અમારા રાજામાં છે. પણ તમારા ગુજરાતનો રાજા કેવો છે ?' ત્યારે તે બોલ્યો કે ' અહો અમારા રાજાનું પ્રજાપાલન કરવાનું ડહાપણ તથા સ્નેહ એ તો કોઈ રાજામાં થયું નથી ને થવાનું પણ નથી. '

પછી સિદ્ધરાજે ગુજરાતના રાજામાં કલ્પિત દોષ દેખાડવા માંડ્યા. ત્યારે તે બોલ્યો કે ' અમારા કમનશીબથી રાજાને પુત્ર નથી. એટલો જ દોષ છે. પણ તે સિવાય દોષતો લેશ પણ નથી. ' આમ કહેતાં શુદ્ધ અંતકરણથી આંખમાં આંસુ ઘણાં આવી ગયાં. આ પ્રકારનો સ્નેહ જોઈને રાજા ઘણો પ્રસન્ન થયો. પછી પ્રાતકાળે ગામના સર્વ પટેલો એકઠા થઈ રાજાને જોવા સારુ આવી, રાજાની આજ્ઞાથી સેવકોએ ન રોકતાં તંબુમાં પેસી ગયા. અને રાજાને રામરામ કહી સૂવાના મોટા પલંગ ઉપર ઉપરા ઉપરી પડતું નાખી સર્વે બેસી ગયા. રાજ સેવકોએ તેમને બેસવા વાસ્તે ખુરશી આદિ આપવા માંડ્યા ત્યારે તે બોલ્યા, ' અમારે તો અહીં બેસવાનું ઠીક છે. ' એમ કહી પલંગ ઉપર હાથ ફેરવી તેનું કોમળપણું કહેવા માંડ્યું આ જોઈ રાજાને હસવું આવ્યું. એ પ્રકારે ઊંઝાના રહેનાર ગામડિયા જડપા લોકનો પ્રબંધ પૂરો થયો.[૧]

' પ્રબધ ચિંતામણી ' માં આપેલ પ્રસંગો મનોરંજક તો અવશ્ય છે. પણ એક તો એ કર્ણાપકર્ણ ફરતી દંતકથાઓ છે. અને સાથે પાટણથી અતિ દૂર વઢવાણ મૂકામે લખાયેલી છે. વળી સિદ્ધરાજના અવસાન પછી ૧૬૨ વર્ષે આ દંતકથાઓ સંગ્રહાયેલી છે. આટલા સમયમાં મુખે મુખ ફરતી એ કથાઓ વિકૃત અને ઘાલમેલવાળી થઈ ગઈ હોય, અને એમાં સત્યાંશ અતિ અલ્પ માત્રામાં રહ્યો હોય એમ માની શકાય.

૧ પ્રબંધ ચિંતામણી : રામચંદ્ર દીનાનાથ શાસ્ત્રીય, પૃ. ૨૧૦

એ રીતે આપણે વિચારીએ તો ઉપરોક્ત પ્રસંગોમાં એટલું તથ્ય તારવી શકાય કે સિદ્ધરાજ ક્યારેક વારાહી ગામે ગયો હશે. અને ત્યાંની વસતિને મળીને એમનાં સુખ-દુઃખ જોયાં-સાંભળ્યાં હશે. બાકી ' માળવા જતાં વારાહી ગયો હતો ' એ હકીકત રાધનપુર તાલુકાનાં વર્તમાન વારાહી ગામની ભૌગોલિક સ્થિતિ જોતાં અવાસ્તવિક જણાય છે. અને સાથે ઊંઝાના પ્રસંગમાં પણ તથ્ય તારવવું હોય તો તે એટલું જ તારવી શકાય છે કે સિદ્ધરાજને ઊંઝાના પાટીદારો સાથે ગાઢ સ્નેહ–સબંધ હતો. ઊંઝાના પાટીદારો સિદ્ધરાજને મામા કહે છે. એ વાત પણ બારોટના ચોપડાની સિદ્ધરાજનાં પિતા કર્ણ ઊંઝામાં પરણ્યો હતો એ વિગતને ટેકો આપે છે. કેમ કે એ કાળે ઊંઝામાં પર શાખના પાટીદારો રહેતા હતા, તેમાં અરસ-પરસ લગ્નો પણ થતાં હશે. એ રીતે સિદ્ધરાજની જનેતાના બાંધવો (હેમાળા પટેલના પુત્રો) ની પુત્રીઓનાં સંતાનોને સિદ્ધરાજ સબંધે મામો જ થાય. આ સાથે આપણે બારોટના ચોપડામાંની એ વિગતને સ્વીકારી શકીએ ખરા કે સિદ્ધરાજની માતા ઊંઝામાં જ મોટી થઈ હતી. એ કારણે મોસાળ હોવાથી સિદ્ધરાજ બાળપણમાં પણ એકાધિકવાર ઊંઝા આવ્યો હશે. ત્યાં એના બાળગોઠિયા પણ હશે જેની સાથે એ રમ્યો-જમ્યો હશે.

આ મૈત્રીપૂર્ણ સ્નેહ–સબંધને કારણે એના બાળપણના પટેલ મિત્રો એના તંબુમાં એને મળવા આવે અને એના પલંગ પર બેસી જાય, એમાં અવિવેકને બદલે ગાઢ મિત્રપ્રેમનું આપણને દર્શન થાય છે. કેમ કે ઊંઝાના પાટીદારો માટે તો સિદ્ધરાજ સર્વ પ્રથમ ગામનો ભાણેજ, મિત્ર અન સગો છે. રાજવી તો પછી છે. એમને માટે ખોટા વિવેકના દંભને દિલમાં સ્થાન નથી હોતું. દ્વારકાં ગયેલા રંક મિત્ર સુદામા સાથે ભગવાન કૃષ્ણ રાજવી હોવા છતાં પૂર્ણ નિખાલસતા અને મિત્રપ્રેમથી જ વરત્યા હતા એ પૌરાણિક દ્દષ્ટાંત તો આપણી સામે છે. એ રીતે સિદ્ધરાજ અને ઊંઝાના પાટીદારોનો પ્રસંગ પણ અમારા મતે તો મિત્રપ્રેમનું એક ઉત્કટ ઉદાહરણ છે.

પણ આમાં એક વિશેષતા એ છે કે, સુદામો કૃષ્ણ પાસે પત્નીની અર્થલાભ પ્રાપ્તિની ઈચ્છાથી પત્નીના કહેવાથી જાય છે, જ્યારે ઊંઝાના પાટીદારો તો કેવળ નિસ્વાર્થ સ્નેહાદરની ભાવના સાથે સિદ્ધરાજને મળવા જાય છે. સુદામો દ્વારકાપતિ પાસથી ગુપ્તપણે અર્થલાભ પામે છે. એ યાચક માનસનો છે. અત્રે રાજવી સિદ્ધરાજ ઊંઝાના પાટીદારો પાસેથી ' દૂધ-દહીં 'નો લાભ પામે છે. આ રીતે આ પ્રસંગમાં તો પાટીદારોનું ' જગતને હાથ ઓડાવનાર 'નું બિરુદ સાર્થક થતું જણાય છે.

હવે આગામી પ્રકરણમાં વહીવંચા બારોટના ચોપડાઓને ઊંઝાના પાટીદારોની ગૌરવગાથા વહેવરાવવા દઈએ, અને એનું મૂલ્યાંકન કરીએ.

૬

વહીવંચાની વહીમાં ઉમિયાપુર–પાટણ અને પાટીદારોનો ઇતિહાસ

ભારતીય અને તેમાંયે સવિશેષપણે ગુજરાત, રાજસ્થાન અને માળવાની પ્રજાઓનાં ઇતિહાસ અને સંસ્કૃતિના રક્ષણ અને પ્રજાનાં ખમીર વૃદ્ધિનાં ક્ષેત્રે ચારણ-બારોટોએ આપેલો ફાળો ગણનાપાત્ર છે. એમની વાણીએ પોતાના યજમાનોને એમના પૂર્વજોની ગૌરવગાથાઓ દ્વારા સદા પ્રેરણા આપી છે કે તમે આવા મહાન પૂર્વજોના વારસદારો છો. તમારાથી મોળો વિચાર ન થાય.

બહુમતિ જ્ઞાતિઓને પોતાના વહીવંચા બારોટો હોય છે. એમણે પોતાના યજમાનોનો ઇતિહાસ પોતાની વહીઓમાં નોંધેલો હોય છે. સાથે પોતાના યજમાનોનાં પ્રશસ્તિ કાવ્યો રચીને પોતાના યજમાનોની વીરતા, દાતારી, નેક, ટેક, ખાનદાની અને ખુમારીના પ્રસંગોને અમર કર્યાં છે. મધ્યકાળ એ ચારણ અને બારોટોનો, તેમ ભવાઈના ખેલ કરનારા વ્યાસોનો પણ સુવર્ણકાળ હતો. પણ હવે તો એ જમાનો ગયો. ટી.વી. , ફિલ્મો અને ટેપના આક્રમણે બધું જ ચોપટ કરી દીધું. એને કારણે હવે ચારણો, બારોટો અને વ્યાસોના સમાજોપયોગી પણાનો છેડો આવી ગયો. અને આ ત્રણે સંસ્કૃતિની વાહક કોમો યજમાનવૃત્તિને બદલે નોકરી, ધંધા પ્રત્યે ઝડપથી અભિમુખ થતી જાય છે. અને સામી બાજુ યજમાનો પણ હવે પહેલાં જેટલો તેમને આદર નથી આપતા. કારણ આગળ જેવી વિદ્વતા, ઇતિહાસનું જ્ઞાન અને ' વાત ' કરવાની કળા તેમ કાવ્યશાસ્ત્રનું જ્ઞાન ચારણો, બારોટો કે વ્યાસોમાં રહ્યું નથી. જે જુજ વિદ્વાનો છે તે પણ ઢળતી ઉંમરના ભગવાનના તેડાંની વાટ જોઈ બેઠેલા વૃદ્ધો છે. જેથી નવી પેઢીમાં વંશ પરંપરાગત, ડિંગળભાષા, વહીની ભાષા, અને વહીના સંકેતોનું જ્ઞાન બહુ ઓછું રહ્યું છે. પરિણામે ઘણાને તો પોતાના ચોપડા વાંચતાં-ઉકેલતાં આવડતું નથી. તેથી ઇતિહાસના અણમોલ સાધનરૂપ બારોટોના ચોપડા રહેશે

કે પછી કાલકવલીત થઈ જશે ? એ પણ એક ચિંતાનો વિષય છે.

સંશોધકો માટે બારોટોના ચોપડાઓ પ્રમાણભૂત દસ્તાવેજ રૂપ છે. પણ આ માટે સંશોધક બારોટોના ચોપડાને ઉકેલવાની શક્તિવાળો હોવો જોઈએ. પણ આજ સુધી અમારા ખ્યાલ મુજબ ફાર્બસથી લઈને કર્નલ ટોડ સુધીના અને એ પછીના સર્વ સંશોધકોએ જાતે બારોટના ચોપડા તપાસ્યા નથી. અને તપાસવા જાય તો પણ એમને લિપિ, ભાષા, સંકેતાક્ષરો, સમજાય તેમ પણ ન હતા. એમાં વળી બીજું વિઘ્ન એ હતું કે, જુદી જુદી જ્ઞાતિઓના વહીવંચાના ચોપડામાં ભાષા અને સંકેતાક્ષરોમાં ભિન્નતા છે. કારણ કે કોઈ પણ બારોટ પોતાના ચોપડાની વિગત અન્ય કોઈ વહીવંચો ન જાણી જાય તેની તકેદારી રાખતો કેમ કે વહી એ વહીવંચાની આજીવિકાનું સાધન હતું.

એ કારણે આજ સુધી સંશોધકોએ બારોટોના ચોપડા જાતે જોઈએ નહિં પણ બારોટે કહેલી દંતકથાઓને આધારે લખ્યું છે. હવે દંતકથા-મૌખિક વાતોમાં વહીમાં ન હોય એવી વિગતો કે વિકૃતિ આવી જાય, કેટલાક બારોટો પણ સંશોધકોને પોતાનું પેટ દેવાને બદલે આડીતેડી વાતો કરીને સંશોધકને વિદાય પણ કરી દે. કેમકે બારોટોનો વિશ્વાસ પ્રાપ્ત કરવામાં એ સંશોધકો ઊણા ઊતર્યા હોય છે. વળી જે કુળ-જ્ઞાતિનો ઇતિહાસ લખવો હોય તેના સાચા અને અધિકારી અને મૂળ બારોટને શોધવાનું અઘરું છે. બારોટમાં ભાઈએ ભાગમાં યજમાનો અને ચોપડા વહેંચાતા જાય છે. પરિણામે સાચો અને મુખ્ય ચોપડો મોટા પુત્ર પાસે રહે છે. બીજા ભાઈઓને અધૂરા અને શાખા – પ્રશાખાની વંશાવળીવાળા ચોપડા મળે છે. જે ઘણી રીતે અધૂરી વિગતોવાળા હોય છે. જ્યારે પૂર્ણ અને વિશ્વાસ પાત્ર વિગતોવાળા ચોપડાની વિગતો ભાઈઓ ભાઈઓને પણ દેતા નથી. જેથી ફાંટાવાળા ભાઈઓના ચોપડાને આધારે લખવું મુશ્કેલ અને તથ્ય વિહિન બની જાય. દંતકથામાં પણ એવું જ બને. આને લીધે અધિકાંશ લેખકોએ બારોટોની દંતકથા આધારિત વિગતોની ટીકા કરી છે. સામી બાજુ બારોટોએ પણ પોતાના ચોપડા કોઈને જોવા દીધા નથી. અને જોવા દે તો પણ પેલા સંશોધકોમાં આ ચોપડા ઉકેલવા-સમજવાની શક્તિ ન હતી. પરિણામે આજ સુધી બારોટોનાં ઐતિહાસિક સાંસ્કૃતિક પ્રદાનનું સાચું મૂલ્યાંકન થયું નહિં. આ રીતે બંને પક્ષે કંઈક કાચું કપાયું છે.

અત્રે બારોટજીની વહી જાતે વાંચીને જ ઊંઝા અને ગામી શાખાના કડવા પાટીદારોનો ઇતિહાસ સર્વ પ્રથમ રજૂ કર્યો છે. જે ગામી પાટીદારો અને તેની પેટા શાખાઓના વહીવંચા બારોટ શ્રી રજનીભાઈ બારોટને ચોપડેથી નકલ કરી લીધેલ. આમાં અમને ઘણું બધું તથ્ય જણાયું છે. જે વાત વેદો, પુરાણો અને પુરાતત્ત્વવેત્તાઓએ કરી છે. એને આ વહીવંચાનો ચોપડો અનુસરતો અને ટેકો આપતો જણાયો છે. જેથી અમે આ ગ્રંથમાં

યથા સ્થળે વેદ, પુરાણો અને પુરાતત્ત્વવિદોનાં કથનને બારોટની વહી કઈ રીતે ટેકો આપે છે તે સંદર્ભ નોંધ દ્વારા જણાવ્યું જ છે. એટલે અત્રે વધુ ચર્ચા કરતા નથી. પણ એટલું કહીશું કે ગુજરાતમાં નગર સંસ્કૃતિના પગરણનું પ્રથમ સોપાન ઊંઝા હતું. આવું જ બીજું સ્થળ સોમનાથ પાટણ છે. એ પણ વહીવંચાના ચોપડા પ્રમાણે લેઉવા પાટીદારો સાથે સંલગ્ન છે.[1] શિવભક્ત ચંદ્રે ત્યાં સોનાનું, અને તે પછી લંકાપતિ રાવણે રૂપાનું દેવળ બનાવ્યું હતું.[2]

સિંધુઘાટીની સભ્યતા, મહાનદી સરસ્વતીનું ગુજરાત સૌરાષ્ટ્રમાં અસ્તિત્વ, અને પછી મહાવિનાશ કારી ભૂકંપને કારણે તેનું લુપ્ત થવું અને શ્રદ્ધાળુ લોક માનસે એ પ્રાકૃતિક ઘટના સાથે ચારણ દેવી આવડ અને યોગેશ્વર ઘુંઘળીમલ્લને જોડી દેવા અંગેની ચર્ચા પ્રકરણ ૪ માં કરી છે. એટલે આ પ્રકરણમાં એ અંગેની ચર્ચા નથી કરી. પણ અત્રે ચાવડા કાળથી લઈ વિ.સં. ૧૮૨૧ સુધીના કાળનાં લેખાં-જોખાં કરીશું. કે જેનો ઉલ્લેખ બારોટની વહીમાંથી પ્રાપ્ત થાય છે.

વહીમાંથી વિગતો નોંધીને તેને જે ક્રમાંક આપ્યા છે. એમાંથી કેટલાક ક્રમાંકની વિગતો અંગે વિચારીએ.

વહીવંચાની વહીમાં કેટલાક પૌરાણિક સૂર્ય અને ચંદ્રવંશી રાજવીઓનાં નામો છે કે જેમણે ઊંઝા પર ચડાઈ કરી હતી. પછી સમાધાન કરી પાછા વળી ગયા હતા. તેમનાં નામો ભાગવત, હરિવંશપુરાણ અને અન્ય પુરાણોમાંથી પણ પ્રાપ્ત થાય છે. એટલે એ અંગે કોઈ વિશેષ ચર્ચાને ટાળું છું. છતાં એટલું તો અત્રે જણાવવું ઊચિત છે કે, આ પૌરાણિક નામો ઊંઝાની અતિ પ્રાચીનતાને ટેકો આપે છે.

પ્રકાશિત ગ્રંથોમાં કડવા પાટીદારોમાં બંધુકા વિવાહની પ્રથા ગુજરાતપતિ વનરાજ ચાવડાના સમયથી શરૂ થયાનું જણાવ્યું છે. તો તેની વિરુદ્ધ અત્રે પ્રસ્તુત વહીની વિગતો બંધુકા વિવાહની પ્રથા દ્વાપર યુગના પ્રારંભે ઊંઝાપતિ અવનિકેત ગામીના સમયમાં શરૂ થયાનું જણાવે છે; (વિગત : ૧૩) અત્રે આની ચર્ચા ન કરતાં અલગ રીતે આગળ ચર્ચા કરીશું.

૧૮ મા ક્રમની વિગત મહાનદી સરસ્વતીના લુપ્ત થવાને કારણે જળાભાવે ભારે પ્રમાણમાં ઘટેલી ખેતપેદાશ અને તેને કારણે લુપ્ત થયેલી સિંધુ ઘાટીની સંસ્કૃતિ જે પણ વાસ્તવમાં કૂર્મિ–સંસ્કૃતિનું એકરૂપ હતું– ના વિનાશની વિગત ઝાંખી કરાવે છે. આ પ્રાકૃતિક ઘટના કળિયુગના આરંભે થયાનું જણાવે છે. આની વિશેષ ચર્ચા ' સિંધુ ઘાટીની સંસ્કૃતિ અને કૂર્મિઓ : એક વિમર્શ ' પ્રકરણમાં કરી છે.

---

૧ શ્રી. અરવિંદભાઈ બારોટ, રે. સિદ્ધપુરને ચોપડેથી

૨ ઐતિહાસિક સંશોધન : દુર્ગાશંકર શાસ્ત્રી, પૃ. ૫૭૭

ક્રમાંક : ૨૧ ની વિગત ઉમિયાપુર–પાટણના ભયાનક ધરતીકંપમાં પડીને પાધર થયા પછી પુન : વસવાની અને તેનાં ઊંધા પડવાને કારણે ' ઊંઝા ' એવું નામ પડ્યાની કથા છે. ઘણાને શંકા થશે કે ' ઊંધા ' નું ' ઊંઝા ' કેમ થાય ? એથી એ અંગે પણ અત્રે થોડી ચર્ચા કરી લઈએ.

ઊંઝા એ અપભ્રંશ ભાષાનો શબ્દ છે. અપભ્રંશમાં ' ધ ' ને બદલે ' ઝ ' પ્રયોગ થતો જોવા મળે છે ;

પાસ અજાઉર પૂજી રાય,
ઉવઝા નયરિઈ આવિયા એ-૨[1]

(અજારાના પાર્શ્વનાથને પૂજીને રાજા પાછા અયોધ્યાનગરી આવ્યા.)

આ રીતે અયોધ્યાનું પ્રાકૃત-અપ્રભ્રંશમાં ' ઊવઝા ' થતું આપણે અત્રે જોઈએ છીએ. તેમ આજે પણ ' સંધ્યા ' નું મૂળ પ્રાકૃત રૂપ ' સંઝા ' ગુજરાતી લોકબોલીમાં પ્રચલિત છે. આજ રીતે એ કાળે પ્રચલિત પ્રાકૃત ભાષામાં ધરતીકંપને કારણે ' ઊંધા ' પડેલા ઉમિયાપુર–પાટણના ટીંબા પર પુન : વસેલી આ નગરીનું નવું નામ ઊંધા શબ્દના પર્યાયરૂપ મૂળ પ્રાકૃત શબ્દ ' ઊંઝા ' થયાનું માની શકાય.

સાથે ' ઊંઝા ' નામ ઊંઝા નગરીની પ્રાચીનતાની પણ ગવાહી રૂપ બની રહે છે. બારોટના ચોપડામાં ધરતીકંપનો સમય વિક્રમ સંવત નહિ પણ કળિયુગના આરંભનો સવંત ગણીએ તો આ ધરતીકંપનો સમય અને સિંધુ ઘાટીની સંસ્કૃતિનો લોપ સમય નો બરાબર મેળ મળી રહે છે. બાકી એમાં ઘુસાડેલ ધુંધળીમલ્લ બાવો તો લોકશ્રદ્ધાનું પ્રતીક છે. લોકશ્રદ્ધા પોતાના શ્રદ્ધેય પાત્રોને સમયના બંધનમાંથી મુક્ત જ રાખે છે.

૨૨ મા, ક્રમાંકની વિગતો વિક્રમ સંવતને અનુસરે છે. એ વિગત પ્રમાણે વિ.સં. ૬૫૨ માં ઊજૈન પર ચડેલ મુગલ અલીબેગ ઊંઝા પર ચડ્યો. તેણે ઊંઝા ભાંગ્યું. સંભવત આ મુસલમાનોની નહિં પણ મંગોલિયાના મુગલોની ચડાઈ છે. એ મુગલો ત્યારે મુસ્લિમ થયા પણ ન હતા કેમ કે વિ.સં. ૬૫૨માં ઈસ્લામના સ્થાપક મહંમદ પેંગબરની ઉંમર ૨૫ વર્ષની હતી. મહંમદ પેંગબરનો જન્મ વિ.સં. ૬૨૭ (ઈ.સ. ૫૭૧) માં થયેલો[2] અને એમણે ૪૦ વર્ષની ઉંમરે ઈસ્લામનો પ્રચાર આરંભેલો.[3] ઇતિહાસમાં આ હુમલાની નોંધ કદાચ નહિં મળે.

૨૪ મા ક્રમની વિશળદેવ ચૌહાણે ગુજરાત પર ચડાઈ કર્યાની વિગત ને ઇતિહાસનો

૧ અનુસંધાન અંક : ૭ : સં. મુનિ શીલચંદ્રવિજય-હરિવલ્લભ ભાયાણી, પૃ. ૪૯
૨ હજરત મહમંદ અને ઈસ્લામ - કિશોરલાલ ધ, મશરૂવાલા, પૃ. ૨૧
૩ એજન : પૃ. ૩૫–૩૮

ટેકો છે.[૧] પણ ઇતિહાસમાં આપેલ સમય અને બારોટની વહીનો સમય મળતો આવતો નથી.

વનરાજ ચાવડાના સમયમાં વિ.સં. ૮૧૮ માં પટેલ વનાએ અસારવામાં ઉત્તર દિશામાં વાવ કરાવ્યાની વિગત ક્રમાંક : ૨૬માં નોંધી છે. ઇતિહાસ પ્રમાણે વનરાજ ચાવડાનો એ સમય બરાબર છે.[૨]

રણા રજપૂતો ચાવડાઓના સમયમાં ઊંઝા સાથે બારગામના પટો પામેલા. તેઓ પછી જુલ્મી થતાં જાદવ રજપૂતો અને કરડવા પટેલો દ્વારા રણાઓનો સંહાર સિદ્ધરાજના સમયમાં વિ. સં. ૧૧૪૨માં થયો. ઇતિહાસ એ સમયને માન્ય રાખે છે.[૩] આ વિગત ક્રમાંક ૨૮માં નોંધી છે.

૩૦મા ક્રમાંકની નોંધમાં બારોટની વહી બોલે છે કે સિદ્ધરાજની મા મેણલદેવી (મીનળદેવી) ઊંઝાના હેમાળા પટેલની ભાણેજ હતી. અને તેની સાથે સિદ્ધરાજનો પિતા કર્ણ સંવત ૧૦૯૯માં ઊંઝામાં જ હથેવાળે પરણેલો. આ પ્રસંગ કર્ણના યુવરાજ પદે બનેલો સંભવે છે કે કેમ કે કર્ણનો રાજ્યાભિષેક સવંત ૧૧૨૮માં થયેલો.[૪]

કર્ણનાં આ ઊંઝાની ભાણેજ એવી મેણલદેવી સાથે પ્રેમલગ્ન હતાં. એમ બારોટનો ચોપડો કહે છે. અને કાશ્મીરના કવિ બિલ્હણે પણ કર્ણના જીવન પર ' કર્ણસુંદરી ' નાટિકા રચેલી. જેમાં કર્ણના પ્રણય અને પરિણયની કથા છે. પણ તેમાં નાયિકાનું નામ કલ્પિત છે. બિલ્હણ ગુજરાતમાં થોડો વખત રહેલો છે. અને કર્ણનો સમકાલીન પણ છે.[૫] એટલે સમજાય છે કે બારોટના ચોપડાની વાતમાં તથ્ય છે. બિલહણે ' કર્ણ ' નાટિકામાં નાયિકાનું કલ્પિત નામ મૂક્યું છે. જે સૂચવે છે કે પાટણનાં રાજકુળમાં કરડવા પાટીદારની ભાણેજ રાણી બની તે એ કાળે ઘણાઓને નહિં ગમ્યું હોય. આ કારણે બિલ્હણે કર્ણની પ્રેયસીના સાચાં નામને બદલે કલ્પિત નામ મૂક્યું હશે.

બાકી તો હેમચંદ્રાચાર્ય અને મેરુતુંગાચાર્યના મતોમાં પણ મતભેદ તો છે. ' દ્વયાશ્રય ' માં હેમચંદ્રાચાર્ય મયણલ્લાને અતિશય સુંદર કહે છે. અને તેને કોંકણના જયકેશીની પુત્રી કહે છે.[૬]

---

૧ ભારત રાજ્ય મંડળ : અમૃતલાલ યુ. શાહ, પૃ. ૨૧૯
૨ પ્રબંધ ચિંતામણી : રામચંદ્ર શાસ્ત્રી, પૃ. ૭૦-૭૧.
૩ એજન, પૃ. ૭૧
૪ એજન, પૃ. ૧૭૮
૫ ગુજરાતમાં રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ભા. ૪ રસિકલાલ પરીખ, પૃ. ૪૦
૬ એજન, પૃ. ૪૦-૪૧

જ્યારે મેરુતુંગાચાર્ય મીનળને કુરૂપ હોવાનું અને તે કર્ણાટકના રાજા જયકેશીની પુત્રી હોવાનું[1] કહે છે.

જ્યારે પુરૂષોત્તમ લલ્લુભાઈ પરીખ[2] અને ડૉ. મફતલાલ પટેલ[3] હેમાળા પટેલનો સિદ્ધરાજ ભાણેજ થતો હતો તેમ કહે છે. જેને 'પ્રબધ ચિંતામણી' જેવા ગ્રંથો ટેકો આપે છે. તે આપણે 'પ્રબંધ ચિંતામણી માં પાટીદારો' એ પ્રકરણમાં જોયું આટલી ચર્ચાનો સાર એ છે કે વહીવંચાની વહીમાં તથ્ય છે. બાકી હેમચંદ્રાચાર્ય દ્વયાશ્રયમાં એમ જણાવે કે, રાણી મીનળદેવી (મયણલા-વહીની મેણલ)ઊંઝાના પટેલની ભાણેજ અને ઘોઘાના રાજા દીપ સેંધવની ત્યક્તા રાણીની પુત્રી હતી અને રાજા કરણ એને પરણવા ઊંઝા ગયા હતા. તો હેમચંદચાર્ય માટે સિદ્ધરાજના દરબારમાં પગ મૂકવો વસમો થઈ પડે. અને ગુજરાત પણ તજવું પડે. આ કારણે એ મુનિવરે મીનળદેવીને રાજા જયકેશીની પુત્રી ઠસાવી દીધી હોય, અને એ રીતે સોલંકી સત્તાની કૃપા મેળવી હોય, એવી શક્યતા વિચારી શકાય. જ્યારે વહીવંચા બારોટને પોતાન યજમાન સિવાય બીજા કોઈની તમા હોતી નથી. તેમ બારોટની વહીનું લખાણ બારોટ બીજા કોઈને અરે પોતાના ભાઈઓને પણ બતાવતા ન હતા. પરિણામે એમને તથ્ય લખવામાં કોઈ અવરોધ પણ ન રહેતો. અને વધુમાં બારોટો સત્યના જ આગ્રહી હોવાથી ચોપડામાં પણ સાચું જ લખતા. આ રીતે જોતાં તથ્યની દૃષ્ટિએ બારોટની વહીનું પલ્લું ભારે રહે છે.

વહીવંચાના ચોપડેથી નોંધેલી ૩૫ મા ક્રમના પ્રસંગમાં આપણને એ કાળની પાટીદાર નારીઓની તેજસ્વિતા અને ક્ષાત્ર સ્વભાવનાં દર્શન થાય છે. એવી જ ક્ષત્રિયવટ એ સમયના ઊંઝાના પાટીદારોમાં પણ દેખાય છે. આ પ્રસંગ સવંત ૧૪૭૬ માં બન્યાનું વહીવંચાની વહી કહે છે. અને એ વખતે અમદાવાદનો સુલતાન મહંમદ હતો તેમ કહે છે. આ વાતમાં અને ઇતિહાસમાં થોડો ફેર છે. ઇતિહાસ પ્રમાણે સવંત ૧૪૭૬માં અમદાવાદમાં અહમદશાહ સુલતાન હતો.[4] એટલે લાગે છે કે વહી લખનારે ભૂલથી અહમદનું મહમદ કરી નાખ્યું હશે. બાકી વિગત શ્રદ્ધેય છે.

૩૬ થી ૪૦ સુધીના ક્રમાંકોવાળી નોંધો ઊંઝાના પાટીદારો અને મુસલમાનોના સંઘર્ષની કથની કહે છે, જે પણ ઊંઝાના ઇતિહાસનું એક મહત્ત્વનું પાસું છે.

આ રીતે વહીવંચાની વહી ઊંઝાના સ્થાનિક ઇતિહાસનો એક મૂલ્યવાન દસ્તાવેજી પુરાવો બની રહે છે. આમાં જેની ઇતિહાસમાં નોંધ ન હોય એવી અનેક વિગતો પ્રથમ

---

૧ પ્રબંધ ચિંતામણી : રામચંદ્ર શાસ્ત્રી, પૃ. ૭૦-૭૧
૨ કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ : પુરુષોત્તમ લ. પરીખ, પૃ. ૬૬
૩ વિદેશોમાં પાટીદારો : ડૉ મફતલાલ પટેલ, પૃ. ૮૪

વાર જ પ્રકાશમાં આવે છે. જે કેવળ કરડવા પાટીદારો જ નહિં પણ સમગ્ર ગુજરાતના ઇતિહાસ માટે મહત્ત્વની છે.

હવે અત્રે વહીમાંથી કરેલ નોંધો પ્રસ્તુત કરું છે. આ બધી નોંધો વાંચકને સમજાય એવી ભાષામાં મૂળ ભાષામાંથી આપી છે. કેમ કે સામાન્ય વાંચક માટે વહીવંચાની વહીની ભાષા શૈલી દુર્બોધ છે. આ વાત સમજવા અર્થે વહીની મૂળ ભાષાનું ઉદાહરણ અત્રે પ્રસ્તુત છે :

૧ સીવ પારવતીએ કરડુવાને પેદા કરા : તારે : પેલા પુતલાને ગઢ ઉમિયાપર વસીને સુપા : તે પેલી સાખ : ગામી : થઈ : તે ગામીએ માગી લીધું જે : એક વાર વાવીએ ને એકવી વાર લણીએ : સીવે આપીને થાપા : ઉમિયા પરગટાં તેના નામ : ગંગેસના ગામી કેવાણા : તે ગંગેસને પરણાવી ને અસતરીના નામ : ગારગીબાઈને પરણા : ગંગેસ ગામી તાંથી પેઢી ચાલતી થઈ :

આનો સરળ ભાવાર્થ અત્રે પ્રસ્તુત નોંધમાં પ્રથમ ક્રમે આપ્યો છે. જે ઉપરોક્ત ઉદાહરણ કરતાં સમજવામાં સહેલો અને વાચકને કોઈ તકલીફ પડવા ન દે દેવો છે.

આ ૧ થી ૪૦ ક્રમની નોંધ બાદ બારોટની વહીમાંથી પ્રાપ્ત માતાજી ઉમિયાજીના મંદિરની મરામતની વિગતો આપી છે. જેની નીચે સંદર્ભનોંધમાં એ કયા બારોટના ચોપડામાંથી પ્રાપ્ત થઈ છે, તે પણ જણાવ્યું છે.

૧ શિવ : પાર્વતીએ કરડવાને ઉત્પન્ન કર્યા, ત્યારે પહેલાં પુતળાં (પુરુષ) ને ગઢ ઉમિયાપુર વસાવીને સોંપ્યો તે પ્રથમ શાખ ગામી થઈ. તે ગામીએ માગી લીધું કે એકવાર વાવીએ અને એકવીસવાર લણીએ. તે વરદાન આપીને ભગવાન શિવે તેમને ઉમિયાપુર પાટણમાં સ્થાપ્યા. ઉમિયાજીએ પ્રગટ કર્યા, તેનાં નામ ગંગેશના ગામી કહેવાણા. તે ગંગેશનાં લગ્ન કર્યાં, તેની પત્નીનું નામ ગાર્ગીબાઈ. ગંગેશથી ગામીનો વંશ ચાલ્યો.

૨ બાવન શાખના કરડવા ગઢ ઉમિયાપુર પાટણમાં રહેતા હતા, ત્યારે તેમણે માતા (ઉમિયા) સ્મર્યાં પણ માતાએ દર્શન ન દીધાં. ત્યારે પોતાના ગોર ત્રંબક જોષીને તેડાવી પૂછ્યું કે : અમોને માતાજી ઉમિયા દર્શન દેતાં નથી. તો તેનુ શું કરવું ? ત્યારે ગોર બોલ્યા કે : હે મહારાજ, તમારાથી કંઈક ભૂલ થઈ છે. તેથી માતાજીએ દર્શન ન દીધાં. હજી તો ત્રેતાયુગ છે. માટે દેવ દર્શન ન દે તો તે દેવ નહિં.' વળી એમ કહે છે જે : ' યજ્ઞ કરીએ તો માતાજી પ્રસન્ન થાય તે જાણજો. '

ત્યારે કરડવાના આગેવાનો-મુખીઓ એક ગામી, બીજા મોલાતા, ત્રીજા ગોઠી, ચોથા ફોક, પાંચમાં મુંજાત તથા ભચુંડ એટલા તો (પોતાની) શાખના અગ્રણીઓ હતા અને

એ સાથે બીજી શાખાએ કુલ બાવન શાખા કરડવાઓએ સાથે મળીને યજ્ઞ નો આરંભ કર્યો. ત્યારે અઢાર ઋષિઓ અને બ્રાહ્મણોને તેડાવી વરુણીમાં બેસાડ્યા. યજ્ઞની સ્થાપના કરી. ઋષિએ ત્યારે સઘળી સામગ્રી ભેગી કરીને મંગાવી. હોમ કરવા માંડ્યો, ત્યારે પાર્વતીજી અને શિવજીનાં મંત્રો ભણીને હોમ કરે છે. ત્યારે ઈલાખંડ કે જે મેરૂથી દક્ષિણે ત્યાં શિવ અને પાર્વતીજી સતરસો સખીઓ સાથે જળક્રીડા કરતાં હતાં, ત્યાં યજ્ઞનો તાપ લાગ્યો. ત્યારે શિવજીએ કહ્યું કે : ' આ તાપ આપણને શાનો લાગ્યો ? ' તે ભગવાન શંકર ત્રિકાળજ્ઞ હતા તે તેમણે જાણ્યું કે કોઈક આપણો યજ્ઞ કરે છે. આપણા મંત્રો ભણીને હોમ હોમે છે. ' તે ચાલો ગૌરાં, આપણે જવું પડશે,' ત્યાંથી મહાદેવ અને પાર્વતી હિમાલય પર્વત પર આવ્યાં કૈલાશમાં. ત્યાંથી ચાલ્યાં તે ગઢ ઉમિયાપુર-પાટણ આવ્યાં. યજ્ઞ મધ્યે. સવાસો મણ ઘી હોમીને, પાંચસો મણ સામગ્રી હોમીને. જ્યાં શિવના મંત્રો ભણીને ઋષિએ હોમ કર્યો. ત્યારે પ્રસન્ન થઈને શિવ અને પાર્વતીજી બોલ્યાં : ' વરદાન માંગો.'

ત્યારે કરડુવા નાતના મુખી હતા તે બોલ્યા જે : ' અમને તમે હળપતિ કર્યા છે. એકવાર વાવીએ ને એકવીસવાર લણીએ તે (વર) આપો. બીજું, અમે (તમને) અમારા દિલમાં સ્મરીએ (ત્યારે) તમે અમારી પાસે આવો. સંકટ આવે તે ભાંગો. આખું જગત અમારી પાસે હાથ લંબાવે. અમે કોઈ પાસે હાથ ન લંબાવીએ. (કેવળ) આપની જ આશા રાખીએ. તથા ધરતી માતાની આશા રાખીએ. વળી કરડવા ભગવાન શંકરને કહે છે. તેનાં કવિત :

એક તમારી આશ, ઓર આશ નૈ અમારે;
ખરી મેનત કરીને ખાંઉં, જાએને જગત જમાડે,
મહીથી દેજો સમંધ, ઓર કામા નહિં આલો;
ચાલો કવલાશે ચંત, મહી પર સુખમાં માલો;
કળ અજાચિક અમને કરો, સહુ ઉપર હાથ અમો સરે,
અમો હાથનાં ઓડિએ, કર સહ ઉપર અમો કરે...૧

(અમે કેવળ એક તમારી જ આશા કરીએ, પણ બીજા કોઈની આશા ન કરીએ. અમે સાચી મહેનત વડે મેળવેલ અન્ન ખાઈએ. અને તે ઉપરાંત જઈને એ અન્ન જગતને પણ જમાડીએ. અમને બીજું કોઈ કાર્ય ન સોંપતા કેવળ પૃથ્વી સાથેનો જ સબંધ આપજો. અમારું મન કૈલાશ પ્રત્યે લાગ્યું રહે અને ધરતી પર અમે સુખપૂર્વક વિચરીએ અમારા કરડવા કુળને તમે અયાચક બનાવો. અમો કોઈ પાસે હાથ ન લંબાવીએ. પણ સૌના

ઉપર અમારો હાથ રહે.)

રાંક ભુપ રાજન, સહુ મૂજ આશ સરંતી;
અમો નહિં કોઅ આશ, ધન નિવાવાં ધરતી;
ખળાં કરતા અન્ન ખરા, ધરાનાં કરો ધણી જે;
ધારો જમીના ધણી, અણી ત્રણ ઘણી અણી જે;
કઢે કપાલુર હીત, અઢાર વરણ કર ઓડવે;
'પરતાપ' કહે પુરા પુરસ, જમી ધણી ઘર જોડવે...૨

(રાંકથી લઈ રાજા સુધી સહુ કોઈની અમારા થકી જ આશા પૂર્ણ થાય, પણ અમારે કોઈ પાસે કંઈ માંગવાનું ન રહે, અમે ધરતીમાંથી ધન–ધાન્ય નિપજાવીએ. અન્નનાં ખળાં કરનારા સાચા ખેડૂત એવા અમને (પૃથ્વીપુત્ર મટાડી) પૃથ્વી પતિ ન બનાવજો. રાજવીઓ કરતાં અમારો ત્રણ ગણો વટ રહે. કવિ પ્રતાપ કહે છે. એ કરડવાઓ સાચા મરદો અને રાજવીઓની બરાબરીના છે.)

હું નૈ ઓડું હાથ, હાથ અમો સહુને ઓડાવાં;
ભરાં ભૂપતિ ભંડાર, જગત સહ હાથ જોડાવાં;
ખરી મેનત કરી ખાંઉં, અમો કો પાસ નહિં આશા;
આશા શિવજીની આપ, વસો કેતો વાસા;
મહે કોય આગે ના માગીએ, સહુનો હાથ હેઠે સતે,
સંસાર મૂજ પાસે માગે સરવ, મહી રહીએ એકે મતે...૩

(અમે કોઈની પાસે હાથ લાંબો ન કરીએ, પણ બીજાં બધાને અમે અમારી પાસે અન્નાર્થે હાથ લંબાવતા કરી દઈએ. અમે રાજવીઓનો ખજાનો ભરનાર અને જગત આખાંને હાથ જોડાવનારા બનીએ. અમે અમારા સાચા પરિશ્રમનું ખાનારા અને અન્ય કોઈની આશા વગરના થઈએ. પૃથ્વી પર ગમે ત્યાં રહેતા હોઈએ તો પણ અમે આપની - ભગવાન શિવની જ આશા આપનારા હોઈએ. અમે કોઈ પાસે યાચનારા ન થઈએ, પણ અમારા હાથ નીચે એ સહુ કોઈનો હાથ રહે. સમગ્ર સંસાર અમારી પાસે યાચે, અને અમે પૃથ્વી પર સંપ સુલેહથી રહીએ.)

બાવન શાખાએ ભગવાન શંકર પાસેથી આટલું માગી લીધું : ' હે મહારાજ, અમે જે માગ્યું તે આપો. ત્યારે ભગવાન શંકર કહે : ' ભાઈ, આજથી તમે અયાચક છો. તમોને ધરતીથી સબંધ આપ્યો. જાઓ પટેલિયાઓ, તમો ધરતીમાં(એકવાર)ધાન વાવો

તે આજથી એકવીશ વાર લણજો. તેનાં ધર્મ, દાન, પૂન્ય કરજો.' સદા શિવજી કહે છે: ' જે તમે માગ્યું તે અમે આપ્યાં. હવે તમે (બીજું) જે માગો તે આપીએ.'

ત્યારે એ સૌ બાવન શાખાના કરડવાઓ હાથ જોડીને કહે છે : ' જે હવે અમારે કાંઈ જોઈએ નહિં. હે શિવજી, અમારી ઉપર કૃપા કરજો. અમે તો તમારાં બાળબચ્ચાં છીએ. હે શિવ અને ઉમિયા માતાજી, અમે તમારા પુત્રો છીએ. તમે જ (અમને) ઉત્પન્ન કર્યા છે. '

કવિત

તમો માત તમો તાત, ભ્રાત કુલ નાત ભણીજે;
જાત નાત તમો જાણ, સદાશિવ અરજ સુણીજે;
કુલ કટંમ કો તમે, તમારા દાસ અમે તવ;
આદનાથ છો અમર, સ્મરતાં નાથ તમે શિવ;
જગપતિ તે આદિ જબર છો, સ્મર શિવ સામને;
કરડુવા કહે કરજોડ ને, ધણી પધારો ધામને...૧

(હે ભગવાન શિવ, અમારી વિનંતી સાંભળો, અમારે માટે આપ જ માતા, પિતા, બાંધવ, નાત અને જાત છો. તમે જ અમારું કુળ અને કુટુંબ છો. અમે તો તમારા દાસ જ કહેવાઈએ. તમે આદિ ઈશ્વર છો, મહાન એવા સંસારના સ્વામિ પણ તમે છો. માટે હે મન, ભગવાન શિવનું સ્મરણ કર. ' કરડવા હાથ જોડીને કહે છે : હે સ્વામિ, હવે આપ આપના ધામ (કૈલાશ) માં પધારો.)

પરકર થિતિ પરવરા, ત્રણે ગુણને તોડો :
આળસ નાવે અંગ, માયાને મનથી મોડો ;
ઓહોંકાર છો અમર, જબર ભે જમરા જાણે ;
દેવ દાંણવ સરદાર, મહી પર મહાપદ માણે ;
નાથ ત્રૂઠા કમી રે નહે, ઈંદ્ર પર ત્રૂઠા આપ ને;
દેવ તેંત્રિશ સરદાર કર, જપે તમારા જાપને.

(હે ભગવાન, આપ પૃથ્વી પર આવ્યા છો. મનની ત્રિગુણી સ્થિતિનો લોપ કરનારા છો, અમને ક્યારેય શરીરે આલસ્ય ન આવે, અમારાં મનને માયામાં લુબ્ધ થવામાંથી પાછાં વાળશો, આપ અમર અને ઓમકાર રૂપ છો. મૃત્યુને પણ આપની મોટી ભીતિ રહે છે. આપની કૃપાથી દાનવો અને દેવોના અગ્રણીઓ પૃથ્વી પર મહત્ત્વપૂર્ણ પદોને ભોગવે છે. પરમેશ્વર તમારા પ્રસન્ન થવાથી કોઈ જાતની ઉણપ નથી રહેતી. આપ દેવરાજ

ઈંદ્ર માથે ત્રૂઠ્યા તો તેને તેંત્રીશ કરોડ દેવોનો સરદાર બનાવી દીધો. તે આપનું જ નામ સ્મરણ કરે છે.)

જટામાં ગંગ અને પાર્વતી સંગ છે. એવા શિ.વજી નંદી ઉપર બિરાજમાન થઈને કૈલાશ પધાર્યા.

૩. માતા (ઉમિયાજી)ની પ્રદત અટક ગામી હતી. ત્રેતાયુગમાં દોઢ લાખ વરસ વિત્યે ઉત્પન્ન થયા હતા.

૪. નામ પાછળ 'રાજ' હોય એવી સાત પેઢી રાજાનામે ચાલી. જેમ કે રસિરાજ વિ.

૫. એ પછી 'નીક' નામ પાછળ હોય એવી નવ પેઢીઓ ચાલી. માતા ઉમિયાજીની 'નીકી' ચાલ (ઉત્તમ ચાલ) પરથી એ નામ પાછળ 'નીક' શબ્દ લાગી ગયો.

૬. એ પછી વ્રતપાલજી થયા. તેમણે મા ઉમિયાનાં મહાવ્રત કર્યા. મા ઉમિયાએ કહ્યું કે : 'તે નેમ અને વ્રત પાળ્યાં. ત્યાંથી નામ પાછળ ' પાલ' શબ્દ જોડાયો. આ 'પાલ' નામે એકવીશ પેઢીઓ ચાલી.

૭. રાજા ક્રતપાલના સમયમાં સૂર્યવંશી રાજા દેવાહનિક ઉમિયાપુર–પાટણને ઘેરો નાખવા આવ્યો. કરડવા બાવન શાખના તેની સામે છ માસ સુધી લડ્યા પણ હાર્યા નહિં. ક્રતપાલે સિંહને પકડીને શત્રુની ફોજમાં છૂટો મૂક્યો, એ સિંહે સાત શત્રુઓને માર્યા. ત્યારે રાજા દેવાહનિકે મેળ (સુલેહ) કરીને કહ્યું જે : 'અમને (ભોજન અર્થે) આમંત્રિત કરો.' તેથી ક્રતપાલજીએ દેવાહનિકને ભોજન માટે નિમંત્રીને સરપાવ આપ્યો. ત્યારે રાજા દેવાહનિક હળ દીઠ રૂપિયા ૧ નો વેરો કરીને પાછા ગયા. ત્રેતાયુગમાં. ગામી ક્રતપાલના સમયમાં માતાજી (ઉમિયાજી)ની સ્થાપના કરી. ઉમિયાપુર–પાટણ મધ્યે. માતાજી ઉમિયાજીનો યજ્ઞ કરીને સ્થાપના કરી. માતાનું મનમાં સ્મરણ કરીને સવાસો નાળિયેર હોમ કરે ત્યારે માતાજી દર્શન દે. જે સંકટ હોય તે ટાળે બીજું માગે નહિં. શ્રદ્ધા રાખતા.

૮. ગામી ક્રતપાલના પુત્ર દત્તસિંહ થયા. ત્યાંથી નામ પાછળ 'સિંહ' શબ્દ જોડેલ હોય એવી ' સિંહનામી ' ૨૫ પેઢી ચાલી. છેલ્લા રાજા હેમસિંહ થયા.

૯. એ હેમસિંહને પુત્ર ન હતો. તેથી તેઓ મહાદેવ-પાર્વતીનું નિમ (ટેક) લઈને બેઠા. તે એકત્રીશ દિવસે મહાદેવ ગુરૂ. દત્તાત્રયનો વેશ લઈને આવીન કહે; ' પટેલ, તમારે શું જોઈએ છીએ ? ' ત્યારે પટેલ હેમસિંહ કહે ; ' વેણ આપો તો અમે કહીએ.' ત્યારે વેણ આપ્યું. ત્યારે પટેલ હેમસિંહ કહે : ' પુત્ર આપો ' ત્યારે શિવે પોતાના કપાળમાંથી (ભસ્મની) ગોળીઓ નંગ -૨ આપી અને કહે : ' જો તારી અસ્ત્રીને ગળાવજે. દીકરા

બે થશે. ત્યારે તેનાં નામ દત્ત (નામ પાછળ 'દત્ત' શબ્દ આવે તે.) નામ પાડજે. પેઢી પચ્ચીશ દત્તનામી થશે.

૧૦. હેમસિંહને ત્યાં નાગદત્ત અને વજેદત એ બે પુત્ર થયા. તેમાં એક મહાભક્તરાજ થયા. મોટા નાગદત્ત ભગત થઈ ગયા. અને વજેદત્તનો વસ્તાર ચાલ્યો.

૧૧. વજેદત્તના વંશમાં 'દત્તનામી' પચ્ચીશ પેઢી ચાલી. પચ્ચીશમા રામદત્ત થયા. રામદત્તની વારમાં રાજા જદુ મૂલક ઘેર કરવા નીકળ્યા. ગઢ હસ્તીનાપુરથી પોતાનો વિજય કરવા. તે દેશ ઉત્તરથી, પૂરવથી દક્ષિણ દિશામાં જઈને ગઢ ઉમિયાપુર–પાટણ આવ્યા. ત્યાં જુદ્ધ થયું. રાજા જદુ અને કરડુવા બાર માસ સુધી લડ્યા. માતાજી ઉમિયાને સ્મરીને યજ્ઞ કરીને લડ્યા, તે માતાજીએ આવીને વહાર કરીને જીતાડ્યા. ત્યારે રાજાને (કોઈકે) કીધું કે : ' તે ઉમિયાના આપેલા છે. માટે ભગવાન શિવ અને પાર્વતી એ બે કરડુવાની વહારે છે. તમે જીતશો નહીં માટે એ હળપતિ છે. તમે જગપતિ છો. તે એમને વિશ્વાસમાં લઈને, ફોસલાવીને વેરો ઘાલો. નહિં તો નહિં આપે. મરશે પણ પાછા નહિં હઠે. ત્યારે જદુ રાજાએ શિવની અને ઉમિયાજી બાધા (માનતા) લીધી. ત્યારે રામદત્ત રાજા જદુ પાસે આવી સલામ કરીને કહે છે : ' જે રાજા, અમે હળપતિ અને તમે જગપતિ તે તમારે અને અમારે બનશે નહિં. જો તમો અમારા ઉપર જોર કરશો તો અમે મરી ખૂટશું. પણ તમને કોડી એક આપશું નહિં.' ત્યારે રાજાએ સરપાવ મંગાવીને આપ્યો : ' જે તમે અને અમે ભાઈ છીએ. અમારાં નોતરાં (ભોજનનું નિમંત્રણ) આજ તમે જમો.' ત્યારે (રામદત્તે) કીધું કે : ' એમ તો ન હોય. અમે નોંતરા દઈએ ને તમે (અમારે ત્યાં) જમો.' ત્યારે રાજા જદુ કહે છે કે ; ' ભાઈ, તમને ઉચિત લાગે તેમ કરો. ' ત્યારે કરડવાની બાવન શાખાએ (રાજા જદુને) નોતરાં દીધાં. રાજાની ફોજને જમાડી. ત્યારથી હળને માથે કર મોર (સોનામહોર) અઢી કર્યો. બીજું કાંઈ ન આપે.

૧૨. ત્રેતા જુગમાં એકવાર વાવે અને એકવીશવાર લણે એવો સમય (જમાનો) હતો. તે સમયે સવંત્સર પ્રથમનો, વિરોધી નામનો, વરસ ૧૮ માં કોઈ રાજા લડવા આવે તો લડી લેવા અર્થે ગઢ ઉમિયાપુર–પાટણને કોટ કરાવ્યો. ખાઈ કરાવી. બાવન શાખના બાવન દરબાર જુદા જુદા કરાવીને ગામી રામદત્તે (પોતાનાં ગામી શાખાનો) દરબાર જુદો કરાવ્યો. કચેરી કરાવી. વાડી કરાવી. કુવો ગામથી દખ્ખણદો કરાવ્યો. રાજા જદુ કહે : ' કરડવા આજથી રાજા કહેવરાવે. ' (આ રીતે તે) રાજા જદુએ (કરડવાને) રાજાની પદવી આપી. ત્યારથી રાજાનું બિરૂદ આપ્યું. બ્રાહ્મણ, ભાટ અને ચારણ સલામ કરે ત્યારે ' મહારાજા રાજા કરડુવા મહારાજા (ને ઘણી ખમ્મા) ' એમ કહીને સલામ કરે. આ રીતે યાચક લોક જેટલાં હોય તેટલાં સલામ કરે.

૧૩. પટેલ અવનીપ્રતે શિવજીની સ્થાપના કરી. ગોરાં (ઉમિયાજી) ની સ્થાપના કરી. હોમ સવાલક્ષ નાળિયેરનો કરીને. તાંબા-પિતળનાં દાવડાં કરાવીને. સોના–રૂપાની થેડો બાંધીને. કૂવો સાડા પાંચ હાથ ઊંડો અને સવાત્રણ હાથ પહોળો કરાવીને. તેની અંદર ઘી નંખાવીને (ભરીને) તે દાવડાં (પાત્રો)નો રહેંટે આદમી વડે ફેરવે. તે ઘીની નિક હવનકુંડમાં ચાલી આવે. તેના ઉપર સવામણ ત્રાંબાનો કળશ બાંધીને ઘીની ધારા ભાંગે નહિં તે માટે ઘી ઊનું કરીને માણસો ઉપરા ઉપર રેડતા જાય. અને ઘીની નિક આઠ પહોર ચાલી જાય. પ્રત્યેક દિવસ એ સ્થળે તેરસો બ્રાહ્મણ પત્રાવળી જમે. અઢારસો બ્રાહ્મણ અને ઋષિ વરુણીમાં વરેલાં. સાડા સાત સેં ગાડાં હોમની સામગ્રીનાં લાવેલા. તેને બ્રાહ્મણો હોમે. તેવો યજ્ઞ કરેલો. એ જમાનામાં ચાલતી તે સોનામહોરો સવા સાત લાખ ખરચીને. યજ્ઞ કરીને. શિવ-પાર્વતી અને બીજા તેંત્રિશ કરોડ દેવતાઓને તૃપ્ત કરીને માતાજી (ઉમિયાજી)ના હુકમે દેવળ એક ચણાવીને શિવલીંગ અને માતાજી (ઉમિયાજી)ની મૂરતી સ્થાપી. માતાજીની આજ્ઞા લઈને બાર વરસે વિવાહ કરે. ત્યારે માતાજી પોતે હુકમ આપે. ત્યારે વિવાહ થાય. જય નામના સવંત્સરમાં ૮મા સવંત્સરમાં વરસ ૮૮માં હસ્તીનાપુરનો વ્રસનિ નામે રાજા (ચડી) આવ્યો હતો. તે રાજાને હરાવવા માટે યજ્ઞ કર્યો હતો. તે હાર્યો. છ માસ લગી લડીને (પાછો) ગયો. ત્યારે કરડુવા શાખ બાવનનો વસ્તાર વધ્યો. તે ઉમિયાપુર–પાટણ મધ્યે ત્યારે સવા લાખ ઘર હતાં. ગાંમી અવનીકેત આ (ઊમાપુર–પાટણ)ની ધરતીનાં ધણી થયાં. તેનાં નામ અવનીપત (પૃથ્વી પતિ) પડ્યું તે અવનીપતના મહીપત ત્યારથી દ્વાપરયુગ બેઠો.

૧૪. ભોજરાજ ગામીના જોગજગ, તેના યજ્ઞજગ (ગંગેશગામીની ૯૪૩ મી પેઢીએ) થયા. પટેલ યજ્ઞજગે માતાજીનો યજ્ઞ કર્યો, શા માટે કે, ચંદ્રવંશી રાજા સર્યાતિ ધરતીને જીતવા. મૂલક ઘરે કરવા નીકળ્યા... ત્યારે ઉમિયાપુર–પાટણ આવીને પટેલ યજ્ઞજગને બોલાવીને કહ્યું જે; ‘ તમે જમીનદારો છોં માટે વેરો (ખંડણી) આપો. પટેલ કહે છે : ‘જે મોર અઢી આપીએ છીએ તે લઈને તમે પધારો.’ ત્યારે રાજા સર્યાતિ કહે : ’ હવેથી તમે પાંચ મોરો આપો ’ ત્યારે પટેલે ના પાડી. ત્યારે રાજા કહે : ’ ‘ મારી સાથે લડો ’ ત્યારે પટેલો કહે : ’ સામે જ ઊભા છઈએ. ’ પછી મોટી લડાઈ થઈ. સવામાસ લગી લડ્યા... પ્રથમ જેમ અઢી મહોરો લઈને રાજા સર્યાતિ પાછો ગયો. એ લડાઈનાં કવિત;

પડે પટાઓત પાંચ, આંચ નાવે કોઈ આડા;
મારા મહાભડ મંડ, ગઢે ગાહડનાં ગાડાં;
લાડા પટલ અમીર, જાડા ભારથે જાણે;
ગણ ગાડાં ગંભીર, તેગ રાણા સર તાણે;

હઠ રાજા ઝટ હારિઓ, ઉમિયા બેલીઆઈ છે;
ઝટપટ જીતા જાણજો, વઢ જીતણ વધાઈ છે...૧

(રાજા સર્યાતિના પાંચ ઉમરાવો યુદ્ધમાં કામ આવી ગયા. પણ કરડવાઓને કોઈ આંચ ન આવી. જેઓ વીર ગૌરવને વહન કરનારાં ગાડાં રૂપ હતા. એવા મહાવીરોને યુદ્ધ કરીને માર્યા. અપ્સરાઓ માટે લાડારૂપ અને સંગ્રામમાં શત્રુઓ જેને મહા બળવાન જાણે છે, અને ગુણના ગાડાંઓ રૂપ મહા ગંભીર એવા એ કરડવા પટેલ વીરોએ રાજવીના મસ્તક માથે તરવાર તાણી. આ રીતે રાજા પોતાની હઠ ત્વરાથી હારી ગયો. માં ઉમિયા સહાયે આવ્યાં તુરત જ જીત થઈ તે (નક્કી) જાણો. આ રીતે એ યુદ્ધમાં થયેલ વિજયની આ વધામણી છે.)

૧૫. વચ્છરાજના વેણા પટેલ થયા. એ વેણા પટેલે માતા ઉમિયાનું દેવળ કરાવી શિખર પર ઈંડા મૂકી બ્રહ્મભોજન કરાવીને ગામ ઉમિયાપુર–પાટણ જમાડ્યું. દોઢ લાખ ઘરની વસતિ હતી તેને શિરો કરીને જમાડ્યું સંવત્સર વેણ નામે એકવીશમે. વરસ ૨૨ માં.

૧૬. ત્યારે રાજા પરમતિ. ચંદ્રવંશી પૃથ્વી જીતવા નીકળ્યો. સામે કરડવા રાજા લડવા આવ્યા. ત્યાં મહાભારત જેવું યુદ્ધ થયું. સવા મહિનો લડ્યા. ત્યારે માતાજીની બાંહેધારી (ખાત્રી-જામીનગતું) આપીને સૌ કરડવાઓને તેડાવ્યા. કરડવા રાજાને સરપાવ આપવા ગયા ત્યારે રાજા પરમતિ કહે : ' આ પત્ર ઉપર લેખ કરી આપો.' ત્યારે પટેલોએ કીધું કે : ' રૂપિયા તો નહિં મળે. પણ એક સોના મહોર આપશું ? તમારે પગે મૂકશું.' ત્યારે રાજા (એ સોના મહોર) લઈને કહે છે જે : ' આજથી તમે કરડવા રાજા. અમે ગજપતિ તમે હળપતિ. જમીનના ધણી તેમાં તમે કરડવા રાજા કહેવાઓ છો. આ રીતે કરડવા (ગામી) પટેલને (રાજપદે) સ્થાપીને રાજા પરમતિ ગયો. તેનું કવિત :

કરે જગત મહાક્રત, વ્રત લીધાં તણ વેળા;
ભેળા પટલ ભે ભીત, ભવાની મળિયાં ભેળાં;
વર દીધો વરદાંન, માંન હારે મહપતિ;
ઉમિયા વારે આપ છે. રજવટ જીતા રૂપથી...૧

(યજ્ઞનું મહાકર્મ કરીને એ સમયે કરડવા રાજવીએ ટેક-વ્રત લીધું. એ વેળા (પરચક્ર રૂપી સંકટ) આવતાં ભય સામે પટેલો એકત્ર થયા, માતાજી ઉમિયા પણ એમની સહાયે આવ્યાં. એમણે (વિજયનું) ઉત્તમ વરદાન આપ્યું. ચડી આવેલો રાજવી પોતાનાં માનગર્વને હારી ગયો. આ રીતે જેમની વહારે સ્વયં માં ઉમિયાજી છે. એવા એ કરડવાઓ ક્ષાત્રવટની શોભા રૂપ થઈ વિજય પામ્યા.)

૧૭. પટેલ હંસરાજ ગામીએ ૪૧મા ચતુરનામા સવંત્સરના ૩૮મા વરસે ઊંઝાથી ઉત્તર તરફ સોના મહોર ૧૫૦૦ ખરચીને વાવ કરાવી.

૧૮. હસ્તીનાપુરના રાજા કપીલ ધરતીને પોતાની કરવા માટે નીકળ્યા. ત્યારે બાવન શાખાના કરડવાઓએ યજ્ઞ કરવાનું આરંભ્યું હતું. ત્યારે બાવન શાખાના કરડવાએ વિચાર્યું : જે એક તો માતાજી (ઉમિયા) દર્શન દે ત્યારે આપણે આટલું માગવું. પ્રથમ તો આપણા ઘરમાં માલ (ધન-ધાન્ય) વધી ગયાં છે. તે આપણે (જગતને) આપીએ. સારુંયે જગત આપણી આગળ હાથ ઓડે (લંબાવે), આપણે કોઈ પાસે હાથ ઓડિએ (લંબાવીએ) નહિં અને એકવાર વાવીએ છીએ, અને એકવીશ વાર લણીએ છીએ. તે કંટાળી ગયા છીએ. તે એકવાર વાવીએ અને એકવાર લણીએ, ત્યારે બીજો બોલ્યો ; ' એમ નહીં બે વાર વાવીને એક વાર લણીએ . એવું માગી લેજો'.....માતાજી પ્રગટ થઈને કહે ; 'માંગો.' જે મુખી હતા તે બાર જણ બોલ્યા : 'એકવાર વાવીએ છીએને એકવીશ વાર લણીએ છીએ તે માલ (ખેતપેદાશો) ના ટેકરા થયા છે. માટે અમે કંટાળી ગયા છીએ. માટે હવેથી અમે એક વાર વાવીએ અને એકવાર લણીએ.' ત્યારે ભૂત શાખાનો મુખી બોલ્યો કે : " ના, ના, માતાજી, બે વાર વાવીએ ને એકવાર લણીએ. બીજું જે આ રાજા આવ્યો છે તે અમારાથી હારીને પાછો જાય.' ...ત્યારે માતાજી કહે છે જે : 'ભાઈ આટલેથી (હવેથી) કળજુગ આવશે. માટે માગવું હોય તેટલું માગી લેજો. અને તમે જે માગ્યું. ધન વાપરીએ ધરમે તે તો સારું માગ્યું ' પછી માતાજીએ અઢાર ભુજાવાળાં થઈને પોતાના અઢારેય હાથની કરડવાઓ પર છાંયા કરી ત્યારે પટેલોએ પૂછ્યું જે 'માતાજી, તમે આ શું કરો છો ?' ત્યારે માતાજી કહે : આજથી તમને અઢાર કર (હાથ) આપ્યો ?[1]

૧૯. રાજા કપીલ આવ્યા. માસ છ લગી ઉમિયાપુર–પાટણમાં લડ્યા. (જીત્યા નહિં.) ત્યારે રાજાએ (પાટીદારોને) સરપાવ આપ્યો. બાવન પાટીમાં, બાવન આગેવાનોને આપ્યો. ત્યાર માતાજીના હુકમથી રાજી થઈને વેરો લખી આપ્યો. પાટી દીઠ પાંચ પાંચ સોના મહોર આપવી.

૨૦. કલ્કીનામે ૧૯મા સવંત્સરામાં વરસ ૧૩માં રાજા તુર્વસુનો પોર કહેવાણો. તે પછી રાજા યુધિષ્ઠિરના શાખામાં (સવંતમાં) કળિયુગ બેઠો. તે ત્રણ હજાર વરસ સુધી રાજા યુધિષ્ઠરનો શાખો (સર્વત) ચાલ્યો. પછી રાજા વિક્રમનો શાખો (સંવત) ચાલ્યો. પછી શાલિવાહનનો શાખો (સંવત) ચાલ્યો જે આજ સુધી ચાલે છે.

---

૧ અતિ પરિશ્રમ કરવાની શક્તિ. બે હાથમાં અઢાર હાથ જેટલી કાર્ય શક્તિ આપી. એ તાત્પર્ય.

૨૧. તે પછી બાવો ધુંધળીમલ્લ અને તેમનો શિષ્ય એક નામે મેણમલ્લજી બાર વરસની તપસ્યા કરીને દક્ષિણથી ઉત્તરમાં પોતાના પર્વત પ્રત્યે જતા હતા. ત્યારે વચ્ચે શહેર ઉમિયાપુર–પાટણ આવ્યા. તેઓ બહુ મોટા પુરુષ અને ભજન (ભક્તિ) વાળા સંત હતા. અષાઢ સુદી-૧ને દિવસે તેઓ ઉમિયાપુર–પાટણને પાધર આવ્યા. બાવો ઘુંઘળી મલ્લ પોતાના ચેલાને કહે છે જે : ' આ શહેરમાં રહીશું ચાર મહિના પછી કારતક સુદી એકમે આપણે સ્થાને જઈશું.' બાવો ધુંધળીમલ્લજી ગામથી ઉતરાદિ કોર તળાવની પાળ ઉપર મુકામ કરી બેઠા. સવારે ચેલો મેણમજી ભિક્ષાવૃત્તિએ શહેરમાં ગયો. તે આખા શહેરમાં ફર્યો, પણ કોઈએ કાંઈ ન આપ્યુ. ત્યારે તે ચેલા પાસે એક નવી પછેડી હતી તે વેંચીને કુહાડી એક ધડાવી. વનમાં જઈને ઈંધણાની ભારી એક લઈ આવીને તેનાં દાળ-આટો લઈને શહેરમાં એક કુંભાર સરવણને ઘરે જઈને આપે. કુંભારણ બાઈ સવરી રાંધી આપે. તે રસોઈ લઈને ચેલો બાવાને આપે. એ એક ટંક જમે. ચાર માસ લગી ચેલે આ રીતે કામ કર્યું. તે મસ્તકના વાળ (ઉખડી) ગયેલા. ભારીઓને ઉપાડતાં. ચેલો બેઠો છે. બાવો ભભૂતિ લઈને ચેલાને માથે નાખે છે. ત્યાં વચ્ચે ટાલ પડી છે. ગુરુ કહે છે : " ચેલા, તારે માથે ટાલ શાની પડી છે ? સાચું બોલ નહિં તો શાપ દઈશ. " ત્યારે ચેલો કહે છે : ' હે મહારાજ, આ શહેરમાં કોઈ સાધુએ (માણસોને) કંઠી બાંધીને (પોતાનો) આ સંપ્રદાય ચલાવ્યો છે કે, કોઈ પ્રાણી કે ભિક્ષુને (કાંઈ) આપવું નહિ. ત્યારે હું આખા શહેરમાં રખડ્યો પણ (મને કોઈએ) કાંઈ આપ્યું નહિં. વનમાં જઈ કાષ્ટની ભારીઓ લાવી, શહેરમાં વેંચીને તેનાં નાણાં લઈ, તેનાં દાળ–લોટ–ભાત લઈ કુંભારણના ઘરે આપ્યું. એ રાંધી દે, તે લાવી આપને જમાડતો. ચાર મહિના સુધી મારે માથે ભારીઓ ઉપાડવી પડી તેમાં માથે ટાલ પડી છે. ' આવું સાંભળી ત્યાં ધુંધળીમલ્લજીને મહાકોપ ચડ્યો. ત્યારે બોલ્યા જે : ' કાલે સવારે આ ધરતી ઉપર જેટલાં પાટણ હશે તેટલાં ઊંધો પડશે.' ચેલો કહે જે : " આપણી સેવા કરી તે અફળ જાય છે. કુંભારણને (સેવાનાં) શા ફળ આપ્યાં ? ' ત્યારે બાવો કહે જે ; ' જા કહી આવ કે આ વાત ખોટી નથી. સાચું માનજે :' ચેલો શહેરમાં આવી કુંભારવાડે જઈ કહે છે જે : ' હે. બાઈ, તમે મારું કહ્યું (સાચું) માનજો. કાલ સવારે જેટલાં પાટણ આ ધરતી પર છે, તે મારા ગુરુએ દટણ કર્યાં છે.

તે જોગી ધુંધળીમલ્લજીનાં વચન ખોટાં નહિં પડે. કાલ સવારે સવા પોર ચડતાં આ શહેર ઊંધા પડશે. ' ત્યારે કુંભારણે કુંભારને કીધું જે : ' આપણે ભાગીએ ' તો કુંભાર કહે જે : ' આ શહેરમાં આપણે ઘણું ખાધું-પીધું. તે (શહેરનાં) માણસોના રૂડા પ્રતાપે. આપણે સૌને કહીને (સૌનું) ભલું કરીને ભાગી જઈશું. ' કુંભારે આખા શહેરમાં

જઈને (બધાને) કહ્યું. ગામે કુંભારના ઊચાળા જોયા, અને બાવન શાખના કરડવા ઉચાળા ભરીને નીકળ્યા. બીજી વસતિ અઢારે વર્ણ નીકળ્યાં, તે ઉમિયાપુર–પાટણને સિમાડે જઈને રહ્યાં. તે દિવસે દિવસ સવા પહોર ચડ્યો ત્યારે બાવો ધુંધળીમલ્લ કોપ કરીને પોતાનું પતર હાથમાં લઈ કહે છે જે : ' આ જમી ઉપર પાટણ જેટલાં હોય તે દટણ હો જાઓ. ' એવું કહીને પતર ઊંધુ નાખીને ચાલ્યા. ત્યારે ઓગણ પચ્ચાશ પવન ચડ્યા. શેષનાગે પડખુ ફેરવ્યું. બાવે દેવને હુકમ કરીને ત્યારે બધાં શહેરો ઉંધા નાખ્યાં. ઉમિયાપુર–પાટણનું દટણ થવા સાથે ચોરાશી પાટણોનું દટણ થયું. તે બધાં ઊંધા પડ્યાં. જોયું તો એક શિવ અને એક પાર્વતી (ઉમિયાજી)નું દેવળ રહ્યાં એક મહાદેવકાળેશ્વરનું દેવળ અને બીજું ઉમિયાજીનું દેવળ રહ્યાં. બાકી શહેર બીજાં ઉંધા પડ્યાં. વસ્તી ફરી પાછી આવી. બ્રાહ્મણ ત્રંબકે સૌને પૂછીને મૂરત કાઢ્યું. ઊંધા પડ્યાં તે 'ઊંઝા' નામ પાડીને-નક્કી કરીને તે ભૂમિ ઉપર આથમણો (પગ તરફનો) ઝાંપો મૂકીને ગામનું તોરણ બાંધ્યું. સવંત ૧ વરસ ૧ ના વરસે માસ ચૈત્ર સુદિ ૪, ને દિવસે ગુરૂવારે ચાર ઘડી દિવસ ચડયા પછી તોરણ બાંધ્યાં.

૨૨. સવંત ૬, વરસ ૫૨ માં શહેર ઉજૈન ઉપર મુગલ અલીબેગ ગયો. તે શહેર ભાંગ્યું અને વળ્યો તે ઈડર અને મોડાસા લઈને ગઢ ઊંઝે વળગ્યો. બાદશાહ ફારુક-શાહે ધોળકું ભાંગીને ગામ ફારુકાબાદ વસાવ્યું. પાંચ હજાર પાળા, પાંચ હજાર ઘોડા, ગઢ ઊંઝે આવ્યા. બાવન શાખના કરડવા ૧૭ દિવસ સુધી લડ્યા. પછી ગઢ ઊંઝા ભાંગ્યો. વસતિ વેરાઈ ગઈ. કરડવા વેરાણા તે ચાંપાનેર, તથા ઉજૈન પરગણે ગયા. તથા કચ્છના પરગણે ગયા. જ્યાં જેનાં અન્ન-જળ (ભાગ્ય) હતાં ત્યાં ગયાં. આંબેર (રાજસ્થાન) પરગણે ગયા. જયપુરના પ્રદેશમાં ગયા. પછી સવંત ૬ વરસ ૫૫ ના ચૈત્ર સુદી ૪ દિને ગુરૂવારે ગામ ઊંઝાને (પાછું) વસાવ્યું. ત્યારે પટેલ ગામી ભૂખણદાસના ૪ દીકરા (તેમાં) એક દીકરો નામે છવડો ઊંઝામાં વસ્યો. ચાંપાનેર ગયા હતા તે ગઢ ઊંઝે વસ્યા. ત્યારે ભાઈ વેરશીના ગયા (હતા) તે ઉજૈન રહે છે. પછી ગામ ગરોઈમાં રહે છે. માળવામાં. ભાઈ એક ચાંપાનેરથી ગોધરે રહેવા ગયા. ભાઈ એક કચ્છના પ્રદેશમાં અંજારે રહેવા ગયા. ભાઈ એક સિહોર રહીને લીલી નાઘેરમાં રહ્યા. બે પેઢી પછી મચ્છુ કાંઠામાં રહેવા ગયા તે આજ સુધી રહે છે.

૨૩. સવંત ૬, વરસ ૫૫માં ચૈત્ર સુદી ચોથને દિવસે ગામ ઊંઝાનું તોરણ બાંધ્યું ત્યારે પહેલાં ૯ ઘર વસ્યાં. તે નવઘરી ઊંઝા કહેવાતા. તે પટેલ ગામી ભૂખણદાસના સવડો વસ્યા. મોલોત વરજાંગ વસ્યા. ધરણાત અટોલ વસ્યા. ભચૂંડ કુંભો વસ્યા. મુંજાત

જાગશી વસ્યા. ભોમોટ વાસો વસ્યા. હાજો અમરો વસ્યા.

૨૪. રાજા વિસળદેવજી ચૌહાણ અજમેરના. તેઓ મૂલકને જીતવા નીકળ્યા. બાર લાખ ઘોડે, ત્યારે મૂલક ઉજ્જડ થવા માંડ્યો. દખ્ખણ જીતવા જાતા હતા. ત્યારે ગામ ઊંઝે આવ્યા. મુકામ કર્યો, શહેર લૂંટવા માંડ્યું. ઊંઝા ભાંગ્યું. ત્યારે બાવન શાખના કરડવા જુદા જુદા મુલકમાં (મૂલકો મૂલક) ગયા. તે સમયે પટેલ જાદવજી નીકળ્યા તે અસારવે રહેવા આવ્યા. સંવત ૭, વરસે ૨૪ ના વૈશાખ સુદી ૭ ને બુધવારે (અસારવામાં) વસ્યાં.

૨૫. પટેલ અમૂલખે કાશીની યાત્રા કરી, ગયા કાંઠે શ્રાદ્ધ સરાવ્યું. ત્યાંથી નીકળ્યા તે સિદ્ધપુર આવ્યા. ત્યાંથી ઊંઝા થઈ અસારવે આવ્યા. ત્યારે ગામ ઊંઝા ઉજ્જડ જોયું. નવ ઘરની જ વસ્તી હતી. એમણે પટેલ અમૂલખને સોગન દઈને જવા દીધા કે, ' તમે ઊંઝા રહેવા આવો.' પટેલ અમૂલખે કહ્યું કે 'હું તો નહિં આવું પણ મારો દીકરો અને દીકરાનો દીકરો ઊંઝા રહેવા આવશે.

૨૬. સવંત ૮ વરસ ૧૮ માં પટેલ વનાએ વાવ કરાવી. ગામ અસારવાથી ઉત્તરાદા ખૂણામાં કરાવી સવંત : ૮ વરસ ૧૯ ના ચઈતર સુદી ૯ મે પૂરી થઈ છે. રાજા વનરાજ ચાવડાની વારમાં. પ્રધાન જશપાલની વારમાં.

૨૭. રણા પતરામલજી પાટણ આવ્યા ત્યારે ગઢ ઊંઝાનો પટો બાર ગામ સાથે આપ્યો. તે રાજનો ભાગ ખાય. ગઢ ઊંઝામાં સવંત : ૮, વરસ ૩૧ ના ચૈત્ર વદી ૧૩ના દિવસે બુધવારે રણા વસ્યા. રણા પતરામલજીએ દરબાર કરાવ્યો. તે પતરામલજીના પરબતજી, જોગમાલજી, જેતપાલજી, ઉદેરાજજી, અણખલજી, ભોજરાજજી, એ છ દીકરા થયા. વસ્તાર વધ્યો. તે ક્ષત્રિય પુત્રો થયા, તેથી તેઓ ઘણી અવળાઈ અને અભિમાન કરવા લાગ્યા.

૨૮. રણા ગઢમાં રહેતા હતા. એમની અઢીસો બરછીઓ ઊભી થતી હતી. ત્યારે તેઓ ઘણો અનર્થ કરવા લાગ્યા. દીકરીઓની લાજ લેવા માંડ્યા. ત્યારે પટેલ રાણા ગામીએ તથા, મોલાત સહીઆના પુત્ર હેમાળા મોલાતે વિચાર કરવા માંડ્યો કે ; 'રણાને મારીએ તો સુખ થાય.' ત્યાં તો પટેલ વેગડના દીકરા રૂડાને રણાઓએ માર્યો. ત્યારે પટેલ રાણો ગામી તથા મોલાત હેમાળો એમ બે જણા પાટણ રાજા સિદ્ધરાજ જયસિંહદેવ પાસે આવ્યા. સલામ કરી અરજી કરી કે ' રણા રજપૂતે અમારા ભાઈને માર્યો. તે અમને પણ મારશે. અમારી બહેન-દીકરીઓની લાજ લેશે. વહુને તો બહાર નીકળવા દેતા નથી.'... ત્યારે રાજાએ જાદવ રજપૂતોને કે જે પોતાના ઉમરાવ હતા તેને હુકમ કર્યો કે : આ પટેલ કહે તેમ કરજો. જો નહિં કરો તો મારા ઉમરાવ નહિં.' ત્યારે

(પટેલોએ) જાદવોને કહ્યું કે : ' ફાગણ માસમાં અમારો માણસ તમને તેડવા આવે ત્યારે તમે તૈયાર થઈને રહેજો. સં. ૧૧ વરસ ૪૨ના મહા સુદી ૩, જે અરજી કરવા ગયા... પટેલે બારભઠ્ઠીનો દારૂ મંગાવી આપ્યો. સૌ રણા સાથે આવ્યા. ઉપર રહીને દારૂ પીવરાવ્યો. ત્યારે રણા સૌ નશામાં ચકચૂર થયા. બંદૂકનો એક ભડાકો કર્યો. જાદવ છુપાઈને તાકમાં બેઠા હતા. તે સૌ આવીને રણા ઉપર પડ્યા. ત્યારે રણા રજપૂતોનો ખો કાઢ્યો. ત્યારે ગામી રાણો દાઝમાં ભરાઈ રહ્યા હતા તેણે તરવાર કાઢીને રજપૂતોને કાપ્યા. તે સમયથી પટેલ રાણા ગામી હતા તેના વંશજો રુસાત કહેવાણા.

૨૯. ગામ ઊંઝાની ખેતીની જમીનનો વિસ્તાર ૬૫૦૦૦ વિઘા છે.

૩૦. ગઢ ઊંઝામાં સવંત. ૧૦, વરસ ૯૮ માં ચૈત્ર સુદી ૮(આઠમ)ના દિવસે પટેલ હેમાળો મોલોત દ્વારકાની યાત્રા કરવા ગયા. ઘોઘાના રાજા દીપ સેંધવની રાણીને મહેલે રત્નાકાર સાગર આવતો. તેનો ગર્ભ રહી ગયો હતો. તે રાજાએ જાણ્યું ત્યારે એણે કીધું : 'રાણીને આવતી કાલે મારી નાખો. એ વાત છોકરી (દાસી) એ સાંભળી એ (આવીને રાણીને) કહે છે જે ; 'બાઈ નાશો તમારો રાજા મારશે, તમે તમારી માએ કરી આપ્યાં તે કામણ દરિયામાં નાખ્યાંને તમે કહેતાં હતાં જે ભાગ્ય કરે તે ખરું. કામણ શું કરશે છોકરી ? ' ત્યારે રાતે વહાણમાં બેસીને નાઠાં. તે દ્વારકનાથનાં દેવળે બેઠાં છે. થંભ પાસે. ત્યા પટેલ હેમાળો આવીને કહે જે : ' બાઈ, તમે કોણ છો ? ' ત્યારે બાઈ કહે છે જે : ' રજપૂત છીએ. પણ ઉપર આભ ને તળે ધરતી છે.' ત્યાં પટેલ હેમાળો કહે છે જે : ' તમે મારી માજણી બેન છો. માટે તમે આવો તો (તમને મારે ગામ) લઈ જાઉં. ' ત્યારે રાણી અને એક દાસી રાજુલ, મોલોત હેમાળા સાથે ઊંઝા આવ્યાં. ઊંઝામાં રહ્યાં. ઘરમાં બાઈ (રાણી) કહે તેમ થાય. મીનાર્ક નક્ષત્રમાં બાઈને એક પુત્રી જન્મી. તેનું નામ મેણલદે પાડ્યું. હવે તેને કોઈ પટેલ કે રજપૂત પરણે નહિં. (માગું ન નાખે.) ત્યારે પટેલ હેમાળાએ બહેન (રાણી) સરૂપકુંવરને પૂછ્યું જે : ' હવે આપણી શી વલે થશે ? ' ત્યારે બાઈ સરૂપકુંવર સાગરનાં સ્વપ્ન (સ્મરણ) લઈ સૂઈ ગયાં. સ્વપ્નામાં રત્નાકર સાગર આવીને કહે છે જે : પાટણનો ધણી રાજા કરણ ઘેલડો (ગાંડો) છે. તે પરણશે. આવતે વરસે તે જાણજો.' સંવત. ૧૦ વરસ : ૯૯ ના ચૈત્ર સુદી ૨ના દિવસે રાજા કરણ શિકાર રમવા નીકળ્યા તે ગામ ઊંઝે રાત રહ્યા. પટેલ હેમાળે (ભોજનનાં) નોતરાં દીધાં. ત્યારે રાજાના બે પાણીદાર ઘોડા તોફાને ચડ્યા. ખીલ્લા કાઢીને ભાગ્યા. ત્યારે બાઈ મેણલને અગિયારમું વરસ બેઠું છે. તે પાડાં બે અને હાંડા બે લઈને ત્યાંથી નીકળ્યાં. તેને બે ભેંસો હથુઆર (હેવાઈ-વશ) છે. તેને જોઈ રાજા કરણ કહે : (એ કન્યાને) અમે પરણશું. ' પટેલ હેમાળાએ કીધું કે :

' તમે જાતે પરણવા આવો તો (તેને તમારી સાથે) પરણાવું ' રાજા કહે : 'આવીશું.'

૩૧. મેણલનાં લગ્ન સમયે ગામ ભાખરના અને ગામ વડનગરના સાત શાખના કણબીઓએ ગેરસમજથી ખોટી બૂમાબુમ કરી. તેથી લગ્ન કરતાં રાજા કરણ ઊભો થઈ ગયો. ત્યારે પટેલ હેમાળાએ લગ્નમાં કરડવાની બાવન શાખના પટેલોને તેડ્યા હતા. તેમણે સૌનો મત લઈને એ વડનગર અને ભાખરના સાત શાખાના પાટીદારોને તેઓએ રંગમાં ભંગ પડાવ્યો તે માટે.' તમે આજથી નાત બહાર છો. આજથી તમે અમારી નાતમાં નહિં ' એમ કહીને નાત બહાર મૂક્યા. એ સમયે રજપૂતોનાં સાત ગામને પાટીદારની નાતમાં નાતે ભેળવ્યાં.

(૧) ગામ વિઠ્ઠલપરના ચાવડા, (૨) ગામ કરજેસણના બારિયા, (૩) ગામ જેસલપરના ગોલ, (૪) ગામ ઉપેરાના રાઠોડ, (૫) ૪, ગામના મોરી રજપૂતો, (૬) ગામ મનીપરના વાઘેલા, (૭) ગામ નાયકાના ઘોઘારી (ગોહિલ). આ રીતે સવંત : ૧૦ વરસ : ૯૯ માં ચૈત્ર સુદી ૧૩. ના દિવસે રજપૂતોની સાત શાખાઓ કરડવાની નાતમાં ભેળવી.

૩૨. એ મેણલકુંવરને પેટ રાજા સિદ્ધરાજ જન્મ્યો.

૩૩. ગામ ઊંઝાનાં દેવ અને દહેરાંની વિગત માંડી છે. પહેલું તો માતાજી ઊમયાનું દેવળ એક છે. ઉગમણે બાર છે. પાસે મહાદેવ દૂધેશ્વરનું દેવળ છે. માતાજી (ઉમિયાજી)ના દેવળની સામે હનુમાન છે. ઉગમણા (માતાના મંદિરમાં) વનપીર છે. પટેલ વેગડા ગામીએ માતાનું દેવલનું સવંત : ૧૧ ના વરસ : ૨૨ ના માગશર સુદી ૨ (બીજે) મૂરત કર્યું. સવંત : ૧૧ વરસ ૨૪ના શિખર ચડાવીને બ્રહ્મભોજન કરાવીને રૂપિયા પાંચ હજાર ખરચીને માતાજી ઉમિયાનું દેવળ કરાવ્યાં રાજા પ્રભવ પ્રભાસ પાટણના રાજા હતા. તેણે મહાદેવ કાળેશ્વરનું દેવળ કરાવેલ. તે સંવત : ૯, વરસ ૪૫માં કરાવેલ. તેને વાણિયે ઉથાપ્યાં. તેનું નિર્વંશ ગયું. ગામી પટેલ લીંબે તે મહાદેવ કાળેશ્વરનું દેવળ કરાવ્યું. માતા ઉમિયાજીની આગળ અબોટી તળાવ છે. ઈશાન ખૂણા તરફ છે. તેમાં એક વાવ છે. માતા (ઉમિયાજી) ના મંદિરની જગ્યામાં મીરાંબાઈનાં પગલાં છે. માતાનાં દહેરાંની પાછળ ઘણા સૈયદની કબર છે. માતાનાં દેરાંથી ઉત્તરાદિ તરફ વસનદાસની સમાત છે. સ્વામિ ગણેશગર સાથે એમણે જીવતાં સમાત લીધેલ. તેઓ કોળી ભગત હતા. માતાનો કોટ (કિલ્લો) કરાવ્યો. સવંત. ૧૮૭૩માં ચૈત્ર સુદી ૪ દિવસે મૂરત લીધેલ. વરસ છ સુધી કામ ચાલેલ. સંવત : ૧૮૭૮માં (કોટ) પૂરો કર્યો પાટણ શહેરથી તળાવની વાવના પત્થરા મંગાવીને કોટ ચણાવ્યો. તેમાં, દરવાજો પૂર્વમાં, એક આથમણો દરવાજા, એક ઉત્તરાદો, એ પછી કોટને બૂરજ છ છે. બારીઓ બાર છે. છ બારીઓ બૂરજ (કોઠા)માં છે. છ બારીઓ બીજી છે. કુલ : બારીઓ ૧૨ છે. મહાદેવ કાળેશ્વરનું દેવળ છે.

૩૪. બાદશાહ અલાઉદ્દીનના ભાટ બે. મહાકરણ તથા રવિકરણ ભાઈ બે. દ્વારકાની યાત્રા કરીને આવતા હતા તે ગામ ઊંઝામાં આવ્યા (ત્યાં તેમણે જાણ્યું કે :) ત્યાંના કરડવા ' કરડવા બાદશાહ' કહેવાય છે. (ભાટોએ પૂછવાથી) કરડવા બાદશાહોએ કહ્યું કે : ' માતા (ઉમિયાજી) અને મહાદેવે બાદશાહનું બિરદ આપેલ છે. ' પછી બાવન શાખના કરડવા બાદશાહે બારોટને ઘણા દિવસો સુધી ઊંઝામાં રોક્યા. પછી સરપાવ અને લાખપસાવ આપીને વિદાય આપી. (ભાટો પાસેથી વાત જાણી) બાદશાહ અલાઉદ્દીન ઊંઝા માથે ચડ્યો. લડાઈ થઈ પણ કોઈનો વિજય ન થયો. ત્યારે ઘર દીઠ રૂપિયો ૧, વેરો કરી આપ્યો. આમ બાર મહિને રૂપિયા પર, બાદશાહને આપે. અને પછી બાદશાહે કરડવાને બાદશાહનું બિરૂદ આપ્યું તે આજ સુધી ચાલુ છે. ત્યારથી વેરો માથે ચડ્યો.

૩૫. ગામ ઊંઝામાં જાદવ શાખના રજપૂતો હતા. સવા ત્રણસો બરછી ઊભી થતી હતી. તે જાદવ રજપૂતો ગામમાં તોફાન, અનીતિ કરવા લાગ્યા. પટેલ હામા મોલાતના દીકરાની વહુનો માફો. વીરમગામના દેસાઈ નરપાલજીની દીકરીને લઈને આવતો હતો : ગામ ઊંઝાને પાધર દૂધલી કૂવે આવ્યો ત્યારે જાદવ ભાદલજી અને બીજા આગેવાનો ભેમોજી, રવોજી, કરણોજી એ બોલ્યા કે ' આ માફો (વેલ) કેનો છે ? ' ત્યારે પટેલો કહે છે જે : પટેલ હામા મોલાતના દીકરાની વહુનો છે. બીજો માફો દખણાદો માતા પાસે જાય છે. તે ઝાંઝણ રુસાતના દીકરાની વહુનો છે.' ત્યાં જાદવ રજપુતોનાં છોકરાઓએ કાંકરીચાળો કર્યો. ત્યારે વહુએ કીધું જે : ' કોણ છે ? ' ત્યારે ગોર કહે છે જે : ' જાદવના છે. ' ત્યારે વહુએ કહ્યું કે : આજે તો કાંકરીચાળો કર્યો છે. કાલે તો મને ઘરમાં બેસાડશે. ત્યારે પટેલ શું કરશે ? માટે ગોર તમે આ કાપડું લઈને જાઓ. તે મારા સસરાભાને આપજો કે, જ્યારે જાદવ રજપૂતોને મારે ત્યારે મને પાઘડી બાંધીને તેડવા આવજો. નહિં તો કાપડાં પહેરો તો મને કહેવરાવી મોકલજો. મારા બાપને કહીને જાદવોનો વંશ કાઢી નંખાવીશ. એટલી તેવડ મારા બાપને પ્રતાપે છે. મારો બાપ અમદાવાદના બાદશાહનો કામદાર છે. " એમ કહીને માફો પાછો વાળ્યો.

નરપાળ દેસાઈની દીકરીઓ બે. રુસાત ઝાંઝાના પુત્ર હરિસંગની વહુ બાઈ ફુલકુંવરબાઈ, તથા મોલોત હામાના પુત્રની વહુ બાઈ રાજકુંવરબાઈ. એ બંને પાછી વીરમગામ ગઈ. ત્યારે રાતે બંને પટેલોએ ભેગા થઈ વાત કરી જે : ' શું કરવું ? જેથી જાદવનો પગ જાય ? ' એવો વિચાર કરીને ગામ અમદાવાદ આવ્યા. બે પટેલ અને એક શેઠ (વણિક), એ વખતે અમદાવાદની ગાદી ઉપર સુલતાન મહમદશાહ હતો. બાદશાહને મળવાનો મેળ ન ખાય. ત્યારે પટેલો મરવા (આપઘાત કરવા) માંડ્યા. ત્યારે વાણિયો કહે : ' આપણે ત્રણેય (સાથે) મરીશું. પણ ત્રણ દિવસ ધીરજ રાખો. ત્યારે ત્રીજે દિવસે બકોલશાહ વહોરે જે બાદશાહનો વજીર હતો. તેનો મેળાપ કરાવ્યો. રૂપિયા

૩૦૦૦ (ત્રણ હજાર) આપ્યા. ત્યારે વજીરે પટેલોને બાદશાહની મુલાકાત કરાવી. ત્યારે પટેલોએ અરજ કરી કે : ' સાહેબ, અમારા ગામમાં જાદવ રજપૂતો રહે છે. એ બાદશાહી વેરો આપતા નથી. અમારી બેન, દીકરી તથા વહુની લાજ લ્યે છે. ' ત્યારે બાદશાહે પરવાનો કરી આપ્યો જે : ' તમે ગામ સરખેજ જાઓ તે (સરખેજ વાળા) તમારી સાથે આવશે. ત્રણે જણ ગામ સરખેજ ગયા. બાદશાહી પરવાનો સરખેજના સૂબાને આપ્યો. જે તેણે માથે ચડાવીને કહે : ' તમે કહો એમ કરીએ. ' પટેલ હામો કહે કે : ' માફા તૈયાર કરાવીને એક એક માફામાં આઠ આઠ જણ બેસો બખ્તર પહેરીને. અમારો માણસ તમને તેડવા આવે ત્યારે તમારે આવવું. પછી ત્રણે જણ પાછા ગામ ઊંઝા આવ્યા. ત્યારે જાદવોએ પૂછ્યું કે : ' પટેલ આટલા દિવસ ક્યાં જઈ શું કરી આવ્યા ? ' ત્યારે પટેલ કહે છે જે : ' અમે રેવાજીની યાત્રા કરવા ગયા હતા. ' ત્યારે જાદવ રજપુતો કહે :

પટેલ, યાત્રા કરી એની ખુશાલીમાં તમે કંઈ કરશો કે ? ' ત્યારે પટેલ ઝાંઝણ તથા હામો જણ બે બોલ્યા કે ; ' અમે ગામ જમાડીએ પણ તમે ગામ ધણી, તે (તમે) પહેલા જમો. ' ત્યારે જાદવ રજપૂતો કહે ' ભલે,' ત્યારે પટેલ ઝાંઝણ જમણની તૈયારીની વાતો કરે છે. અને (પટેલોએ) સરખેજમાં માણસ ગુપ્ત પણે મોકલ્યો. ત્યાં સરખેજના મલેક શેખના દીકરા ચાર હતા. અલીશેર મલેક, અજબશેર મલેક, માહમદ મલેક, એનશા મલેક. તેઓ ત્યારે ૮૪ માફા તૈયાર કરીને ચાલ્યા તે ગામ ઊંઝે આવ્યા. ત્યારે લોકોએ પૂછ્યું જે ' આ માફા કોના છે ? ' ત્યારે સાથે ચાકર હતા તેમણે કહ્યું જે : ' બાદશાહની બીબીઓ છે. તે દિલ્લી જાય છે. રાતો રાત. એની ચાકરી કરો. ' ત્યારે પટેલોએ જાદવોને કહ્યું કે : ' આ તો બાદશાહનું કુટુંબ છે. તે જો જો કોઈ માફો જોશો નહિ. ' કહેવરાવ્યું છે. (માટે જો) જોશો તો અનર્થ થશે ' ત્યારે રજપૂતોએ દુહાઈ ફેરવી કે ' કોઈ બાદશાહી માફાને જોશો (તપાસશો) નહિ.' ત્યારે પ્રથમથી નવા ઓરડા કરાવી રાખ્યા હતા તેમાં માફાના માણસોને ઉતારીને રાતવાસો આપ્યો.

સવારે ખાલી માફાઓને રવાના કર્યા. પછી ગામમાં જમવાનાં નોતરાં ફેરવ્યાં. જાદવ રજપૂતોને કહ્યું : ' તમે કોઈ હથિયાર સાથે લાવશો નહિં. કેમ કે દારૂ મંગાવ્યો છે. તે તમે પીને ગાંડા થાઓ અને અંદરો અંદર લડી મરો તો મારે માથે ઠબકો રહેશે, તે મારે જોતો નથી. ' પછી રજપૂતોને માથે રહીને ઘણો દારૂ પાયો. તેઓ નશામાં ચકચૂર થઈને જમાવા બેઠા. જમતાં જમતાં છાશ માગી... એ વેળા પીરસણિયાએ મલેકને છુપાવેલા તે ઓરડા ઉઘાડીને માઢે (મુખ્ય દરવાજે) તાળાં દીધાં. પછી બારીએથી નાઠા. પછી બંદૂકનો ભડાકો કર્યો ત્યારે ઓરડામાંથી મુસલમાનો નીકળ્યા અને જાદવ રજપૂતોને તેમનો સર્વનાશ કરવા રૂપ છાશ આપી. ગર્ભિણીઓના ગર્ભ પાડી નાખીને જાદવોનો વંશ કાઢ્યો. જાદવ રજપૂતોમાં જણ એક સાસરે હતો તે બચી ગયો. તે ગામ પાટણ આવ્યો. ગામ વાણામાં વટલીને ગામે

રાનેરે વસ્યો. તેના (વંશજો) ઠાકરડા થયા. સવંત ૧૪, વરસ ૭૬ ના ચૈત્ર સુદી ૮ ને દિવસે મુસલમાનો જાદવ રજપૂતોને મારીને ઊંઝામાં વસ્યા.

૩૬. સવંત ૧૭ વરસ ૫૦. ના ચૈત્ર સુદી ચોથના દિવસે પુસી (પશુવેરો-શિંગરોટી) ઉઘરાવતા હતા ત્યારે મિંયા હાથીખાન મોટા કહે : ' પટેલ, તારી ભેંસનો રૂા. ૧ તો તમે આપતા નથી. (હવે) અમે ગામની અને વાંટાની (પાટીની) પુસી ઉઘરાવશું. ત્યારે પટેલ ઠાકરો કહે : ' મિયાં, તમને તો મારો ઘરડો (વડીલ) કાલ લઈ આવ્યા છે. તે વરતણિયા (ચાકર) કરીને વસાવ્યા છે. ને તમે ગામના ધણી થાવ છો એ સારું નથી. ' ત્યારે મિયાં હાથીખાને કહ્યું કે : ' તરવારાં માગતા હે.' ત્યારે પટેલ કહે : ' તમારી તરવાર એમની એમ રહી જાશે.' આ રીતે બોલતાં ઘણું વધુ બોલાઈ ગયું. તે (મુસલમાનો) પટેલ ઠાકરાને મારીને ગયા. તે વેર રુસાત કુટુંબે દિલમાં રાખ્યું : ' જે આજ તો એમનું જોર છે. ' ત્યારે મુસલમાનો પટેલ ઠાકરાના દીકરાને મારવા ગયા. તે રંગાબાઈએ છોકરાં છાણાંનાં મોઢવામાં સંતાડ્યાં ત્રણ દીકરાને. તે પછી રાતે છાનાં કાઢ્યાં, અને ગામ ગાંભુએ રાતે લઈ ગયાં. પદમાબાઈના પિયરમાં છોકરાંના મોસાળે મૂકીને પાછાં આવ્યાં પછી મુસલમાનો કહે જે : ' હવે રુસાત કે મોલાતમાં વાંકો (બંકો-વીર) કણબી ઉછરે તો તેને મારી નાખશું. ત્યારે આપણું રાજ બરાબર જામશે. તે કોઈ મુસલમાનને મોઢે બોલી ન શકે.

૩૭. સવંત. ૧૮૧૯ના ચૈત્ર સુદી ૪ ના દીવસે પોળ ૪, કરાવી. પોળ એક મોખાતની પહેલાં. દરવાજો એક ભોમાતની (પોળ) તરફ. પટેલ હરિસંગે કરાવ્યો. સવંત ૧૮૧૯ માં મુસલમાનોને ઊંઝામાંથી કાઢ્યા. સવંત : ૧૯૨૦માં સમાધાન કરી પાછા લાવી વસાવ્યા.

૩૮. સવંત. ૧૮૧૯માં દરબારનો કિલ્લો કરાવ્યો. ચૈત્રી વદી આઠમે.

૩૯. સવંત. ૧૮૩૮માં પોળો ૩ કરાવી. ચૈત્ર સુદી ચોથે કરાવી. બીજો એક લાલ દરવાજો કરાવ્યો. ભામોટોની પોળ આગળ પોળ કરાવી. ત્રીજી રૂપારેલ પોળ કરાવી.

૪૦. પટેલ હરિસંગનો પુત્ર પુંજો, શંકરદાસનો પુત્ર જેકણદાસ અને ઘાંચી રંગો કામ આવ્યા. મુસલમાનોએ માર્યા સંવત. ૧૮૨૧માં.

ઉમિયાજી માતાજીનાં મંદિર અંગે ની નોંધો :

૧. પટેલ જોધાએ ગંગાજીની યાત્રા કરી. કાવડ ભરીને દ્વારકનાથને ચડાવી. ઘરે આવી પરગણું ભેળું કર્યું. યજ્ઞ કર્યો. પકવાન વડે નાત જમાડી. શ્રી માતાજી (ઉમિયાજી)નું દેરું કરાવ્યું. સોનાનું ઈંડું ચડાવ્યું.

૨. પટેલ હીરે ગંગાજીની જાત્રા કીધી. કાવડો ભરીને રણછોડરાયને ચડાવી. ઘેર આવી પરગણું (ભેળું) કર્યું. રૂપિયા પંદર હજાર ખરચ્યા. માતાજી (ઉમિયાજી)નું દેરું ગામના

પાધરમાં કરાવ્યું. મહાદેવનું દેરું કરાવ્યું. કૂવો ૧ કરાવ્યો. વાવ કરાવી. ગામ કમલીવાડામાં પટેલ હીરો સાખે ફોક, રૂપિયા ૧૬૦૦૦, ખરચ્યા.



[મોલ્લોત શાખના કડવા પાટીદારોના વિદ્વાન વહીવંચા બારોટ શ્રી જસવંતકુમાર લાલજીભાઈ રે. સિદ્ધપુર (ઉત્તર ગુજરાત)]

૩. ૫-૭ ફોક શાખાના પટેલોએ ભેગા થઈને માતાજી ઉમિયાજીનું દેરું કરાવ્યું. થંભ. ૮૪ (ચોરાશી) મુકાવ્યા. ઈંડાં ત્રણ મૂકાવ્યાં. રૂપિયા ૫૨૦૦૦, (બાવન હજાર) ખરચ્યા. યજ્ઞ કર્યો, બ્રહ્મભોજન કર્યું, વહીવંચા બારોટને બાજરો ભરીને ગાડું સજુતું (બળદ સાથે) આપ્યું. રાજા વિક્રમની વારમાં.[1]

૪. માથા સરે આદા ઊંઝા, સાખે સાકરિયા. ઊંઝામાં ઘરથાળા કરાવ્યાં. માતાજી ઉમિયાજીનું દેરું કરાવ્યું. ગણેશની દેરી કરાવી.

૫. ઉનાવામાં સિપાઈઓ સાથે કજિયો થયો. ત્યારે પાંચ સિપાઈઓને મારી ઉચાળા ભર્યો. એક ભાઈનો પરિવાર માળવે ગયો. એકનો સુરત ગયો. ભાઈ બે ગામ કુંડાલે વસ્યા. સવંત ૧૨૩૨માં કુંડાલે વસ્યા. તેઓ કુંડાલિયા કહેવાયા. કૂવો કરાવ્યો. માતા ઉમિયાજીનું દેરું કરાવ્યું તે (વિગત) બારોટને ચોપડે મંડાવી રૂ. ૪૫, કડાં, વેઢ હેમનો આપ્યો.[2]

મોલ્લોત કુળનું પાટીદારોમાં સ્થાન :

વહીવંચાના ચોપડા અનુસાર ઊંઝામાં અતિ દિર્ઘ સમય લગી ગામી અને મોલ્લોત શાખાનું વર્ચસ્વ અને મહત્ત્વ રહેલું. પણ સોલંકી કાળમાં મોલ્લોત શાખા ગજું કાઢી ગયેલી. અને સમાજના કર્તા હર્તા લેખે મોલ્લોત શાખ આગળ આવેલી. અને કડવા પાટીદારો પર આ શાખના આગેવાનોનું વર્ચસ્વ સ્થાપિત થઈ ગયેલ.

૧ શ્રી રજનીભાઈ બારોટ, રે. સિદ્ધપુરને ચોપડેથી ક્રમ : ૧ થી ૬ સુધીની નોંધો કરી.
૨ શ્રી મણીભાઈ બારોટ, રે. સિદ્ધપુરને ચોપડેથી ક્રમ : ૭-૮ થી નોંધ કરી છે.

મોલ્લોત એવું શાખા નામ પાડવા માટે બારોટના ચોપડામાં એવી નોંધ છે કે, જ્યારે બાવન શાખાના પાટીદારોને વસાવવા ઊંઝા નગરીનું નિર્માણ થયું તે સમયે ભગવાન શિવે બાવનમાંથી મોલ્લોત, ગામી અને ગોઠી આ ત્રણ શાખાઓને પાટીદાર સમાજના અગ્રણી તરીકે સ્થાપિત કરેલી. એમાં મોલ્લોતોના આદિ પુરૂષ કુરમને મહાદેવે ' મોડલો ' એટલે કે મોડ ' રૂપ ' કહીને બોલાવેલ; અને કુરમને મોડ બંધાવેલ. આ કારણે કુરમના વંશજો ' મોડલોત ' એવા નામે ઓળખાયા. કાળક્રમે ' મોડલોત ' કે જેનો અર્થ ' મોડ બં ધાના વંશજ ' એવો થાય છે. તેમાં ૫ અક્ષરનો લોપ થતો. ' મોડલોત 'નું ' મોલ્લોત ' એવું લાઘવીકરણ પામેલું રૂપ થયું.[૧]

હવે ભૂતકાળના રિવાજ અનુસાર કોઈને નાત પટેલ કે ગ્રામ પટેલ સ્થાપવો હોય ત્યારે તેને પાઘડી (મોડનો પર્યાય પાઘડી છે.) બંધાવતા. આ રીતે ઉપરની બારોટના ચોપડાની નોંધ એમ સૂચવે છે કે ઊંઝાના પાટીદારોમાં સૌ પ્રથમ ગામી, ગોઠી, અને મોલ્લોત શાખાઓ, આગેવાન શાખાઓ હતી. તેમાં ગામી શાખ રાજવી શાખા હતી. અને તેણે ઊંઝા પર દિર્ઘકાળ રાજ્ય કરેલું જે આ અગાઉ આવી ગયેલું છે.

પણ સોલંકીકાળમાં ઊંઝામાં મોલ્લોત શાખાએ સારી પેઠે ગજું કાઢેલું. અને પાટીદાર સમાજમાં આગેવાન લેખે એક ચકી વર્ચસ્વ જમાવી દીધેલ તેમ લાગે છે. કેમકે આગળ જણાવ્યા પ્રમાણે પટેલ હેમાળા મોલ્લોતને ત્યાં પાટણપતિ રાજા કરણ હેમાળા પટેલની ભાણેજ અને પાલક પુત્રી એવી મિણલદેવી (મીનળદેવી)ને પરણવા આવેલ, ત્યારે હેમાળા પટેલે વડનગર કણબીઓને નાત બહાર મૂકી, કેટલાંક રાજપૂત કૂળોને પાટીદાર જ્ઞાતિમાં સંમિલ્લિત કરી દીધેલાં. જે વાત પણ આગળ કહેવાઈ ગઈ છે. આ વસ્તુ મોલ્લોત હેમાળા પટેલનો એ સમયે કડવા પાટીદાર સમાજ પરનો આગેવાન તરીકેના પ્રભાવની સૂચક છે.

મોલ્લોત હેમાળા પટેલનું આ પાટીદાર સમાજમાં ક્ષત્રિયોને સંમિલ્લિત કરવાનું કાર્ય અતિ મહત્ત્વનું અને હિંદુ સમાજના ઐક્યની દષ્ટિએ મૂલ્યવાન ગણાય એવું દિર્ઘ દષ્ટિ ભરેલું કાર્ય હતું. આને લીધે પાટીદાર સમાજમાં પણ હેમાળા પટેલનું સ્થાન દ્રઢ તો થયું સાથે ક્ષત્રિય સમાજનો પણ ટેકો મળ્યો. અને પાટીદારો અને ક્ષત્રિયો વચ્ચે પણ એકતાનું વાતાવરણ આ કારણે ઉદ્‌ભવેલું હશે. એમ માનવું યોગ્ય લાગે છે.

સિદ્ધરાજ પછી કુમારપાળ ગાદીએ આવેલો. આ કુમારપાળનો વધ કરવા માટે સિદ્ધરાજે પોતાની હયાતિમાં મારાઓ મોકલેલા ત્યારે મારાઓથી બચવા ભાગતા કુમારપાળને ભીમસિંહ મોલ્લોત નામે પટેલે બચાવેલો. અને એની પ્રાણ રક્ષા કરેલી.[૨]

---

૧. બારોટ શ્રી જસવંતસિંહ એસ. રે. સિદ્ધપુરની નોંધને આધારે

૨. શ્રી જશુભાઈ બારોટ રે. સિદ્ધપુરની નોંધોને આધારે.

આ કારણે પણ સોલંકીકાળમાં મોલ્લોત્ શાખાનો પ્રભાવ પાટણને રાજ દરબારે મજબૂત પણે જામી ગયો હશે. એમ માની શકાય. આ રાજદરબાર પરનો પ્રભાવે મોલ્લોત શાખાને પાટીદાર સમાજમાં આગેવાન લેખે સર્વમાન્ય કરવામાં અગ્રભાગ ભજવ્યો હશે તેમ લાગે છે કારણકે એ કાળે તો જેમનો રાજ દરબારે પ્રભાવ હોય એમનો જ પ્રભાવ સમાજ પર સ્થાપિત થતો. જેમને રાજવીઓ જ્ઞાતિ આગેવાન તરીકે માન્ય કરે, એમને સમાજ પણ સ્વીકારી લ્યે. એવો એ યુગ હતો.

આપણે આગળ જોઈશું તેમ ' બંધુકા ' લગ્નની પ્રથા કડવા કણબીની નાતમાં અતિ પ્રાચીનકાળથી જ્યારે સરસ્વતી નદી ગુજરાતમાં વહેતી હતી ત્યારથી છે. આ ' બંધુકા લગ્ન ' અંગેની બધી જ વ્યવસ્થા - વહેવાર મોલ્લોત શાખના જ આગેવાનોના હાથમાં હતી. તે જ્યાં સુધી ' બંધુકા લગ્ન 'ની પ્રથા ચાલુ રહી ત્યાં સુધી મોલ્લોત શાખના આગેવાનોના હાથમાં જ રહી. તેઓ જ સૌરાષ્ટ્ર કચ્છ અને માળવામાં ' બંધુકા લગ્ન ' ની નિશ્ચિત થયેલ તિથિની જાણ કરવા માટેની વ્યવસ્થા કરીને ચારે દિશાઓમાં ' લગનિયાં ' મોકલતા.

પાટણપતિ રાજા કરણની રાણી અને પ્રતાપી રાજવી સિદ્ધરાજની માતા મીનળદેવી ઊંઝાના હેમાળા મોલ્લોતની ભાણેજ અને પાલક પુત્રી હોઈ. આ સ્નેહ સંબંધને કારણે મીનળદેવી અને સિદ્ધરાજ ઊંઝામાં આવ્યાની અને હેમાળા પટેલનું સન્માન કર્યાની વિગતો બારોટની નોંધોમાંથી મળે છે.[૧]

રાણી મીનળનું બાળપણ ઊંઝામાં વિત્યું હોય તે અને તેનો પુત્ર સિદ્ધરાજ જીવનમાં એકાધિક વાર ઊંઝા હેમાળા પટેલને ત્યાં આવ્યા હસે અને હેમાળા પટેલનું અતિથ્ય માણ્યું હશે એમ માની શકાય.

કાળક્રમે મોલ્લોત શાખમાંથી એની કેટલીક પેટા શાખાઓ ઉદ્ભવી જે આ પ્રમાણે છે. (૧) મુંજાત (૨) ભેમાત (૩) વિંજાત (૪) વગદા (૫) મણવર (ભનવર) (૬) મુંગલા (૭) મોખાત (૮) પાણ (૯) મોકરાત (૧૦) દેસાઈ[૨]

પાટડીના કડવા પાટીદાર રાજવંશની અટક દેસાઈ છે. એથી એવી શક્યતા છે કે, એ પાટડીનો દેસાઈ રાજવંશ મૂળે મોલ્લોત શાખની પેટા શાખ દેસાઈ માંથી ઉદભવ્યો હશે. આ અંગે ઊંડાણથી વિશેષ સંશોધનની આવશ્યકતા છે.

હવે મોલ્લોત શાખના વર્તમાન પ્રભાવની વાત કરીએ તો ગુજરાતમાં ઘણા લાંબા સમય થયાં ઈંદ્રોત્સવ જેને ' માતાજીની પલ્લી નીકળવી ' કહે છે. તે ઉજવાય છે.[૧] ઊંઝામાં પણ

૧-૨. શ્રી જશુભાઈ બારોટ રે, સિદ્ધપુર ની નોંધને આધારે.

માતાજીની પલ્લી નીકળે છે. જે મોલ્લોતોના માઢમાંથી નીકળે છે. જે બહુ જુના સમયથી નીકળે છે. અને પલ્લીની વિધિ કરાવનાર બ્રાહ્મણોને આ મોલ્લોત પાટીદારોએ ભૂમિદાન પણ કરેલ છે.[૨] ઉંઝામાં આ પલ્લીના ઉત્સવનો સઘળો ખર્ચ મોલ્લોત શાખના પાટીદારો જ આપે છે.[૩] બંધુકા વિવાહ પણ મોલ્લોત શાખના માઢમાં થતા અને ત્યાં જ ચોરીઓ બંધાતી. મુસ્લીમોના હુમલા વખતે મોલ્લોતોના માઢમાં જ મા ઊમિયાની મૂર્તિને છૂપાવેલી. હાલ જ્યાં મા ઊમિયાની પ્રતિમાં રાખેલી એ ગોખની પૂજા પણ શ્રી નારાયણભાઈ ગંગારામ મોલ્લોત કરે છે.[૪] આવી પલ્લીઓ ઉત્તર ગુજરાતમાં સર્વત્ર ભરાય છે.

'કડવા પુરાણ' નામે બારોટોએ રચેલા એક ગ્રંથમાં મૂળથી જ મોલ્લોત અને રૂસાત શાખને પાટીદારોમાં આગેવાન હોવાનું વિધાન કર્યું છે. જે પણ સૂચવે છે કે કડવા પાટીદાર સમાજમાં મૂળથી જ આ બે શાખના પાટીદારો સામાજિક, રાજકીય અને બીજા સર્વ ક્ષેત્રે પાટીદારોમાં અગ્રણી રહ્યા હશે. યથા:

મોલ્લોતને રુસાત મોટા, ઊચા નગરે ઓપતા;[૫]

ઊંઝાના હેમાળા પટેલને પણ બારોટની વાણીમાં બિરદાવતાં તેને કરડવા પાટીદારોનો અગ્રણી અને મહાન પુરૂષ તરીકે વર્ણવ્યાં છે.

હીમાળો મુખી તેહનું નામ આવું,
એની વારમાં જે થયું તે વતાવું;
મેરૂ થડે માંય મોલ્લોત મોટો;
જડે કૈડવા નાતમાં નાંહી જોટો.[૬]

વનરાજ ચાવડાના વખતમાં રણા રજપૂતોને ઊંઝામાં કેટલોક ગિરાસ આવેલો. આ રણા રજપૂતો સિદ્ધરાજ જયસિંહના વખતમાં ઘણો ઉપદ્રવ અને જુલમ કરવા લાગેલા. હેમાળા મોલ્લોતે અને સહીઆ મોલ્લોતે રાણા ગામીને સાથે લઈને સિદ્ધરાજ જયસિંહ પાસે રાવ કરતાં સિદ્ધરાજે જાદવ રજપૂતો મોકલીને રણાઓની કતલ કરવી ઊંઝામાંથી તેમનો વંશ કાઢેલો.[૭] આ પ્રસંગ તત્કાલીન સોલંકી રાજસત્તામાં મોલ્લોત શાખાની વગ

૧. વેદકાળથી મા ઉમિયાની પૂજા અને કડવા પાટીદારો. ડૉ. અમૃત પટેલ પૃ. ૧૮
૨. એજન પૃ. ૧૮
૩. એજન પૃ. ૧૮
૪. એજન પૃ. ૧૮
૫. વેદકાળથી મા ઉમિયાની પૂજા અને કડવા પાટીદારો : - ડૉ. અમૃત પટેલ પૃ. ૧૮૩
૬. એજન પૃ. ૧૮૬
૭. શ્રી રજનીકુમાર બારોટ રે, સિદ્ધપુરને ચોપડેથી. તા. ૪-૧૧-૯૮

અને પ્રભાવની ગવાહીરૂપ છે. અને હેમાળો પટેલ પોતાના સમયમાં સર્વોચ્ચ પાટીદાર આગેવાન લેખે નામના પામેલો હતો તેમ સૂચવે છે.

જાદવ રજપૂતો પણ સમય જતાં વકરી ગયા અને વિ.સં.૧૪૭૬ માં એમણે હામા મોલ્લાત અને ઝાંઝણ રુસાતની પુત્રવધુઓની મજાક કરી. ત્યારે અમદાવાદ જઈને પટેલ હામાં મોલ્લાત અને ઝાંઝણ રુસાતે મુસલમાનોને લાવીને જાદવોની કતલ કરાવેલી. અને ઊંઝાને જાદવોના જુલમમાંથી ઉગારેલ. આ પ્રસંગ પણ મોલ્લોત શાખાની એકાળે પાટીદાર સમાજમાં આગેવાની હોવાનું સૂચવે છે.[૧]

એ પછી એ મુસલમાનો કે જેઓ જદરાણ કહેવાતા. તેઓ પણ ગર્વાંધ થઈ જતાં તેમનો જુલમ પણ ઉંઝાંની પ્રજા ઉપર વધી જતાં એમની વિરુદ્ધ લડવામાં અને એ મુસલમાનોનો સંહાર કરવામાં હરિસિંહ મોલ્લોતે અગ્ર ભાગ ભજવેલો. જે આપણે બારોટના ચોપડાની નોંધોમાં હવે પછી જોઈશું. મુસલમાનોનો સામનો કરવામાં મોલ્લોત પટેલોએ શહીદી પણ વહોરેલી જે પણ બારોટનો ચોપડો બોલશે.

' બંધુકા લગ્ન 'નો અતિ પ્રાચીન રિવાજ કે જે ને કારણે સમગ્ર કડવા પાટીદાર સમાજ એક્યતાને તાંતણે બંધાયો હતો. તેના મોલ્લોત પાટીદારો પ્રબળ ટેકેદારો હતા. એટલું જ નહિં પણ ' બંધુકા લગ્ન ' અંગેનો બધો વહેવાર ઊંઝાના મોલ્લોત પાટીદારોના હસ્તક રહેતો હતો. તે પણ બહુ જુના સમયથી.

વિ. સં. ૧૯૦૩ની આસપાસ થયેલા ઊંઝાના પટેલ થોભણદાસ મોલ્લોત મા ઉમિયાના પરમ ભક્ત, સમાજના આગેવાન અને ' બંધુકા વિવાહ ' ના અતિ ચુસ્ત ટેકેદાર હતા. તેમણે માતાજીની પ્રેરણાથી પ્રત્યેક દશ દશ વરસે ' બંધુકા લગ્નો ' થાય એવું આયોજન કરેલું. જે સર્વત્ર પાટીદારોમાં માન્ય થવા માંડેલું. કેમ કે, ચાલી આવતી જુની પરંપરાનાં ' બંધુકા લગ્ન ' પ્રથામાં કેટલીક વિસંગતતાઓ આવી ગઈ હતી. જમાં પટેલ થોભણદાસ મોલ્લોતે સુધારણા કરેલી. અને વિસંગતતાઓ દૂર કરીને સુસંગતતાઓ યુક્ત ' બંધુકા લગ્ન ' પ્રથા ચાલુ કરેલ.[૨]

તે ઉપરાંત એ સમયને અનુકુળ એવી એક નવી વાત પણ થોભણદાસ મોલ્લોતે શરૂ કરેલી. એ હતી એક વૈવાહિક વર્તુળ રચવાની વાત. જેને લોક બોલીમાં ' ગોળ ' કહે છે. એમાં નિશ્ચિત કરેલ ગામોમાં જ કન્યા વહેવાર થઈ શકે. આ પ્રથાને કારણે સમાજમાં કન્યા વહેવારમાં કંઈક સરળતા આવી. અને દહેજનાં દુખણ પર પણ પ્રહાર થયો.[૩] થોભણદાસ મોલ્લોતે સર્વ

૧. એજન તા. ૪-૧૧-૯૮

૨. વિદકાળથી મા ઉમિયાની પૂજા અને કડવા પાટીદારો : ડૉ. અમૃત પટેલ પૃ. ૧૩૭.

૩. એજન પૃ. ૧૩૮

પ્રથમ પોતાની આગેવાની નીચે ઉત્તર ગુજરાતમાં બાર ગામનો ગોળ બાંધ્યો.[૧] એમાંથી પ્રેરણા લઈને ઉત્તર ગુજરાતના કડવા પાટીદારોમાં બીજા ગોળ પણ તે પછી બંધાવા લાગેલા. આ બારગામના ગોળની રચના વેળા વિશાળ પાટીદાર સંમેલન પણ બોલાવેલ.

આ થોભણદાસ મોલ્લોત એ સમયે ગાયકવાડ સરકાર તરફથી ઊંઝા અને તેની આસપાસના ગામોનું ભરણું (સરકારી લેણું-મહેસુલ વિગેરે) ઉઘરાવવાની વસુલાતી અધિકારી હતા. એમના પર સરકારી નાણાંનો કડવા પાટીદારોના સંમેલનમાં ઉપયોગ કર્યાનો ગાયકવાડ સરકારે આરોપ મૂકેલો, અને ધરપકડ માટે પણ પ્રયાસ થયેલો. પણ ગાયકવાડ સરકાર આમાં ફાવેલ નહિં, તેમ થોભણદાસ મોલ્લોતની ધરપકડ પણ થઈ શકેલ નહિં. અંતે સમાધાન કરીને ગાયકવાડ સરકારે થોભણદાસને પુનઃ સરકારી ભરણું વસુલ કરનાર અધિકારી લેખે નિમણુંક કરી. ઊંઝામાં થોભણદાસ પાછા આવ્યા ત્યારે તેમનું ભવ્ય સામૈયુ કરીને કડવા પાટીદારોની સમગ્ર નાતના પટેલ બનાવવામાં આવ્યા.[૨] અને એ સાથે થોભણદાસ મોલ્લોત સમગ્ર કડવા પાટીદાર જ્ઞાતિમાં સર્વોચ્ચ આગેવાન લેખે પ્રતિષ્ઠા પામ્યા.[૩]

થોભણદાસ મોલ્લોતે સર્વ પ્રથમ બારગામનો ગોળ બાંધીને કડવા પાટીદાર જ્ઞાતિને કન્યાઓની અછત અને તેને કારણે ગરીબોમાં વધતાં અવિવાહિતપણાં અને શ્રીમંતોનાં એકાધિક લગ્નો જેવાં દુષણોમાંથી ઉગારવાનો રસ્તો બતાવેલો. એ પછી કડવા પાટીદારોમાં ઘણા ગોળ બંધાયેલા.

આ થોભણદાસ મોલ્લોતના ગાયકવાડ સરકારની કચેરીમાંના પ્રભાવને બિરદાવતાં કાવ્યો ચારણોએ રચ્યાં હશે. તેમાંથી એક કાવ્ય પ્રાપ્ત થયું છે. જે કોઈ અજ્ઞાત ચારણ કવિએ રચ્યું છે :

થરી એકાં હાથ ઉથપે થાપિ,
લેઉ કાય સમપિ લંભ;
સુબા કથન ન ચિરી શકેઆ;
થોભણ થેઆ કચેરી થંભ....૧

(જે એક તરફ વિરોધીઓને ઉથલાવી નાખે છે, તો બીજી તરફ પોતાની વળના માણસોને સારાં સ્થાને સ્થાપે છે. જેનાં વચનને સુબાઓ પણ ઉથાપી શક્યા નથી. એ થોભણ પટેલ ગાયકવાડી દરબારનો એક આધાર સ્થંભ થઈ રહ્યા છે.)

---

૧. એજન પૃ. ૧૩૮
૨-૩. વેદકાળમાં ઉમિય્ફની પૂજા, અને કડવા પાટીદારો. ડૉ. અમૃત પટેલ પૃ. ૧૩૯ થી ૧૪૧

જીવણદાસ તણું ગણ જાણણ,
ઘટ મઝિ ડાપણ તોલ ઘણું;
પંચ પટેલી કરી પટેલે;
પ્રાઝુ કિઉ પટેલ પણું....૨

(આ જીવણદાસ પટેલનો પુત્ર કે જે કાવ્યરસિક અને દિલમાં બુદ્ધિના મોટા ભંડારરૂપ છે. તેણે પટેલાઈના દાવપેચ ખેલીને પોતાની પટલાઈ હોદાને દ્રઢ કર્યો.)

કળ અજુઆલણ ઠાલ થિઉ કળ,
ફાલ કિઉ નહ કણિ ફરિ;
કળિ ભલ અમલ જમાઉ કરડુવે;
હિંસલ મલ્લ ગંગેવ હરે[1]....૩

(પોતાનાં કુળને ઉજાળનાર આ થોભણદાસ પટેલ પોતાનાં કુળને દ્રઢ કરવાવાળો થયો. આ ગર્જના કરતા મલ્લ (યોદ્ધા) એવા ગંગા પટેલના વંશજે જગતમાં પોતાનો પ્રભાવ આ પ્રમાણે સારી રીતે જમાવ્યો.)

થોભણદાસ પછી એમના પુત્ર બાજીદાસ મોલ્લોત તથા બાજીદાસના પુત્ર શામળદાસ મોલ્લોત સુધી આ મોલ્લોત પરિવાર ' બંધુકા લગ્ન ' નો અતિ આગ્રહી અને ટેકેદાર હતો. પણ પછી નવા યુગની અસરો અને કડવા પાટીદારોના બુદ્ધિજીવીઓનાં સુધારાવાદી આંદોલનો તેમ ગાયકવાડ રાજ્યના બાળ વિવાહ પ્રતિબંધક ધારાને લીધે છેલ્લાં ' બંધુકા લગ્ન ' વિ.સં. ૧૯૭૮માં થયાં. એ પછી ' બંધુકાં લગ્ન 'નો રિવાજ બંધ થઈ ગયો.[2] જ્યાં સુધી આ ' બંધુકા લગ્ન 'ની પ્રથા ચાલુ રહી ત્યાં સુધી આ રિવાજ મુજબનાં લગ્નો કરવાનાં મુહુર્ત કાઢવાથી લઈને માણેક સ્થંભ રોપી તેનું પૂજન - અર્ચન કરવાનું લગ્ન મુહૂર્તની જાણ કરવાની કાર્યવાહીમાં મોલ્લોત શાખા સદા આગેવાન રહી છે.[3]

માળવા અને ગુજરાતના કડવા પાટીદારોમાં એક્યતા વધે અને સ્નેહભાવના વધે તે અર્થે, તેમ ગુજરાતના વ્યાસો કે જેઓ ભવાઈના ખેલ કરવા જતા હતા તેમની સંભાળ રાખવા અને દાન માનથી સંતોષવાનો પત્ર ઉંઝાના પાટીદારોએ માળવાના પાટીદારો પર વિ.સં. ૧૯૦૪માં લખેલો. જેમાં પણ ઊંઝાના આગેવાન લેખે પટેલ થોભણદાસ મોલ્લોતનું નામ છે.[4]

' બંધુકા લગ્ન ' ના વિરોધમાં જે સુધારાવાદીઓ હતા એમાં પણ મોલ્લોત

૧. સૌ. યુનિ. ગુ. ભા. સા. ભ. ચા. સા. સા. હ. પ્ર. ભંડાર : ૨૫૦ / ૩૮૮૨
૨. વેદકાળથી મા ઉમિયાની પૂજા અને કડવા પાટીદારો : ડૉ. અમૃત પટેલ પૃ. ૧૫૩
૩. એજન પૃ. ૧૫૨-૧૫૩
૪. શ્રી નટવરલાલ નાયક રે, બોરીસણાને ચોપડેથી.

આગેવાનો હતા. જેમણે નવાયુગના નવા વિચારો અનુસાર બદલાયેલા જમાના પ્રમાણે 'બંધુકા લગ્ન ' સમાજના હિતમાં નથી તેમ સ્વીકારીને આ પ્રથાનો વિરોધ પણ કરેલો. આ રીતે ઊંઝાનું મોલ્લોત કુટુંબ ' બંધુકા લગ્ન ' ની તરફેણ કરનાર, અને એનો વિરોધ કરનાર એવાં બે પક્ષોમાં એ કાળે વહેંચાઈ ગયેલું.[૧]

હવે મોલ્લોત પરિવારના બારોટના ચોપડામાંથી મળતો કેટલોક નવો ઈતિહાસ જોઈએ. આ પહેલાં ગામી શાખાના કડવા પાટીદારોના ચોપડેથી ઊંઝાના મુસલમાનો સાથેનો કડવા પટેલોનો અણબનાવ અને મુસલમાનોએ આચરેલો હત્યાકાંડ અંગેની વિગતો જોઈ છે. જેમાં પટેલ હરિસંગ મોલ્લોતના પુત્ર પુંજાને, શંકરદાસ જે કરણદાસને, ઘાંચી રંગાને મુસલમાનોએ મારેલા એ વિગતો હતી. એ પછીની વિગતો મોલ્લોત પરિવારના બારોટ શ્રી જસવંતસિંહજી લાલજીભાઈના ચોપડેથી મળે છે. તેની નોંધો સરળ ગુજરાતી કરીને અત્રે પ્રસ્તુત કરી છે. જેમાં પટેલ હરિસંગ મોલ્લોતની વીરતાનાં દર્શન થાય છે. સાથે પટેલોએ મુસલમાનો માથે વાળેલાં વેરની પણ વિગત મળે છે. તેમ આ બારોટના ચોપડા દ્વારા એ વાત પણ જાણવા મળે છે કે ' બંધુકા લગ્નો ' નો બધો જ કારભાર મોલ્લોત અને ગામી શાખને હસ્તક રહેતો હતો.

વળી પ્રથમ ઊંઝાનો - ગુજરાતનો પ્રદેશ ગાઢ જંગલોવાળો ખેતી વિહીન હતો. અને ત્યાં ગોહ-ગુહ જાતિના ભીલો વસ્તા હતા. એમ પણ બારોટનો ચોપડો કહે છે. ગુહ એટલે ગુફા વાસી એવો અર્થ થઈ શકે છે. કેમકે ગુહાનો અર્થ ગુજરાતીમાં ગુફા એવો પણ થઈ શકે છે. જે જંગલી અને પત્થર યુગનાં માનવોનું સૂચન કરે છે. બારોટના ચોપડા અનુસાર એ ગાઢ જંગલોને બાળીને ભગવાન શિવે ત્યાં કુર્મિઓને વસાવ્યા અને ઊંઝા નગર વસાવ્યું. એ ઉલ્લેખ પણ કણબીઓ દ્વારા સૌ પ્રથમ ખેતીની શરૂઆત ગુજરાતમાં થઈ હોવાનું સૂચવે છે. તે સાથે સૌ પ્રથમ ગ્રામો અને નગરો વસાવવાની શરૂઆત પણ ભગવાન મહાદેવ અને તેમના અનુયાયિ એવો કુર્મિઓ દ્વારા થયાનું બારોટનો ચોપડો કથે છે. આ રીતે પુરાણો સાથે બારોટના ચોપડાનો મેળ બેસે છે. હેડંબા ભીલડીનું રાજ ઊંઝાના પ્રદેશમાં હતું એવું બારોટના ચોપડાનો ઉલ્લેખ એમ સૂચવે છે કે એ સમયના ગુજરાતના પથ્થર યુગના માનવીઓમાં સ્ત્રીઓનું વર્ચસ્વ હતું. એ યુગ પુરુષપ્રધાન ન હતો. બારોટના ચોપડામાં ઉલ્લેખિત ભીલ નારી હેડંબા અને મહાભારતની હેડંબા બંને અલગ છે. આપણે આગળ જોયું તે પ્રમાણે ઊંઝા તેત્રાયુગમાં ભગવાન શિવ અને જગદંબા ઉમિયા દ્વારા વસ્યું છે. જ્યારે મહાભારતની હેડંબા દ્વાપર યુગની છે. આ રીતે બંને હેડંબાઓ વચ્ચે એક યુગનો ગાળો છે. જે બંનેને અલગ-અલગ સૂચવે છે. હવે મોલ્લોત પરિવારના બારોટના ચોપડામાંથી કરેલી નોંધો જોઈએ :

---

૧. વેદકાળથી મા ઉમિયાની પૂજા અને કડવા પાટીદારો : ડૉ. અમૃત પટેલ પૃ. ૧૫૨

૧. ગુજરાતમાં ભીલોની વસ્તી અને તેમનું રાજ હતું. તેમને ગોહ ભીલ કહેતા.... ત્યાં પાટીદારોના ઉચાળા આવ્યા. ત્યાં હેડંબા ભીલડીનું વન હતું. ત્યાં તળાવ હતું. ત્યાં પાટીદારોએ મુકામ કર્યો. ભીલોએ એમના પર હુમલો કર્યો. પાટીદારોએ સામનો કર્યો. ભીલો નાસી ગયાં. કંઈક ઘાયલ થયા, કેટલાક તરસ્યા ઘાયલો પાણીમાં પડ્યા. સવાર થતાં ત્યાંથી મહાદેવ અને પાર્વતી જતાં હતાં. તેમણે પાટીદારોને જોયા. પાટીદારોના કપાળમાં ત્રિપુંડ હતાં. તેથી ભગવાન શિવે જાણ્યું કે આ તો મારા ઉપાસકો-શિષ્યો છે. મહાદેવે પૂછ્યું કે, 'આમ શાથી થયું ?' પાટીદારોએ કહ્યું જે ભીલો એ અમને લૂંટી લીધા. ત્યારે મહાદેવને કાળ ચડ્યો. તેથી ત્રીજું નેત્ર ખૂલ્યું. આગ જંગલને બાળવા માંડી. ભીલો નાઠા. ચપેટે આવ્યા તે બળી મર્યા... ત્યારે હેડંબા ભીલડી ઉમિયાજી પાસે આવી. પગે લાગીને બોલી : 'માતાજી, આ વન મારું છે. આ વન ને લીધે મારી આજીવિકા છે. તેને મહાદેવે બાળીને કોલસા કર્યાં...ત્યારે માતાજીએ (ઊમિયાજીએ) મહાદેવને શાંત કર્યા... તે જગ્યાએ તોરણ બાંધીને માતા ઊમિયાજીના નામથી ઊમિયાપુર પાટણ નગર વસાવીને રહ્યા. બાવન શાખના પાટીદારો રહ્યા. જે જગ્યાએ મહાદેવે કાળ (કોપ) ચડાવીને વનને બાળેલ તે જગ્યાએ કાળેશ્વર મહાદેવ સ્થાપિત કર્યા. માતા ઊમિયાજીની સ્થાપના કરી. જે તળાવમાં પાટીદારોનું લોહી પડ્યું હતું તે તળાવનું પાણી પીવું બંધ કર્યું. તેથી તે તળાવનું અબોટી તળાવ કહેવાણું.

૨. મહાદેવે બાર-બાર વરસે લગ્ન કરવાનો આદેશ આપ્યો. અંધ-અપંગ કન્યાઓને ફૂલ દડે પરણાવવાની આજ્ઞા આપી. આ બાર બાર વર્ષે થતાં (બંધુકાલગ્નો) લગ્નોનો વહીવટ-દેખરેખ ગામી તથા મોલ્લોત શાખને આપ્યો. આમાં બીજા કોઈનો હક્ક-દાવો નથી. તે વહેવાર બાવન શાખના પાટીદારોએ (ભેગા) થઈને આપ્યો છે. જે સૌ પાટીદારોને કબૂલ છે.

૩. પટેલ હરિસંગ અવચળે સંવત ૧૮૧૯માં જહરાંણ (મુસલમાનો)ને ગામ (ઊંઝા)માંથી કાઢી મૂક્યા. પછી મનાવી (સમાધાન કરી) પાછા વસાવ્યા. મુસલમાનોએ દાઝ (વેર) રાખી કે પટેલ હરિસંગ મોલ્લોતને મારીએ તો પછી આપણાં સામું કોઈ થાશે નહિ. એવું વિચારી વિ. સં. ૧૮૨૧માં જેદરાંણ હાથીખાન બસ્તીખાનનો ચાકર ઉકરડિયો દગો કરીને કોટની બારીએ હથિયાર લઈને (સંતાઈ) બેઠો. બીજા ચાકર કડવાને કહ્યું : 'જા તું પટેલ હરિસંગને બોલાવી લાવ (તેને) કહેજે કે પાટણથી નવાબનો કુમાસદાર તમને હાલ ને હાલ (તૂરત જ) બોલાવે છે. ત્યારે કડવો ચાલ્યો. પટેલ હરિસંગ દિશાએ જઈને આવતા હતા. તેમના હાથમાં લોટો અને ધોકો હતાં. કડવાએ તેમને સંદેશો દીધો. પટેલ હરિસંગ તેની સાથે ચાલ્યા. તે કોટની બારીમાં પ્રથમ પગ નાખીને પેસવા ગયા. એક મુસલાને હરિસંગના પગ કાપી નાખ્યા. અને બહાર નીકળીને પટેલ હરિસંગનું માથું કાપવા આવ્યા. ત્યારે હરિસંગે

મરતાં મરતાં ધોકાથી કડવાને માર્યો. ઝારીથી મામદ અને મતુને માર્યા. રૂસાત અને મોલ્લોતોએ ભેગા થઈ મુસલમાનો સાથે ધિંગાણું કર્યું. સામ સામાં માણસો મરાણાં. મુસલમાનોને ગામ (ઊંઝા) બહાર કાઢી મૂક્યા.

૪. એ પછી મુસલમાનો વારંવાર ઊંઝા ઉપર ધાડાં લઈ આવે, પાટીદારો સાથે લડાઈ થાય. પટેલો મુસલમાનોને મારી ગામ બહાર તગડી મૂકે.


૫. સવંત ૧૮૩૮માં રુસાત અને મોલ્લાત શાખના પટેલો મહેસાણે લૌકિકે જતા હતા. ઊંઝાના કોળીએ ત્યારે જેંદરાણ મુસલમાનોને જઈને વાત કરી કે આજે ગામમાં કોઈ નથી. બધા મહેસાણા ગયા છે. જેંદરાણ મુસલામાનો ધાડું લઈ આવ્યા. ત્યારે માણસ દોડતો રુસાત અને મોલ્લાત જતા હતા ત્યાં આવ્યો. ઐઠોરની ઓલીકોર ભેગો થયો. ને તેણે રુશાતો અને મોલ્લોતોને) ગામ પર જેંદરાણ મુસલમાનોનું ધાડું આવ્યાની વાત કરી. બધા પાછા વળ્યા. રુસાત લાલ દરવાજામાંથી ગામમાં આવ્યા. મોલ્લોત ખજુરીની પોળેથી પ્રવેશ્યા. જદરાંણ મુસલમાનોને વચમાં ઘેરીને કતલ કર્યા. જે કોળીએ દગા કરીને જેંદરાણ મુસલમાનોનું ધાડું ઊંઝા માથે લઈ આવેલ તે કોળીને પણ મારીને કોળીઓને ગામ બહાર કાઢી મૂક્યા. જેંદરાણ મુસલાનો જુબુડીની જાળમાં સંતાણા હતા. તેમને મોલ્લોત અને રુસાતે ત્યાંથી મારી કાઢ્યા. પછી કોળીઓને મનાવીને ઊંઝામાં વસાવ્યા પણ તેમને ગરાસ (જાગીર) ન આપ્યો. તેમની જાગીર સરકારના ટાંપાં (લેણાં) પેટે પટેલો એ અંદરો અંદર પટેલોને જ ખેડવા દીધી. વાંટાનો હક્ક રુસાતો અને મોલ્લોતોએ રાખ્યો. અને વાવવા (ખેડવા) જમીન (પટેલોને) આપી દીધી. વાંટો વાવ્યો ત્યારથી એ વાંટાની જમીન વાવનારા 'વાંટિયા' કહેવાણા. તેમને જુદા પાડી તેમનું જુદું તડ (ગોળ) પાડ્યું. સંવત ૧૮૩૮માં રાજા ગાયકવાડ ફતેસંગના રાજમાં[૧].

એકંદરે જોઈએ તો સિદ્ધરાજ જયસિંહના સમયથી મોલ્લોતોનો પ્રભાવ પાટીદાર સમાજ પર વ્યાપક પણે જામી ગયાનું જણાય છે. માતાજી ઊમિયાની મૂર્તિનું મુસ્લિમોનાં ધાડાંઓથી રક્ષણ કરવાવાળા મોલ્લોત જ હોવાનું પ્રમાણો કહે છે.

પટેલ હરિસિંહની વીરતા સાચા ક્ષત્રિયને છાજે એવી છે. પગો કપાઈ ગયા હોવા છતાં, અને હથિયાર ન હોવા છતાં તેમણે કેવળ લાકડી અને ઝારી વડી મરતાં મરતાં પણ ત્રણ શત્રુઓને હણી નાખ્યા એ વિગત એમનાં અપ્રતિમ શૌર્યની સાક્ષી છે. થોભણદાસ મોલ્લોત પણ એવા જ અણનમ વીર લેખે વિગતોને આધારે ઊભરે છે. સાથે તેઓ મા ઊમિયાના એકનિષ્ઠ ભક્ત લેખે પ્રતિષ્ઠા પામ્યાનું જણાય છે.

---

૧. શ્રી જસવંતસિંહ લાલજી બારોટ, રે. સિદ્ધપુરને ચોપડેથી. તા. ૭-૯-૨૦૦૧



(બારોટ શ્રી જસવંતસિંહના ચોપડાનું એક પાનું)

પાટીદારોના વહીવંચા બારોટ સિવાયના અન્ય જ્ઞાતિના વહીવંચા બારોટોએ પાટીદારો અંગે કાંઈ લખ્યું હોય તો તે અંગે સંશોધન કરતાં આજથી ૧૫૮ વર્ષો પહેલાં થઈ ગયેલા મહુવા, જિલ્લો ભાવનગરના કુંભારોના વિદ્વાન વહીવંચા બારોટ શ્રી અદા કુરજીએ બારોટની ઐતિહાસિક સાહિત્યના 'સર્વસંગ્રહ' જેવો એક મોટો ગ્રંથ રચ્યો છે. જેમાં ગુજરાતની હિંદુ અને મુસ્લિમ જ્ઞાતિઓના ઉત્પત્તિ અને ઇતિહાસ આપ્યો છે. તેમાંથી પાટીદારોની ઉત્પત્તિનો ઇતિહાસ આ પ્રમાણે મળે છે :

' કણબીનાં કળ તો ૧૦૫, તેમાં અર્ધ દેવલોક અને કૈલાશમાં રહ્યાં. બીજાં બાવન પુતળાં (કુળો) નો પરિવાર મૃત્યુ લોકમાં આવ્યો તેનાં કણબીનાં પૂરાં બાવન ગોત્ર થિઆં[1]

જેમ પાટીદારોના વહીવચાના ચોપડે પાટીદાર જ્ઞાતિથી ઉત્પત્તિ ભગવતી ઉમિયા

૧ બારોટ અદા કુરજીનો ચોપડો, રે. મહુવાને આધારે પ્રાપ્તિ : શ્રી. ભુપેન્દ્રસિંહ બારોટ, રે. જેતપુર દ્વારા.

દ્વારા થયાનો ઉલ્લેખ છે, તે આ કુંભારોના બારોટને ચોપડે પણ છે. યથા :

'દેવી ઉમિયાએ તે ઊજમે કણબી પેદા કરા તેનાં દેવી તો ઉમજા કેવાણી. કણબી ડાંખરપણે ભાળા : કરડવા કેવાણા.'[1]

(માતાજી ઉમિયાએ હોંશે હોંશે કણબીઓને ઉત્પન્ન કર્યા. તેથી એ કણબીઓનાં કુળદેવીમાતા ઉમિયા કહેવાયાં.)

એ કણબીઓને કરડા-વિકટ (શૂરવીરો,) રૂપે માતાએ જોયા. તેથી તેઓ કરડવા કહેવાયાં.)

એ કણબીઓને ભગવાન શિવે અને મા ઉમિયાએ આ મૃત્યુલોકમાં કૃષિ કરવાનું કહ્યું. અને વિશ્વકર્મા દ્વારા ખેડૂતો માટે ઉપયોગી કૃષિનાં સાધનો પણ નિર્માણ કરાવ્યાં. તેનું કવિત :

કારીગર વિસક્રમાએ કીઆં,
આઉધ ખેડુનાં અનેક;
હળ પ્રથીમાં હાંકવા,
છાંડે ધરા તાં છેક;
કળિઉં અમૂલાં કરે,
સરખી ભોમિ કરે સોએ;
દંતાળે અવની દાખિએ,
કાઢે જડ મૂળ તાં કોએ,
કોદાળે સૂડ કાપવા,
મોગરી ઢેફાં ભંજણ માન;
અવસર વ્રખાએ બંધે ઓરણી,
ન ફરે બીજક નિદાન[2]

(કારીગર એવા વિશ્વકર્માએ ખેડૂતોને ખેતી માટે અનેક આયુદ્ધા (સાધનો) કરી આપ્યાં. એમાં ધરતી ઉખેડવા હળ, જે ધરતીને સર્વત્ર ઉખેડી નાખે. એ પછી ખેડેલી ભૂમિને સમતળ કરવા કળિયું કર્યું તેમણે સર્જેલા દંતાળ વડે ખેતરમાંથી ઘાસની જડ અને મૂળ કઢાય. તો કોદાળી બોરડી-કપાસનું સૂડ કાઢવાનું સાધન થઈ. મોગરીને ઢેફાં ભાંગવાવાળી ગણવી. અને વિશ્વકર્માએ બનાવેલ ઓરણી વર્ષા ઋતુમાં વાવણી ટાણે દંતાળે બાંધે જેથી નિશ્ચિતપણે વાવવાનું બીજ આડું-અવળું ન પડે.)

પણ હળ, કળિયાં અને દંતાળ કેવી રીતે ચલાવવાં ? એ પ્રશ્ન આરંભમાં ઊભો

---

૧. એજન

૨. બારોટ શ્રી અદાકુરજી, રે. મહુવાના ચોપડીને આધારે. પ્રાપ્તિ : શ્રી ભુપેન્દ્રસિંહ બારોટ, રે. જેતપુર દ્વારા

થયો તે મુશ્કેલીનો ઉકેલ પણ માતાજી ઉમિયાજીએ આણ્યો. તેમણે હળ વિગેરે ખેંચવા અર્થે કામધેનુ ગાયના પુત્રો - બળદો કણબીઓને આપ્યા. આ અંગેના દુહા :

કામદૂધાને દેવી કહે, કરવું સસટીનું કામ;
તમ પુત્ર આપો કણબીને, તો થાવે અન્ન તે ઠામ—૧

(મા ઉમિયાજી કામધેનુંને કહે છે : સૃષ્ટિનાં હિતાર્થે તમે તમારા પુત્રો કણબીઓને આપો. જેથી પૃથ્વીમાં ખેતી વડે અન્ન પેદા કરે.)

પરમારથી પુત્ર મૂજ પણાં, ભોમિનો ઉપાડે ભાર;
આર એને જો આપશે. તો વધે કૃષિનો વેવાર—૨

(ત્યારે કામધેનુ ગાય કહે છે : મારા પુત્રો (બળદો) પરમાર્થી અને ભૂમિનો ભાર ઉપાડનારા છે. કણબીઓ એને જો બરાબર આહાર દેશે તો તેમનો કૃષિનો વ્યવસાય વિકાસ પામશે.)

એની આશિષે સુખ ઉપજે, તેને દુવે તે પાંમશે દુઃખ ;
ખેડૂને વ્રષભની આશિષ આખીએ,ભેળે દાળદ્ર કાં કાઢે ભવ ભૂખ— ૩

(બળદોની આશિષથી સુખ થાય, તેમ બળદોને દુઃખી કર્યે ખેડૂત પણ દુઃખી થશે. આ રીતે બળદની આંતરડી ઠાર્યે આખા ભવની ભૂખ જાય છે. અને બળદોની આંતરડી કકળાવ્યે દારિદ્ર ભેગું થવાય છે.)

ઉમિયા કામધેનને કહે, સોંપો બને પુત્ર પોતાના સાર;
મેદની અરથે આપિઆ, ભોમ ઉપાડવા ભાર—૪


(ઉમિયાજીએ કહ્યું : ' હે કામધેનુ ગાય, તમે તમારા બે પુત્રો કણબીઓને આપો. ' ત્યારે કામદૂધાએ પૃથ્વી અર્થે ભૂમિનો ભાર ઉપાડવા પોતાના પુત્રો કણબીઓને આપ્યા.)

મેર કરજે મૂજ પુત્ર મધે, પલ પલ ભરજે પેટ;
કણબી ; તારા કામમાં, હાથ ન પડે તૂજ હેઠ—૫

(કામધેનુ કહે છે. 'હે કણબી તું કૃપાવંત થજે. નિરંતર એને ખાણદાણ અને નિરણ આપ્યા કરજે. જેથી કોઈ પણ કાર્યમાં તારા હાથ હેઠા ન પડે. તને નિષ્ફળતાં ન મળે)

ખાતાં પીતાં ખવરાવતાં, ખરી નઈ આવે તુજ ખોટ;
મેદનીમાં તું મોવડી, મહી બાંધ સધર મન મોટ—૬

(આ રીતે વર્તીશ તો તને ખાતાં - પીતાં, અને અતિથિઓને- જગતને ખવરાવતાં કોઈ નુકશાની નહિં આવે. આ પૃથ્વી પર તું મોવડી અને પથ્વીને બાંધનારો (વશ કરનારો) થવા સાથે સમૃદ્ધ અને દાત્તાર થઈશ.)



(વિ.સં. ૧૮૯૮માં કુંભારોના બારોટ અદા કુરજીએ લખેલ ચોપડામાંનું પાટણનો રાજા કરણ સોલંકી ઊંઝાના હેમાળા પટેલની ભાણેજ મેણલ (મીનળ)ને પરણ્યાનું દર્શાવતું એક પાનું.)

કણબીકળમાં મોવડી કએ, શોભશે રૂડો તુજ સાથ;
આવે વરણ અઢારે આંગણે, હોંશે ઓડે તૂં કણે હાથ–૭...[૧]

(તમે કણબીઓ જગતમાં અગ્રેસરો (પટેલો) કહેવાશો. તમારી જ્ઞાતિ શોભા (યશ)ને પામશે. અને અઢારે વર્ણો તમારે આંગણે આવીને અન્નાર્થે તમારી પાસે આશાપૂર્વક હાથ લંબાવશે.)

' બંધૂકાં લગ્ન ' ની પ્રથા માતાજી ઉમિયા દ્વારા કરડવા પાટીદારોમાં શરૂ કરાવ્યાનું, અને મા ઉમિયા પાસેથી (ઊંઝામાંથી) કણબીઓ ભગવાન રામના રાજ્યમાં, તે પણ રામના તેડાવ્યા ગયાનું ઉક્ત ગ્રંથ કહે છે.[૨]

ઊંઝાના હેમાળા પટેલની ભાણેજ મિણલ-મેણલને સિદ્ધરાજનો પિતા કરણ સોલંકી પરણ્યાની વિગત પણ આ અદા કુરજી બારોટના ચોપડે છે :

ધારી મૂરત નામ મિણલદે ધરિઉં.
કરણ સોલંકી તે વરીઓ કંના;
સોએ તણે વિવે ભેટ સમંદ્રે સોંપી,
દિઆ નંગ અમૂલ તે દંના;
કરિયાવર તેને હેમાળે સમંદ્રે બોહો કીધો,
પિરાણ પટણે બાઈ પધારાં.[૩]

(એ પછી જન્મ મુહૂર્ત જોઈને કન્યાનું નામ મિણલદે રાખ્યું. એ કન્યાને પાટણપતિ રાજા કરણ સોલંકી પરણ્યો. ત્યારે સાગરે અને હેમાળા પટેલે વિપૂલ કરિયાવર સાથે અણમોલ હીરામોતીના નંગો આપ્યા. આ રીતે મિણલદે પરણીને પાટણ આવ્યાં.)

આજે રાજપૂતો સાથે જ લગ્ન વહેવાર કરતા. અને જેમને ભૂતકાળમાં ગુજરાતના રાજપિંપળા રાજ્યના ગોહિલ રાજવી અજબસિંહે પોતાની રાજકન્યા પરણાવેલી. તે વડોદરાનો ગાયકવાડ રાજવંશ પણ મૂળે તો કણબી જ છે. એ તથ્ય બારોટના ચોપડામાં આ રીતે નોંધાયેલ છે :

' એક કણબીનો છોકરો : ગાયુંનાં ટોળાં ચારતો : તિઆં વગડામાં છોકરાને નિંદર આવી : તે તડકે સૂતલ : તિઆં રાફડામાંથી બે નાગ નીસરીને, એક નાગ તો માથે છાંયો ફણાંનો કરી રિઓ છે : બીજો નાગ તો પગેથી ફણાંનો છાંઓ કરી રિઓ છે :

---

૧ પૂર્વોક્ત બારોટ અદા કુરજી, રે. મહુવાને ચોપડેથી


૨ એજન

૩ એજન

તિઆં દખણ દેશમાં ગામ દાવડીના પટેલે ભાલો : તેને તો અચરજ માનું : પછે વચાર કરી જાણું જે : આ કણબીના છોકરાનાં તો કરમ રજૂ થિઆં : નિકર ઉપર નાગ છાં. કેને માથે કરે નહીં ; છોકરો જારે જાગો તારે ; પટેલે કહીઉ જે : હે છોકરા તારાં તો ભાગ હવેથી ઘણું જાગશે : તારાં કરમમાં તો ઘણું રૂડું થાશે. પછે છોકરે પટેલને કહીઉ : જે મારા કરમમાં રાજ આવે તો, આ ગામ દાવડી છે તે, પટેલ તુને દીઉ. એમ કરતાં છોકરો તો ભારે ઉમરાઓને હાથ આવો : તે ઉમરાઓને પેટ છોરુ નથી. છોકરાને તો તિઆં રાખો : છોકરાનું કરમ વધવાનું છે : તેને તો બુદ્ધિ ડાપણ ઘણું : પછે તે ઉમરાઓ તો ગામ પુનાનો : તે મ્રતુને પામો : પછે ગાઈઉં ચારતો તે છોકરાને : રાજ સૂબેદારી આવી : તેની પાએગા તો સવાલાખ ઘોડાની તેને હાથ આવી : તે છોકરો તો ગાએકવાડ કેવાણો : તે કણબી તો આંઝણા છે : તેતો તે રીતે : ગાએકવાડનું તો બદલામું : તેને કેવાણું : તે તો ગામ પુનાનો સુબેદાર : પછે તેને ગુજરાતની મલકગીરી આપી : ગામ વડોદરું તે આપું : તેમાં તેનું રાજ : ગામ અમદાવાદ ને ગામ કડી સુધી : એક તેને તો ભગવું નિશાણ : તેના નામનું તો તેને ચડે : તેની નાત તો કણબી તો આંઝણ છે : આનું આજની ગુજરાતી ભાષામાં સરલીકરણ કરીએ તો તે આ પ્રમાણે થશે : (એક કણબીનો છોકરો હતો, તે ગાયોનું ઘણ ચારતો હતો. ત્યાં વગડામાં એ છોકરાને ઊંઘ આવી ગઈ. તે તડકે સૂતેલો હતો, ત્યાં રાફડામાંથી બે સાપ નીકળ્યાં. એક સર્પે છોકરાનાં મસ્તક પર અને બીજાએ પગો પર પોતાની ફેણ વડે છાયા કરી. એ મહારાષ્ટ્રના પ્રદેશના દાવડી ગામના પટેલે (ગ્રામગણીએ) આ જોયું. તેણે આથી વિચારપૂર્વક જાણ્યું કે, ' આ કણબીના છોકરાનાં તો ભાગ્ય હાજર થયાં, નહિં તો સર્પ પોતાની ફેણ વડે છાયા કોની ઉપર કરે ? છોકરો જ્યારે જાગ્યો ત્યારે તેને પટેલે કહ્યું : ' હે છોકરા, હવેથી તારું નશીબ ભારે પ્રમાણમાં જાગશે. ઘણું સારું થશે, ' ત્યારે તે છોકરાઓ કહ્યું : ' મારાં ભાગ્ય ઊઘડે અને મારાં નશીબમાં રાજ આવે તો આ દાવડી ગામ છે તે પટેલ, તમને દીધું.'

આમ સમય વિતતાં તો એ છોકરો એક માટે ઉમરાવને હાથ આવ્યો. એ ઉમરાવને કોઈ સંતાન નથી તેથી તેણે એ છોકરાને પોતાની પાસે રાખ્યો. છોકરાનાં ભાગ્ય ઊઘડવાનાં છે તે તેનાં બુદ્ધિ અને કુશળતાં ઘણાં વૃદ્ધિ પામ્યાં.

એ ઉમરાવ જે પુના શહેરનો હતો તે મૃત્યુ પામ્યો. પછી જે પહેલાં ગાયો ચારતો હતો તે છોકરાને રાજની સૂબેદારી મળી. અશ્વશાળા સવાલાખ અશ્વોવાળી હતી તે પણ એ છોકરાને પ્રાપ્ત થઈ. તે છોકરાની અટક ગાયકવાડ કહેવાણી પણ તે મૂળમાં તો આંજણા કણબી છે. જે પછી ગાયકવાડ એવી અટક એમની થઈ. પ્રથમ તે પુનામાં



(વિ. સં. ૧૮૯૮ માં કુંભારોના બારોટ અદા કુરજીએ જૂની વહીઓને આધારે લખેલ ચોપડામાંનુ ગાયકવાડ મૂળે કણબી હોવાનું જણાવતું પાનું.)

સરદાર હતા. પછી તેને ગુજરાતની મૂલકગીરી આપી. અને વડોદરા શહેર પણ આપ્યું. એમાં એ ગાયકવાડનું રાજ થયું. જે અમદાવાદથી લઈ કડી સુધીનું હતું. ગાયકવાડના નિશાન રૂપે ભગવા રંગનો વાવટો ચડતો. તેઓ જ્ઞાતિએ તો મૂળ આંજણા કણબી છે.)

આ રીતે કુંભારોના બારોટોનો ચોપડો પણ પાટીદારોને મૂળે દેવજાતિના ક્ષત્રિયો હોવાનું ઘોષિત કરે છે. સાથે કૃષિની શોધ કરી. કૃષિ વિકાસ દ્વારા સંસ્કૃતિનો વિકાસ પણ આ કૂર્મિ પ્રજા દ્વારા થયાનું પણ કથે છે. જે પાટીદારોના બારોટોના ચોપડા અને પુરાણોક્ત ' સાગર મંથન અને પૃથુરાજાના સમયમાં કૂર્તિઓ દ્વારા આ પ્રદેશમાં થયેલા કૃષિ અને ગ્રામ સંસ્કૃતિનો વિકાસ ' ની કથા વડે અનુમોદન પ્રામે છે.

કણબીઓને ત્યાં જ્યારે ચારણો કે બારોટો આવે ત્યારે ફળીમાં પણ મૂક્તાં જ તેઓ કૂર્મિ ક્ષત્રિયોની આ બિરદાવળી વહેતી મૂકતા :

કવિતા


કણબી કળ મંડાણ, કણબી તો કળ રૂપ કહાવે;
કણબી ધરમવંત કોએ, પરોણા ઘરે કણબી પાવે;
છાતી કણબી, દ્રઢ ચવાં. કણબી હલાણ અદકાં કેવાએ,
કણબી ધંધો બહુ કરે, મોટાં પાસ કણબી મનાએ;
કર ઘણા ઉપાડણ કણબી કએ,
ભૂપ રાંકનાં પેટ કણબી ભરે
કણબી ઘરારો થંભ કહાં,
કવણ નર વાદ કણબી સાથે કરે - ૧[1]

(કણબીઓ તો પોતાનાં કુળનાં આભરણ રૂપ અને જગતની શોભા રૂપ કહેવાય છે. કણબીઓ ધાર્મિક વૃતિવાળા અને અતિથિ પ્રેમી હોય છે. તેઓને દ્રઢ મનોબળ વાળા કહીશ. કેમ કે તેમનું આવાગમન ઊમદા અને મહત્ત્વપૂર્ણ કાર્યો પરત્વેજ હોય છે. કણબીઓ વ્યવસાયમાં વ્યસ્ત અને કર્મઠ હોય છે. મહાન પુરૂષો પાસે તેમનું નામ હોય છે. દાન દેવાં અર્થે કણબીઓ વારંવાર હાથ લાંબો કરે છે. અને અન્ન નિપજાવીને રાજવીથી લઈ રંક સુધીનાં પેટ ભરે છે. કણબીઓને ધરતીને આધાર સ્થંભ કહીએ. બીજા કોણ આવા આ કણબીઓ સાથે સ્પર્ધા કરી શકે ?)

ઊંઝામાંથી સ્થળાંતર કરીને પાટીદારો જ્યાં જ્યાં ગયા છે. ત્યાં ત્યાં એમણે ઉદારતાથી લોકહિતનાં કામોમાં દ્રવ્ય વાપરેલ છે. આનો એક નમુનો આપણે બારોટને ચોપડેથી જોઈએ. મૂળ લખાણ આ પ્રમાણે છે :

૧ બારોટ અદા કુરજી રે, મહુવાને ચોપડેથી. પ્રાપ્તિ. શ્રી. ભુપેન્દ્રસિંહ બારોટ રે, જેતપુર દ્વારા.

ફર્મા - ૮



(વહીવંચાને ચોપડે મંડિત કડવા પાટીદારોની ઉદારતા અને સ્થાપત્ય પ્રીતિની વિગત જેમાં વિ. સં. ૧૦૦૨ના વર્ષે પટેલ આણંદા સાકરિયાએ સ્થંભો યુક્ત એવી ૩૦૦ પગથિયાં વાળી ભવ્ય વાવ લીંભોઈ (લીંબોઈ) ગામે ગામની ઉત્તરાદિ ભાગોળ. કરાવ્યાનો ઉલ્લેખ છે. ચોપડો જીર્ણ છે. – મણીભાઈ બારોટ રે. સિદ્ધપુરના ચોપડાનું એક પાનું)

ગમ : લેંભોઈ : માથાસરે : ઊંઝા : તાથી : ઉનાવે વસઃતાથી : લેંભોઈ વસા : સાખે સાકરીઆ : કરડુઆ : ધરમસીના : કરમસી : પદમો : વાલબ : ક : કં (કુ) : પી : ઊંઝા : માલોત માંડણની : કડ સોનાના આપા : કરમસીના : કુપો : કાનજી : દેવજી : દુધીબ : ક : ફ (ઈ) બા : પી : ઊંઝા : અખાની : ઘોડી માકડી આપી : કુપાના : કેવલ : કીકો : ભૂલો : દાનબ : ક : દેવ (બ) : પી : ઊંઝા : હરણીઆ હદાની : વેઢ સોનાનો આપો :) કેવલના : કીસોરદાસ : વેલજી : વીરજી : વ (?) : ક : લાલબ : પી : ઊઝીઆ : હોથી માધાની : પ્રા (?) કીસોરદાસના : સામજી : સખીદાસ : હેજબ : ક : દલબ : પી : ઊંઝા : વેલાત : પૂરાની : પ્રુચી સો (નાની) : સામજીના : દેવજી : ઉમેદભાઈ : સોનબ : ક : ધીબ : પી : ઉમતા : ગમી ગણેશની : માળા સો (નાની) દેવજીના : અણદો : વીરો : વનો : પાનબ : ક : (?) બ : પી : સુરીઆ : ઈટાલ અંટોલની : ઝૂમણું : સમંત ૧ બઆના વરખે : પટેલ અણદો : (?) ની જાતરા કીધી : ભ્રમણ ૧૧ સે જમાડા : નાત મેળો કીધો : વાવ કરાવી : ઓતરાદી ભાગોળે : તેમા : થાંભલા : તેમાં : ૩૦૦ સે પગથીઆ : માતા કાલીનું થાનક છે : તે : દાડે : વેલ સજુતી આપી : ''

આનું સરલ ગુજરાતી ભાષાંતર આપું છું કેમ કે બારોટની વહીની ભાષા જન સામાન્યને સમજવી અઘરી છે :

ગામ લીંભોઈ (લીંબોઈ) મૂળ તો તેઓ ઊંઝાના. ઊંઝાથી ઉનાવે વસ્યા અને પછી ઉનાવાથી લીંભોઈ (લીંબોઈ)આવી વસ્યા. મૂળ સાકરિયા શાખના કરડવા પાટીદારો. પટેલ ધરમશીના કરમશી અને પદમો એ બે પુત્રો અને વાલબાઈ પુત્રી થયાં. કરમશીની પત્નીનું નામ કંકુબા હતું એ ઊંઝાના મોલ્લોત માંડણની પુત્રી હતાં. સોનાનું કડું બારોટને આપ્યું. કરમશીના કુપો, કાનજી, દેવજી અને દુધીબા એ ચાર સંતાનો થયાં. એની પત્ની (નામ ખવાઈ ગયું છે) ઊંઝાના અખા પટેલની દીકરી હતી. બારોટને માંકડી ઘોડી દીધી. કુપાના કેવલ, કીકો, ભૂલો અને દાનબા એ સંતાન થયાં, કુપાની પત્ની દેવબા હતાં. તે ઊંઝાના હદા હરણિયાની દીકરી હતાં. બારોટને સોનાનો વેઢ આપ્યો. કેવલના કીસોરદાસ, વેલજી, વીરજી (ચોથું નામ અવાચ્ય) કેવલનાં પત્ની લાલબા હતાં. તે ઊંઝાના માધા હોથીની દીકરી હતાં. કિશોરદાસને શામજી, સખીદાસ, અને હેજબા એ સંતાનો થયાં. કિશોરદાસનાં પત્ની દલુબા હતાં. તે ઊંઝાના પૂરા વેલાતનાં દીકરી હતાં. શામજીના દેવજી, ઉમેદભાઈ, સોનબા એટલાં સંતાન હતાં. શામજીનાં પત્ની ધી(રુ)બા હતાં તે ઉમતાના ગામી ગણેશની. પુત્રી હતાં. દેવજીના આણંદ, વીરો, વનો અને પાનબાઈ એટલાં સંતાનો હતાં. દેવજીની પત્ની (નામ અવાચ્ય) સૂરિઆના પટેલ અંટોલ ઈટાલિ(યા)ની દીકરી હતાં. ઝૂમણું આપ્યું. સવંત ૧ હજાર બેના વરસે પટેલ આણંદે યાત્રા કરી. ૧૧૦૦ બ્રાહ્મણ જમાડ્યા. નાત

તેડું કર્યું. વાવ કરાવી. લીંભોઈ (લીંબોઈ) ને ઉત્તરાદિ ભાગોળે. તેમાં થાંભલા છે. અને એ વાવને ૩૦૦ સો પગથિયાં છે. ત્યાં માતા મહાકાળીનું સ્થાનક છે એ સમયે બારોટને બળદો જોડેલી વેલ આપી.

વહીવંચાની વહી ઊંઝા ત્રેતાયુગમાં વસ્યાનું કહીને તેના સમયબદ્ધ ઇતિહાસ આપે છે. જેમાં સ્પષ્ટપણે ઊંઝાના રાજવી તરીકે ગામી કુળને વર્ણવ્યું છે. આગળનાં પ્રકરણોમાં પૃથુરાજાના સમયમાં ખેતીની શરૂઆત અને ઉન્નતિ થયાની વાત પુરાણોને આધારે આપી છે. જેને આ વહી ટેકો આપે છે.

એ પછી વિચારીએ તો સોલંકી કાળ, વનરાજ ચાવડાનો સમય પણ વહીમાંથી સાચો જ મળે છે અને વિસળદેવ ચૌહાણની ચડાઈ અને ઊંઝાના પટેલોનાં અસારવામાં આગમન પણ વહી કથે છે. એજ રીતે ઊંઝાના કડવા પાટીદારા સવંત ૬૫૨માં ઊંઝા પર મુગલોનાં આક્રમણ વખતે ચાંપાનેર ગયાની વિગત છે. તેમ તેઓ પાછા ઊંઝા આવ્યાની વિગત પણ છે. જે ઊંઝાના ઇતિહાસની પ્રાચીનતા ઊજાગર કરે છે.

અસારવામાં કરડવા પટેલ વનાએ વનરાજ ચાવડાના સમયમાં કરાવેલી વાવની નોંધ પણ વહીવંચાને ચોપડેથી પ્રાપ્ત થાય છે. જે વાવ આજે પણ ગમે તે સ્થતિમાં મોજુદ હોય તો તે કરડવા પાટીદારોના ઇતિહાસનો અને ઊંઝાથી કરડવા પાટીદારો અસારવામાં વસ્યાનો એક સબળ પુરાવો છે.

ઊંઝામાં કાળક્રમે રણા રજપૂતો વસ્યા, અને પછી તેઓ મદમાં છક્કી જઈને વિવેક-હીન થતાં કરડવા પટેલોએ તેમનો જાદવ રજપૂતો સાથે રહીને કરાવેલો વિનાશ, અને એ યુદ્ધમાં કડવા પાટીદારોએ ચલાવેલી તલવાર પાટીદારોની વીરતા અને ક્ષાત્રવટને પ્રસ્થાપિત કરે છે.

આવો જ બીજો ઊંઝાના કડવા પાટીદારોની વીરતાને ઉજાળતો પ્રસંગ રણા રજપૂતો પછી આવેલા જાદવ રજપૂતોના છક્કી જઈને વિવેક ને નીતિહીન થઈ જવાથી તેમની કરડવા પટેલોએ કરાવેલી કતલેઆમનો પ્રસંગ છે. જેમાં આપણને એ કાળની પટેલ નારીઓનાં તેજસ્વી અને ક્ષાત્રાવટ પૂર્ણ રૂપનાં દર્શન થાય છે. જે આજની પેઢી માટે ગૌરવ લેવા અને વંદન કરવા યોગ્ય બની રહે છે.

શ્રી પુરુષોત્તમ લલ્લુભાઈ પરીખ પોતાના પુસ્તકમાં ઊંઝા વસાવનાર અને ઉમિયાજીનું મંદિર બંધાનવાર મૂળ માધાવતી (બિહાર) ના કુર્મી રાજવી વ્રજપાલનું નામ આપ્યું છે. અને વ્રજપાલજીએ ઈ.સ. ૧૫૬ (વિ.સ. ૨૧૨) માં ઊંઝા વસાવ્યાનું જણાવ્યું છે.[૧]

શ્રી પરીખના આ મતને ગોકળદાસ સોમાભાઈ પટેલ - મહેન્દ્ર ગોકળદાસ પટેલ,[૧]

---

૧ કણબી ક્ષત્રિય ઉત્પતિ અને ઇતિહાસ : પુરુષોત્તમ લ. પરીખ, પૃ. ૫૩

તથા ડૉ. મંગુભાઈ પટેલ અનુસર્યા છે.[2] એટલે અત્રે એની પણ ચર્ચા કરી લઈએ.

શ્રી પુરુષોત્તમ લ. પરીખે પોતાના મતના ટેકામાં પોતે એ વિગતો દેસાઈઓના વહીવંચાના ચોપડાનો આધાર લીધાનું જણાવે છે.[3] સાથે અસારવાના બારોટોના ચોપડા અને બૉમ્બે ગેઝેટિયર, વોલ્યુમ ૧, ભાગ - ભા.૧ નો પણ આધાર આપે છે.[4]

પોતે જે બારોટોના ચોપડાનો આધાર લીધાનું જણાવે છે, એમાં તેમણે કેવળ ગામનાં નામ-અસારવા-નો જ ઉલ્લેખ કર્યો છે. પણ શ્રી. પરીખ બારોટનું નામ જણાવતા નથી. તેમ પોતે જાતે એ ચોપડા વાંચ્યા છે કે કેમ ? એ અંગે પણ મૌન છે. વળી એમને બારોટના દુર્બોધ ચોપડા ઉકેલવાની ફાવટ છે કે કેમ ? એ અંગે પણ કશું કહ્યું નથી. સાથે તેઓએ વહીવંચાએ કોઈ સહકાર ન આપ્યાની ફરિયાદ પણ કરી છે.[5] એટલે લાગે છે કે શ્રી. પરીખે બારોટોની વહીઓનો સ્વનજરે વાંચીને લાભ લીધો નથી. પણ કેવળ બારોટોની દંથકથાઓનો જ જે પણ બારોટને મુખેથી નહિં પણ તેમના જ કહેવા પ્રમાણે ' વસ્તા ઘેલજી વાળા પા. મનસુખરામ પ્રેમજી અસારવાનો સમાગમ થયો. તેમણે ઉક્ત વિષયમાં કેટલીક આધાર રહિત છતાં માની શકાય તેવી વાતો જણાવી'[6] તેમ જણાવે છે એટલે લાગે છે કે પા. મનસુખરામ પ્રેમજી અસારવાની મૌખિક વિગતો કે જે પા. મનસુખરામે અસારવાના બારોટ પાસેથી સાંભળી હશે તે તેમણે શ્રી. પરીખને જણાવી હશે. જેમાં પણ મૌખિક પરંપરાને કારણે વિકૃતિ આવી ગઈ હશે. એટલે શ્રી પરીખની વિગતો વિશ્વસનિય નથી લાગતી. આ કારણે વ્રજપાલજી અને તેમના દ્વારા ઊંઝા વસાવવાની વિગત પણ શ્રદ્ધેય નથી જણાતી. ખરી જરૂર તો એ અસારવાના બારોટોના ચોપડાઓનો તજજ્ઞો દ્વારા અભ્યાસ કરાવીને ચોપડામાંની જરૂર વિગતોની નકલ કરાવી લઈને ચોપડાની ઝેરોક્ષસ કરાવી લેવાની છે. પણ ખાટલે મોટી ખોડ એ છે કે શ્રી. પરીખે બારોટોનાં નામ-ઠામ પણ આપ્યાં નથી. કયા બારોટનો આ માટે સંપર્ક સાધવો ? એ એક પ્રશ્ન રહે છે.

બીજી વાત શ્રી. પરીખે બૉમ્બે ગેઝેટિયર, વો. ૧, ભા. ૧ નો આધાર આપ્યો છે. હવે પશ્ન એ રહે છે કે આ પરીખે જણાવેલી વિગતો બૉમ્બે ગેઝેટિયર, વો. ૧ ભા. ૧માં કયા આધારે લીધી ? બારોટના ચોપડા કે દંતકથાના આધારે ? અમે જ્યારે ૧૮૫૭ શહીદ

---

૧ ગુજરાતના કૂર્મી ક્ષત્રિય પાટીદારોનો ઇતિહાસ : ગોકળદાસ સોમાભાઈ પટેલ-મહેન્દ્ર ગોકળદાસ પટેલ, પૃ. ૧૯૭-૧૯૮

૨ પાટીદારોની ગૌરવગાથા :- ડૉ. મંગુભાઈ પટેલ, પૃ. ૯૪-૯૫

૩ કણબી ક્ષત્રિય ઉત્પતિ અને ઇતિહાસ : પુરુષોત્તમ લ. પરીખ, પૃ. ૫૩

૪ એજન, પૃ. ૫૭

૫ એજન, : નિવેદન પૃ. ૨-૩

૬ એજન, : નિવેદન પૃ. ૨

કાનદાસ મહેડુ અંગે સંશોધન આરંભેલ ત્યારે ડૉ. રમણલાલ ધારૈયાએ બૉમ્બે ગેઝેટનો આધાર લઈને ' ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગુજરાત ' વિષયક લેખમાં કાનદાસ મહેડુને પ્રાણદંડની સજા થયાનો ઉલ્લેખ કર્યો હતો પણ અમારી શોધમાં ખુદ કાનદાસ મહેડુના પત્રોને આધારે તેમ કાનદાસના વારસોના દાવા પ્રમાણે તો કાનદાસજીની વિ.સ ૧૯૨૫, વૈશાખ સુધી ૬, ને દીવસે પોતાના વતન સામરખા ગામમાં કુદરતી રીતે અવસાન પામેલા.[1] વાસ્તવમાં બૉમ્બે ગેઝેટિયર પર ત્યારે જ મદાર રાખી શકાય કે જ્યારે બીજો કોઈ આધાર ન હોય. આ દૃષ્ટિએ પણ અત્રે પ્રસ્તુત શ્રી. રજનીભાઈ બારોટની વહીનાં પ્રમાણો જોતાં વ્રજપાલ નામે કોઈ માધાવતીના રાજવીએ ઊંઝા વસાવ્યાની વાત શ્રદ્ધા પાત્ર નથી બનતી, પણ આપણે યુગોની લાંબી ગણત્રીઓમાં ન પડીએ તોયે બારોટના ચોપડા અને પૂર્વે આપેલાં પુરાણનાં પ્રમાણો જોતાં એટલું તો જરૂરથી માની શકાય કે ઉમિયાપુર–પાટણ (ઊંઝા) સિંધુ ઘાટીની સભ્યતાનું ગુજરાતમાં વસેલું પ્રથમ નગર છે. જ્યાં સુધી પુરાતત્ત્વવિદો દ્વારા ઊંઝામાં ઉત્ખનન ન થાય અને તથ્ય બહાર ન આવે ત્યાં સુધી બારોટની વહીને ખોટી ન કહી શકાય. આ ઉમિયાપુર–પાટણથી જ કરડવા પાટીદારો સૌરાષ્ટ્ર, કચ્છ, માળવા, રાજસ્થાનમાં પ્રસર્યા, અને કૂર્માચલમાંથી સૌ પ્રથમ પૃથુ રાજાના સમયમાં આવ્યા એ થિયરીને આપણે યથાસ્થાને સાધાર ચર્ચી જ છે. એટલે અત્રે વિશેષ ચર્ચા નથી કરતા.

ફાર્બસસાહેબે 'રાસમાળા' લખી, એમાં અધિકાંશ ચારણી સાહિત્ય છે. અને એ વિગતો ફાર્બસસાહેબે જાતે ચારણ-બારોટના ચોપડા જોઈને નથી લખી લાગતી કેમ કે તેઓ બારોટના ચોપડાની લિપિ, ભાષા અને સંકેતો, શૈલીના તજજ્ઞ હોવાનું કોઈ પ્રમાણ નથી. એમણે બારોટોએ અને ચારણોએ મૌખિક રીતે જે લખાવ્યું તે 'રાસમાળા'માં લખ્યું છે. આ રીતે આ 'રાસમાળા'નું દસ્તાવેજી મૂલ્ય બારોટના ચોપડા કરતાં ઓછું જ ગણાય. કેમ કે, ફરતી દંતકથામાં વિગતોની સખળ-ડખળ થતી જ રહે છે. કવીશ્વર દલપતરામ ડહ્યાભાઈ લિખિત ' ગુજરાતના કેટલાક ઐતિહાસક પ્રસંગો અને વાર્તાઓ ' પણ આવી જ દંતકથા આધારિક કૃતિ છે. એ વાંચતાં જણાય છે કે, એમાં ચારણી પદ્યાંશોમાં ઠેર ઠેર અશુદ્ધિઓ અને વિકૃતિઓ છે. સ્થળે સ્થળે એ ચારણી પદ્યાંશોના અર્થમા પણ એ ગ્રંથ કર્તાએ ગોથાં ખાધાં છે. આવા સહાયકો દ્વારા 'રાસમાળા'નું સંપાદન ફાર્બસસાહેબે કર્યું હોય શ્રદ્ધેયતામાં એ બારોટોના ચોપડા કરતાં ઊણી ઉતરે છે. અત : એના સંદર્ભનું પણ 'કરડવા પાટીદારોના ઇતિહાસ ' અંગે ઝાઝું મૂલ્ય નથી રહેતું.

હવે આપણે આગામી પ્રકરણમાં 'બંધુકા લગ્નો અને કડવા પાટીદારોની ઉત્પતિ' અંગે વિચારીએ.

□

૧. હીરાકણી : રતુદાન રોહડિયા, પૃ. ૭૪ થી ૭૭

૭

ઉત્પત્તિ, બંધુકા લગ્ન અને બીજી દંતકથાઓ

કૂર્મિ સમાજની ધ્યાનકર્ષક વિશિષ્ટતાઓમાં આ સમાજનાં ભૂતકાલીન બંધુકા લગ્ન છે. જે એક રીતે તો સમયબદ્ધ થતાં સમૂહલગ્નો છે. આજે સમાજ સમૂહ લગ્નોનું મૂલ્ય અને ઉપયોગિતાને સમજતો થયો છે અને એને અપનાવતો તથા ઉતેજન આપતો થયો છે. પણ આપણે એ વાતની નોંધ લેવી જોઈએ કે સૌ પ્રથમ કડવા પાટીદારો જ આ પ્રથાનું મહત્ત્વ, સમાજોપયોગિતા અને મૂલ્ય સમજ્યા અને તેમના દ્વારા જ આ પ્રથાને આવિષ્કાર થયો. એ પછી બીજા સમાજોએ પણ કડવા પાટીદારો પાસેથી પ્રેરણા લઈને આ પ્રથાને સ્વીકારી. પણ એમાં બીજા સમાજોએ કડવા પાટીદારો જેવી સમયબદ્ધતા અપનાવી નહિં. આ રીતે સમયબદ્ધ સમૂહલગ્નો કે જેને 'બંધુકાં લગ્ન' કહે છે. તે કડવા પાટીદારોની એક સમાજોપયોગી મહત્વની પ્રથા બની રહી. અને સમાજની એક્તા માટે પણ ભૂતકાળમાં આ રિવાજ બહુ ઉપકારક બની રહ્યો છે. એની નોંધ કોઈએ લીધાનું મારી જાણમાં નથી.

આ બંધુકા લગ્ન અંગેની નોંધ સર્વ પ્રથમ શ્રી. પુરુષોત્તમ લલ્લુભાઈ પરીખે પોતાનાં પુસ્તક 'કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ (પ્રકાશન : ઈ.સ. ૧૯૧૨)માં આપી છે.

આ 'બંધુકા લગ્ન'માં પ્રચલિત થવા અંગે શ્રી. પરીખને કોઈ આધારભૂત માહિતી મળી નથી. તેમણે આ બંધુકા લગ્નના પ્રમાણભુત આધારો અર્થે ઐતિહાસિક અને ધાર્મિક પુસ્તકોનું ઝીણવટથી અધ્યયન કર્યુ છે. પણ તેમને કોઈ સ્થળેથી આધારભૂત વિગતો મળી નથી.[1] પણ તેમના જણાવવા પ્રમાણે આ અંગે કેટલીક ન માની શકાય

૧. કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ :- પુરુષોત્તમ લ. પરીખ, પૃ : ૫૮

તેવી અકુદરતી દંતકથા મળી આવે છે. સપ્રમાણ આધારોની ગેરહાજરીમાં અનુભવી વિદ્વાનો, અન્ય જ્ઞાતિનાં પંડિતો અને શાસ્ત્રીઓ વિગેરે સાથે મસલત કરી તેમના અભિપ્રાયો વિગેરે સાંભળી આ હકીક્ત લખી છે. [૧]

શ્રી પરીખ 'બંધુકા લગ્ન' અંગેની દંતકથા આ પ્રમાણે આપે છે :

કુર્મિઓ ગુજરાતમાં રહેવા છતાં લગ્ન વિગેરે પ્રકારનાં ટાણાં કરવા પોતાના પ્રથમ સ્થાને જતા હતા, અને કોઈ કોઈ તો ત્યાં રહી પણ જતા હતા.

તેથી વનરાજ ચાવડાના પ્રધાન ચાંપરાજને આ લોકોને દેશ છોડી જતા અટાકવવા માટે રાજસત્તાનો પ્રયોગ નિષ્ફળ જણાયો. તેથી તેણે કોઈક ધાર્મિક પ્રયોગ અજમાવવાનો વિચાર કર્યો. તેને જાણવામાં આવ્યું કે કડવા પાટીદારોએ સ્થાપેલ ઉમિયા માતાજીના પૂજારી એક નાગર બ્રાહ્મણ છે. જે બાહોશ, વિદ્વાન અને યુક્તિ-પ્રયુક્તિમાં કુશળ છે. તેના લીધે લોકોમાં એવી માન્યતા પણ બેસી ગઈ છે કે માતાજી તેને પરચા પણ આપે છે. આ પૂજારીને પ્રધાન ચાંપરાજે રાજદૂતો મોકલી પાટણ તેડાવ્યો. અને તેને ઘટે તેથી વિશેષ માન આપ્યું.. આગતા-સ્વાગતા કરી એક વિદ્વાન તરીકે તેને રાજદરબારમાં શીરપાવ અપાવ્યો. પ્રધાન ચાંપરાજે તે નાગર બ્રાહ્મણને મોટી લાલચ આપી. અને પોતાની ઈચ્છા પાર પાડવા માટે કોઈ યુક્તિ યોજવાનું જણાવ્યું.

કેટલાક સમય બાદ ચૈત્ર માસના મેળાના દિવસો આવ્યા. એટલે મહારાજ ચંડીપાઠ કરવા બેઠા. મેળાના દિવસે હજારો માણસોની મેદની સમક્ષ પૂજારી ધૂણવા લાગ્યો. ત્યારે સૌ આગેવાનો શ્રધ્ધા-ભક્તિયુક્ત હૃદયે તેને ભોળા ભાવે પગે લાગ્યા. અને ' મા, હુકમ મા, હુકમ ' એમ કહેવા લાગ્યા :

ત્યારે એક મોટો બરોડો પાડીને પૂજારી કહેવા લાગ્યો : ' અરે, અપકારી કણબીઓ, તમારાં પર હું કોપાયમાન થઈ છું. તમે મારા આશરે રહીને આબાદ થયા છો. કોલેરા, મરકી આદિ બીમારીથી હું તમારું રક્ષણ કરું છું. છતાં પણ લગ્ન જેવાં ઉત્તમ કાર્યો માટે તમે વારંવાર પરદેશ ચાલ્યા જાઓ છો; તેથી લગ્ન નિમિતનો બલિ મને મળતો નથી. માટે મારી આજ્ઞા છે કે મારી પવિત્ર અને પ્રિય એવી ગુજરાતની ભૂમિ છોડીને કોઈ પણ કારણસર ચાલ્યા જશો નહિ. અહીં જ રહો અને સુખી થાઓ. દર નવ કે દશ વર્ષે જ્યારે મારા વાહન સિંહનું વર્ષ વિતી જાય ત્યારે તમે તમારાં બાળકોનાં લગ્ન મારી છાયામાં જ રહીને કરો. આ વર્ષ મેં તમારે માટે સારું નિપજાવ્યું છે. માટે તમે

---

૧. કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ :- પુરુષોત્તમ લ. પરીખ, પૃ : ૫૮
૨. એજન પૃ: ૨૮-૨૯

સૌ મળીને અક્ષયતૃતિયાએ પહેલું લગ્ન કરો. મારો પુત્ર વનરાજ તમારું સારી રીતે રક્ષણ કરશે. અને યોગ્ય મદદ આપશે. હું પણ ચારે દિશાઓમાં અંબિકા, કાળી, બહુચર, તુળજા આદિ રૂપે તમારું રક્ષણ કરીશ.[૧]

શ્રી પરીખનાં આ મંતવ્યને ડૉ. મંગુભાઈ રા. પટેલ,[૨] ડૉ. મફતલાલ પટેલ,[૩] શ્રી ઈશ્વર હ. પટેલ, ડૉ. મફતલાલ પટેલ.[૪] વિગેરે અનુસર્યા છે.

હવે આ દંતાકથાને ધ્યાનથી જોઈએ તો આપણને આ દંતકથા કેટલી નિર્થક છે ? તે સમજાઈ જશે.

ધૂણતો પૂજારી દેવીને નામે ' કોલેરા, મરકી આદિ બીમારીથી હું તમારું રક્ષણ કરું છું. ' એમ કહે છે. હવે વાસ્તવિક્તા એ છે કે મરકી કે જેને પ્લેગ પણ કહે છે.' એ રોગનું અસ્તિત્વ વનરાજ ચાવડાના સમયમાં હતું જ નહિ. પ્લેગનું આગમાન તો ગુજરાતમાં ઈ.સ. ૧૮૧૪માં થયેલું.[૫] અત : આ રોગ અંગ્રેજ કાળનું પ્રદાન છે. આજે પણ હાલાર-જાડેજાઓની સત્તા નીચેના હાલાર પ્રદેશમાં-અષાઢ સુદી ૨ ના રોજ મરકીનાં નિવેદ ગ્રામજનો કરે છે. જેમાં ઠીબમાં મીઠો ખીચડો, થોર અને લીંબડાની ડાળખી મૂકીને ગામની ભાગોળે ઠીબ મૂકી આવે છે.[૬] આ રીતે જોઈએ તો આ દંતકથા ઈ.સ. ૧૮૧૪ પછીના સમયમાં ઉપજાવી કાઢેલી જણાય છે.

દંતકથામાં કૂર્મિઓ ગુજરાતનાં રહેવા છતાં લગ્નાદિ પ્રસંગે પોત પોતાના પ્રથમ સ્થાને જતા હતા. એવો ઉલ્લેખ છે. તો એ 'પ્રથમ સ્થાન' ગુજરાત બહાર ક્યાં આવ્યું ? એ પ્રદેશનું નામ શું ? એ અંગે પણ દંતકથા મૌન છે. આ રીતે દંતકથા મોં-માથા વગરની વિગતો આપે છે.

દંતકથામાં બીજી એક વાત પણ પૂજારીને મુખે માતા કહે છે કે ' મારી પવિત્રને પ્રિય એવી ગુજરાતની ભૂમિ છોડીને કોઈ પણ કારણસર ચાલ્યા જસો નહિં. '

હવે ખરેખર ઉમિયા માતાજીનો આવા આદેશ હોત તો કોઈ પણ કડવા પાટીદાર

---

૧. કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ : પુરુષોત્તમ લ. પરીખ., પૃ. ૬૦
૨. બેચરદાસ અંબાઈદાસ લશ્કરી : ડૉ. મંગુભાઈ રા. પટેલ, પૃ. ૩૨ ૨૩
૩. ત્વદેશોમાં પાટીદારો : ડૉ. મફતાલાલ પટેલ, પૃ. ૮૩
૪. શ્રી ઉમિયા માતાજી ૧૮ મી શતાબ્દી મહોત્સવ સ્મૃતિગ્રંથ : ઈશ્વર હ. પટેલ. - ડૉ. મફતલાલ પટેલ, પૃ. ૧૨૨
૫. ભારત રાજ્ય મંડળ : અમૃતલાલ પુ. શાહ, પૃ. ૬૪ કચ્છનું સાંસ્કૃતિક દર્શન : રામસિંહ રાઠોડ, પૃ. ૨૦૮
૬. રતુદાન રોહડિયાની શોધનોંધને આધારે.

ગુજરાત છોડીને સૌરાષ્ટ્ર, કચ્છ. માળવા, રાજસ્થાન ન ગયા હોત. પણ બારોટોના ચોપડા એ વાતના નક્કર પૂરાવા રૂપ છે કે સમગ્ર કડવા પાટીદાર કુળો કાળક્રમે ઊંઝાથી સ્થળાંતર કરીને સૌરાષ્ટ્ર, મારવાડ, મેવાડ, કચ્છ, માળવામાં ગયાં છે.[1] આ દૃષ્ટિએ વનરાજ ચાવડાના સમયથી બંધુકાલગ્નોની પ્રથા શરૂ થયાનું કહેતી આ દંતકથા આધાર વિહિન ગપ્પું જ બની રહે છે. કારણ કે જો માતાજીની ગુજરાત ન છોડવાની આજ્ઞા હોત તો કોઈ કડવા પાટીદારે ગુજરાતમાંથી સ્થળાંતર જ ન કર્યું હોત, પણ એમ બન્યું નથી.

પણ જ્યારે આપણે 'બંધુકાં લગ્ન'નાં મૂળ તપાસવા અર્થે બારોટોના ચોપડા જોઈએ છીએ ત્યારે જણાય છે કે દ્વાપર યુગમાં ઊંઝાપતિ રાજા અવનિપતના સમયથી આ 'બંધુકા લગ્ન'ની પ્રથા શરૂ થઈ છે. જેનો ઉલ્લેખ આ ગ્રંથના પ્રકરણ ૬. નોંધ ક્રમાંક : ૧૩ કર્યો છે. આ રીતે આ પ્રથા અતિ પ્રાચીન છે, જે આજથી ૮૦-૮૫ વર્ષ પહેલાં સુધી ચાલુ હતી. પછી વિ.સં. ૧૯૭૭માં આ બંધુકાલગ્નની પ્રથા લુપ્ત થઈ ગઈ.[2]

'બંધુકાલગ્નો'માં બાળલગ્નો થતાં હોવાથી અંગ્રેજોના આગમન પછી સુધારાવાદીઓને યુગ પરિવર્તનને અનુરૂપ એ પ્રથા નહીં લાગી હોય. એ કારણે એમણે એનો વિરોધ પણ કર્યો હશે. પણ આ કારણે 'બંધુકા લગ્ન' ની પ્રથાએ કડવા પાટીદારોની સામાજિક એકતાને ક્ષેત્રે જે મહત્વનું પ્રદાન કર્યું છે એનું યથાર્થ મૂલ્યાંકન થયું નહિ. પરિણામે આ પ્રથાના ભૂતકાલીન મહત્ત્વને કોઈએ પિછાન્યું જ નહિ.

દ્વાપર યુગથી ઊંઝાપતિ અવનિપતે આ પ્રથા શરૂ કરી. એનો અર્થ જો આપણે એવો કરીએ એક કે એ પ્રથા સિંધુ કાંઠાની સંસ્કૃતિના કાળથી ચાલતી આવી છે, તો તે ઉચિત ગણાશે.

હવે આપણે આગલાં પ્રકરણ : ૪ એ માં જોયું છે. તે પ્રમાણે એ સમયમાં ગુજરાતમાં મહાનદી સરસ્વતી વહેતી હતી. અને એમાં ચોમાસું અને ઉનાળો એમ બે ઋતુઓમાં નવાં જળનું આગમન થતું પરિણામે તેમાં બારે માસ વિપુલ જળરાશિ ઉભરાયા કરતા. આ કારણે વર્ષમાં ત્રણ પાકો લેવામાં આવતા, એ યંત્ર યુગ ન હોવાથી સર્વ કાર્ય પશુ (બળદો) અને માનવી દ્વારા થતું. વિપુલ ઉપજને કારણે કાર્યભાર પણ વિપુલ જ હોય એ સમજી શકાય તેવી વાત છે. આજે પણ ખેડૂત માટે ' બાર મહિનાનું વરસ અને તેર મહિનાનું કામ ' કહેવત પ્રચલિત જ છે. એ કારણે 'બંધુકા લગ્ન'ને બદલે આજે થાય છે તેમ ગમે ત્યારે લગ્ન કરવાનો રિવાજ હોત તો સગાં-વહાલાં અને ગામનાં

---

૧. શ્રી મણિભાઈ બારોટ, રે. સિધ્ધપુર ચોપડાને આધારે.

૨. વેદકાળથી માં ઉમિયાની પૂજા અને પ્રાચીન નગરી ઉમાપુર-ઊંઝા : ડૉ. અમૃત પટેલ, પૃ. ૪૯

લગ્ન પ્રસંગોમાં ખડૂતોના કેટલો સમય બરબાદ થઈ જતો હોત ? એ વિચારવા જેવું છે.

એ કાળના કૂર્મિઓની આવી અતિ વ્યસ્ત સ્થિતિનું પ્રમાણ બારોટને ચોપડે પણ મળે છે. યથા :

'એક વાર વાવીએ છીએ અને એકવીસ વાર લણીએ છીએ તે માલના ટેંબા (ડુંગર-ટેકરા) થઈ ગયા છે. એથી અમે કંટાળી ગયા છીએ.[૧]

આવી સ્થિતિમાં ખેડૂતોનો સમય અને નાણાં બચાવતાં અને દશ કે બાર વર્ષને લાંબે ગાળે આવતાં 'બંધુકાલગ્નો' એ સમયે કૂર્મિ સમાજ માટે અતિ અનુકુળ અને આદર્શ લગ્ન વ્યવસ્થા હતી. જે અતિ રાહતરૂપ પણ હતી.

આ 'બંધુકા લગ્નો' ને કારણે જ ગુજરાત છોડી અન્યત્ર વસેલા કડવા પાટીદારોનો ઊંઝા, ઊંઝાના કડવા પાટીદારો અને મા ઉમિયાજી સાથે જીવંત સંપર્ક-પરિચય રહેલો. અને આખો સમાજ એક સૂત્રતાથી બંધાયેલો રહેલો. આ રીતે કડવા પાટીદારોની અસ્મિતાનું પણ રક્ષણ થયેલું. ભારતની કોઈ પ્રજામાં 'બંધુકાલગ્ન' જેવી સમાજને ઐક્યતાને તાંતણે બાંધનારી આવી દિર્ઘકાલીન પરંપરા જોવા-જાણવામાં આવી નથી. આ કડવા પાટીદારોની આગવી વિશેષ્ટતા અને ઊંઝાપતિ અવનિપતની દિર્ઘદ્દષ્ટિને ઉજાગર કરનારી પ્રથા ગણાય.

હવે આપણે કડવા પાટીદારોની ઉત્પત્તિ અંગેની કેટલીક દંતકથાઓ જોઈએ. અને એમાં છુપાયેલ તથ્યાંશોની શોધ કરીએ.

મેં નજરે જોયેલા વહીવંચાના ચોપડાઓમાં ભગવાન શિવ અને પાર્વતી દ્વારા કરડવા પાટીદારોને ઉત્પન્ન કર્યાની વિગત છે.[૨]

જ્યારે કેટલાક લેખકોએ નિરાધારપણે સાંભળેલી વાતોને આધારે કડવા પાટીદારોની ઉત્પત્તિ લખી છે. જે આપણે જોઈને એના અંગે વિચારીએ.

શ્રી. પુરુષોત્તમ લ. પરીખે દેસાઈ શાખના પટેલોના વહીવંચાની દંતકથાને આધારે કડવા પાટીદારોની ઉત્પત્તિની વાત આ રીતે આપી છે :

પરશુરામે એકવીશ વાર પૃથ્વી નક્ષત્રિ કરી. એટલે મૃત્યુ પામેલા ક્ષત્રિયો રાક્ષસો થયા. અને ઋષિમુનિઓનું યજ્ઞોમાં વિઘ્ન નાખવા લાગ્યાં. ત્યારે સર્વ ઋષિઓ મહાદેવજીના પાસે ગયા. પણ મહાદેવજી સમાધિસ્થ હતા. એથી મુનિઓએ ઉમિયાની પાસે પોતાનું દુઃખ ગાયું અને, રક્ષણ માગ્યું. માતા અંબિકા (ઉમિયા) એ બાવન ઋષિઓ દ્વારા

---

૧. શ્રી : રજનીભાઈ બારોટ, રે સિધ્ધપુરને ચોપડેથી

૨. અ : એજન આ :શ્રી અરવિંદભાઈ બારોટ, રે સિધ્ધપુરને ચોપડેથી

બાવન પૂતળાં ભભૂતમાંથી બનાવ્યાં અને એ પૂતળાંને માથે હાથ મૂકીને સજીવન કર્યાં. તેથી તે કરડવા કહેવાયા. તેમને હાથે ઋષિઓનું દુઃખ દૂર કરાવી અભયદાન આપ્યું. આ બાવન સજીવન કરેલ પૂતળાંના વંશજો બાવન શાખના કરડવા પાટીદારો થયા.[1]

આ દંતકથામાં એ કયા બારોટ પાસેથી મળી ? એ બારોટનું નામ-ઠામ શું ? એ કશી વિગત નથી. એટલે એનું પ્રમાણભૂતતાની દૃષ્ટિએ કોઈ મૂલ્ય નથી.

આ દંતકથામાં તથ્યાંશ હોય તો તે એટલું જ છે કે કૂર્મિઓનાં ગુજરાતમાં થયેલ આગમન માતાજી ઉમિયાજીને આભારી છે. મા ઉમિયાજી દ્વારા જ ૫૨, શાખના કૂર્મિઓ-દેવો ગુજરાતમાં આવ્યા.

બીજી દંતકથા પ્રમાણે મા ઉમિયાનું વરદાન પામેલા કડવાએ કાળભદ્ર દાનવનો વધ કર્યાનું જણાવ્યું છે. વનવાસી રામચંદ્રે સીતાની ચોકી માટે કરડવાને મૂક્યાનુ અને એ સમયે કૈલાશમાં માતા અંબિકા 'ઉમિયા'એ યજ્ઞ આરંભ્યો. અને પોતાના પુત્ર કરડવાઓને તેડાવ્યા. પણ એ સીતાની ચૌકીમાં હતા તેથી જઈ શક્યા નહિ. તેથી માએ શાપ આપ્યો 'જાઓ' તમારાં લગ્ન બાર વર્ષે થશે.'[2]

આ દંતકથાના પ્રદાતાનું નામ, ગામ વિગેરે કાંઈ પણ નથી. એટલે આ વાત પણ આધાર રહિત બની રહે છે.

હવે આમાં તથ્યાંશ શોધીએ તો આ દંતકથામાં આવતો દાનવ કાળભદ્ર એ પૌરાણિક રાજા પૃથુના સમયમાં પ્રવર્તતી અન્નાભાવની પરિસ્થિતિ દર્શાવે છે. આજે પણ લોક ભાષામાં 'કાળ પડવો' એ વાક્ય પ્રયોગ 'દુષ્કાળ પડવો' એ અર્થને વ્યંજિત કરે છે. સાથે બહુ જુના સમયથી કડવા પાટીદારો ગુજરાતમાં હોવાનો અને 'બંધુકાલગ્નો'ના થતાં હોવાના તથ્યાંશો આ દંતકથા દ્વારા પ્રગટે છે.

'ત્રીજી દંતકથા શ્રી પરીખ આ રીતે રજૂ કરે છે' :

તેત્રાયુગમાં ભગવાન શિવ કાશી પ્રત્યે પ્રયાણ કરતા હતા. રસ્તામાં સત્વગુણ યુક્ત સરસ્વતી નદીનાં તટે આવ્યો. ત્યાં શિવજી બાર વર્ષની સમાધિ લગાવી બેસી ગયા. ત્યાં સાથે આવેલાં માતાજી ઉમિયાએ સરસ્વતી તટની માટીનાં ૧૦૫ પૂતળાં બનાવ્યાં. તપરત ભગવાન શિવ પાસે જઈ નારદે ચાડી ખાધી. આપની ગેરહાજરીમાં પાર્વતીએ ૧૦૫ બાળકો ઉત્પન્ન કર્યા છે. એથી શિવ માતાજી ઉમિયા પાસે આવ્યા. પણ માટીનાં પૂતળાં જોઈને શાંત થયા. દેવીએ પૂતળાંને સજીવન કરી પરણાવી દેવા વિનંતિ કરતાં

---

૧. કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ : પુરુષોત્તમ લ. પરીખ, પૃ. ૧૦-૧૧.
૨. કણબી ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ : પુરુષોત્તમ લ. પારીખ, પૃ. ૧૨-૧૩

ભગવાન શિવે ગોર અને બારોટને પોતાના લલાટમાંથી ઉત્પન્ન કર્યા. ગોરે સજીવન થયેલ પૂતળાંઓને પરણાવી દીધા.[1]

આ દંતકથા આપનારનાં નામ-ઠામ શ્રી પરીખે નથી જણાવ્યાં પણ અન્ય વહીવંચાઓએ કહેલી ઉત્પત્તિની કહાણી' એમ જણાવે છે. એથી આ દંતકથા પ્રમાણ-ભૂત-રહેતી નથી. પૃથુરાજાના સમયથી સરસ્વતી તટે ૫૨, શાખના કૂર્મિઓ -દેવપ્રજા વસ્તી હતી, અને તેમનાં કુળદેવી એ સમયે પણ ઉમિયાજી હતાં. અને કુર્મિઓ ભગવાન શિવના આરાધક હતા, એટલું તથ્ય આમાંથી તારવી શકાય છે. જે કૂર્મિઓ પૃથુરાજાના સમયમાં તેત્રાયુગમાં આવ્યાનું કથે છે.

ચોથી દંતકથા હરિકૃષ્ણ વ્યંકટરામ શર્માએ પોતાના પુસ્તક 'બ્રાહ્મણોત્પત્તિ' માર્તંડમાં આપેલ છે. જેમાં પણ તેઓ લવ-કુશના સાથે ઊંઝાના ગરીબ ખેડૂતોને જોડી દઈને લવ-કુશ દ્વારા લેવા અને કડવા એવા બે પ્રભેદો થયાનું કથે છે.[2]

શ્રી હરિકૃષ્ણ શર્માએ આપેલી કથાનો ટૂંકસાર આ પ્રમાણે છે :

રામના પુત્રો લવ-કુશ યાત્રાર્થે સિદ્ધપુર ગયા, ત્યાં એમણે ખેતી કરતા શુદ્ર ખેડૂતોને મા ઉમિયાની સેવા અર્થે નિયુક્ત કર્યા. લવે જેને નિયુક્ત કર્યા તે લેવા પાટીદાર થયા અને કુશે જેને નિયુક્ત કર્યા તે કડવા. પાટીદાર થયા.

એક દિવસ કડવા પાટીદાર માતાજીની ગાયો ચારવા ગયા. ત્યાં વિવાહનો ઉત્તમ સમય આવ્યો એથી માતાજીએં એ વેળા ત્યાં હાજર રહેલ એવા લેવા પટેલોના લગ્નો કરી દીધાં. એ પછી ગાયો ચારીને કડવા પાટીદારો આવ્યા તેમણે જોયું કે લેવા પાટીદારોનાં લગ્ન થઈ ગયાં છે એથી એમણે માતાજીની સ્તુતિ–પ્રાર્થના કરવા માંડી એથી પસન્ન થઈને માતાજીએ કીધું : તમારી પુત્રીઓનાં લગ્નો બાર વરસે થશે તે આજ સુધી કડવા પાટીદારોમાં બાર વરસે લગ્ન થાય છે.[3]

શ્રી હરિકૃષ્ણ શર્માએ પોતાનાં ઉપર્યુક્ત મંતવ્ય માટે કોઈ કોઈ નક્કર આધાર આપ્યો નથી. પણ 'શિષ્ટોના મુખેથી સાંભળીને પોતે આ વૃત્તાંત આપ્યું છે.'[4] એમ કહે

---

૧. એજન પૃ. ૧૪-૧૫-૧૬
૨. એજન, પૃ. ૧૮-૧૯
૩. अ : કણબી-ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ : પુરુષોત્તમ પરીખ, પૃ. ૧૮-૨૧
આ : ગુજરાતના કૂર્મી ક્ષત્રિય પાટીદારોનો ઇતિહાસ : ગોકળદાસ સોમાભાઈ પટેલ, મહેન્દ્ર ગોકળદાસ પટેલ, પૃ. ૩૦૨-૩૦૪.
૪. अ : એજન પૃ : ૨૦ आ : એજન પૃ : ૩૦૪

છે. પણ પોતે જે 'શિષ્ટો'નાં મુખથી આ વૃત્તાંત સાંભળ્યાનું કહે છે. એ 'શિષ્ટો'નાં નામ, ઠામ આપતા નથી. એટલે તેમનાં આ વૃત્તાંતનું પણ પ્રમાણભૂત વિગત લેખે કોઈ મૂલ્ય રહેતું નથી. પણ કોઈ આધારહીન-પુરાવા વગર જ તેઓ કડવા અને લેવા પાટીદારોને શુદ્ર કહે છે. જે હરિકૃષ્ણ શર્માના પાટીદારોના પ્રત્યેના પૂર્વગ્રહોને જ પ્રગટ કરે છે.

આમાં તથ્યાંશ પ્રાપ્ત થતો હોય તો તે લવ-કુશના સમયમાં તેત્રાયુગમાં ઊંઝામાં કૂર્મિ જાતિ રહેતી હતી. અને તેમનામાં કડવા કૂર્મિઓમાં 'બંધૂકા લગ્ન'ની પ્રથા હતી તે છે. જે સિંધુ સંસ્કૃતિ સમયે કૂર્મિઓનું ગુજરાતમાં સ્થિર વસવાટ કરી રહેતાં હોવાનું સૂચન કરે છે.

શ્રી ડાહ્યાભાઈ લક્ષ્મણદાસ પટેલે 'વડનગરા કણબીની ઉત્પત્તિ' નામે ગ્રંથ લખ્યો છે. પણ શ્રી. પુરુષોત્તમ લ. પરીખના મતાનુંસાર એમાં પૂર્વોક્ત દંતકથાઓ જ આપી છે. કોઈ નક્કર વેદ-પુરાણ કે પુરાતત્વનાં પ્રમાણો આપ્યાં નથી.[1] એટલે એની વ્યર્થ ચર્ચા કરી પૃષ્ટભાર વધારવાનો કોઈ અર્થ નથી.

હવે લસુંદરાના ભટ્ટ ગોરધનરામ સદારામે 'લેઉવા પુરાણ' રચ્યું છે. જેમાં તેમણે કડવા અને લેવા પટેલોની ઉત્પત્તિ અંગે નિરાધાર વાતો આપી છે. એને જોઈએ.

ગોરધનરામ ભટ્ટે રચેલ 'લેઉવાપુરાણ'માં અધિકાંશપણે લેવા પાટીદારોની જ વિગતો આપી છે. પણ તેનાં પ્રમાણહીનપણાંને કારણે એમાં કાંઈ વિશ્વસનિયતા પણ રહેતી નથી. ગોરધનરામ ભટ્ટનું 'લેઉવાપુરાણ' પદ્યબંધ છે. એમાં લેવા પાટીદારોને રામપુત્ર લવના વંશજ લેખે ઠસાવવા પ્રયત્ન કર્યો છે. અને 'ક્ષત્રિયથી તમે વૈશ્ય થયા છો. મુનિ દુર્વાસા શાપેજી ' એવાં વિધાન દ્વારા કૂર્મિઓ પ્રથમ ક્ષત્રિય હતા. એવો સ્વીકાર કરીને પછી દુર્વાસા ઋષિને અને એમના શાપને ઘુસાડીને કૂર્મિઓને વૈશ્યો બની ગયાનું કથે છે.[2] જે નર્યું ગપ્પું જ છે. ખેતી કરવાથી કોઈ વૈશ્ય થઈ જતા નથી. ભાવનગર જિલ્લાના કેટલાય પલેવાળ બ્રાહ્મણો ખેતી કરવા છતાં વૈશ્ય ન બની ગયાં.[3] ભૂતકાળમાં કેટલાય બ્રાહ્મણો વ્યાજ-વટાવનો ધંધો કરતા હતા. તેઓ પણ વૈશ્ય ન બન્યા. આજના ઘણા બ્રાહ્મણો વેપાર અને ખેતી કરે છે. છતાં તેઓ બાહ્મણ નથી મટ્યા તો પછી એજ કારણથી કૂર્મિઓ ક્ષત્રિયમાંથી વૈશ્ય- કેમ થયા ? એ વાત ગળે ઊતરે તેવી નથી. એટલે એને ગોરધનરામ ભટ્ટનું એક મોટું ગપ્પું જ માનવું રહ્યું. 'ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, અધમ ભીખ, માગતાં ન આવડે તો દલાલી શીખ.' એ લોક પ્રચલિત કહેવતમાં તો કૃષિને

૧-૨. કણબ-ક્ષત્રિય ઉત્પત્તિ અને ઇતિહાસ : પુરુષોત્તમ લ. પરીખ, પૃ. ૨૩-૨૫
૩. સંજય દૃષ્ટિ ; પ્રા. નરોત્તમ પલાણ-હરબાળાબેન દવે, પૃ. ૬૦

ઉત્તમ કહી છે. છતાં કૃષિકારને વૈશ્ય બનાવી દેવાની ગોવરધનરામ ભટ્ટની વાત વિચિત્ર જ લાગે છે. બીજી વાત કહેવતમાં ભીખને અધમ કહી છે. એ ભિક્ષા વડે નિર્વાહ કરનારા બ્રાહ્મણ સમાજનું પતન ન થયું તો પછી ઉત્તમ કૃષિ કરનારા જગદાત્તાર કૂર્મિઓ ક્ષત્રિય મટીને વૈશ્ય કેવી રીતે થઈ જાય ? એ વાત ગોવરધનરામ સમજ્યા લાગતા નથી. ટૂંકમાં તેમનું માનસ ગૃહિત હોવાનું કોઈને પણ લાગવાનું.

ગોર્વધનરામ ભટ્ટ પોતે આ ગ્રંથ 'લેઉવા પુરાણ' પોતાને પ્રાપ્ત કોઈ ભીમ નામે કવિની અપૂર્ણ રચના પરથી રચ્યાનું જણાવે છે.[૧] શ્રી ગોકળદાસ સો. પટેલ અને મહેન્દ્ર ગો. પટેલ એ ભીમ કવિની રચના અપભ્રંશ ભાષામાં હોવાનું જણાવે છે.[૨] પણ આપણે એનાં ઉદાહરણો જોઈએ છીએ ત્યારે તે હિન્દી ભાષા જણાય છે. યથા :

સત્તાવીસ ગયે જ્યાંહી, તબ પ્રકટે અજય સુત ત્યાંહી;
હુવા શાણો સુર સમાન, મિલે રાજનમેં અતિ માન.[૩]

આમાં 'શાણો' શબ્દ ગુજરાતી ભાષાનો છે. જે સૂચવે છે કે આ કોઈ ગુજરાતી કવિની રચના હશે. ભાષા આ રીતે ગુજરાતી મિશ્રિત હિન્દી છે, અપભ્રંશ નથી. મેં અનેક હસ્તપ્રત ભંડારોનાં સૂચિપત્ર જોયાં છે. પણ તેમાં ક્યાંય કોઈ ભીમ નામે કવિએ પાટીદારોના ઇતિહાસ અંગે હિન્દીમાં રચેલ કોઈ કૃતિ પ્રાપ્ત થઈ નથી. એટલે એવી પણ શંકા આવે છે કે, 'લેઉવા પુરાણ'નું મહત્વ વધારવા અને તેનો આધારા પ્રસ્થાપિત કરવા અર્થે ગોવર્ધનરામ ભટ્ટે જ ભીમ કવિને નામે હિન્દીમાં કેટલાંક પદ્યો રચી 'લેઉવા પુરાણ'માં અત્ર-તત્ર મૂકી દીધાં હશે. બાકી એ કથિત ભીમ કવિનાં પદ્યોની ભાષા જોતાં એ બહુ જુનાં લાગતાં નથી. તેમ એમાં કાવ્યતત્વ અને ભાષા સૌષ્ઠય પણ જણાતું નથી. ઉપરોક્ત ઉદાહરણમાં આપેલા પદ્યાંશ સાદો ચોપાઈ બંધ જણાય છે. અત : આ કથિત ભીમ કવિનું ભાષાજ્ઞાન અલ્પ અને અધૂરું લાગે છે. આ દષ્ટિએ 'લેઉવા પુરાણ'નું કોઈ ઐતિહાસિક મૂલ્ય પ્રસ્થાપિત થઈ શકે તેમ નથી.

આ રીતે આપણે 'બ્રાહ્મણોત્પતિ માર્તડ' અને 'લેઉવાપુરાણ' નું મૂલ્યાંકન કરીએ તો એ કેવળ નિરાધાર એ કલ્પિત રચનાઓ છે. એ રચનાઓ દ્વારા પાટીદાર સમાજની કોઈ સેવા થયાનું જણાતું નથી. તેમ વહીવંચાના ચોપડાઓ કે પુરાણોને આધારે તેમણે

---

૧. ગુજરાતના કૂર્મિ ક્ષત્રિય પાટીદારોનો ઇતિહાસ : ગોકળદાસ સોમાભાઈ પટેલ અને મહેન્દ્ર ગો. પટેલ, પૃ. ૨૪૨
૨. એજન, પૃ. ૨૪૨
૩. એજન, પૃ. ૨૪૨

કશું જ લખ્યું હોય કે તેમ જણાતું નથી એટલે આજે એ ગ્રંથોનું કોઈ મહત્વ રહેતું નથી.

હવે આપણે ગુજરાત બહાર મધ્યપ્રદેશ-માળવામાં કૂર્મિઓની ઉત્પત્તિને લગતી પ્રાપ્ત દંતકથાને જોઈએ અને તે પણ ટૂંકમાં.

ગુજરાતમાં દાનવો વસ્તા હતા. એમના બે રાજવીઓ હતા. મહિદાનવ અને અહીર દાનવ. અહીર દાનવ. અહીર દાનવ દ્વારકાનો રાજવી હતો. અને મહિદાનવ લોહગઢ (જુનાગઢ)નો સ્વામી હતો. એ બંનેનો બહુ ત્રાસ હતો. એથી સંતો, ઋષિઓ અને દેવતાઓએ ક્ષિરસાગર પર જઈને ભગવાન આદીનારાયણને પ્રાર્થના કરી.

ત્યારે જગદંબા આદિ પરમેશ્વરીએ પ્રસન્ન થઈને કહ્યું : 'તમે સૌ પોતપોતાના સ્થાને જાઓ. હવે હું અવતાર લઈને તમારું સંકટ દૂર કરીશ. ભગવાન શ્રી નારાયણ નહિં આવે.' તમે નંચિત થાઓ હવે કાંઈ ભય નહિં રહે.

આથી સૌ પોતપોતાને સ્થાને ગયા પછી કેટલોક સમય વિત્યે ગુજરાતમાં આરાસુર પર્વત પર માતા અવરતરિત થઈને અત્યંત રૂપવાન બની બિરાજ્યાં. ત્યાં કબીરદાનવ અને બકદાનવે આવીને પૂછ્યું ;

'દેવી, તું કોણ છો ?'

ત્યારે માતાએ કહ્યું : 'રાક્ષસો, હું એક અબળા નારી છું.'

ત્યારે કબીર દાનવે પૂછ્યું ; 'દેવી, તારે પતિ છે કે નહિ ?'

ત્યારે દેવીએ જવાબ દીધો : 'ના, પણ જે કોઈ યુદ્ધમાં મને પરાજિત કરશે તેને હું વરીશ.'

આ વાત દાનવોએ જઈ મહિદાનવ અને અહિરદાનવને કહી. જેથી એ બંને દાનવરાજ સસૈન્ય ચડી આવ્યા. મહાયુદ્ધ થયું. માતા એકલીએ બહુસંખ્યક દાનવોનો સંહાર કર્યો. એ કારણે એનું 'બહુચરા' એવું નામ પડ્યું મહા કૌપમય થયાં એથી 'મહાકાળી' એવું નામ પડ્યું. એ યુદ્ધમાં બ્રહ્માજી અશ્વ બન્યા. વિષ્ણુ અશ્વની સજાઈ (સામાન) રૂપ બન્યા, અને ભગવાન શિવ અશ્વનો ચાબુક બન્યા. એ અશ્વ પર સ્વાર થઈને જગદંબાએ યુદ્ધ કર્યું.

સરસ્વતી નદીને તટે અશ્વને વૃક્ષ સાથે બાંધી માતા જળપાન કરવા ઊતર્યાં. જળપાન કર્યા બાદ જગદંબા શાન્ત થયાં એ નિર્જન સ્થળે નદી કાંઠાની માટીમાંથી માતાજીએ બાવન પૂતળાં બનાવ્યાં. અને એમને સજીવન કર્યો.

પછી અશ્વ, સજાઈ અને ચાબુક રૂપ બનેલ બ્રહ્મા, વિષ્ણુ અને શિવને તેમના મૂળ સ્વરૂપમાં લાવ્યાં.

પછી મા ઉમિયાએ બાવન પૂતળાંઓને વરદાન દીધાં કે – (૧) તમે હળપતિ

થશો. સર્વ દેવો તમારી આશા (યાચના) કરશે. ત્યારે જગતની ઉદરપૂર્તિ થશે, (૨) હળની અણી વડે તમારી કીર્તિ વૃદ્ધિ પામશે, (૩) સારુંયે જગત તમારી આશા (યાચના) કરશે, (૪) કળિયુગમાં વિપુલ પ્રમાણમાં તમારી વંશ વૃદ્ધિ થશે.'

એ પછી દેવીએ પાતળમાંથી બાવન નાગકન્યાઓને તેડાવી અને પછી પૂછ્યું કે :

'આ નાગકન્યાઓ સાથે આ મારા બાવન પુત્રોના લગ્ન કઇ વિધિથી કરવાં ઘટે છે ?. વેદવિધિથી તથા શાસ્ત્રવિધિથી એમના લગ્ન કરવાં જોઈએ.?

ત્યારે બ્રહ્મા, વિષ્ણુ અને શિવે લગ્ન કરાવી દેવોનો ઇન્કાર કર્યો. ત્યારે દેવીને કોપ ચડયો. એમણે 'તમારાં શાસ્ત્રો તમારી પાસે જ રાખો.' કહી કેવલ હસ્ત મેળાપ વડે જ બાવન પુરુષો અને નાગકન્યાઓ વિવાહ અક્ષયતૃતિયા (વૈશાખ સુદ ૩) ને દિવસે કરી નાંખ્યા.[૧]

એ બાવન દેવી પુત્રોમાંથી એક પુત્ર માતાની આજ્ઞા લીધા વગર પોતાની પત્નીને લઈને જુદો થઈ અલગ વસ્યો જેનો વંશ લેવા પાટીદારો થયા, બાકીના ૫૧ દેવીપુત્રોનો વંશ કડવા પાટીદાર કહેવાયો.[૨]

આ રીતે લેવા અને કડવા પાટીદારોની ઉત્પત્તિ દ્વાપર યુગમાં થયાનું માળવાની દંતકથા કથે છે.[૩]

હવે આ દંતકથાના સૂચિતાર્થો જોઈએ. જે નીચે પ્રમાણે તારવી શકાય છે :

(૧) પાટીદારોની ઉત્પત્તિ સરસ્વતી કાંઠે દર્શાવી છે. અને બાવન પૂતળાંને ગુજરાતની ભૂમિમાં બનાવ્યાની વાત છે, જે પાટીદારોને દેવીએ ઉત્પન્ન કર્યાનું સૂચવે છે. આ રીતે તેઓ મૂળ ઊંઝાનાં છે.

(૨) બાવનમાંથી એક પુત્ર પત્નીને લઈ જદો થયો. તેના લેવા પાટીદારો થયા, એ વસ્તુ સૂચવે છે કે મૂળે સૌ પાટીદારો એક જ છે.

(૩) અહિરસુર સાથેનાં યુદ્ધની વાતનો સૂચિતાર્થ આ રીતે તારવી શકાય કે પશુપાલકો સાથે ખેડૂત એવા કૂર્મિઓને પ્રારંભમાં થોડો સંઘર્ષ થયો હશે. પશુપાલકોમાં આહીર, રબારી, ભરવાડ આવી જાય છે.

(૪) બ્રહ્મા, વિષ્ણુ અને શિવનો કૂર્મિઓને શાસ્ત્રવિધિથી પરણાવવાનો ઇન્કાર અને

---

૧. કુલમ્બી કુલભૂષણ : ભા. ૧ : શ્રી મહંત રામકૃષ્ણદાસજી શ્રી ગુરુ ૧૦૮ રામદાસજી (ઉજૈન), પૃ. ૧૯૧ થી ૧૯૪

૨. કુલમ્બી કુલભૂષણ : મહંત શ્રી રામકૃષ્ણજી ગુરુ શ્રી રામદાસજી (ઉજૈન) પૃ. ૧૯૪-૧૯૫

૩. એજન, પૃ. ૧૯૪-૧૯૫

જગદંબાનું કૂર્મિઓને વિધિવિહિન રીતે પરણાવી દેવાનું વિધાન સૂચવે છે કે પ્રારંભમાં કૂર્મિઓએ બ્રાહ્મણો નિર્મિત વિધિ-વિધાનોને સ્વીકારેલાં નહિં હોય, તેમ બ્રાહ્મણોને મહત્વ પણ આપેલું નહિ હોય.

(૫) માતાજીએ વૈશાખ સુદી ૩ ને દિવસે બાવન પુત્રોને પરણાવી દીધા. એવો ઉલ્લેખ સૂચવે છે કે કૂર્મિ-દેવો ગુજરાતમાં આવ્યા ત્યારના પ્રારંભમાં સમયથી જ તેમનામાં સમૂહલગ્નનો સમાજોપયોગી ચાલ હતો. જેને ઊંઝાપતિ અવનિપતે 'બંધુકાલગ્ન' રૂપે, સમયબદ્ધ સમૂહલગ્નોત્સવમાં પરિવર્તિત કરીને આ રિવાજને સવિશેષ સમાજોપયોગી બનાવ્યો હશે. જે એ કાળને અનુરૂપ હશે.

(૬) જગદંબા દ્વારા પ્રદત ચાર વરદાનોની વાત એ વસ્તુ સૂચવે છે કે કૂર્મિઓ દ્વારા જ ગુજરાતમાં કૃષિ વ્યવસાયનો આરંભ થયો છે. તેમના આગમન પહેલાં આ પ્રદેશ કૃષિવિહિન હશે. કૃષિ જ સંસ્કૃતિ અને વ્યાપાર-ઉદ્યોગની જનેતા છે. એના વિકાસમાં કૂર્મિઓનો. સર્વોચ્ચ ફાળો છે. એ તથ્ય આથી સમજી શકાશે.

આ રીતે દંતકથાઓનું અવગાહન કારીને એનાં સૂચિતાર્થો અને તથ્યાંશો તારવવાનો પ્રયાસ કર્યો. જેમાંથી આપણે જાણ્યું કે કૂર્મિઓએ તેત્રાયુગના સમયથી જ મા ઉમિયા દ્વારા ગુજરાતમાં આવીને સંસ્કૃતિના વિકાસનો. આરંભ કર્યો. કૃષિ વિકાસ સાથ અહિંની પાષણયુગીન કહેવાય એવી કૃષિજ્ઞાનથી વંચિત જનતાને માટે પોતાનાં કૃષિજ્ઞાન દ્વારા જ્ઞાનાર્જન અને સાંસ્કૃતિક વિકાસનો માર્ગ મોકળો કરી દીધો આ રીતે કૂર્મિઓ દ્વારા સંસ્કૃત એવી દેવ પ્રજાનાં જ્ઞાન અને સંસ્કૃતિનું ગુજરાતની ભૂમિમાં અવતરણ થયું. એને તમે સિંધુ ઘાટીની સભ્યતા કહો કે સરસ્વતી તટની સભ્યતા કહો, પણ વાસ્તવમાં એ કૂર્મિ સભ્યતા- દેવપ્રજાની સભ્યતા છે. જેના સીધા વારસદારો આજના પાટીદારો છે. મા ઉમિયા દ્વારા એમનું ગુજરાતમાં આગમન થયું છે. 'પ્રભાસ પુરાણ' ના ૬૬માં અધ્યાયમાં પાર્વતીજી (મા ઉમિયાજી) ગુજરાતમાં એકાધિક વાર પધાર્યાનો ઉલ્લેખ છે.[૧] આ વસ્તુ પણ ઉમિયાજી દ્વારા કૂર્મિઓ ગુજરાતમાં આવ્યાની વાતને ટેકો આપે છે.

સાથે પાટીદારોની દંતકથાઓમાં ભગવાન શિવ અને માતાજી ઉમિયા જે રીતે સંલગ્ન છે, તે જોતાં જણાય છે કે પાટીદારો મૂળથી શૈવ અને શાક્ત સપ્રદાયના અનુયાયી હશે. આ કારણે જ આજે સમગ્ર કડવા પાટીદારોની કુળદેવી લેખે માં ઉમિયા સ્થાપિત થયાં છે.

---

૧. ગુજરાતના કૂર્મિ ક્ષત્રિય પાટીદારોનો ઇતિહાસ : ગોકળદાસ સોમાભાઈ પટેલ - મહેન્દ્ર ગોકળદાસ પટેલ, પૃ. ૧૯૬

આ પ્રકરણમાં સમયબદ્ધ સમૂહલગ્નો એવાં 'બંધુકાલગ્ન'ની વિશેષતા, વિશિષ્ટતા, સમાજોપયોગિતા અને તેને કારણે કડવા પાટીદાર સમાજમાં ઠેઠ તેત્રાયુગથી જળવાઈ રહેલી ઐક્યતા, ઊંઝા અને માતાજી ઉમિયા સાથેની શ્રદ્ધા-યુક્ત એકસૂત્રતા ભરી લાગણી સહ ભક્તિ ભાવના. અને ખોટી ધામધૂમ-ખોટા ખર્ચાનો અભાવ જોયાં. અને એનું મૂલ્યાંકન કર્યું.

સાથે કડવા પાટીદારોની ઉત્પત્તિ અંગેની ગુજરાત અને માળવામાં પ્રચલિત દંતકથાઓમાં સ્ફૂટ થતું પાટીદારોની મૂળ માતૃભૂમિ ઊંઝા હોવાનું સત્ય પણ જોયું. અને સાથે મા ઉમિયાજી જ સમગ્ર કડવા પાટીદાર સમાજનાં આરાધ્ય કુળદેવી લેખે ઉભરતાં જોયાં, આમાંથી ફલિત થતું એ સત્ય જોયું કે પાટીદારો મા ઉમિયાજીના પનોતા પુત્રો પણ છે.

હવે આગામી પ્રકરણમાં લેવા અને કડવા પાટીદારો ભિન્ન છે કે અભિન્ન તે અંગેની ચર્ચા કરીએ.

□

૮

લેવા અને કડવા પાટીદારો ભિન્ન કે અભિન્ન ?

ગાંધીજીનું સ્વપ્ન એવું હતું કે સ્વરાજ-આઝાદીમાં પ્રજામાં ઐક્યતા હોય, અને સૌ સંપીને સ્વાતંત્ર્યનાં મીઠાં ફળો ભોગવતાં પ્રગતિ કરે. આજે પચ્ચાસ વર્ષે આપણે જોઈએ છીએ કે, આઝાદી તો મળી પણ પ્રજામાં ભાગલાવાદી પરિબળોને કારણે કોમવાદી વલણ સબળ થતું ગયું આનો સઘળો દોષ રાજકારણીઓને શિરે છે.

આઝાદીના આગમન સાથે જ રાજકારણીઓએ પ્રથમ કણબીઓ અને દરબારોમાં ભાગલા પડાવ્યા. આઝાદી પહેલાં સૌરાષ્ટ્રમાં કણબીઓ અને દરબારો સુલેહ-સંપથી રહેતા હતા. તેમના મનમાં રાજકારણીઓએ વૈમનસ્યનાં બીજ વાવ્યાં. આનું નિમિત બનાવ્યો જમીનદારી નાબૂદીનો ધારો. જમીનદારી નાબૂદ કરવામાં કોઈ ખોટું ન હતું પણ એ ધારાને નિમિત બનાવીને પટેલો અને દરબારોનાં મનમાં વેરઝેરનાં વાવેતર કરવાનું રાજકારણીઓનું વલણ ખોટું અને પ્રજાના હિત માટે ઘાતક હતું તે આજે સમજાય છે.

જો જમીનદારી નાબૂદીનો ધારો. શાંતિથી અને કોઈ જાતનાં વેરના વાવેતર વગર અમલી બન્યો હોત તો એ વાત નિશ્ચિત હતી કે દરબારો અને પાટીદારોમાં સંપ અને સદ્‌ભાવ કાયમ રહેત અને સૌરાષ્ટ્રની આ બંને કોમો બહુ જ ટૂંકા ગાળામાં એક થઈ પણ જાત.

પણ પટેલો-દરબારોની આ એકતા જ રાજકરણીઓ માટે સૌથી મોટી શિરોવેદના બની રહેત. રાજકારણથી લઈ હરકોઈ ક્ષેત્રે આ બંને કોમોનો સંપ ધાર્યું પરિણામ લાવી શકે એમ છે. એ તથ્ય રાજકારણીઓ સમજી જ ગયા હતા અને જો બંને કોમો સંપી જાય તો રાજકારણમાં પણ આ બંને કોમોનો પ્રભાવ વ્યાપી જાય, આમ બને તો પછી પાટીદારો અને દરબારો સિવાયનાં બીજાંઓ માટે રાજકારણમાંથી ફેંકાઈ જવાનું નિશ્ચિત

બની જાય. પરિણામે રાજકરણીઓએ પટેલો અને દરબારોમાં વેર-ઝેર વધારવાના કોઈ જ પ્રયાસો બાકી ન રાખ્યા રાજકારણીઓની આ ભાગલાવાદી પ્રવૃત્તિથી દરબારો અને પટેલોને ઘણું બધું ગુમાવવું પડ્યું છે. અને સહન પણ કરવું પડ્યું છે.

પણ પાટીદાર પ્રજા પુરુષાર્થી અને કર્મયોગી પ્રજા રહી એને લીધે જીવનના સર્વક્ષેત્રોમાં પોતાના પુરુષાર્થના કારણે એ બીજાને પાછળ મૂકીને આગળ થવા માંડી. ત્યારે પેલા રાજકારણીઓના પેટમાં તેલ રેડાયું. જો આ રીતે પાટીદારો આગળ ધપતા રહે તો આવતી કાલે રાજકારણમાં પાટીદારોનું વર્ચસ્વ જામી જાય એ તથ્ય એ ખંધા રાજકારણીઓ બહુ જલ્દીથી પારખી ગયા. પરિણામે એમણે કડવા અને લેવા પાટીદારો વચ્ચે વેરઝેરનાં વાવેતર કરવાં માંડ્યાં. અને પાટીદારોના આ બંને સમૂહો એક ન થાય તેવા પ્રયત્નો શરૂ કર્યા. જેના પરિણામે લેવા અને કડવાનો વાદ આજે રાજકરણમાં શરૂ થયો છે. જે પાટીદાર સમાજ માટે અત્યંત હાનિકારક બની શકે તેમ છે.

એટલે રાજકારણીઓ પાટીદારોના આ બે મુખ્ય ફાંટાઓમાં ભિન્નતા આરોપે છે એ કેટલી સાચી-ખોટી છે. ? તેની અત્રે સાધાર ચર્ચા કરી લઈએ અને તથ્યાન્વેષણ પણ કરી લઈએ, એથી ભાવી પ્રજા તથ્ય જાણીને પોતાના હિતાહિત અંગે ઉચિત વિચારધારા અપનાવી શકે.

આગલાં પ્રકરણોમાં કડવા પાટીદારોના વહીંવચાં બારોટોના ચોપડાઓને આધારે ચર્ચા કરી છે. હવે આ પ્રકરણમાં આપણે લેવા પાટીદારોના વહીવંચા બારોટના ચોપડા શું કહે છે. તે જોઈએ.

કૂર્મિ પ્રજાની ઉત્પત્તિ અંગે લેવા પાટીદારોના વહીવંચા બારોટના ચોપડામાંથી નીચે પ્રમાણે કથા પ્રાપ્તિ થાય છે,.

'માતાજી ઉમિયાજીએ કુંવારકા નદીને કાંઠે, માટીનાં પૂતળાં બનાવ્યાં. ભગવાન શિવજીએ એ પૂતળાંને જોઈએ પૂછ્યું,

'દેવી, આ શું કર્યુ ?'

ઉમિયાજીએ જવાબ દીધો : બ્રહ્માજીએ પોતાની સૃષ્ટિ સર્જી તો મે. આ શૈવી સૃષ્ટિ સર્જી. હવે તમે એને સજીવન કરો.'

ત્યારે ભગવાન શિવજીએ એ પૂતળાંઓને સજીવન કર્યા. અને એનું કણબી એવું નામ રાખ્યું, એના દુહા :

કળ પ્રથમ કણબી થિયા, બીજા રવતલ રાણ;
ધડ વડ થાપ્યાં ધૂંબડા, જગત સવે મંડાણ....૧

(આ પૃથ્વી પર પ્રથમ કણબીઓ ઉત્પન્ન થયા એ પછી એ ધરતીના પટ પર રાજવીઓ થયા, આ રીતે સબળ એવા કૃષિકારોની સ્થાપના કર્યા પછી જગતનો આરંભ કર્યો.)

ઘેર દુઝાણાં ઘી ઘણાં, ઘણી ઘેંશ ને છાશ;
વરાણ અઢારે વરતવા, આવે કણબી પાસ...૨

(જેના ગૃહે દૂઝાણાં ઢોર, ઘી, ઘેંશ અને છાશની વિપુલતા છે. એવા આ કૃષિકાર પટેલો પાસે અઢારે વર્ણ પોતાની આજીવિકા અર્થે આવે છે.)

માતાજી ઉમિયા દ્વારા ઊંઝા દેવી પ્રગટ્યાં. જેને કેટલાંક પૂતળાં (કૂર્મિઓ) આપ્યા જેને ઊંઝાદેવીએ બાર વરસ રાખ્યાં પછી ભગવાન શિવે કૂર્મિઓના વહીંવચા દ્વારા એ બાળકોને પોતાની પાસે તેડાવ્યાં. પણ એ ઊંઝાદેવીને સોંપેલ કૂર્મિઓ પૂરા તોફાની હતા. એમણે તોફાનો કરીને માતાજીને પરેસાન કરેલાં એથી માતાજીએ એ કૂર્મિઓમાં પોતાનું નામ લેણું રહે એમાટે 'બધુંકા લગ્ન'-બાર વરસે લગ્ન કરવાની પ્રથા ચાલુ કરી. તેનો દુહો.

બાર વરહ રો બાહરો, પરણી ન શકે કોઈ;
ઊંઝા દેવી એમ કહે, મારે હકમે વિવા હોઈ...૩.

(માતાજી ઊંઝા (ઉમિયા) કહે છે : મારી આજ્ઞાથી લગ્ન થાય. બારવરસની ઉંમર વટાવેલું કોઈ હવેથી પરણી નહિં શકે)

આ રીતે ત્રણ, પાંચ કે સાત એમ એકી સંખ્યાના વરસો વિત્યા પછી લગ્ન થાય. જે નવ કે અગિયાર વરસે પણ ન પરણી હોય તે કન્યા વિષકન્યા કહેવાય.

વહીવંચા સાથે ઉમિયા પુત્રો–શિવપુત્રો ભગવાન શિવ પાસે આવ્યા ત્યાં ભગવાન શિવે પોતાના એ પુત્રો માટે દેવતાઓને તેડાવ્યા. અને કહ્યું કે :

'આ જે મારા પુત્રો છે તેમને સાધન આપો જેથી તેઓ જગતનું પાલન કરે, ત્યારે દેવોએ કૂર્મિઓને હળ, દંતાળ, ઓરણી, જોતર, ધોંસરુ, રાસ અને ગાડું વગેરે સાધનો આપ્યાં. વિશ્વામિત્ર ઋષિએ જગતરી (ધાન્યોના બીજ)ની મુઠ્ઠી આપી. મા ઉમિયાજી એ કાંસ આપ્યો અને કીધું :

'જાવ કણબીઓ, ખેડી ખાવ. જુવારમાં દસમો ભાગ રાજાને દેજો નહિ આપો તો તમારે માથે ચાર હત્યાનું પાપ બેસશે.'

પછી બારોટને આજ્ઞા આથી 'જાવ, બાપ, આને રાજા ષટવંગના રાજમાં લઇ જાઓ.' એનો દુહો.

શંકર કહે વહીવંચ સૂણો, હુકમ સર ચઢાવ;
ખડવંગના રાજમાં, કણબીને લઈ જાવ....૪

(ભગવાન શિવ કહે છે : 'હે વહીવંચા, સાંભળ, મારો હુકમ માથે ચડાવીને તું આ કણબીઓને રાજા ષટવંગના રાજમાં લઈ જા)

પછી ભગવાન શિવે કૂર્મિઓને કીધુ કે , 'આ જુવાર ચાર મહિને પાકશે અને આ કાંસ બાર મહિને પાકશે. કાંસ પાકે ત્યાર અમારું આવાહન કરજો.'

પછી કણબીઓ ત્યાંથી રાજા ષટવંગના રાજમાં આવ્યાં. ખેતી શરૂ કરી. રાજાને દશમો ભાગ ધાન્યમાંથી આપે છે. હવે દૂઝણાંની વિગત ગાય ભગવાન ઈંદ્રની આપેલ. ગાડર ઋષિ વિશ્વામિત્રનાં આપેલ, એ પછી રાજા કરણની (મહાભારતનો સુત પુત્ર) વારમાં રાજા કરણ ભેંસ આ દેશમાં લાવેલ. એટલાં દૂઝણાં હતાં.

રાજા દશરથ નાગલોકમાંથી તલ લાવેલા તે આ દેશમાં ધાન્યો સાથે વાવતા.

હવે બાર મહિને કાંસ પાક્યો ત્યારે કણબીઓએ ભગવાન શંકરનું આવાહન કર્યું. ત્યારે ભગવાન શંકર આવ્યા ભગવાન શંકરે સર્વે દેવોનું આવાહન કર્યું ત્યારે સર્વ દેવતાઓ આવ્યા. ત્યારે ભગવાન શિવે કણબીઓને આજ્ઞા આપી : 'જાવ કણબીઓ, તમે વાવેલ ચીજ લઈ આવો.'

ત્યારે કણબીઓ પોતે વાવેલ ચીજ (કાંસ) લઈ આવ્યા. સૌ દેવોએ તે ખાધી. બધાએ વખાણ કર્યાં : મહારાજ, ચીજ તો સારી થઈ આનું નામ શેરડી પાડો.'

પછી કણબીઓએ ભગવાન શિવને પૂછયું કે :

'મહારાજ, હવે અમારે આ શેરડીનું શું કરવું ?'

ત્યારે ભગવાન શિવના આદેશથી કાળભૈરવે ચિંચાડો બનાવી દીધો. કડાઓ બનાવી દીધી કૂંડી બનાવી દીધી. થાળું બનાવી દીધું. ગોળ નાખવાના ઝાળાં બનાવી દીધાં.

શેરડી પીલી. રસ લઈ કડામાં નાખ્યો. તે ઉમિયાજીએ કાંસ આપતી વખતે પોતાના લોહીનો છાંટો નાખીને કાંસ આપેલ તે રસ લોહી થઈ ગયો. ત્યારે દેવોએ ધ્યાન કરીને જોયું તો જણાયું કે આ તો ઉમિયાજીનું લોહી છે. દેવોએ ભગવાન શંકરને કીધું અને ભગવાને તેમને બેસવા કીધું ત્યાં કણબીઓએ પૂછયું જે 'મહારાજ અમારે હવે શું કરવું ?

ત્યારે ભગવાન શિવે વિષ્ણુ ભગવાનને કહ્યું કે :

'તમારા સાધુ આ વાડમાંથી દશમો ભાગ લ્યે તો કડામાં લોહી ન બને.'

વિષ્ણુ ભગવાને એ વાતની ના પાડી ''બાપ અમારા સાધુ આવું દાન લયે નહિં.''

ત્યારે ભગવાન શિવે બ્રહ્માને કહ્યું કે : 'તમારા પુત્રો એવા બ્રાહ્મણો શેરડીના ગોળમાંથી દશમો ભાગ લ્યે તો કડામાં લોહી ન બને.'

ત્યારે બ્રહ્માએ કહ્યું : 'મારા બ્રાહ્મણ સોનાની થાળીએ જમવા ન જાય તે દશમો ભાગ લેશે નહિ.'

ત્યારે ભગવાન શંકર કહ્યું કે : 'તે બ્રાહ્મણો કળિયગુમાં બીજાના એશિયાળા રહેશે.'

પછી ભગવાન શંકરે ગુસ્સામાં આવીને ગુંસાઈ (અતિત) બાવાઓને પ્રગટ કર્યો અને તેમને કહ્યું કે :

'આમાંથી તમે દશમો ભાગ લ્યો.'

ત્યારે ગુંસાઈ બોલ્યા : 'મહારાજ, એ દશમો ભાગ અમને કઈ રીતે જરશે (પચશે)?'

ત્યારે ભગવાન શિવજીએ અતિત ગુંસાઈઓને સવા હાથના અઁચળો આપ્યો અને કહ્યું કે :

'જાવ બાપ, તમને લોહીમાં લોહી નહિ નડે.'

ત્યારે ગુંસાઈએ દશમો ભાગ લીધો. ત્યારે કાળભૈરવ બોલ્યો કે : 'મારે લોહી જોઈશે.'

ત્યારે ભગવાન શિવ કહ્યું કે : 'આને રોજ પાડો ચડાવજો.' આ રીતે કણબીઓ કાળભૈરવને પાડો ચડાવતા હતા.

એ પછી ઘણાક દિવસે (ગુજરાતમાંથી) કણબીઓ શહેર અયોધ્યા ગયા ત્યાં વાડ વાવ્યો અને શેરડી ખાવા માટે રાજા રામચંદ્રને વાડે તેડી ગયા. ત્યાં પાડાનું બલિદાન આપવાની તૈયાર ચાલતી હતી. ભગવાન રામચંદ્રે પૂછ્યું :



લેવા પટેલોનો વહીવંચા બારોટ
શ્રી ભુપેન્દ્રસિંહ અભાણી
રે. જેતપુર (કાઠી), જિલ્લો. રાજકોટ



ઊંઝાના રાજવંશ ગામી કુળના વહીવંચા
શ્રી રજનીભાઈ ગોપાલભાઈ બારોટ
રે. સિધ્ધપુર (ભાટવાડો) જિલ્લો : પાટણ

વાયુ: નહી: અગની: નહી: સુરજ નહી: ચંદ્રમાન:
જંતુ: માન નહી: પાપ: ધરમ નહી: સૃષ્ટી ન:
અવતાર: દેવતા: પણ નહી: આપે વસુ: નો ત:
વેદ: વાણી: પણ નહી: મંત્ર: જંત્ર: પણ નહી: સુખ:
દુ:ખ પણ નહી તે: વખતે: આદ પરમેશ્વર હતા: તે
નીરંજન: નીરાકાર હતા: પછી: નારાયણ: પ્રભુ
ની ઈચ્છા: થવી: પ્રથમ: બુધ્ધી થવી: સવતી
પેદા હુવા: મુખ: મા થી: અંબા આ: ભોવાની: પેદા
હુવા: માતાજી: હાથ: જોડીને: બુલારાયા: કહે
મહારાજ: મને: પેમ: ઉતપન: કરી: પરમેશ્વર
બોલા: હે જગત જનુની: તમે: પ્રથવીની: રચના
કરો: માતાજી: કહે: મહારાજ તમારો: હુકમ
હોરી તો: થાઈ: પછે: મહારાજે: વચન: આપુ: તી
પરમેશ્વર ની ઈચ્છાએ: કરીને: જોગ: માયાએ
પ્રથવીની: રચના કરી: આદ: માત માં: બુધ
જુગ નીપાવો: બુધ: થવી: તેજ નીપનુ: તેજ
થવી: જોત નીપની: જોત થવી: ~~નાદ બુંદ~~:
જ્ઞાન ઉપાજ્ઞાન થવી
~~નીપનુ~~: નાદ: બુંદ ~~થવી~~ નીપનુ: નાદ: બુંદ:
થવી: પીંડ નીપનુ તે: પીંડ: કાચુ: તમારી

(લેવા પટેલોના વિદ્વાન વહિવંચા શ્રી ભુપેન્દ્રસિંહ બારોટની વહીનું એક પાનું)

'આ પાડાને શું કરશો?'

કણબીઓએ બધી વાત કરી. ત્યારે ભગવાન રામચંદ્રે કહ્યું :

'રામના રાજમાં જીવની હિંસા હોય નહિં, માટે હવેથી તમે વાડ ફેરવવા વખતે માનસિક પાડો કાળભૈરવને ચડાવજો તે તે ચડ્યો માની લેશે.'

કાળભૈરવે પણ એ વાત કબૂલ કરી, આ રીતે તેત્રાયુગથી પાડો ચડાવવાનું કણબીઓએ બંધ કર્યું.[1]

બારોટજીની વહી આ કથા પરશુરામના સમયની તેત્રાયુગની હોવાનું કથે છે.[2]

આ રીતે લેવા પટેલોના બારોટની વહીઓ પણ કડવા પટેલોના બારોટની વહીઓને અનુસરે છે. કડવા અને લેવા પટેલની વહીમાં નીચેની વિગતો સમાન છે :

૧. માતાજી ઉમિયાજી કૂર્મિઓને ઉત્પન્ન કર્યા : અત : આ પ્રજા શિવ-પાર્વતીનાં સંતાન છે.

૨. બંધુકા લગ્નની પ્રથા ઊંઝામાંથી શરૂ થઈ.

૩. કૃષિવિજ્ઞાન ભગવાન શિવ દ્વારા કૂર્મિઓ પામ્યા.

૪. પ્રથમ લેવા અને કડવાના વિભાગો ન હતા. પણ 'બધુકાલગ્ન'ની પ્રથા શરૂ થતાં તે પ્રથા સ્વીકારનારા કડવા કહેવાયા અને એ પ્રથા ન સ્વીકારી શકનારો કૂર્મિ સમૂહ લેવા કહેવાયો.

૫. ઉમિયા માતાજી સમગ્ર કડવા અને લેવા પાટીદારોનાં આદ્ય કુળદેવી છે.જે વાત લેવાઓમાં ભુલાઈ ગઈ છે.

૬. આ પ્રજા મૂળ ગુજરાતની જ છે. પજાંબમાંથી નથી આવી. પણ દેવવંશી આ પ્રજા હિમાચલ પ્રદેશમાંથી માતાજી ઉમિયા દ્વારા સીધી જ ગુજરાતમાં આવી છે. ઉમિયાજી દ્વારા પૂતળાં બનાવવાની વાતનો આ મર્મ છે.

લેવા પાટીદારના વહીવંચાની વહીમાં એક વિશેષતા એ છે કે લેવા પાટીદારો ગુજરાતમાંથી અયોધ્યા ગયા હતા. અને ત્યાં ભગવાન રામના રાજ્યમાં કૃષિનો આરંભ કર્યો હતો. ત્યાં શેરડીનું સર્વ પ્રથમ વાવેતર કરનારા લેવા પટેલો હતા. એમને લીધે ગોળ સાકર બનાવવાનો ઉદ્યોગ ગુજરાતમાંથી અયોધ્યાના પ્રદેશમાં પ્રસર્યો. ત્યાંની પ્રજા

---

૧. શ્રી ભૂપેન્દ્રસિંહ અભાણી, રે. જેતપુર, (જિ : રાજકોટ) ને ચોપડેથી
૨. એજન.

કૃષિમાં પણ કુશળ બની.

અને ત્યાં અયોધ્યામાંથી લેવા પાટીદારાનાં ઘણાં કુટુંબો કાળક્રમે પુન : પોતાનાં મૂળ વતન ગુજરાતમાં આવ્યાં અને અધિકાંશપણે ચરોત્તરમાં અને સૌરાષ્ટ્રમાં વસી ગયાં. આ કારણે વહીવંચાના ચોપડામાં લેવા પાટીદારોનાં કુળોની વંશવળીની શરૂઆતમાં 'આદ માથાસરે અજોધા તાંથી પ્રભાસ પાટણ આવાં,' એવો ઉલ્લેખ પણ પ્રાપ્ત થયા છે.[૧]

આમાં પ્રભાસ પાટણનો ઉલ્લેખ એ વસ્તુ સચવે છે કે લેવા પાટીદારો માં ઉમિયા અને ભગવાન શિવના ચુસ્ત ભક્તો-ઉપાસકો હતા. શૈવ સંપ્રદાયના અનુયાયી હતા. આ વાત કડવા પાટીદારોને પણ લાગુ પડે છે.

મધ્યપ્રદેશના પાટીદારોમાં પણ લેવા અને કડવા મૂળમાં એક હોવાની વાત સ્વીકાર્ય છે. અને એ અંગે ત્યાંથી પણ બારોટોના ચોપડા આધારિત મનાતી એક દંતકથા પ્રાપ્ત થાય છે. જે નીચે પ્રમાણે છે :

એક સમયે ગુજરાતમાં નવ લાખ દાનવ લોકો વસ્તા હતા. તેમને ભગવાન શિવનું વરદાન હતું. કે સ્ત્રી સિવાય અન્ય કોઈને હાથે તેમનો વધ નહિં થાય.

આ વરદાનથી દાનવો અતિ ઉન્મંત થઈ ગયા અને અ સર્વત્ર ત્રાસ વર્તાવવા માંડયા. આથી પ્રજા અતિ પીડિત થઈ. અને સર્વ પ્રજાએ સ્તવન કરતાં આદ્ય જગંદબા પ્રસન્ન થઈને બોલ્યા :

'તમે સૌ પોતપોતાનાં સ્થાનો પર જાઓ. હવે હું તમારા સંકટ નિવારણ અર્થે અવતાર લઈને તમારાં દુ;ખનો અંત લાવીશ. તમે સૌ નચિંત રહો. હવે કોઈ ભય નહિ રહે.'

પછી સમયાંતરે જગદંબા ગુજરાતના આરાસુર પહાડ પર અવતરિત થયાં. અત્યંત સ્વરૂપમાન ષોડશી સુંદરી રૂપે તેઓ ત્યાં બિરાજ્યાં. ત્યારે કબીર દાનવ અને બક દાનવ નામે બે દાનવોએ ત્યાં આવીને જગદંબાને પૂછ્યું :

'દેવી તું કોણ છે ?'

ત્યારે માતાએ કહ્યું : 'રાક્ષસો, તમને દેખાતુ નથી ? હું એક સ્ત્રી છું.'

ત્યારે દાનવોએ પુછ્યુ : 'દેવી, તારો કોઈ પતિ છે કે નહિં ? તારા જેવી રૂપવાન નારી વનમાં એકલી કઈ રીતે રહી શકે. ?

ત્યારે દેવીએ કહ્યું : 'રાક્ષસો, જગતમાં મારો પતિ હજી કોઈ જન્મ્યો જ નથી

---

૧. શ્રી અરવિંદભાઈ બારોટ રે સિધ્ધપુરને ચોપડેથી.

અને જન્મશે પણ નહિ.'

ત્યારે દાનવોએ પુછ્યું : 'દેવી, તમે પતિ વરણ ઇચ્છા છો ?'

દેવીએ જવાબ આપ્યો : 'હા, હું પતિ વરણ ઈચ્છું છું પણ જે મને યુદ્ધમાં જીતી લ્યે તેને હું પતિ રૂપે સ્વીકાર કરીશ. નહિ તો મારે કોઈ પતિ નથી.'

ત્યારે આસો સુદ ૨ નો દિવસ યુદ્ધ માટે નિશ્ચિત કરીને એ કબીર અને બક દાનવ બંને પોતાના રાજવીઓ મહી દાનવ અન અહીર દાનવ પાસે ગયા. બધી વાત કરીને દેવી સાથે સંગ્રામની વાત પાકી કરી. દાનવ રાજાઓ સૈન્ય સાથે યુદ્ધાર્થે આવ્યા. ત્યારે જગદંબા પણ તૈયાર થયાં તેના દુહો :

બ્રહ્માકો કીધો ઘોડલો, વિષ્ણુ કીધો પલાન;
રુદ્રકો કરિયો ચાબુકો માતા ચઢી તું નિરવાન.

(ત્યારે જગદંબાએ બહ્માને અશ્વરૂપે બનાવ્યા, વિષ્ણુને પલાણ રૂપ બનાવ્યા, અને શિવજીને ચાબુકરૂપ બનાવ્યા. આ રીતે માતાજી અશ્વારૂઢ થયાં)

પછી મહાસંગ્રામ થયો. દાનવોનો સંપૂર્ણ વિનાશ થયો પણ દાનવોના સંહારાર્થે માતાને ચડેલો કોપ ઊતર્યો નહિ. સર્વત્ર નિર્જનતા હતી સરસ્વતિનાં કાંઠે માતાજી જળપાન અર્થે અશ્વ પરથી નીચે ઊતર્યાં. અશ્વને ચાબુક, પલાણ સાથે ઝાડ નીચે બાંધી દીધો. જળપાન બાદ જગદંબા કંઈક શાંત થયાં. તેમણે તે નિર્જન સ્થળે આજુબાજુ જોયું કાંઈ ન હતું પણ તેમની દષ્ટિએ નદી કાની માટી આવી. અને એ માટીમાંથી માતાજીએ બાવન પૂતળાં બનાવ્યાં અને પૂતળાંને સજીવન કર્યાં. અને એ સજીવન થયેલ પૂતળાંઓ ત્યાં આનંદોલ્લાસ સાથે રમણ કરવા લાગ્યાં.

ત્યાં માતાજીને સ્મૃતિ આવી કે, અરે, હજી બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રને અશ્વ, પલાણ અને ચાબુક રૂપે વૃક્ષ નીચે જ બાંધેલ રાખ્યા છે. એથી દેવી એ ત્રણેય દેવોને તેમનાં મૂળ સ્વરૂપમાં લાવ્યાં.

એ બાવન દેવી બાળકોને જોઈને ત્રણેય દેવોને એમ લાગ્યું કે આ રીતે જગદંબા સર્જિત આ પ્રજા જગતમાં પ્રસરી જશે તો પછી આપણો કોઈ મહિમા સંસારમાં નહિં રહે. એથી એ ત્રણેય દેવોએ એ દેવીનાં સર્જેલ બાળકોનો વિનાશનાં કરવા ઇચ્છયું. બાવને ય બાળકોએ માતા પાસે જઈને એ ત્રણેય દેવોના દુર્ભાવની ફરિયાદ કરી ત્યારે જગદંબાએ કીધું.

'તેઓ તમારો શું વિનાશ કરશે ? તેમનામાં તેટલી તેવડ જ નથી. તમે મારા સંતાન છો. મારવાની વાત તો છેટે રહી તેને બદલે તેઓ જ તમારી પાસે યાચના

કરશે. હું તમને વરદાન આપું છું કે તમે હલપતિ થશો. સર્વ દેવો તમારી આશા કરશે. (યાચના કરશે.) ત્યારે જ તેમની-દુનિયાની ઉદરપૂર્તિ થશે. હળની અણી વડે તમારો યશ પ્રસરશે સારી પૃથ્વી તમારી આશા કરશે કળિયુગમાં તમારી વંશવૃદ્ધિ વિપુલ પ્રમાણમાં થશે.'

એ પછી જગદંબાએ પાતાળમાંથી બાવન નાગપુત્રીઓને લઈ આવીને બ્રહ્મા, વિષ્ણુ અને શિવને કીધું :

'આ બાવન નાગકન્યાઓના મારા બાવન પુત્રો સાથે વિધિ પૂર્વક લગ્ન કરાવી આપો.

પણ ત્રણેય દેવોએ આ વાતનો ઇન્કાર કર્યો. ત્યારે કોપાયમાન થઈને જગદંબાએ કહ્યું : 'તમારાં વેદ શાસ્ત્રો તમારી પાસે જ રહેવા દો.'

અને પછી વગર વિધિએ કેવળ હસ્તમેળાપ વડે જ જગદંબાએ પોતાના બાવનપુત્રોનાં બાવન નાગકન્યાઓ સાથે લગ્ન કરાવી આવ્યાં. આમાંથી એક પુત્ર બીજાથી અલગ થઈ ગયો. તેના લેવા પટેલો થયા.[1]

એ અલગ થનારનું નામ દંતકથામાં લવસંગ આપ્યું છે.[2] એ લવસંગ સાથે જનારા લેવા થયા. જે જુદા થનાર પાટીદાર સમૂહના આગ્રણીને કારણે પડેલું નામ છે. એને ભગવાન રામના પુત્ર લવ સાથે કોઈ સંબંધ નથી.

લાગે છે કે નામ સામ્યને કારણે દંતકથાકારોએ જગદંબા પુત્ર લવને રામપુત્ર લવ માની લીધો હશે.

આ જગદંબા ઊંઝામાં સ્થિત હોવાનુ,અને તેઓ અંબાજી નામે આરાસુરમાં બિરાજતાં હોવાનું પણ દંતકથા કહે છે.[3]

આ રીતે મધ્યપ્રદેશની દંતકથા પણ લેવા પાટીદારોના વહીવંચાના ચોપડાનું અનુમોદન કરતાં પાટીદાર પ્રજા પ્રથમ એક જ હતી, પણ કાળક્રમે તેનો એક સમૂહ અલગ થતાં એનો બે ફાંટા પડયાનું કથે છે. લેવા પાટીદારોના વહીવંચા આ બે ફાંટા પડવાનું કારણ 'બંધુકા લગ્ન' કથે છે અને સાથે એ વાત પણ જણાવે છે. કે, લેવા કહેવાતા પાટીદારો ગુજરાતમાંથી અયોધ્યા પ્રદેશમાં જઈ રહ્યા હતા. અને ત્યાં ભગવાન રામચંદ્રજીના સમયમાં કૃષિજ્ઞાનનું વિસ્તરણ અને વિકાસ કયો હતો.

---

૧. કુલંમ્બી કુલબૂષણા ભા. -૧ : મહંત શ્રી રામકૃષ્ણદાસથી (ઉર્જન), પૃ. ૧૯૧-૧૯૫
૨. એજન, પૃ. ૧૯૪
૩. એજન, પૃ. ૧૯૫

હવે આપણે એ વાત વિચારીએ કે ગુજરાતના ઊંઝા ગામેથી એ જમાનામાં ઠેઠ અયોધ્યા સુધી 'બધુંકા લગ્ન' ની કંકોત્રી પહોંચાડવામાં કેટલી વિટંબણા પડતી હશે ? આ દૂરની દુષ્કર વાટને કારણે જ ઘણી વખત બંધુકા લગ્ન અયોધ્યા પહોંચી પણ નહિ શક્યાં હોય, અને લાંબા અને કઠીન પંથને કારણે બ્રાહ્મણો પણ ઘણીવાર લગ્નની કંકોત્રી લઈને અયોધ્યા જવાની ના પાડી દેતા હશે. આ બધાં કારણોથી લેવા પાટીદારો 'બંધુકા લગ્ન'ની પૃથા અપનાવી નહિં. શક્યા હોય, અને એમનો કન્યાવહેવાર એક વર્તુળમાં બદ્ધ થઈ ગયો હશે. જેને કારણે કાળક્રમે એ સમાજના અગ્રણી લવસંગના નામથી એ સમાજ 'લેવા' એવાં અભિધાનને પામી ગયો હશે. મા ઉમિયાજીની કૃપાથી મહાનદી સરસ્વતીને પ્રતાપે સદાય સેંજળ અને ફળદ્રુપ એવા આ ગુજરાત પ્રદેશમાં હિમાલયમાંથી આવીને વસેલો આ કૂર્મિ સમાજ કૃષિમાં અતિકુશળ હશે, આથી જ ભગવાન રામચંદ્રજીએ એમને નિમંત્રીને પોતાના રાજ્યમાં પણ એમને વસાવીને કૃષિ અને બાગાયતક્ષેત્રનો વિકાસ કર્યો હશે. કેટલોક સમય અયોધ્યાના રાજ્યમાં રહીને આ કૂર્મિ સમાજ પુન : ગુજરાતમાં આવ્યો હશે એ પણ શક્યતા છે કે આ સમાજના કેટલાંક કૂર્મિઓ ત્યાં જ કાયમ માટે વસી ગયા હશે. શોધવા જઈશું તો આજે પણ આપણને એમના વંશ-વારસો અયોધ્યાના પ્રદેશમાં મળી આવશે.

હવે આપણે લેવા અને કડવા પાટીદારોની શાખાઓનો અભ્યાસ કરી, એમાંથી નિષ્કર્ષ તારવી આ લેવા અને કડવા પાટીદારોમાં કેટલી અભિન્નતા છે ? એ જોઈએ.

આમ તો પાટીદાર સમાજ વિશાળ સાગર સમાન છે એનો તાગ લેવો દુષ્કર છે. પણ જેમ અંજલિ માત્રથી સમુદ્ર અને નદીના જળની ભિન્નતા-અભિન્નતા જાણીને ક્યું જળ નદીનું, ક્યું જળ સાગરનું એ જાણી શકાય છે. તેમ શાખાઓની સામ્યતા-વિષમતા દ્વારા પાટીદાર સમાજના આ બંને વૈવાહિક વર્તુળોની ઐક્યતા -અનૈક્યતા અંગે વિચારીએ.

કડવા પાટીદારોની સૌરાષ્ટ્રમાં કુલ ૫૧૩ જેટલી અટકો શ્રી જમનાદાસ ખીરસરિયા દ્વારા શોધાઈ છે. જેમાં મેં વધુ શોધ કરતાં બીજી ૪૭ જેટલી અટકો પ્રાપ્ત થઈ છે. આમ વર્તમાન સમયે કુલ : ૫૬૦ જેટલી અટકો સૌરાષ્ટ્રના કડવા પટેલોની મળે છે હજી વધુ ઊંડાણથી શોધ કરવામાં આવે તો બીજી સવિશેષ અટકો પ્રાપ્ત થવાની શક્યતા નકારી ન શકાય. આ અંગે પ્રકરણ : ૩ માં ચર્ચા થઈ ગઈ છે.

હવે લેવા પાટીદારોની શાખાઓ જોઈએ. સૌરાષ્ટ્રમાં હાલ ૬૫૮ જેટલી શાખાઓ લેવા પાટીદારોમાં હોવાનું શોધાયું છે.[૧] વધુ ઊંડાણથી શોધ થાય તો બીજી પણ કેટલીક અટકો જાણમાં આવે એવી શક્યતા ખરી.

૧. શ્રી પાંભર પરિવાર : ડિરકટરી : ૧૯૯૬ :- પાંભર પરિવાર - રાજકોટ

એ કડવા અને લેવા પાટીદારોની શાખાઓનો અભ્યાસ કરતાં જણાઈ આવે છે. કે લેવા અને કડવા પાટીદારોમાં ઘણી અટકો સમાન છે. દા.ત. ગામી અટક ઊંઝાના રાજવંશની છે. આ ગામી અટકના રાજવંશે ઊંઝામાં ઘણો લાંબો સમય રાજ કરેલું. જેની ચર્ચા આગળ થઈ ગઈ છે. આ ગામી અટક લેવા અને કડવા બંને પાટીદારોમાં છે. અને એ પણ સૌરાષ્ટ્ર અને ગુજરાત બંને પ્રદેશોના પાટીદારોમાં.

આ જ રીતે બીજી ઘણી અટકો એવી છે કે જે કડવા અને લેવા પાટીદારમાં સમાનપણે જોવા મળે છે. જે અત્રે પ્રસ્તુત છે :

૧. અકવાલિયા.

૨. ઉકાણી.

૩. કડીવાર, કમાણી, કલોલિયા (કલોલા), કથીરિયા, કાચરોલા, કાકડિયા, કાનાણી, કાથરોટિયા, કાચરિયા, કીકાણી, કોટડિયા, કોઠિયા, કંટારિયા (કંટાળિયા), કાંબળિયા,

૪. ગલાણી, ગરધરિયા (ગળધરિયા), ગઢિયા ગામી, ગુજરાતી, ગોપાણી, ગોટી.

૫. ચોવટિયા

૬. જસાણી, જાગાણી, જીવાણી, જેતપરિયા, ઝાલાવાડિયા.

૭. ટીલાળા, ટીકરિયા (ટીકડિયા)

૮. ડાંગરેશિયા

૯. તળાવિયા, તોગાડિયા

૧૦. દાવડા (દાવરા), દુદાણી, દૂધાત, દેસાઈ,

૧૧. ધુડેશિયા (ધુળેશિયા), ધરસંડા (ધરસંડિયા)

૧૨. નારિયા, નવાપરિયા (નવાપરા), નરોડિયા, નાદપરા, નંદાણિયા,

૧૩. પરસાણા, પાઘડાળ, પાંચાણી, પાનસરા (પાનસૂરિયા); પારેખ.

૧૪. ફીણવિયા, ફળદુ

૧૫. બુટાણી, બોડા, બોદર

૧૬. ભલાણી, ભાયાણી, ભાલોડી, ભૂત, ભુવા.

૧૭. માણસૂરા (ભીણસૂરિયા), માવાણી, મૂંજપરા મેઘાણી, મેંદપરા.

૧૮. રતનપુરા, રામાણી, રામોલિયા, રાજપરિયા (રાજપરા), રાબડિયા, રૂપાપરા, રૈયાણી, રોકડ

સામ્યતા જણાય છે.એટલે લાગે છે એ શાખાઓ મૂળે

એક જ શાખાનો પ્રદેશ ભેદે કે કર્ણોપકર્ણના પ્રવા
સરસ ઉદાહરણ જગુદણા શાખા છે. ઉત્તર ગજરાતના જ
શાખાના કડવા પાટીદારો સૌરાષ્ટ્રના રાજકોટ જિલ્લાના મં
છે. તેઓ 'જગોદણા' એવો શાખા નામનો ઉચ્ચાર કરે છે.
દ્વારા પ્રાપ્ત શાખાનામો માં એ શાખાનો ઉલ્લેખ 'જગો

એટલે સંભવ છે કે નીચે દર્શાવેલી લેવા અને કડવા પ
ધરાવતી પણ ભરપૂર સામ્યતાવાળી અટકો મૂળ એક જ હશે
જિલ્લાના ઉચ્ચાર ભેદને લીધે એમાં ઉચ્ચારભેદ પ્રવેશી
સર્વત્ર બને છે. જેમ કે અમારી અટક રોહડિયા છે, પણ
પામેલું રૂપ 'રોડિયા' પણ બોલાય છે. આ રીતે વિચારીએ
કડવા પાટીદારોની શાખાઓ વાસ્તવમાં મૂળે તો એક જ

લેવા પાટીદારોની અટકો	કડવા પાટીદા
કોઠલિયા	કોઠ
ખાચરિયા	ખાચ
ગરાળિયા	ગરા
ગાબાણી	ગાબ
ચીખાણી	ચીકા
ચોડવડિયા	ચોવા
ધોળિયા	ધોળુ

વિજપરા	વિજાપરા
શેખડા	શેખાણી
સરખેજિયા	સરખેદી
સાદડિયા	સાદરિયા
સાંગાણી	સંઘાણી
સોરઠિયા	સેરઠિયા
સંનેલિયા	સનાળિય
હાલરિયા	હાલપરા
ચાંગણી[1]	ચાંગેલા[2]

આમાં બધી જ અટકો એક જ અર્થ [2] નેં વ્યક્ત કરતી એ એક વચન છે. જે સૂચવે છે કે મૂળ શાખ 'બોરડ' છે. વાચક રૂપાંતર 'બોરડા' થયું છે. જેનો અર્થ એ થાય છે કે અ કુટુંબિઓનો છે. જ્યારે 'શેખડા' અને 'શેખાણી' એ પિતૃનાએ ' 'શેખા પટેલના વંશજો' એવો થાય છે. આ રીતે બંને શબ્દો એ

જ્યારે 'સરખેજિયા' અને 'સરેખેદી' એ ગ્રામ નામે પડેલી પાસેના સરખેજ ગામ પરથી પડી છે. આપણે આગળ જોયું સરખેજ ગામનો ઉલ્લેખ છે એમાં સરખેજનું તળપદુ લોકબોલ છે. અતઃ એ 'સરખેજિયા' અને 'સરખેદી' એક જ અર્થ-

---

૧.શ્રી પાંભર પરિવાર : ડિરેક્ટરી : ૧૯૯૬ : પૃ. ૨૨ થી ૨૬
૨. શ્રી જમનાવાસ ખીરસરિયા, ગુંદા, તાલુકો : ભાણાવડ પાસેથ

આ રીતે જોતાં આ ઉચ્ચારભેદને કારણે થોડી ભિન્ન જણાતી ઉપરોક્ત શાખાઓ વાસ્તવમાં કડવા અને લેવા એવા પાટીદારોનાં બે વૈવાહિક ગોળને મૂળે એક જ કોમ હોવાની હકીક્તને સબળ ટેકો આપે છે.

અત્રે આપણે ગોકળદાસ સોમાભાઈ પટેલ અને મહેન્દ્ર ગોકળદાસ પટેલના મતની થોડી ચર્ચા કરી લઈએ. 'ગુજરાતના કૂર્મિ ક્ષત્રિય પાટીદારોનો ઇતિહાસ ' ગ્રંથમાં એ બંને લેખકોએ લેવા પાટીદારો પંજાબના લેયા પ્રદેશના હોવાથી લેવા કહેવાયા એવાં મત વ્યક્ત કર્યો છે.[1] પણ તેમણે પોતાના મતના ટેકામાં કોઈ નક્કર પ્રમાણ આપ્યાં નથી. એટલે આ મત નિરધાર છે.

ઉપરોક્ત બંને લેખકોએ એ તથ્યનો સ્વીકાર કર્યો છે કે પ્રાચીન સમયમાં લેવા અને કડવા પાટીદારો વચ્ચે અંદરોઅંદર લગ્નો થતાં હતાં.[2] પણ લેખક એ વાત ભૂલે છે કે એ વેળા લેવા અને કડવા એવાં બે વૈવાહિક વર્તુળો હતાં જ નહિં સૌ કૂર્મિઓ, કણબીઓ એવા એક જ નામે ઓળખાતા હતા. લેવા અને કડવા એવા પ્રભદો તો વૈવાહકિ વર્તુળો રચાયા પછી જ અસ્તિત્વમાં આવ્યા.

ગોકળદાસ અને મહેન્દ્ર પટેલ લેવા પટેલો લેહકપ્રદેશમાંથી પ્રભાસ પાટણ થઈ અડાલજ આવ્યાનું કહે છે. એ વાત પણ નિરાધાર છે. આ પહેલાં આપણે જોયું તેમ સૌ પ્રથમ આ કૂર્મિ પ્રજા રાજા પૃથુ દ્વારા ગુજરાતમાં આવી, અને ગુજરાતમાંથી જ આ પ્રજા અન્યત્ર પ્રસરી લેવા અને કડવા પાટીદારોનું આદ્ય વતન તો ઊંઝા જ છે. લેહક પ્રદેશ નહીં.

ટૂંકમાં કહીએ તો પુરાતત્વવિદો જેને 'સિંધુ ઘાટીની સંસ્કૃતિ' કે 'સરસ્વતી કાંઠાની સંસ્કૃતિ' કહે છે. એ ભવ્ય અને પ્રાચીન સંસ્કૃતિ કે જેને 'દેવ સંસ્કૃતિ' એવું અભિધાન આપી શકાય તેમ છે. એ સંસ્કૃતિની સીધી વારસદાર આ કૂર્મિ પ્રજા છે. આ પ્રજા અહિં શિવાલિક પહાડોમાંથી વહેતી સરસ્વતીને તટે આવી ને વસી અને સંસ્કૃતિનું સર્જન કર્યું.

ગોકળદાસ સો. પટેલ. તથા મહેન્દ્ર ગો. પટેલનો મત એવો પણ છે કે લેવા પાટીદારોનાં કુળદેવી અન્નપૂર્ણા છે.[3] એમણે પોતાના મત પ્રમાણવાળો હોવાનું દર્શાવવા

૧. ગુજરાતનાં કૂર્મિ પાટીદારોનો ઇતિહાસ : ગોકળદાસ સોમાભાઈ પટેલ, મહેન્દ્ર ગોકળદાસ પટેલ, પૃ. ૧૩૨
૨. એજન, પૃ. ૧૪૧
૩. એજન, પૃ. ૨૫૧

માટે પ્રમાણો પણ આપ્યાં છે. આપણે તે પ્રમાણો જોઈને તેની નક્કરતા કે તકલાદીપણું તપાસીએ. ઉપરોક્ત બંને વિદ્વાનોએ નીચે પ્રમાણે આધારો આપ્યા છે :

૧. કારવણનો ઇતિહાસ લે. હિરાભાઈ શામજીભાઈ પટેલ, પૃ. ૧૨૧-૧૨૪, : લેઉવા પાટીદારોનાં વંશવારસો પોતાનાં કુળદેવી અન્નપૂર્ણાને લઈ અડાલજમાં આવ્યાં. ત્યાં તેમણે ચોમુખી મોટી વાવ બંધાવી. તેમાં કુળદેવી (અન્નપૃર્ણાદિવીની) સવા મણ સોનાની મૂર્તિ પધરાવી.[૧]

૨. ગુજરાતના વિદ્વાન લેખક ચંદ્રકાંત બક્ષી તેમના 'મહાજાતી ગુજરાતી' એ પુસ્તકમાં ૩૮ માં પાનાં પર નીચે પ્રમાણે લખે છે : 'જેમ કડવા પાટીદારનોનાં કુળદેવી ઊંઝામાં સ્થાપિત છે. એમ લેઉવા પાટીદારોનાં કુળદેવી અમદાવાદ પાસેના અડાલજમાં છે.[૨]

૩. ગુજરાતના મોટાભાગના લેઉવા પાટીદારોના બારોટો વડોદરા, અમદાવાદ, વઢવાણ સીટીમાં રહે છે આ બધા જ બારોટોના ચોપડામાં મોટે ભાગે લેઉવા પાટીદારોનાં કુળદેવી અડાલજમાં હતાં તેવી નોંધ છે.[૩]

૪. આ સિવાય ગુજરાતના વિદ્વાન લેખક ઈશ્વર પેટલીકરે તેમનાં ' પાટીદારોનાં તેજ તિમિર ' નામના લેખમાં તથા વિદ્વાન લેખક શાંતિલાલ ઠાકરે નડિયાદના ઇતિહાસમાં તેમજ બીજા ઘણા લેખકોએ અડાલજમાં લેઉવા પાટીદારોનાં કુળદેવીની નોંધ કરી છે.[૪]

આમાં પ્રથમ પ્રમાણ 'કારવણના ઇતિહાસ'નું છે. પણ એ ગ્રંથના લેખક હીરાભાઈ શામજીભાઈ પટેલે 'લેઉવા પાટીદારોનાં કુળદેવી' અન્નપૂર્ણા' હોવાનું મંતવ્ય ક્યા આધારે દર્શાવ્યું ? તે કશું જણાવ્યું નથી. એટલે ગોકળદાસ સો. પટેલ અને મહેન્દ્ર ગો. પટેલે આપેલા આ હીરાભાઈ શામજીભાઈ પટેલનો આધાર જ નિરાધાર છે. એથી લેવા પાટીદારોનાં કુળદેવી પાટીદારોના અન્નપૂર્ણા હોવાનું સિદ્ધ નથી થતું.

બીજા ક્રમના આધારમાં ચંદ્રકાંત બક્ષીના વિધાનનો આધાર લીધો છે. પણ એ આધાર તપાસતાં ચંદ્રકાંત બક્ષીએ પણ પોતાનાં વિધાન માટે કશો જ આધાર આપ્યાનું જણાતું નથી. આ રીતે આ પ્રમાણ પણ મૂલ્યહિન બની રહે છે. વળી ચંદ્રકાન્ત બક્ષીનું વિધાન જોતાં તેઓ 'અડાલજમાં લેવા પાટીદારોનાં કુળદેવી હતાં.' એમ કહે છે પણ તે કૂળદેવી અન્નપૂર્ણા હતાં. એમ નથી કહેતા એટલે શ્રી બક્ષીના વિધાન વડે લેવા પાટીદારોનાં કુળદેવી અન્નપૂર્ણાના હોવાનું ફલિત નથી થતું.

ત્રીજા ક્રમનો આધાર લેખક દ્વયે વડોદરા, અમદાવાદ અને વઢવાણના બારોટોના

૧, ૨, ૩, ૪ - ગુજરાતના કૂર્મિ ક્ષત્રિય પાટીદારનો ઇતિહાસ : ગોકળદાસ સોમાભાઈ પટેલ-મહેન્દ્ર ગોકળદાસ પટેલ, પૃ. ૪

મૂક્યું છે. એટલે આ પ્રમાણ પણ મૂલ્ય વગરનું બની ર

ચોથા ક્રમનો આધાર પણ 'અડાલજમાં લેવા પટેલો
કથે છે. પણ એ કુળદેવી અન્નપૂણા હતાં એમ નથી કહે

આ રીતે અન્નપૂર્ણા માતાજી લેવા પાટીદારોનાં કુળદે
પણ આપણે આ પ્રકરણમાં જોયું તેમ જંગદંબા ઉમિયાજી
મહાપ્રજા ગુજરાતમાં પ્રવેશી છે. અને આરંભે 'બંધુકાલગ્ન
આ પ્રજામાં લેવા-કડવાના કોઈ ભેદો હતા નહિ. સમગ્ર કૂર્મિ જ
જ હતાં. પણ 'બંધુકા લગ્ન' ની પૃથા શરૂ થયા પછી એ
પાટીદારો અને એ પૃથાને સ્વીકારી ન શકનારા લેવા પાટ
સંજોગોને કારણે રચાયેલાં બે વૈવાહિક વર્તુળોને કારણે કુળ
અત : બંને લેવા અને કડવાનાં કુળદેવી ભગવતી ઉમિયા
એટલી જ શક્યતા કલ્પી શકાય કે જેમ આજે ઊંઝા, વાંઢા
મા ઉમિયાજીનાં મંદિરો છે. તેમ ભૂતકાળમાં પણ અડાલજમાં
જે પાછળથી લોપ પામી ગયું હશે. અને લાંબા સમયે અડાલ
નામ અન્નપૂર્ણા બની ગયું હશે.

બાકી મેં જોયેલા બારોટોનો ચોપડાઓમા તો મૂળમાં લેવ
અને તેમનાં બંનેનાં કુળદેવી મા ઉમિયાજી છે.

આ જ પ્રકરણમાં ચર્ચા કરી છે, તે પ્રમાણે લેવા અ
ઘણી બધી શાખો એક જ છે. જે સૂચવે છે કે, મુળથી જ
અને કડવાનાં વૈવાહિક વર્તુળો સમય, સંજોગોને લીધે પડયાં
'બંધુકા લગ્ન' હતું જે પૃથા હવે લોપ પામી ગઈ છે. એ

માતાજી સાથેનો સંબંધ અને શ્રદ્ધા ભક્તિ જીવંત રહ્યાં છે.

ઉમિયા માતાજીનું કુળદેવી તરીકે અદ્વિતીય સ્થાન રહ્યું છે.
જેવા થોડાં કુળોમાં. ઝાલા કુળનાં શક્તિમાતા કુળદેવી લેખે
હનુમાનજીને પણ કુળદેવ લેખે પૂજવામાં આવે છે. જ્યારે સૌરા
આઈ ખોડિયારને કુળદેવી લેખે પૂજે છે.

મોરબી પાસેના સનાળા ગામે શક્તિ માતાજીનું મંદિર
પાટીદારો ઊંઝામાંથી ત્યાં આવી વસેલા. કાળક્રમે તેઓને શ
થઈ. પરચા પણ મળ્યા. આ કારણે તેઓએ શક્તિમાતાજી
આ રીતે સનાળિયાનાં ગૌણ કુળદેવી લેખે શક્તિ માતા સ્
માતાને ઝાલાકુળમાં ઉમિયાના અવતાર રૂપ માન્યાં છે.
નોંધ મળે છે :

હુવો દેવ હરપાળ
રીઝ શક્તિ હુઈ રાણી.[2]

(મહાદેવ હરપાળ રૂપે જન્મ્યા અને મા પાર્વતી શક્તિ
રાણી બન્યાં.)

આ રીતે શક્તિ માતા અને ઉમિયાજીએ અભિન્ન
પાટીદારોએ શક્તિ માતાને શ્રદ્ધાને લીધે. કુળદેવી માન્યાં
પણ આવું જ માનવું રહ્યું. આ રીતે મુખ્ય કુળદેવી મા
કડવા પાટીદાર કુળોમાં ગૌણ કુળદેવ પણ જોવા મળે

---

૧. શ્રી ભગવાનજી સનાળિયા, રે. ઘુટું (તાલુકો : મોરબી)ને
૨. બારોટ શ્રી હમીરજી, રે. ચિત્તોડ (રાજ.) ની વહીને આધા

લેવા અને કડવા પાટીદારો ભિન્ન કે અભિ

હિન્દુ સંસ્કૃતિનું રક્ષણ કરેલ. આ કારણ આ દેવા ગુજરાત-ર

ક્ષત્રિય સમાજનાં પૂજનિય બની રહેલાં. આ કારણે ઘણાં કુ પૂજાય છે.[૧]

આજ કારણસર સૌરાષ્ટ્રના લેવા પાટીદારોએ આઈ અપનાવી લીધાં હશે. આમાં એમનો ઊંઝા અને કુળદેવી ઉ ગયેલા સંબંધે પણ ભાગ ભજવ્યો હશે. કેમ કે 'બંધુકાલ મા ઉમિયા સાથેના સબંધને જીવંત રાખનાર પરંપરા હતી, એ ન શક્વાથી મૂળ કુળદેવી અને મૂળ સ્થાનનો સબંધ ભુલા

આ રીતે આપણે લેવા પાટીદારો અને કડવા પાટીદારો અને સપ્રમાણ એ હકીકત્ત જોઈ કે બંને પ્રથમ એક જ પ્રજ સમૂહ લેખે વસેલા અને કશાય અવરોધ સિવાય પહેલાં છૂટથી પણ થતો હતો. પણ કેવળ 'બંધુકાલગ્ન' ની પ્રથાને લીધે વૈવાહિ અસ્તિત્વમાં આવ્યા.

બંને વૈવાહિક વર્તુળોમાં મળતી સમાન શાખાઓ પણ ઉ આપે છે. અને લેવા અને કડવા પાટીદારો એક જ છે. એવી

હવે આગામી પ્રકરણમાં કડવા પાટીદારોનાં સૌરાષ્ટ્રમાં અને આ આગમન પાછળનાં પરિબળો અંગે સપ્રમાણ પ્રકાશ

□

૧. શ્રીમતી અર્ચના ડોડિયા, રે, રાજકોટના 'આઈ ખોડિયાર' પરના અપ્ર

૯

કડવા પાટીદારોનું સૌરાષ્ટ્રમાં આગમન

આપણે ગત પ્રકરણોમાં જોયું કે પોતાનાં 'કૂર્મિ' એવા નામભિધાન વડે જ પોતાની મૂળ ભૂમિ કૂર્માંચલ અને પોતાની મૂળ દેવ જાતિ સૂચિત કરતો આ ઈંદ્રવંશી દેવ અભિધાનિત માનવ સમૂહ મહારાજ પૃથુના સમયમાં ઊંઝામાં આવ્યો, અને આજે જેને 'સિંધુ ઘાટીની સભ્યતા' કહે છે. અને નુતન સંશોધન પ્રમાણે જે 'સરસ્વતી ઘાટીની સભ્યતા' કહે છે. એનું નિર્માણ આ પ્રજાએ કર્યું છે. એ પ્રજા ઊંઝામાંથી સૌરાષ્ટ્રમાં ક્યારે આવી ? તે જોઈએ.

આપણે અગાઉનાં પ્રકરણમાં જોયું તેમ ભયાનક અને દારૂણ ધરતીકંપને કારણે ગુજરાત-સૌરાષ્ટ્રમાંથી કહેવાતાં 'સિંધુ સંસ્કૃતિનાં નગરો' નો વિનાશ થયો. જેને શ્રદ્ધાળુ જનતાએ ચારણ દેવી આઈ આવડ અને નાથપંથી સંત યોગિ ધૂંધળીનાથના પરચા રૂપે આરોપીને તેમનાં પ્રત્યે પોતાની શ્રદ્ધો વ્યક્ત કરી. જેની ગવાહી વહીવંચા બારોટના ચોપડાઓ પણ આપે છે. જે આપણે આગળ જોયું.

હવે આપણે વહીવંચાના ચોપડાના આધારે જ કૂર્મિ પ્રજા ઊંઝાથી સૌરાષ્ટ્રમાં ક્યારે આવી ? તે જોઈએ.

સિદ્ધપુરના વયોવૃદ્ધ બારોટજી શ્રી મણીભાઈ બારોટને ચોપડે, સૌરાષ્ટ્રના કડવા પાટીદારોની વંશાવળીઓ મળે છે. લગભગ સમગ્ર મચ્છુકાંઠાના કડવા પાટીદારોની વંશાવળી અને શુરાપુરાઓની વિગતશ્રી. મણીભાઈ બારોટને ચોપડે મંડાયેલી છે. એમાંથી અત્રે સૌરાષ્ટ્રમાં કાળક્રમે થયેલાં કડવા પાટીદારોનાં આગમનની વિગતો આ પ્રકરણમાં પ્રસ્તુત કરવામાં આવી છે.

વાસા આ ઇંદ્રવંશી કૂર્મિઓ 'સમુદ્રમંથન પ્રકલ્પ' દ્વારા જ્ઞા

સાહિત્ય, કૃષિ, પશુપાલન, વ્યાપાર વિગેરેનો પાયો નાંખીને તે દ્વારા આગળ ધપેલા અને પોતાના કૃષિવિજ્ઞાન દ્વારા એમણે દઢ પાયો નાખેલો. વેદોએ દેવાધિંશ ભગવાન ઈંદ્રની વીરત છે. એ વેદોની રચના પણ એ કાળે ઈંદ્રના પ્રશસ્તિકારોએ

આપણે આગળ જોયું તેમ રાજા પૃથુના સમયમાં ગ્રામ કૃષિ પણ ન હતી અને પ્રજા અન્નાભાવે પીડિત હતી. એથી આયોજન કર્યું. પછી વિશ્વાસ ઉત્પન્ન કરીને હિમાલયનાવાસ સરસ્વતી તટે કૃષિ વિકાસ, સાથે સંસ્કૃતિ વિકાસ કર્યો. નગર વસવાનાં શરૂ થયાં. આ કારણે ઉદ્યોગ, ધંધા અને વ્યાપાર વિકાસ થયો. આ રીતે આપણે મહારાજ પૃથુના સમયને સિંધુ સમય માની શકીએ તેમ છીએ. કૂર્મિઓ આવીને પ્રથમ ઊંઝ શિવ અને ઉમિયા માતાજીની કૃપાથી એમણે આ પ્રદેશને ચ કર્યો. બારોટના ચોપડા પ્રમાણે તો ઊંઝાના ઉમિયા મંદિરની સ્થ વરદ હસ્તે થઈ છે. જેને બારોટને ચોપડો 'ઊંઝાદેવી' કહે છે. 'ઊંઝાનાં દેવી' એ અર્થની અભિવ્યક્તિ કરે છે.

જેમ જેમ વંશવૃદ્ધિ થતી ગઈ તેમ તેમ આ કૂર્મિ પ્રજા ઊં પ્રસરતી થઈ. જેની સાક્ષી પણ બારોટની વહીઓ પૂરે છે. વ ટુકડા થવા લાગ્યા, અને ભાઈઓમાં જમીનની વહેંચણી જન અને રાજ્યના અન્યાયી વલણોને કારણે પણ ઊંઝા અને અ પોતાનાં ગામો ત્યજીને બીજાં ગામોમાં જઈને વસી ગયેલા. અ પાટીદારો સૌરાષ્ટ્ર, કચ્છ, સુરત અને માળવામાં જઈ વસ્યા. અ કરવામાં આ પ્રજાએ સિંહ-ફાળો આપ્યો.

પાટીદારોનાં આદ્ય અને મૂળ કુળદેવી ઉમિયા માતાજી છે પણ
કારણે, શ્રદ્ધાને કારણે, માનતાને કારણે અન્ય દેવે-દવીઓને પણ
પણ એ ગૌણકુળ દેવ છે. એમને ઉમિયા માતાજી સમાન તો ન
એ ગૌણ શ્રધ્ધાપાત્ર કુળદેવો કે જેમનું સ્થાનમાં ઉમિયાજી પછી
તો બહુચરાજી ખોડિયાર વિગેરે છે.

આ દષ્ટિએ જોઈએ તો બહુચરાજી, ખોડિયાર તરીકે અને
કડવા પાટીદાર સમાજની કેટલીક શાખાઓ ગૌણદેવી તરીકે પૂજ
બારોટનું ચોપડામાં મળે છે. પણ હવે એ જગદંબાઓને ગૌણ
માત્ર સાર્વજનિક કુળદેવી રૂપે સ્વીકારી નવરાત્રીમાં સમસ્ત પાટીદા
નિવેદ કરે એ જ ઊચિત છે. સાથે ભલે ગૌણ દેવીઓને પણ
પણ એ ગૌણ દેવીઓનું સ્થાન મા ઉમિયાજીનાં ચરણો પાસે
કેમ કે જગતનાં આદ્યજનની એક મા ઉમિયા જ છે. એથી અત્રે
નથી દીધાં.

હવે મૂળવાત. અત્રે આપેલ બારોટના ચોપડાની નોંધો સર
છે. કેમ કે બારોટજીના ચોપડાની મૂળભાષા અત્યારના જમાનામાં
પડે તેવો સંભવ છે. બારોટજીની મૂળ વહીની ભાષાનો એક
છું. જેથી બારોટજીની વહીની લેખન અને ભાષાશૈલીનો વાંચક

'માથાસરે આદ ઊંઝા : સાખે કામલોત : ગાં : ઊંઝેથ
લોખંડના કરો : તાંથી હોરા કેવાણા : પછે ગાંમ વડાલી: વસા
પાળે : ઉગમણી : ભઈ ૧ ના હોરા કેવાણા : ભઈ એકના વડાલિર
કુળદેવી માતા બઉચરાજી કેવાય છે. સવાસેરની લાબસી : સવાસેર
તોરણ કરવું : ચંદરવો મસરૂનો ચડે છે : સં ૧૮૨૬ માં જીઆણા

વસ્યાં. વડાલીમાં તેમણે તળાવની પૂર્વ પાળે વાવ કરાવી

૨. વડાલિયા - વડાલીના વસવાટ વખતે બે ભાઈઆ
એકના વંશજો 'હોરા' અને બીજાના વંશજો વડાલિયા કહેવ
વડાલિયા શાખના પટેલો જીયાણા ગામે વસ્યા વિ.સ. ૧૮૫
અને સંવત ૧૮૮૮ માં પીઠડ ગામે આવીને વસ્યા.

૩. સેવરા કે સેવટા - આ પણ કામલોત શાખાની પે
ત્યાંથી કુણપર વસ્યા. કુણપરથી સીઅર ગામે વસ્યા. ત્યાં લખ
પૂર્વ તરફ કરાવી. ત્યાં વાવ કરાવી. પટેલ માધો પ્રભાસન
મારગમાં લુંટારુઓ સાથે ધીંગાણામાં કામ આવ્યા. એમનો પાળિ
આથમણી દિશામાં છે. એ માધા પટેલના વંશના પટેલ થોભ
માં ચૈત્ર મહિનામાં કોયલીમાં ગુજરવાડીમાં પાકો ઓટલો ચણ
ઓટલા પર બેસાડયા છે.

વિંજાતશાખની પેટાશાખાઓ :

૧. સાકરિયા - મૂળ વતન ઊંઝા. મૂળ શાખ વિંજાત
રહ્યા. સંવત ૮૪૨ના વરસે વનરાજ ચાવડાએ પાટણ શહેર વ
તેમને મળવા ગયા. એમાં વિજાત જેસો. માંડલોત હરજી :
કેશવજી દેવીસંગજી તલાટી સાકળચંદ એટલા આગેવાનો મ
ચાવડાએ પટેલ જેસાને સરપાવ બંધાવ્યો સોનેરી કટારી-તાત્પર
બંધાવી એથી સામે વાળાને ઈર્ષા આવી. રસ્તામાં આવતાં ઉ
કુલેરના લાડવા કર્યા તેમાં ઝેર ભેળવી પટેલ જેસાને તે ખ
તેની પત્ની કોડકી સતી થયાં. નવ ગાયો બ્રાહ્મણોને આપી.
બાવીશ રૂપિયાનું પરચૂરણ કરી છૂટું ઉછાળ્યું ૨૫ રૂપિયાનાં
હશે.) ઉછાળ્યાં. ૭ વિઘાં જમીન ગોચર લેખે દાન કરી. ૨

ચાલ્યા (ઝઘડો) થઈ. સંવત ૧૦૨૨ના વરસના પટેલ હરપાળ
પછી પટેલ હરપાળ દિલ્હી ગયા. બાદશાહને ૪ બળદો ભેટ અ
પટેલને સરપાવ આપ્યો. બે માસ પટેલ હરપાળ દિલ્હીમાં રહ્યા.
લઈ આવીને રજપૂતોને માર્યા. કોળી ૧૧ને માર્યા. બીજાને પક
ઉચાળા ભર્યા ગામ વસાવ્યું. ત્યાં કરણગર નામે સિદ્ધની જગ્યા
કણસાગર ગામ વસાવ્યું.

સંવત ૧૪૩૪ વરસે ગામ ઢાંકથી પટેલ હરદાસે ગંગાજ

(નોંધ : વિંજાતની પેટા શાખા સાકરિયાના ઉપરોક્ત હરપાળ પટેલે કરણ એમનો વંશજો 'કરણસાગરા' કહેવાયા. કાળક્રમે એનું લાઘવીકરણ થતાં લેખકો)

સંવત ૧૪૯૯ના વરસે ભાઈ માને માતરસણું ગામ વસાવ્યું. વસાવ્યું. વેણા પટેલે વેણાસર વસાવ્યું. અજા પટેલે અજાવાવ ગામ કકાસણ ગામ વસાવ્યું.

૨. કુંડાલિયા - મૂળ ઊંઝાના. ઊંઝામાં માતાજી ઉમિયાનું દેરી કરાવી. આંબાના થડ ૪૦ હતાં. મહુડાં ૨૫૭ હતાં.

પટેલે જોધે કાશીની જાત્રા કરી. ગોકુળ, મથુરાં-વૃંદાવનની દેશ તેડું કરીને નાતને જમાડી. બ્રહ્મભોજન કર્યું. આમાં રૂ. ૧૧૪૫માં પટલાઈ વેંચતા બોલાચાલી અને કજિયો થયો અને ગામ ઉનાવે આવી વસ્યા. ઉનાવામાં માળબંધ ઘરથાળ કરાવ્યાં. ત્યાં રૂપિયા ૧૦૦૦ વાપર્યા. પછી ઉનાવામાં સિપાહીઓ સાથે ધી સિપાહીઓને મારીને ઉચાળા ભર્યા. એક ભાઈનો પરિવાર માળ પરિવાર સુરત ગયો. ભાઈ બે ગામે કુંડાલે વસ્યા. સંવત ૧૨૩૨ આ સાકરિયાની પેટા શાખા લેખે કુંડાલિયા કહેવાયા ત્યાં કુંડાલ

ઉમિયાજીનું દેહરૂં કરાવ્યું.

સંવત ૧૨૬૭માં પટેલ ગણેશ થયા, તેની પાંચમી પેઢીએ પટેલ અજો થયા. તેના પુત્રો સોરઠમાં આવીને વસ્યા. એક ભાઈ ગુંગણમાં જઈ રહ્યો. એક ભાઈ ખાનપરમાં જઈ રહ્યો. નારણકામાં જઈ વસ્યા. દેવળિયામાં જઈ વસ્યા. ઢોકળિયામાં પણ રહે છે.

૩. સાપોવાડિયા - મૂળ વતન ઊંઝા. મૂળ શાખ વિંજાત. વિ.સં. ૧૨૧૪માં સાણા પટેલે સંઘ કાઢયો કાશીની યાત્રા કરી ગોકુળ-મથુરા, વૃંદાવન, પ્રયાગરાજ અને અયોધ્યાને ભેટયા (યાત્રા કરી).

પાટીઓ વહેંચતાં કજિયો થયો. પટેલ સાણાને ઝેર દઈને દગાથી માર્યા. ત્યાં સુધીમાં ઊંઝામાં પર પેઢી સુધી રહ્યા. વિ.સં. ૧૨૮૯ માં ઊંઝામાંથી ઉચાળા ભર્યા. જઈ સાપાવાડે રહ્યા. જૂનો ટીંબો હતો તેને તોરણ બાંધી વસાવ્યો. પોતાની પાટી લઈને ત્યાં વસ્યા. સાણા પટેલનો પુત્ર ભોજો સાપોવાડે વસ્યો, તો બીજો પુત્ર રાજો માળવામાં ગયો.

ગામ સાપાવાડેથી ઉચાળા ભર્યા. અને ગામ શેખડામાં વસ્યા. વિ.સં ૧૯૨૪માં ગામ ખારવામાં આવીને વસ્યા. ત્યારે ધ્રોળ ઠાકોર જેસંગજીનું રાજ તપતું હતું. અને પટેલ દેવશીની પટલાઈ હતી.

૪. દેલોલિયા - મૂળ વતન ઊંઝા. મૂળ શાખા વિંજાત. વિ.સં. ૧૨૪૫માં તેઓ ઉંઝામાંથી નીકળી દેલોલી આવી વસ્યા. દેલોલીમાં કારણવશાત રજપૂતો સાથે બોલાચાલી થઈ. રજપૂત અજબાજીને મારીને એક ભાઈનો પરિવાર માળવે ગયો. એક ભાઈનો પરિવાર રણુંજ ગયો. એક ભાઈ ભોજાનો પરિવાર ગામ સરધારમાં વસ્યો. અને કેટલાક શેરગઢ ગામે જઈ વસ્યા.

શેરગઢમાં વસીને પટેલ આંબાએ મંડપ (એક ધાર્મિક કાર્ય) કર્યો. ગોંસાઈજીની પધરામણી કરી. ત્યારથી તેઓ વિસનવ (વૈષ્ણવ) કહેવાયા.

વિં.સં. ૧૮૬૬માં કેટલાક લીંબુડે જઈ વસ્યા. કેટલાક ઈશ્વરિયા ગામે જઈ રહ્યા. આ રીતે આ પરિવાર ૨૫ જેટલાં ગામોમા જઈને રહ્યો. અને વિ.સં. ૧૯૬૦ માં ખંભાળા ગામે જઈને વસ્યા. પેટાશાખા સવસાણી-કંટેસરિયા લખતરમાં રહે છે.

માંડલોત શાખાની પેટા શાખાઓ :

૧. ઉધરોજા-કોરંગા : મૂળ ઉંઝાના. મૂળ શાખા માંડલોત. ઉંઝામાં બાવન પેઢી રહ્યા. ત્યાંથી પોતાની પાટી લઈને ગામ દોદિઆસણ વસ્યા. સંવત ૧૨૩૨માં પોતાની પટેલાઈ હતી. વજેવેરો ઉઘરાવીને બાદશાહને આપતા. તેમાં રજપૂતોએ વેર રાખીને પટેલ ખોખાને માર્યા. ત્યારે પટેલ ખોખાના પરિવારમાંથી એક ભાઈ માળવે ગયો. એક ભાઈ

ઉધરોજ વસ્યો. સંવત ૧૪૭૨ની સાલમાં

ઉધરોજથી દિલ્લી ગયા. બાદશાને બળદો ચાર, ભેટ કર્યા. ત્યાર બાદશા રાજી થયો. સરપાવ દીધો. સોનાની મૂઠવાળી કટાર બંધાવી. ત્યારે ત્યાં પટેલ બે મહીના રહ્યા. ત્યાંથી બાદશાની ફોજ લાવીને રજપૂતોને માર્યા. પાંચ ગામના રજપૂતોને પકડીને ૪૫, હજાર રૂપિયા દંડ કર્યો. તે દંડના પૈસા લાવીને બાદશાને રંગ હૈ' ત્યારથી તેઓ 'કોરંગા' કહેવાયા.

આ આમ, ત્યારે બાદશાહે કહ્યું : 'તુમકો ઉધરોજ પરથી 'ઉધરોજા' અને તેની પેટા શાખા 'કોરંગા' થઈ.

ડામરોત શાખની શાખા :

૧. ગોધાણી - મૂળ વતન ઊંઝા. મૂળ શાખા ડામરોત. ઊંઝામાં પાટીઓ વહેંચાતા કજિયો થયો. પટેલ ભગવતીને મહાદેવના દેરામાં તેડાવી દગાથી ઝેર દઈને માર્યા. ત્યારે તેમની પાછળ લખમીબા સતી થયાં. સતીની દેરી ઉમિયાજીનાં મંદિરથી ઉગમણી કરાવી.

ઊંઝામાં બાવન પેઢી રહ્યા પછી ત્યાંથી ઉચાળા ભર્યા. ગામ છનિયારા આવીને વસ્યા. સંવત ૧૨૯૭, માગશર સુદ ત્રીજ, ગુરૂવારે ગામ છનિયારામાં વસ્યા.

ત્યાંથી પટેલ ખોખો કે જે અજા પટેલનો પુત્ર હતો તે દિલ્લી ગયો. બાદશાહને ચાર બળદો ભેટ કર્યા. ત્યારે બાદશાહે રાજી થઈ. સરપાવ દીધો અને સોનાની મૂઠવાળી કટાર બંધાવી. ત્યાં પટેલ ખોખો બે માસ સુધી રહ્યા. પછી ત્યાંથી બાદશાહની ફોજ લઈ આવી પાંચ માંડલોત શાખના, અને સાત રુસાત શાખના થઈ કુલ : ૧૨ સામેવાળાને માર્યા.

છનિયારામાં નવ પેઢી સુધી રહ્યા. ત્યારે પટેલ ધનાની પટેલાઈ હતી. વજે (રાજભાગ) લેતાં ઠાકરડાઓ સાથે બોલાચાલી થઈ . ત્યારે ઠાકરડાઓએ ગોઠ (ભોજન સમારંભ) કરી પટેલ ધનાને દગાથી ઝેર દીધું. ત્યારે તેના પુત્રે અમદાવાદ જઈ બાદશાહને મળી બાદશાહી ફોજ લઈ આવી નવ ઠાકરડાઓને માર્યા. પછી ત્યાંથી ઉચાયા ભરીને ચાલ્યા તેમાં એક ભાઈનો પરિવાર માળવે ગયો. ભાઈ ગંગદાસનો પરિવાર સંવત ૧૭૦૪ સુધી ગુંદા ગામમાં વસ્યો. ત્યાંથી સંવત ૧૭૩૧ માં પટેલ ગોધા વાગુદડ વસ્યા. પટેલ ગોધાના નામથી તેનો પરિવાર ગોધાણી કહેવાયો.

પોમાત શાખ અને તેની શાખાઓ :

મૂળ વતન ઊંઝા. મૂળ શાખ પોમાત. તેની પેટા શાખા મણવર. સંવત ૧૭૨૨ના વરસે વૈશાખ સુદી ૧૩ ના દિવસે ઊંઝામાં પાટીઓની વહેંચણી થવા લાગી. એમાં પાટી એક માંડલોત આસાજીની હતી. રુસાત દેવજીની પાટી એક હતી. એક પાટી કાવર

ગોવિંદજીની હતી. એક પાટી મોલ્લોત આણંદાની હતી. ગોવલાત નારણદાસની એક પાટી હતી. સવદાસ ચેંચાટની એક પાટી હતી. પોમાત કાશીદાસની પાટી એક અને મણવરના પૂર્વજ રૂડા મણવરની એક પાટી હતી. પાટીની વહેંચણી કરતાં ઝગડવાનું થયું. ત્યારે સામેવાળાઓએ સૌ બ્રાહ્મણોની ચોરાશી કરી પટેલ રૂડા મણવરને જમવા બોલાવી લાડુમાં ઝેર આપી માર્યા. પટેલ રૂડા મણવર વાંસે તેના પત્ની વાનબા સતી થયાં. સામેવાળાને પણ માર્યા.

ત્યાંથી પટેલ રૂડા મણવરના પરિવારે પોતાની પાટી લઈ ઉચાળા ભર્યા. અને આવીને ગામ વિઠ્ઠલપરમાં વસ્યા સંવત ૧૭૨૨માં. સંવત ૧૭૨૨માં વિઠ્ઠલપરથી એક ભાઈ લોલે-લોલાણા વસ્યો તે દેસાઈ કહેવાયો. એક ભાઈ કડીએ વસ્યો. એક ભાઈ નામ કરમણ તે કઠલાલ જઈને વસ્યો.

પછી બે ભાઈઓ દિલ્લી ગયા. બાદશાહને બળદનું નજરાણું કર્યું. દિલ્લીમાં દશ માસ લગી રહ્યા. તેમણે દિલ્લીમાં તળાવ કરાવ્યું . ત્યારે તેમના પર બાદશાહ રિઝયો. તે માગો તે આપું ત્યારે કરમણ પટેલે હકીક્ત કહી જે : ' મારા વડવાને સામે વાળાએ માર્યા છે. તેનું વેર લેવું છે. ' ત્યારે બાદશાહે એમને પોતાનું સૈન્ય આપ્યું. તેમણે ફોજ સાથે ઊંઝા આવી યુદ્ધ કર્યું. નવ માંડલોત અને તેર રુસાતને માર્યા ગરાસિયા ૧૨૫, પણ એને લડાઈમાં મરાણા. બીજાને જીવતા પકડીને તેમનો ૪૦૦૦૦ (ચાલીશ હજાર) રૂપિયા દંડ કર્યો.

વિઠ્ઠલપરમાં સંવત ૧૭૯૧ના વરસથી ૮૪ ગામોની પટેલાઈ કરી. એ સમયે એમને ઘોડેસ્વારોની જમાદારી હતી. આ અમલદારીમાં આ પંથકમાં (કોઈને) ત્યાં પહેલા પુત્રનો જન્મ થાય ત્યારે પહેલે પુત્રે ચોરાનો લાગો રૂા. ૧૦ લેવાતા. વહુને પહેલે આણે ચોરાનો લાગો રૂા. ૫૧ લેવાતો. આ રીતે મણવર શાખને ગામ વિઠ્ઠલપરમાં અમીનાત મળેલી. બાદશાહની ઘણી મહેરબાની હતી. ત્યારે ગામમાંથી કેટલાક અદેખાઓએ દગો કરીને બાદશાહને ખોટી ફરિયાદ કરી. બાદશાહની ફોજ આવી લડાઈ થઈ. છેવટે સમાધાન થયું. સેનાના સરદારે કહ્યું : આ ચોરાના લાગાની તમારી કમાણી અને હિસાબ સાચો પણ હવે તમે આ ગામમાં ન રહેશો.

એટલે એ રાતે ગામના (ખટપટ્ટી) કામદારને મારીને ગામ કઠલાલ આવીને વસ્યા.

કઠલાલમાં બાદશાહ મેમંદશાએ ૪૦ ગામનું કામ (કારભારું) સોંપ્યું. રૂપાની દોત (કલમ) બંધાવી. એક ભાઈએ પારેખપણું કર્યું તેના વંશજો અમદાવાદી પારેખ કહેવાયા પછી એક ભાઈ પાંચોટ જઈ વસ્યા તેના વંશજો ગામના નામ પરથી પાંચોટિયા કહેવાયા.

કઠલાલમાં એમણે મંદિર કરાવ્યું. ગામમાં અને પોતાને ત્યાં ગોંસાઈજીની પધરામણી કરાવી ત્યારથી તેઓ વીસનવ (વૈષ્ણવ) કેહવાયા.

સંવત ૧૩૦૨ ના કઠલાલના ચોકમાં વિરોધીઓથી ધીંગાણું થયું. તેમા એક ભાઈનો પરિવાર માળવે ગયો. એક ભાઈનો પરિવાર સુરતમાં રહેવા ગયો. એક ભાઈનો પરિવાર સોરઠમાં રહેવા ગયો.

દિલ્લીના બાદશાહ અલાઉદીન ખુનીની ફોજ સંવત ૧૩૦૫ની સાલમાં કઠલાલ વસેલા ત્યારે આવેલી. પટેલ વેણો આઠ ઘોડો લઈ નીકળી ગયા. મેથાણ આવીને વસ્યા ત્યાં ઘરથાળ કરાવ્યાં અને બારગામની પટલાઈ કરી.

સંવત ૧૫૦૦, માં કઠલાલથી મનામણું આવ્યું. એથી એક ભાઈ પાછો કઠલાલ ગયો. બે ભાઈઓનો પરિવાર ગામ વાવડીમાં આવીને વસ્યો. ત્યારે જાડેજા મૂળુજીનું ત્યાં રાજ (જાગીર) હતું. આ ભાઈઓ મોરબીની પાઘડી બાંધીને ચાર ગામોની પટલાઈ કરતા.

સંવત ૧૬૨૧માં હરિભાઈને સરકારથી વાંધો પડ્યો. તેથી ઉચાળા ભરીને ચાલ્યા. આ સાથે બીજા નવ ઉચાળા હતા. ધવળ ચાવડાને મારીને ઠાકોર હરધોળજીએ ધ્રોળનું રાજ્ય જીતેલું. ત્યાં આવ્યા એ વેળા ગાદી પર ઠાકોર બામણિયાજી હતા. એમના સમયમાં હરિભાઈ પટેલે ગામ વાગુદડ વસાવ્યું.

ગામ વાગુદડમાં પટેલ પાંચો ચણાના ખેતરે રખોપે ગયા હતા. પછી વાગુદડ પર બહારવટિયા ચડી આવયા. એ ધીંગાણામાં પટેલ પાંચો કામ આવ્યા. તેમનો પાળિયો વાગુદડથી ઉત્તરાદો લતીપરને રસ્તે જતાં ડાબે હાથે છે.

વાગુદડથી પટેલે સંધાની પાંખી (વંશ) સોરઠમાં ગઈ.

વાગુદડનો ઠાકોર જેસંગજીનો ગઢ જોઈને કણબીઓના બારોટ નાથાએ ઠાકોર જેસંગજીનો દુહો કહ્યો :

જશ લોભી જેસંગજી, આવે વરણ અઢાર;
ખાવે પણ દીવો, વાગુદડમાં લાંચે નૈ લગાર.

(આ યશ લોભી જેસંગજીને ત્યાં વાગુદડમાં અઢારે વર્ણ આવીને ભોજન કરે છે. તો પણ એમની ઉદારતા રૂપ દીપક જરા પણ ડોલતો નથી.)

વિ.સ. ૧૮૦૨માં સાલમાં પટેલ આંબા ભવાનને દરબાર સાથે વાગુદડમાં કોઈ બાબતે બોલવું પડ્યું એ વખતે જામનગરમાં જામ તમાચી હતા. આંબા પટેલે એ જામ તમાચીની પાઘડી બાંધી (જામનગર રાજ્યની હદમાં રહેવા ચાલ્યા ગયા) છેવટે જામ જસાજીના સમયમાં આ પરિવાર ધ્રાંગડા ગામમાં આવી સ્થિર થયો.

૨. રાણીપા - મૂળ વતન ઊંઝા. મૂળ શાખ પોમાત. ઊંઝામાં દશ ભાઈઓની પાટી હતી, તેની વહેંચણી કરતી વેળા કજિયા થયો તેથી ત્યાંથી નીકળી ગયા. આવીને પીરોજપર વસ્યા ત્યાંથી રાણીપમાં જઈને રહ્યા. ત્યાં રાણીપ (અમદાવાદ પાસે) માં કૂવો કરાવ્યો. ફૂલવાડી કરાવી ત્યાં શિવની દેરી કરાવી.

રાણીપમાંથી કેટલાક માથક (જિલ્લો : સુરનેન્દ્રનગર) જઈ વસ્યા. ખાગેશ્રી ગામે વસ્યા, વાગુદડ ગામે વસ્યા. વાગુદડથી વરસામેડી ગામે વસ્યા ત્યાંથી દૂધઈ વસ્યા. દૂધઈથી પટેલ અચળ કેશા જોડિયે જઈને વસ્યા ત્યાંથી રામપર જઈને વસ્યા.

દૂધઈમાં પટેલ ગોવાનો પાળિયો છે. ત્યારે તેઓ હંડિયાણા ગામે રહેતા હતા. ત્યારે ત્યાં બહારવાટિયાઓ સાથે થયેલ થીંગાણામાં મરાણા. તેનો પાળિયાં ગામ દૂધઈમાં છે ગામના પૂર્વ તરફના ઝાંપાના થડમાં પાળિયો છે.

વિ. સં. ૧૯૭૧ના વૈશાખ સુદી ૧૦ને દિવસે ગામ વાંકિયા (તાલુકોઃ ધ્રોળ, જિલ્લોઃ જામનગર)નું તોરણ પટેલ ભવાન લાધાએ બાંધ્યું. જૂના વાંકિયાથી પૂર્વ તરફ નવું ગામ વસાવ્યું. ઠાકોર શ્રી દોલુભાના રાજમાં, કુંવર શ્રી દીપસિંહની વારમાં. ત્યારે ઠાકોર શ્રી દોલુભાએ પટેલ ભવાન લાધાને પાઘડી બંધાવી.

સંવત ૧૯૨૭ના ભાદરવા વદ ૧૪ને દિવસે પટેલ હરદા પોતાનાં ઢોરને પહર ચારવા ગયા હતા ત્યાં લૂંટારૂઓ સાથે ધીગાણું થયું. તેમાં ગામ માણેકવાડાની સીમમાં પટેલ હરદા મરાયા. જ્યાં તેઓ મરાયા એ ખેતરમાં તેમની ખાંભી બેસાડી. ગામથી ઉત્તરાદિ બીલિયાના રસ્તાથી પૂર્વ તરફ એક ખેતરવા છેટ છે. તો માણેકવાડા ગામથી બે ખેતરવા છે. તે ખાંભી પટેલ કેશા રૂપાએ વિ. સ. ૧૯૪૬માં બેસાડી. ખાંભી ગામ ઝાંપાથી પશ્ચિમ તરફ બેસાડી

સંવત ૧૯૬૯ના મહા સુદી ૧ શનિવારે પુંજા રાણીપા પુંજા ગંગદા અને પટેલ રૂડા મેગજી ભોજાણીએ તથા ભટાસણા પટેલ કાલા દેવજીએ તથા ગોધાવિઆ ગંગારામ મેઘજીએ સાથે રહીને ગામ બહાદુરગઢનું તોરણ બાંધ્યું.

ત્યાંથી ખીલોસ વસ્યા, ત્યા દેરી કરાવી. જામપરમાં વસીને દેરી કરાવી. હામાપરમાં વસીને ત્યાં પ્રાસાદ (મોટું મંદિર) કરાવ્યો.

રામપર ગામના રાણીપા શાખના પટેલો દૂધઈ ગામમાં થયેલ શૂરાપુરાને પૂજે છે. તો બીજા શૂરાપુરા રવજી બાપા રામપરમાં છે તેને પણ પૂજે છે. રામપરથી પૂર્વ તરફ પાઘેડી નામે વાડી છે. ત્યાં રાણીપા કુટુંબે દેરી કરાવીને રવજી બાપાને બેસાડ્યા છે. આસો વદી ૧૪ને દિવસે તેમને સવા પાલી ચોખાનું નિવેદ કરવામાં આવે છે. તથા

ઘર દીઠ એક નાળિયેર ચડાવવામાં આવે છે. આ શૂરાપૂરા વિ. સ. ૨૦૧૯ માં બેસાડેલ છે.

૩. છમિચિયા - વસનાણી - મૂળ વતન ઊંઝા. મૂળ શાખ પોમાત (મણવર), ઊંઝાથી ક્યારે ? શા માટે નીકળ્યા ? તે વિગતો પ્રાપ્ય નથી. પટેલ કરસનના પુત્ર પટેલ વસનો થયા તેના વંશજો વસનાણી કહેવાયા

ગામ સમેચ (છમેચ) થી આવ્યા (એટલે ગ્રામાનામી એવી છમિચિયા અટક પડી.) અને ગામ અચલકે વસ્યા સંવત ૧૨૦૦માં.

સંવત ૧૫૪૦માં ગામ ખેરવામાં વાવથી પૂર્વ તરફ દેરી કરાવી. પટેલ દાદે કરાવી. પટેલ કરસનનો પાળિયો ગામ ઘોડીમાં છે. મેઘપર (મકાભાઈ)માં વસનાણી રહે છે.

પટેલ વસનાએ અચલકામાં કમાણી વાવ સંવત ૧૫૪૦,માં કરાવી.

ભોંમોટ શાખની પેટા શાખાઓ :

(૧) કાલાવાડિયા–અંદ્રાલા–વિરોલા : મૂળ વતન ઊંઝા. મૂળ શાખ ભોંમોટ. ઊંઝામાં હતા. ત્યાંથી શોભાસણ વસ્યા વાવ કરાવી. કૂવો કરાવ્યો. ચાંપલું તળાવ કરાવ્યું.

ત્યાંથી નીકળીને ગામ વિરોલે આવીને વસ્યા ત્યાં તેઓ પંદર ગામોની પટેલાઈ કરતા.

વિ.સં. ૧૫૨૮ના વૈશાખ સુદ ૧૨ના દિવસે પટેલ કુરાના તથા વાડાના પ. લાલાના, અને વાલજીના સમયમાં નવાબ નજુખાન ચડી આવ્યા ત્યારે ઉચાળા ભરીને નીકળ્યા અને ગામ નગરે આવીને વસ્યા. ત્યાં કાળક્રમે કોઈકની સાથે બોલાચાલી થતાં ત્યાંથી પણ નીકળી ગયા અને સંવત ૧૫૮૦માં આવીને કાળાવડ વસ્યા. ત્યાંથી અચલકે વસ્યા.

અચલકામાં સંતોકી અને વિરોલા વચ્ચે કજિયો થયો. તેમાં પટેલ સવજીને સામેવાળાએ માર્યા.

ત્યાંથી નીકળ્યા તે એક ભાઈ સોરઠમાં ગયો. તેને મૂળો કહે છે. એક ભાઈ ગામ ત્રાંબડિયે જઈ રહ્યો. એક ભાઈનો વંશ ધૂળકોટ વસ્યો. તેઓ ગામ કુનડ જઈ વસ્યા. સંવત ૧૭૮૫માં જામનગરના જામે આ કુટુંબનું મનામણું કર્યું.

સંવત ૧૮૬૮માં કુનડમાં વસ્યા. ત્યાં બારોટને સોના મહોર ૩૫ દાનમાં આપી. જામ જસાજીની વારમાં દીવાન મેરુ ખવાસની વારમાં પેંગળ પેથા મોમૈયાની વારમાં કુનડનાં જમાદાર ચાંદના સમયમાં.

કાલાવાડિયાની એક પાંખી કાળક્રમે સાવડી ગામે આવીને વસેલ. ત્યાં પટેલ કરમશી આગેવાન હતા. મોરબી ઠાકોર વાઘજીએ એમને મુખી પટેલ તરીકે વિ.સ ૧૯૭૧ના ભાદરવા સુદી ૧૧ ને દિવસે નિમણૂંક આપીને પંદર ગામનો વહીવટ સોંપેલો અને ટંકારા

ગામ પાસેની સો સાંતીની જમીન પડતર હતી ત્યાં ગામ વસાવી પડતર જમીન ખેડાવવા આજ્ઞા આપી. એટલે પટેલ કરમશીએ ગામ ખંભાળિયાના ૫૦, સાંતી પાટા-પાટીમાં વસાવવા તેડાવી વસાવ્યાં બીજાં ૫૦ સાંતી વાગુદડ ગામનાં ગામ ઘાંચી સેલાં, અને જોધાસરાની જમીનમાં વસાવવા તેડાવી વસાવ્યાં. ગામ વસશે ત્યારે પાઘડી બંધાવી સન્માન કરવાનું વચન ઠાકોરસાહેબ બાપુએ આપેલ એટલે રહેમ રાહે ઠાકોર વાઘજી સાવડી ગામે પધાર્યા. પટેલ કરમશીની વાડીએ રોકાયા. પટેલ કરમશીની વાડીના કુવામાં પાણી ઘણું હોવાથી એની જાત તપાસ કરી. વિપુલ જળ હોવાથી ઠાકોરસાહેબે કુવા પર એન્જિન મૂકવા હુકમ કરેલો. કરમશી પટેલને પોતાની સાથે મુંબઈ લઈ જઈને રાજને ખર્ચે એન્જિન લઈ આપ્યું. જે સૂકવા નામે ખેતરમાં પટેલ કરમશીએ કરાવેલ નવા કૂવા પર મુકેલ છે. એન્જિન ગોઠવવાનું મુહુર્ત વૈશાખ સુદી ૪ ગણેથ ચોથનું હતું. એ એન્જિનથી એકસો અને સવા છ વિઘાના પડાંમાં પિત થતું હતું. એ વાડી સૂકવા વોંકળાથી પશ્ચિમ તરફ છે.વાડીને ઉત્તરાદે શેઢે ગામ વીરવાવ અને ઓટાળાનો મારગ છે. અને સૂકવાના રસ્તાથી એ વાડી પૂર્વ બાજુ છે.

પટેલ કરમશીએ વાડીમાં વિપુલ જળ થશે તો બ્રહ્મભોજન કરાવવાની માનતા માનેલી. તે સંવત ૧૯૮૭ના ચૈત્ર સુદી ૭, ગુરુવારના રોજ માનતા પૂરી કરેલ. એ પ્રસંગે મોરબીથી ઠાકોર લખધીરજી અને તેમની સાથે રેવન્યુ કમિશનર છગનલાલ તથા ઈજનેર હરિલાલ તેમ બીજા દરબારી માણસો પટેલ કરમશીની વાડીએ આવેલ અને વાડીએ આનંદ મંગળ કરેલ. તે દિવસ પટેલ કરમશીએ રૂા. ૫૧ સાકરનો પડો અને શ્રીફળ ઠાકોરને નજર કરેલ. તે રૂપિયા ઠાકોરશ્રીએ પટેલ કરમશીના દીકરા હીરા તથા પટેલ વાલાના દીકરા ગોપાને પસલી ભરાવી પાછા આપ્યા. એ વખતે પટેલ કરમશીએ ૧૨૫ બ્રાહ્મણોને જમાડેલ, અને પોતાના નાતિલાઓને તેડાવેલ જેઓ પણ ઠાકોરની સલામ વખતે હાજર હતા. તેમનાં નામ આ પ્રમાણે છે. ગામ અલિયાના પટેલ ભાણજી પબા. ગામ ખેંગારકાના પટેલ ગોકળ આંબા તથા પટેલ ઝીણા, ગામ ઓટાટાળાના પટેલ ભવાન નારણ, ગામ નેસડીના પટેલ ગંગારામ ગાવિંદ. ગામ હીરાપરના પટેલ કુંવરજી જસા. ગામ હમીરપરના પટેલ જીવા, પ્રેમજી ગામ નેકનામના પટેલ આણદા ભાણજી તથા પટેલ સવજી થોભણ. એ સૌ સગાઓ સાથે ૨૫૦. માણસો જમાડ્યા. વડવાલા હનુમાનજીના પ્રતાપથી ઠાકોરજી શ્રી રામચંદ્રની કૃપાથી અને ઠાકોરશ્રી લખધીરજીના પૂન્યથી આ શુભ કામ થયું. તે ત્રણેય ભાઈઓનું સહિયારું છે. આ કામ પટેલ ગણેશના પુત્ર મુખી પટેલ કરમશી કાલાવાડિયા અને તેના ભાઈઓ પટેલ અજરામરભાઈ વાલાએ કર્યું છે. આ વાડી એ ત્રણેય ભાઈઓ મજમું છે.

પટેલ કરમશી, તેના ભાઈઓ અજો અને વાલો એ ત્રણેય ભાઈઓએ વિ.સં. ૨૦૦૧ના ચૈત્ર માસમાં સિધ્ધપુર, પુષ્કરતીર્થ, માનસી ગંગા (માનસરોવર) ગંગોત્રી ગોકુળ, મથુરા, વૃંદાવન, ગિરિરાજ, હરદ્વાર. કેદારનાથ, ત્રિજુગી નારાયણ અને બદ્રીનાથની યાત્રા કરી. ત્રિવેણીનું જળ લઈ આવીને દ્વારકાનાથને ચડાવ્યું. સાવડી આવી સપ્તાહ પારાયણ કરાવી. સાવડી ધુમાડાબંધ જમાડયું એ પ્રસંગે ઠાકોર લખધીરજીએ પટેલ કરમશીને મધરાશીની સોનેરી છેડાવાળી પાઘડી બંધાવેલ. મોરબી ઠાકોર વાઘજી અને તેમના પછી ગાદીપતિ થયેલ ઠાકોર લખધીરજી સાથે પટેલ કરમશીને ખૂબ સારો નાતો હતો.

૨. આદરોજા - મૂળ વતન ઊંઝા, મૂળ શાખ ભોમોટ. ઊંઝામાં એમનાં ઘરથાળ ઊગમણે બારનાં કરાવીને રહેતા હતા.

કોઈ કારણસર તેઓએ ઊંઝાથી ઉચાળા ભર્યા અને વણસોલ ગામે જઈ વસ્યા. એ વણસોલ ગામમાં તેમને પાટણપતિ સિદ્ધરાજ જયસિંહે વિ.સ. ૧૧૫૩માં ૮૪ ગામની પટેલાઈ આપી.

ગામ વણસોલમાં તેમણે દેરું કરાવ્યું તેમાં તેમણે ભગવાન શિવ અને માતાજી ઉમિયાજી પધરાવ્યાં.

આ પરિવાર વણસોલ ગામે ૨૩ પેઢી સુધી રહ્યો રજપુતો સાથે ઝગડો થયો. એ ધીંગણામાં આ પટેલોએ ૧૩ રજપૂતોને કાપી નાખ્યા, અને ત્યાંથી ઉચાળા ભરીને આદરોજ ગામે આવી વસ્યા.

ત્યાં આદરોજમાં આ પરિવારની પાટીએ પોતાનાં ઘરથાળ ઉત્તરાદા બારનાં કરાવેલ. આદરોજમાં વસવાટને કારણે પરિવારની 'આદરોજા' એવી ગામનામી પેટા અટક પ્રચલિત બની.

વર્તમાન સમયે આદરોજા શાખના પટેલો સૌરાષ્ટ્રનાં ગામોમાં રહે છે. તે કેટલાંક ગામોનાં નામો આ પ્રમાણે છે :

ચાંચાવદર, ચુપણી, નસિતપર, નાનડિયા, પીપળિયા બોડીઘોડી મોટાભેલા, રવાપર, વીરપરડા, સરવડ અને મોડપર.

૩. છનિઆરા - મૂળ વતન ઊંઝા. મૂળ શાખા ભોમોટે. આ શાખા મૂળ વતન ઊંઝાથી ક્યારે નીકળી તેની વિગતો મળી નથી. પણ તેઓ ઊંઝાથી છનિઆરા આવીને વસેલા.

વિ.સ. ૧૯૧૫માં ઝાલા મેઘપરમાં વસ્યા. ઝાલા કુંભાજીના સમયમાં (આ ઝાલા કુંભાજીનું પેઢી નામ આ પ્રમાણે છે : ઝાલા જસાજી > બાપુભાઈ > મૂળજી > ગજણજી >

એમના શૂરાપરા પૂજાય. પહેલા પુત્રના કાનની બૂંટ વિંધાય નહિ. તેનું નિવેદ સવા પાલીની લાપસી અને ચંદરવો ચડે.

ગોરઈથી નીકળી તેઓ ઝાલાના મેઘપર ગામે વસ્યા. છનિયારાની પેટાશાખા સુતરિયા છે.

મૂંજાત શાખા અને તેની પેટાશાખા :

(૧) અધારા : કરણાતા : મૂળ વતન ઊંઝા. મૂળ શાખ મૂંજાત. ઊંઝાથી પટેલ કરણો ગામ અધાર આવીને વસ્યા આ કરણા પટેલને વંશજો કરણાતા કહેવાણા.

અઘારથી નીકળીને ગામ મેમકે વસ્યા. ત્યાંથી હડિયાણે આવીને વસ્યા.

હડિયાણાથી આ શાખ નીકળીને ગામ મેંગણી વસી. ત્યાં અધારાના શુરપુરા પુજાય છે. દીકરો પરણે ત્યારે શુરાપુરાને જમણી અને નાળિયેર ચડે. આ શુરપુરાની ખાંભી ગામ લીંબૂડે છે. હડિયાણા પાસેના ગામ હાંમાપરમાં છે. પાળિયા હડિયાણામાં છે. ગામની પશ્ચિમ બાજુ, ખારાવાડી પાસે છે.

અધારાઓએ વિ.સં. ૧૬૯૮માં હડિયાણામાં પ્રાસાદ (મોટું મદિર) કરાવ્યો.

આ શાખના પટેલો ધોરાજી પાસેના ગામ પાંચ પીંપળે પણ રહે છે.

(૨) હરણિયા : મૂળ ઊંઝાના. મૂળ શાખ મૂંજાત. ઊંઝામાંથી નીકળીને તેઓ માથકમાં આવી વસ્યા. ત્યાંથી તેઓ ઝાલાના મેઘપર આવીને રહ્યા ઝાલાના મેઘપરમાં હરણિયા વાડી કહેવાય છે. આ હરણિયા વાડી ૫૦ વિઘાની હતી. આ હરણિયા વાડી ગામથી દક્ષિણ દિશામાં બંગાવડી અને ઓટાળાના રસ્તા વચ્ચે છે. ૫૦ વિઘાની આ હરણિયા વાડીને લીધે તેઓ હરણિયા કહેવાયા.

ઝાલા મેઘપરમાંથી નીકળીને તેઓ ઘોડીમાં વસ્યા આ હરણિયા શાખના પટેલોમાં ઘોડી ગામે એક સતી થયાં. પટેલ ભીખા મેગડ (મેંગળ-હાથી) સાથે લડીને કામ આવ્યા. તે સમયે વજુબાઈને સત ચડ્યું.. તે વજુબાઈ કુંડાલિયા શાખાની પુત્રી. તે સમયે તે ધોડી ગામમાં સતી થયાં. તેમણે સત લેતી વેળા બસો મણ જાર ધર્મ કાર્ય માટે આપી. તેનો ઢગલો કર્યો. અધો ઢગલો બાહ્મણોને આપ્યો. અર્ધો ઢગલો કબૂતરને ચણમાં દીધો.

ઘોડી ગામેથી એમનો પરિવાર ધૂળકોટ ગામે આવીને વસ્યો.

(૩) આદરોજા : મૂળ વતન ઊંઝા. મૂળ શાખા મુંજાત. તેઓ ઊંઝાથી નીકળી કલોલ ગામે આવી વસ્યા.

કલોલ પછી આ પરિવાર (કલોલ પાસેના) ગામ આંગણજ જઈને રહ્યા. આ ગામના નામથી તેમની આંગણોજા એવી પેટાશાખ પ્રચલિત થઈ.

આંગણજથી આ પરિવાર કાળક્રમે ઉચાળા ભરીને વઢવાણ જઈ વસ્યો અને બીજો એક પરિવાર ગામ જાલીસણા જઈને ત્યાં વસ્યો.

રુસાત અને તેની પેટા શાખાઓ :

(૧) વાંસજડિયા : મૂળ વતન ઊંઝા. મૂળ શાખા રુસાત. ઊંઝાથી પટેલ ભોજો ઉચાળા ભરીને નીકળ્યા. તે ગામે માધવપર આવીને વસ્યા.

ત્યાંથી વાંસજડે આવીને રહ્યા. ત્યાં વાંસજડામાં ઘરથાળ કરાવ્યાં અને મહાદેવનું દેરૂં પણ કરાવ્યું.

વાંસજડામાં કોળીઓ સાથે બાઝવું પડ્યું, એ કારણે ત્રણ ભાઈઓનો પરિવાર વેરાઈ ગયો. એક ભાઈનો પરિવાર ભાવનગર જઈ વસ્યો, એક ભાઈનો પરિવાર માળવામાં ગયો. તે પરિવાર માળવાના રતલામ પરગણાંમાં વસે છે. તો એક ભાઈનો પરિવાર સૌરાષ્ટ્રમાં ઝાલાવાડ પ્રદેશમાં જઈને વસ્યો.

ઝાલાવાડમાં ગામ માથકે જઈને વસ્યા ત્યાંથી હડમતિયા ગામે જઈને વસેલા.

હડમતિયા ગામેથી કેટલાંક કુટુંબ ગામ જગે જઈને રહ્યાં અને હાલ આ શાખનાં કેટલાંક કુટુંબો. રાજકોટ પાસેના વાજડી ગામે પણ રહે છે. મોરબી પાસેના બગથળા ગામે પણ રહે છે.

(૨) દેવલિયા : ભીમાણી : મોરી : મૂળ વતન ઊંઝા. મૂળ શાખ રુસાત. ઊંઝાથી વિ. સં. ૮૭૨માં ગામ સીઓરમાં આવીને રહ્યા.

ત્યાંથી કેટલાકે ઉચાળા ભર્યા અને વિ.સં. ૧૧૦૦માં દેથળી ગામે વસ્યા. એ દેથળી ગામમાં તેમણે ઘરથાળ કરાવ્યાં. વાવ કરાવી. ગામથી દક્ષિણ બાજુ એ તળાવ કરાવ્યું. નિલકંઠ મહાદેવનું દેવળ કરાવ્યું. એક ભાઈએ મોરી (રજપૂત)નો દીકરો ખોળે લીધો. ત્યારથી એમના વંશજો મોરી કહેવાયા.

સંવત ૧૩ માં ગામ મેથાણે આવીને વસ્યા. ત્યાંથી ગામ ચકમપર આવીને રહ્યા. ત્યાં દેરી કરાવી પ્રાસાદ (મોટું મંદિર) કરાવ્યો.

ત્યાંથી માંડલ આવીને વસ્યા ત્યાં સંવત ૧૩૯૯ સુધી રહ્યા. ત્યાંથી સંવત ૧૪૧૧માં ગામ હડિયાણે વસ્યા. ત્યાં આ પરિવારમાં એક સતી માતા થયાં એ સતીની દેરી ગામથી પશ્ચિમ દિશામાં નદીને કાંઠે કરાવી. એ પછી ગામ અચલકે આવીને રહ્યા એ પછી

સતીના નિવેદમાં સવા અધપાલીના ચોખા થાય તે સવા પાલીના ચોખા થાય.

આ શાખાએ ફરીવાર વિ.સં. ૧૮૧૨માં જોડિયા વસ ખેડૂતો જોડિયા ગામ ત્યજી ગયા હોય, તેઓ પાછા ૧૮ શક્યતા છે.)

ગામ જોડિયાનો કિલ્લો પટેલ પેથાના દીકરા ડાહ્યાએ પૂરો ચણાઈ ગયો. દીવાન મેરુ ખવાસની વારમાં જામ જસા કારભારમાં.

(૩) ભીમાણી : કંટારિયા : ઘેટિયા : ધમલિયા : રુસાત. ઊંઝાથી ક્યારે અને શા કારણે નીકળ્યા તેની વિ

ઊંઝાથી ઉચાળા ભરીને ઘુમે ગયેલા ત્યાં વસેલ ઘુ વેરાઈ ગયા. એક ભાઈ માળવે જઈ રહ્યો. એક ભાઈ ઘુમાથ ભાઈ ઘુમાથી નીકળીને ગામ મેથાણે જઈ વસ્યો. ત્યાં આ વાવ કરાવી. શિવજીની દેરી કરાવી. ત્યાં વૈજનાથ મહાદેવ

મેથાણથી આ પરિવાર ગામ પીરમાણ જઈ વસ્યો. પીરમ ગામે તથા પીંપળિયા ગામે જઈ વસ્યા. રાજકોટથી પશ્ચિમે સતીનો પાળિયો છે. વોંકળાના કાંઠા ઉપર છે.

ત્યાંથી કેટલાક પરિવાર ટંકારે જઈને વસ્યા ત્યાં ટંક રીસામણું થતાં ઉચાળા ભરીને ઘેટિઆ ભલા પટેલનો પ પરિવાર ગામ છોડીને જતો હતો. ત્યારે જોડિયા બાજુથી એમાં ધીગાણું થયું તેમાં પટેલ પરબત મરાણા તેમનો પા જતાં માર્ગમાં ખાંભી પણ છે.

બોરીસણાથી પણ વંશવૃદ્ધિ જવા કારણ બોરીસણા ગામ

જઈને વસ્યો. એક ભાઈ બોરીસણાથી નીકળી સોરઠમાં જઈ વસ્યા અને કરજડા ગામે પણ જઈને વસ્યા. આ ગામે સંભ લડતાં પટેલ માંડણ વીરગતિ પામેલ. તેમનો પળિયો આ કરજડા પણ બોરીસણા જઈને વસેલા.

આ શાખા વિ.સ. ૧૯૬૯માં ચાંચાપરથી નીકળી પ દરબારોનાં ગામ મોટા રામપર ગામે જઈ વસ્યા..

ગોવલાત શાખા અને તેની પેટા શાખાઓ :

(૧) કાલરિયા : મૂળવતન ઊંઝા. મૂળ શાખ ગોવલાત કાલરી (તાલુકા : ચાણસ્મા . જિલ્લો : મહેસાણા) ગામમાં આ ગ્રામનામી શાખ કાલરિયા થઈ.

કાલરીથી મારડ (ઉપલેટા પાસે છે) ગામે આવીને જઈને વસ્યા.

વીરવાવ ગામ ઉપર નવાબની ફોજ આવી તેની સાથે સાવડી ગામ જતા રસ્તે વીરગતિ પામ્યા છે.

ગામી શાખા અને તેની પેટા શાખાઓ :

(૧) કરગથળા : મૂળ વતન ઊંઝા, મૂળ શાખ ગામી. ગામે જઈ વસ્યા. કરગથળ ગામે તેમણે ગામથી ઊગમણી

વિ. સ. ૧૪૩૫માં કરગથલા ગામે ભાઈ ભાગની વહે એ કારણે કેટલાક ઉચાળા ભરી ત્યાંથી નીકળ્યા અને સૌરા ઝાલાવાડમાં આવેલ છે) આવીને વસ્યા

આ સિયાણી ગામે ખૂની અલાઉદ્દીનની ફોજ ચડી આવેલ

કડવા પાટીદારોનું સૌરાષ્ટ્રમાં આગમન

વીરતાપૂર્વક લડેલા. (સિયાણી) ગામે પાળિયાની તપાસ કોઈએ કરવા જેવી છે : લેખકો)

સંવત ૧૫૦૦ સમયે તો વાવડી ગામે આવીને વસ્યા. ત્યાંથી ભાઈ એક મોડપર ગામે આવીને રહ્યો. ભાઈ એક હડિયાણે જઈ વસ્યો. હડિયાણામાં વિ.સ. ૧૬૯૦માં પરચક્ર સામે યુદ્ધ થયેલું. એમાં આ શાખના પટેલો પણ વીરતાપૂર્વક લડીને કામ આવેલા. તેમના પાળિયા ગામ હડિયાણામાં છે. પૂર્વ તરફ વાવની પાસે છે. આ પ્રસંગ કારભારી રાજા ઝાલાના સમયનો છે. વિ.સં. ૧૬૯૦ નો છે.

(૨) સુવાળિયા : કાનાણી ગોઠ : મૂળ વતન ઊંઝા. મૂળ શાખા ગામી. ઊંઝામાં એ કાળે બાવન શાખની બાવન પાટીઓ હતી. એમાં બાવન પાટીઓની ભાગ બટાઈ પ્રસંગે વઢવાડ થઈ. એથી એક સમયે શિવ પૂજનમાં બેઠેલા પટેલ લહવાને રુસાતની પાટીવાળાએ દગો કરીને માર્યા.

પલાસડમાં પટેલ વણારસીએ ગઢ પાટણમાં એ સમયે ચાવડાઓનું રાજ હતું. ત્યાં જઈને પછી ત્યાં સોલંકીઓનું રાજ થયેલ ત્યાં જઈને સોલંકીઓની ફોજ લઈ આવીને ઊંઝાનો દંડ કર્યો. તે પછી પોતાની પાટી આખી (પોતાના પક્ષના હરિજનો સુધ્ધાં) લઈને ગામ પલાસડ આવીને વસ્યા. ત્યાં આવીને તેમણે મહાદેવનું દેવળ કરાવ્યું. વાવ કરાવી. તળાવ ખોદાવ્યું અને ગણેશની દેરી કરાવી.

પલાસડમાંથી આ પરિવાર વેરાણો. એક ભાઈ માળવામાં ગામ કણેટીમાં જઈ વસ્યો. એક ભાઈ ગામ સુવાલે જઈને રહ્યો. ત્યાં ગામ સુવાલમાં એ ભાઈએ તળાવ ખોદાવ્યું. પૂર્વ તરફના ગામ ઝાંપાના થડમાં કુવો કરાવ્યો. ત્યાં મહાદેવનું દેવળ કરાવ્યું.

ગામ પલાસડમાં રજપૂતો સાથે વઢવાડ થઈ તેથી ત્યાંથી ઉચાળા ભરીને નીકળ્યા. અને સૌરાષ્ટ્રમાં ગામ સિયાણીએ આવીને વસ્યા. પટેલ ભીમજીની પાંખડી ગામ સિયાણીએ વસી અને પટેલ વલ્લભદાસની પાંખડી ગામ કાનેમામાં જઈને રહી. આ ગામી શાખાની પેટાશાખા બાપનામે કાનાણી પણ કેહવાય છે.

આ કાનાણી શાખના કેટલાક પરિવાર સૌરાષ્ટ્રમાં ગામ. શાદુળકામાં ગામ જોડિયામાં ગામ પંચાસરમાં અને દેવળિયામાં રહે છે.

૩. કરગથળા (પુરવણી) : મૂળ વતન ઊંઝા. મૂળ શાખા ગામી. કરગથળ ગામે રહેતા તેથી કરગથળા કહેવાયા. સંવત ૧૭૦૦માં જામલાખાના સમયમાં હડિયાણામાં આવીને વસ્યા.

સંવત ૧૮૪૪માં હડિયાણા પર સંધિઓનું ધાડું ચડી આવ્યું. તેની સામા લડતાં

પટેલ ભાભા (નામ) વીરગતિ પામ્યા. તેનો પાળિયો હડિયાણામાં છે. બીજા એક પટેલ કલાણ પણ એ ધાડુપાડુઓની પાછળ પડી લડતાં મરાણા તેમનો પાળિયો પણ ફલા ગામને રસ્તે જતાં પૂર્વ તરફ વાડીમાં છે.

વિ.સં. ૧૬૯૯માં કરગથળા પરિવારની એક પાંખી મોડપર ગામ જઈને વસી.

અલાત શાખા અને તેની પેટા શાખાઓ :

૧. સનાવડા : લોરિયા : મૂળ વતન ઊંઝા. મૂળ શાખા અલાત છે. તેઓ ઊંઝાથી ક્યારે અને ક્યા કારણેની નીકળ્યા ? તે અંગેની વિગતો અપ્રાપ્ય છે.

આ પરિવાર દેવળિયા ગામે જઈને વસેલ

પછી આ પરિવારની એક પાંખી કાળક્રમે ગામ રામપરમાં જઈને વસી ગઈ.

વિ.સં. ૧૯૩૦ આસપાસ આ પરિવાર ગામ પીલુડીમાં જઈને વસ્યો.

બરાળ ગામમાં પણ આ શાખા જઈને વસી ગયેલ છે.

ગોધાતરની શાખાઓ :

(૧) ડાંગરુચિયા : રોજમારા : મૂળ ઊંઝાના. મૂળ શાખ કઈ તે જાણી શકાયું નથી. પણ ઊંઝામાં તેઓ ગોધાતર કહેવાતા.

ઊંઝાથી નીકળી તેઓ પીંપળી વસ્યા.

પીંપળીથી તેઓ ડાંગરવે (ડાંગરુવે) જઈને વસ્યા. ડાંગરવામાં તેમણે વાવ કરાવી. કૂવો કરાવ્યો.

ડાંગરવેથી તેઓ પલાસડ ગામે જઈને રહ્યા.

પલાસડ ગામેથી નીકળી તેઓ માલોદ ગામે જઈને રહ્યા.

માલોદ (માળોદ) ગામેથી આ શાખનો પરિવાર ધૂળકોટ ગામે જઈને વસ્યો.

ધૂળકોટ ગામેથી નીકળીને આ પરિવાર લીંબુડા (તાલુકો : માણાવદર) ગામે જઈને રહ્યા. લીંબુડામાં તેમણે કુવો કરાવ્યો. અવેડો (પશુઓને પાણી પીવાનું સ્થળ,) બંધાવ્યા. અને દેરી કરાવી.

એ દેરી પાસે આ કુળમાં થયેલા સંઘા બાપા કે જેઓ શત્રુઓ સામે લડીને વીરગતિ પામેલા તેમનો પાળિયો છે. ગામથી પૂર્વ બાજુ વાવ પાસે.

૨. ચડાસણિયા શાખા : મૂળ વતન ઊંઝા. એમની મૂળ શાખા અંગે કંઈ વિગત મળી નથી.ક

નાંદોદમાં તેઓ સાકરિયા કહેવાતા હતા પટેલ અજ

નાંદોદ રહેવા આવેલ.

પટેલ સવશી ડોસલ નાંદોદથી મેથાણ રહેવા આવે
ગ્રામ નામે 'નાંદોદિયા' કહેવાતો હતો.

એ પહેલાં પટેલ હરદાસ ડોસલ સંવત ૧૬૭૩,
બાણુંગાર ગામ) માં રહેવા આવેલ હતા (આ હરદાસ પ
ઉપરોક્ત અજરામલ તથા સવશી તથા વણાકના પિતા

આ ભેંસદડિયા પરિવારે વિ.સ. ૧૮૪૪માં બાલાર
દેવળ ચણાવીને ભર્યું કર્યું હતં.

જામનગરના ગાદી સ્થાપક જામ શ્રી રાવળે નાંદોદથી
તથા પૂંજા ભાણજીને સૌરાષ્ટ્રમાં તેડાવેલ. તેમાંના ગોકળ ભ
જામનગરથી પાંચ ગાઉ પૂર્વમાં 'બાનું ગામ' નામે ગામ

પ્રથમ તેઓ ભેંસદડ ગામે વસતા હતા. એ ગામ
હરધોળજીના ધ્રોળ રાજ્યમાં હતું. ત્યાં ગોકળ પટેલને હર
'બાનું ગામ' વસાવી જામનગર રાજ્યમાં રહેલ. હાલ એ ગા

પટેલ ગોકળ ભાણજી તથા પૂંજા ભાણજીનો વંશ
વસેલ છે.[૨]

આ તો ચૂલે ચડાવવા મૂકેલી બારોટજીના ચોપડાની
થોડાંક કૂર્મિ કુળો કે જે પછી પાટીદાર કે પટેલ અભિધા
મા ઉમિયા પ્રદત મૂળ ભૂમિ ઊંઝામાંથી કાળ ક્રમે ક્યારે

૧. શ્રી મણીભાઈ બારોટ. રે, સિધ્ધપુર જિલ્લો : પાટણને ચો
૨. શાસ્ત્રી શ્રી પ્રભુલાલ દુર્ગાશંકર પુરોહિત, રે. મોટી બાણુંગ

નીકળ્યાં ? અને ઊંઝાથી નીકળી ક્યાં ક્યા ગયાં ? અને આ રીતે તેઓના પ્રસારને કારણે મૂળ શાખામાંથી પેટા અટકો કેવી રીતે પડી ? તેની થોડીક-ચપટી ભર વાનગી રૂપ વિગતો આપણે જોઈ. એ વિગતોએ એ ઐતિહાસિક તથ્ય ઉજાગર કર્યું કે, પાટીદાર પ્રજાનું મૂળ વતન ઊંઝા છે. ઊંઝામાંથી જ આ પ્રજા, ગુજરાત માળવા, રાજસ્થાન અને અયોધ્યા સુધી પ્રસરી છે. અને એ વાતનો પણ પૂરો સંભવ છે કે ઊંઝાથી અયોધ્યા ગયેલા કૂર્મિઓ-કણબીઓ જેમ પુનઃ ગુજરાતમાં આવ્યા તેમ માળવા, રાજસ્થાન, અયોધ્યા ગયેલા આ કૂર્મિઓ ત્યાંથી ગુજરાત સિવાય અન્યત્ર હિન્દુસ્તાન ભરમાં પણ ગયા જ હશે. આ દૃષ્ટિએ પણ ઊંઝા સમગ્ર ભારતના કૂર્મિઓનું માદરે વતન માની શકાય. વેદકાળે ગુજરાતની આ રસાળ ભૂમિમાં મહાનદી સરસ્વતી અનેક ફાંટાઓમાં વહેતી હતી.

આ પ્રદેશની આબોહવા પણ કૃષિ વિકાસ માટે અત્યંત અનુકુળ હતી. અને દેવોએ કરેલ 'સમુદ્રમંથન પ્રકલ્પ' રૂપ વૈજ્ઞાનિક શોધમાંની કૃષિ વિજ્ઞાનની અજમાશય. પ્રયોગભૂમિ રૂપે આ ભૂમિ અતિ લાયક હતી. આગળ જોયું તેમ ધાન્યો, કપાસ અને શેરડી, તેલીબિંયાની કૃષિનો આરંભ પટેલોએ જ આ ભૂમિમાં કર્યો. એમણે આ ભૂમિમાં નગરો અને ગામો વસાવ્યાં. એમના કૃષિ વિકાસના પાયા પર જ વ્યાપાર ધંધાઓનો પણ વિકાસ થયો. ભૂખ્યે પેટે અન્નાભાવે કોઈ સંસ્કૃતિ વિકસી શક્તી નથી. એ સત્યને નજર સમક્ષ રાખીએ અને પટેલો દ્વારા ખેતી વડે પ્રજાને અન્ન પુરૂં પાડવાનાં અભિગમને લક્ષમાં લઈએ તો એ તથ્ય આપણી સામે આવશે કે સિંધુ ઘાટીની સભ્યતા કે પછી સરસ્વતીતટની જે કહીએ તે નદી તટની સભ્યતાની અને ભારતીય સભ્યતાની જન્મદાતા અને પોષક પાટીદાર મહાપ્રજા છે.

હવે આગામી પ્રકરણમાં લોક શિક્ષણ અને સંસ્કૃતિના સંવર્ધનમાં અતિ મહત્ત્વનો ભાગ ભજવનાર લોકનાટ્ય 'ભવાઈ'ના વિકાસ અને ઉદ્ગમમાં પાટીદાર પ્રજાના યોગ દાન અંગે જોઈએ.

□

૧૦

અસાઈતની દંતકથા : ભવાઈના વિકાસ - પ્રસારમાં પાટીદારોનો ફાળો

સમાજ શિક્ષણક્ષેત્રે ભૂતકાળમાં જ્યારે મનોરંજનનાં આજમાં જેવાં સાધનો ન હતાં ત્યારે અતિ મૂલ્યવાન અને મહત્ત્વનો ફાળો આપીને સમાજની ધાર્મિક ભાવનાને જાગૃત રાખનાર, ઐતિહાસિક વીર ગૌરવનું હિન્દુ સમાજને જ્ઞાન આપનાર અને સામાજિક અનિષ્ટો પ્રત્યે નર્મ-મર્મભરી. રીતે ચાબુકો વિંઝનાર 'લોક નાટ્ય' ભવાઈ અને એનો ગુજરાતમાં વિસ્તાર કરનાર અસાઈત અને એના જીવન અંગે. તેમ એના વટલાવા અંગે આજ સુધીમાં પ્રમાણભૂત રીતે અભ્યાસ થયો જ નથી. મોટે ભાગે દંતકથા આધારિત રજુઆતો તે પણ હળવે હૈયે થતી રહી છે. પરિણામે લોક શિક્ષણના આ મહત્ત્વનાં સાધન 'ભવાઈ'નાં પ્રચલન પાછળનાં ગુજરાતના પાટીદારોનાં મહત્ત્વપૂર્ણ અને મૂલ્યવાન યોગદાનની નોંધ લેવાણી જ નથી. આ પ્રકરણમાં એ બાબતે પ્રમાણભૂત રીતે ચર્ચા કરવાનો ઉપક્રમ સેવ્યો છે.

અસાઈતનો પ્રમાણિત સમય જોઈએ. ગુજરાતી સાહિત્યમાં અસાઈતને નામે 'હંસાવલી પવાડુ' મળે છે. એને રચનાકાળ વિ.સ. ૧૪૧૭ છે. જેથી એમ માની શકાય કે અસાઈત વિ.સં. ૧૪૧૭ સુધી હયાત પણ હશે.[૧]

જ્યારે અલાઉદીનના સુબા ઉલ્લઘુખાને વિ.સં. ૧૩૫૬માં ગુજરાત પર આક્રમણ કરેલું.[૨] એટલે એ વસ્તુ સમજાય છે કે અલાઉદીનની ગુજરાત પરની ચડાઈ પછી ૬૧

૧. ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી : કે કા. શાસ્ત્રી, પૃ :- ૯
૨. ગુજરતનો સોલંકી કાલીન ઈતાહસ :- નવીનચંદ્ર. આ. આચાર્ય, પૃ. : ૧૮૯

વર્ષે અસાઈતે એ હંસાવલી પવાડુ' રચ્યો છે. તો પછી પ્રશ્ન એ રહે છે કે અસાઈતે ૧૦૦ વર્ષનું આયુષ્ય ભોગવ્યું હોય તો તે કરણ ઘેલા પરની ઉલ્લઘખાનની ચડાઈ વેળા ૩૯ વર્ષના હોય અને પોતાની જીંદગીનાં ૧૦૦માં વર્ષે તેણે આ 'હંસાવલી પવાડો' રચ્યા હોય ? આવી અતિવૃદ્ધ વયે એ સર્જન કરી શકે ખરો ? એટલે જો એમ કહીને' કે ૧૦૦ વર્ષ કરતાં ઓછી ઉંમરમાં આ કૃતિ રચિ હતી. તો વાત કંઈક ઠીક લાગે પણ પછી પ્રશ્ન એ રહે છે કે જો એમ હોય તો પછી ઉલ્લઘખાનની ચડાઈ વેળા અસાઈતની ઉંમર શું હશે ? આનો ઉત્તર એમ જ હોય કે ૩૫-૩૬ વર્ષની ઉંમરે અસાઈતે ગુજરાત પર અલાઉદ્દીન ખૂનીનાં સૈન્યને ત્રાસ વર્તાવતું. સોલંકી સત્તાને ઉથલાવતું જોયું હશે અને આ ઉંમરેજ એવો કોઈ પ્રસંગ બન્યો હશે કે તેને બીજા બ્રાહ્મણોથી જુદા પડીને નાત બહાર થવું પડ્યું હશે.

જે દંતકથાને આધારે ગુજરાતના વિદ્વાનો અસાઈતને નાત બહાર થવું પડ્યું એ પ્રસંગ આ રીતે વર્ણવે છે :

રાજા કરણ ઘેલાના સમયમાં ઊંઝામાં એક હેમાળા પટેલ કરીને પાટીદાર રહેતા હતા. એમને ગંગા નામે રૂપવાન પુત્રી હતી. રાજા કરણને હરાવીને ગુજરાતને જીતી લેનાર અલાઉદીન ખૂનીના ગુજરાતના સૂબા ઉલ્લુઘખાન કે જે લશ્કર સાથે ઊંઝા પાસે છાવણી નાખી પડ્યો હતો તેણે એનું અપહરણ કર્યું. ત્યારે એ હવસખોર સૂબા પાસેથી પોતાનાં સંગીત કૌશલ્ય વડે સૂબાને ગાયન-વાદનથી પ્રસન્ન કરીને કડવા પાટીદારોનાં ગોર એવા અસાઈત નામે બ્રાહ્મણે પટેલ પુત્રી ગંગાને પોતાની જ પુત્રી ગણાવી પાછી માગી. ત્યારે સૂબાને તેના ચમચા એવા હજુરીયાઓએ કહ્યું કે 'અસાઈત ખોટું બોલે છે ! એ છોકરી પટેલ પુત્રી છે. જો. એ છોકરી એ અસાઈતની જ દીકરી હોય તો એ બ્રાહ્મણ એ છોકરી સાથે એક જ થાળીમાં જમે.'

એટલે સૂબાએ અસાઈતને કહ્યું : 'જો આ છોકરી તમારી દીકરી હોય તો તમે એની સાથે એક જ થાળીમાં જમો.'

આથી અસાઈત એ પટેલ કન્યા ગંગા સાથે એક જ થાળીમાં જમ્યો. આ કારણે બ્રાહ્મણોએ તેને નાત બહાર મૂક્યો.[1] શ્રી પ્રાણલાલ બાલાશંકર રાવલ જેવા વિદ્વાન તો અસાઈતને નાત બહાર મૂકવા માટેનાં કારણોમાં અસાઈત ગંગા સાથે જમ્યો તે ઉપરાંતનું એક વિશેષ કારણ અસાઈત પ્રત્યેની બ્રાહ્મણોની ઈર્ષા પણ હતી તેમ જણાવે છે.[2]

અસાઈતના વટલાવાની ઉપરોક્ત દંતકથા પ્રમાણે અધિકાંશ લેખકોએ અસાઈતે

---

૧. ગુજરાત – દીપાત્સવી અંક :- વિ.સં. ૨૦૫૧, પૃ. : ૧૩૪
૨. એજન, પૃ. : ૧૩૫

'ગંગાને પોતાની પુત્રી' ગણાવી છે તેવો ઉલ્લેખ કર્યો છે. પણ ડો. સુધા દેસાઈએ અપહરણ કરાયેલી પટેલ પુત્રી 'પોતાની પુત્રી કે પરણેતર છે[૧] એવો દ્વિધાત્મક ઉલ્લેખ કર્યો છે. જે સુધા દેસાઈને પ્રાપ્ત થયેલી દંતકથા એકાધિક મૂખેથી પ્રાપ્ત થવાને કારણ એ દંતકથામાં આવેલી વિકૃતિનો સૂચક છે, બાકી પટેલ પુત્રી સાથે એક ભાણે જમવાથી અસાઈત વટલાયો અને નાતબહાર થયો એ વિગત સર્વ સામાન્ય રીતે વિવાદથી પર છે.

આ પટેલ કન્યા સાથે જમવાથી અસાઈત વટલાયો'ની દંતકથનો ઉલ્લેખ શ્રી સુધા દેસાઈ,[૨] શ્રી પ્રાણલાલ બાલાસકંર રાવલ[૩] ડૉ. અમૃત પટેલ[૪] શ્રી જયભિખ્ખુ[૫] વગેરેએ કર્યો છે. જ્યારે શ્રી કે. કા. શાસ્ત્રીએ કેવળ અસાઈત વટલાયો હોવાનો જ ઉલ્લેખ કર્યો છે.[૬] એ સાથે અસાઈત શા માટે વટલાયો ? તેનું કારણ આપેલ નથી.[૭]

વિદ્વાનોમાં અસાઈતના વતન અંગે પણ વિભિન્ન મત છે ડૉ. અમૃત પટેલ અસાઈતને સિદ્ધપુરનો વતની કહે છે.[૮] શ્રી પ્રાણલાલ બાલાશંર રાવલ અસાઈત કાંઝ ગામનો વતની હતો એમ જણાવે છે.[૯]

પણ ઉપરોક્ત હેમાળા પટેલની કન્યા ગંગાને લગતી દંતકથા તથા અસાઈતનાં વતન અંગેના વિધાનો કરનાર લેખકોએ પોતાનાં વિધાનો માટે કોઈ પણ આધાર આપ્યો નથી. આ કારણે એમનું કોઈ વિશેષ મૂલ્ય રહેતું નથી.

'ગંગા અને અસાઈતની ઉપરોક્ત દંતકથા માટે કંઈક આધાર મળે તો તે શોધવા માટે મેં કડવા પાટીદારોની વહીવંચા બારોટોના ચોપડાઓ તપાસ્યા. પણ ચોપડાઓમાં આવી કોઈ વિગતની નોંધ પ્રાપ્ત ન થઈ. પણ ઊંઝામાં હેમાળા પટેલ નામે એક અગ્રણી થયાનું વહી કથે છે. જેની પ્રકરણ ૬માં વિગતે ચર્ચા કરી છે. તે પ્રમાણે એ હેમાળા પટેલનો સમય વિ.સં. ૧૦૯૯ આજુબાજુનો છે. તે સમયે ગુજરાતમાં સિધ્ધરાજનાં પિતા કરણ સોલંકી (૧ લા)નું રાજ્ય હતું. અને આ હેમાળા પટેલની ભાણેજ મેણલ (મીનળ) સાથે પાટણપતિ કરણ સોલંકી હથેવાળે પરણવા આવેલ. જ્યારે અલ્લાઉદીન ખૂનીની

૧. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ : ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ, યશંવત શુક્લ પૃ. : ૭૧૨
૨. એજન, પૃ. : ૭૧૨
૩. 'ગુજરાત' : દીપોત્સવી અંક–વિ.સં. ૨૦૫૧, પૃ. : ૧૪૫
૪. વેદકાળથી ઉમિયાની પૂજા અને પ્રાચીનનગરી : ઉમાપુર (ઊંઝા) ડૉ. અમૃત પટેલ, પૃ. : ૫૯
૫. શ્રી શિવધન વ્યાસ, રે. સુંદરીભવાનીના પત્રમાંથી
૬. ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી : કે. કા. શાસ્ત્રી, પૃ. : ૯
૭. એજન હાથ પૃ. :૯
૮. સંદર્ભ નોંધ : પ્રમાણે
૯. 'ગુજરાત' : દીપોત્સવી અંક– વિ.સં. ૨૦૫૧, પૃ. : ૧૪૫

ગુજરાત પરની ચડાઈનો ઇતિહાસ માન્ય સમય વિ.સ. ૧૩૫૪ થી ૧૩૫૬ નો છે.[૧] આ જોતાં કરણ સોલંકી-૧, લાના સમકાલીન અને કરણ સોલંકી-૧, લાના મામાજી સસરા એવા હેમાળા પટેલ અને ગુજરાત પરના અલાઉદીનનાં આક્રમણ સમય વચ્ચે ૨૫૦, વરસો કરતાંયે વધુ વરસોનો ગાળો રહે છે. એટલે હેમાળા પટેલ અને અલાઉદીન ખૂની એ બંને સમકાલીન ન હોવાનું પ્રમાણિત થાય છે.

ઉપરોક્ત હેમાળા પટેલ સિવાય બીજા કોઈ હેમાળા પટેલ ઊંઝામાં થયાનું મેં જોયેલ બારોટના ચોપડામાંથી નીકળતું નથી. આ રીતે પણ 'હેમાળા પટેલની પુત્રી ગંગાને કારણે અસાઈત વટલાયો' એ દંતકથાને કાંઈ આધાર મળતો નથી. તેમ કડવા પાટીદારોના કેટલાક બારોટોને પણ પૃચ્છા કરેલી. તેમણે એવી કોઈ વિગત એમના ચોપડામાં હોવાનો ઈન્કાર કરેલો.[૨]

જ્યારે આમાં વધુ ઊંડા ઊતરીએ છીએ ત્યારે આ દંતકથાના ઉદ્‌ગમ સ્થાન વ્યાસ જ્ઞાતિમાં એક સતી ઉજળીબાના પ્રસંગમાંથી મળે છે. એ સાથે વ્યાસ જ્ઞાતિમાં પ્રચલિત એવી ગંગાની દંતકથા પણ મળે છે. જે આ પ્રમાણે છે :

હેમાળા પટેલની પુત્રી ગંગા અતિ રૂપવાન હતી હેમાળો પટેલ સિદ્ધપુર. પાટણના રહેવાસી હતા. એ સમયે સૂબો છાવણી નાખી પડયો હતો. એણે એક સમયે ગંગાને જોઈ. એના રૂપથી મોહિત થયો. અને તેને પોતાની છાવણીમાં અપહરણ કરી લઈ ગયો. તે વાત કડવા પાટીદારોનાં ગોર અસાઈત ઠાકરના જાણવામાં આવતાં તેઓ સૂબા પાસે ગયા. પોતાની ગાયન-વાદનની વિદ્યાથી સૂબાને રીઝવી 'આ ગંગા તો મારી જ પુત્રી છે. એ મને પછી આપો'. એમ માગ્યું ત્યારે સૂબાએ' તમારી પુત્રી હોય તો તમે એની સાથે એક જ થાળીમાં જમો' એવી માગણી કરી. જે સ્વીકારીને અસાઈત ગંગા સાથે એક થાળીમાં જમ્યો. વટલ્યો. એ વેળા અસાઈતે સૂબા પાસેથી એવા લેખિત દસ્તાવેજ પણ કરાવી લીધો કે હવેથી તે પાટીદારોને વટલાવી મુસલમાન કરશે નહિં અને કન્યાઓનાં-સ્ત્રીઓનાં અપહરણો પણ નહિં કરે.

એ પછી હેમાળા પટેલની પુત્રી ગંગાબાઈએ ગંગા નદીને કિનારે નિવાસ કરીને મુસલમાનના સ્પર્શ થયાનું પ્રાયશ્ચિત કરેલ. મૃત્યુ વેળા ગંગાબાઈએ કહેલ કે મારો સાતમો અવતાર પાટણમાં બેચર વ્યાસને ત્યાં થશે.

---

૧. ગુજરાતનો સોલંકી કાલીન ઇતિહાસ : ડૉ નવીનચંદ્ર આ આચાર્ય, પૃ. : ૧૮૩

૨. શ્રી મણિભાઈ બારોટ, અરવિંદભાઈ તથા રજનીભાઈ બારોટ, રે. સિદ્ધપુરની મુલાકાતને આધારે તા.૨૧-૯-૯૯

ઉપરનાં વચન પ્રમાણે ૧૮ માં સૈકામાં પાટણમાં બેચર વ્યાસ નામે વ્યાસને ત્યાં ઉજ્જળીમા નામે ગંગાએ જન્મ લીધેલો.

એ ઉજ્જળીમા ચમત્કારિક સતી હતાં. તેમણે જીવનમાં અનેક પરચાઓ આપેલ એવી લોકોક્તિ છે. એ ઉજ્જળીમા સતી થયેલાં. સતી થતી વેળા લોકસમુદાયમાંથી સતીમા કંઈક પરચો બતાવે એવી લાગણી વ્યક્ત થતાં ઊજળીમા સતીએ રેતીનાં બાચકાંને પોતાના સતથી ધાણીનાં બાચકાં બનાવી દઈ લોકસમુદાયને પ્રસાદી રૂપે આપેલ. ... સતી થતી વેળા, ચિતારોહણ કરતી વેળા. એક તુંબડી, એક ધોકો અને એક ચોપડો પોતાના પિતા બેચર વ્યાસને દેવા માટે એક બારોટને આપેલ. કેમકે જ્યારે ઉજ્જળીમા સતી થઈ રહ્યાં હતા ત્યારે એમના પિતા બેચરદાસ ધંધા અર્થે બહારગામ હતા.

ચિતારોહણ કરી, પગને અંગૂઠેથી અગ્નિ સ્વયંગ્નિ પ્રગટાવી ઉજ્જળીમા સતી થયેલાં એમની દેરી હાલ પાટણમાં છે. જેમાં સતીમાનો થાપો છે.

સતી થતી વેળા ઉજ્જળીમાએ બેચર વ્યાસને આપવા માટે આપેલ ધોકો, તુંબડી અને ચોપડો આપેલી બારોટે ધોકો, તંબૂડી બેચર વ્યાસને આપ્યાં પણ ચોપડો ન આપતાં પોતે જ તે ચોપડો રાખી લીધો.[૧]

આ દંતકથામાં મુસલમાન સૂબાએ અસાઈત ઠાકરને દસ્તાવેજ કરી આપીને વટાળ પ્રવૃત્તિ અને નારીઓનાં અપહરણ ન કરવાની ખાત્રી આપી. તે વિશેષતા છે. જે મુખોમુખ ફરતાં દંતકથામાં આવેલ પરિવર્તન સૂચવે છે. અને ઉજ્જળીમા સતીની વાતમાં આવતી ગંગાના સાત અવતારની વિગત પણ લોકશ્રદ્ધા દ્વારા સતી માતાના મહિમાની વૃદ્ધિના ઉદેશ અર્થે લોકજીભ દ્વારા વહેતી થયેલ કથા લાગે છે. બાકી આજ સુધી મુસલમાન સુબા દ્વારા કરી અપાયેલ દસ્તાવેજ કોઈને ક્યાંય પ્રાપ્ત થયાનું મેં જાણ્યું નથી. એટલે આ દંતકથા પણ આધાર વિહિન બની રહે છે. આમાં તથ્ય હોય તો તે કેવળ એટલું જ કે ઉજ્જળીમા નામે વ્યાસ કુળમાં થયેલ પાટણનાં સતી પોતાને હેમાળા પટેલની ગંગા નામે પુત્રીનો સાતમો અવતાર માનતાં હતાં.

બાકી આ હેમાળા પટેલ અને તેની પુત્રી ગંગાને કારણે અસાઈતનાં વટલાવાની દંતકથાનો ઉલ્લેખ પાટીદારોની વંશાવળી રાખવાનું કામ કરતાં બોરિસણા ગામના વ્યાસોના વહીના ચોપડામાંથી પણ પ્રાપ્ત થતો નથી. તેમ ગુજરાત-સૌરાષ્ટ્રમાં વ્યાસોના કોઈ વહીવંચા બારોટો હોવાનું પણ મને જાણવા મળ્યું નથી. મેં જે જે વ્યાસજીઓને વ્યાસોના વહીવંચા બારોટ અંગે પૂછ્યું, તેનો જવાબ 'અમારે વહીવંચા બારોટ જ નથી' એવો મળ્યો આ

૧. શ્રી કાશીરામભાઈ વ્યાસ, રે. ખાખરાળાની નોંધોને આધારે - ૧૨-૫-૯૯

રીતે અસાઈતના વટલાવાની દંતકથા અંગે કોઈ આધાર પ્રાપ્ત કરવાના અમારા બધા જ પ્રયાસો વિફળ રહ્યા.

અસાઈતના વટલાવા અંગેની ઉપરોક્ત દંતકથા કરતાં ભિન્ન એવી બીજી દંતકથા મધ્યપ્રદેશના પાટીદારોમાં પ્રચલિત છે. એને પણ અત્રે જોઈ લઈએ :

સંવત ૧૧૧૩ની સાલમાં માધવ વજીર ગુજરાત પર મુસલમાનોને ચડાવી લાવ્યો. એમણે ગુજરાતનાં રાજા કર્ણને માર્યો. તે ઉપરાંત અલ્લાઉદીન ખૂની બાદશાહે દિલ્હીથી ચડાઈ કરતી વખતે એવી ટેક લીધી કે દેશમાં જ્યાં જ્યાં જે હિન્દુઓના દેવ છે તે બધાને તોડીશ. અને જ્યાં જે જગ્યાએ મહાદેવજીનાં મંદિરો મઠો હશે ત્યાં મસ્જિદો બનાવીશ. અને જ્યાં ઠાકર મંદિર છે ત્યાં કબ્રસ્તાન બનાવીશ. અને રોજ વીસ હજાર હિન્દુઓને વટલાવીને મુસલમાન બનાવીશ. ને જ્યાં જ્યાં શિવ, શિવ ' જપાય છે. ત્યાં ત્યાં 'અલ્લા અલ્લા' 'જપાવીશ'. આ રીતે હજારો હિન્દુઓને વટલાવતાં, જુલમો કરતાં તે ગુજરાત પર ચડી આવ્યો અને આવતાં જ ખાસ ખાસ વીસ હજાર હિન્દુઓને મુસલમાન બનાવવા અર્થે કેદ કર્યો.\

પછી તેણે પોતાના વજીરને કહ્યું : 'શહેરમાંથી તમે ઉત્તમ ગાયકોને બોલાવો.'

એ વખતે વજીરે અચ્છા અચ્છા ગાયકોને લેવા માટે સિપાહીઓને મોકલ્યા. સિપાહીઓ નગરના શ્રેષ્ઠ ગાયક ગણાતા અસાઈત ઠાકર અને નૂર ઠાકર અને એમના કેશવ નામે પુત્રને લઈ આવ્યા એ ત્રણેય સાજ લઈને કચેરીમાં આવ્યા. ત્યાં કેશવે વેશ પહેરીને નૃત્ય કર્યું. અસાઈત અને નૂર ઠાકરે તબલાં અને સારંગી વગાડ્યાં. આમ ગાયન, વાદન અને નૃત્ય થયાં, બાદશાહ સામે અંબાજીની ગરબી ગાઈ. એમના પર બાદશાહ રીઝ્યો તેણે કહ્યું. :

'હે નૃત્યકાર, હું તારા પર ખૂબ ખુશ છું. કાલ સવારે તમે રાજદરબારમાં જે કાંઈ માગશો તે હું આપીશ. આ મારું વચન છે. જો ન આપું તો મને કુરાનના સોગન છે.' અને પછી કચેરી બરખાસ્ત કરી.

આ ત્રણેય બ્રાહ્મણઓ પોતાના નિવાસે આવ્યા. પછી બાદશાહે વટલાવવા પકડેલા વીસ હજાર કેદીઓમાં ઘણા કણબીઓ પણ હતા. તેમને બાદશાહે અસાઈતને આપેલ વચનની જાણ થઈ. એટલે એમણે એ ત્રણેય બ્રાહ્મણોને પોતાની પાસે તેડાવ્યા અને એ વીસ હજાર કેદીઓએ સલાહ કરીને તેમને કહ્યું : 'આ ત્રણેય બ્રાહ્મણો કણબીઓના ગોર છે.'

પછી સૌ કેદીઓએ એ કણબીઓ દ્વારા બ્રાહ્મણોને કહ્યું : હે બ્રાહ્મણ દેવો, રાજા

કર્ણ સરખાનું પણ રાજ્ય નથી રહ્યું તો પછી બીજા કોનું રહેશે ? માટે તમે જાગીર વગેરેની બીજી લાલચ ત્યજીને અમે સૌ કહીએ તે માંગો.'

ત્યારે ત્રણેય બ્રાહ્મણોએ કહ્યું ' યજમાનો, તમે કહો તે અમે બાદશાહ પાસે માગીશું.'

ત્યારે કણબી પંચોએ કહ્યું : 'તમે બાદશાહ પાસે આજથી હિન્દુઓને વટલાવીને મુસલમાન ન બનાવવા એવુ માંગો, અમે તમારા વંશજોને પાળશું. આમાં આપણા બંનેની નીતિમત્તા અને વીરતા ગણાશે અને તમારું નામ પણ અમર થશે. માટે તમારે એ પ્રમાણે જ બાદશાહ પાસે માગવું.'

આ વાત કડવા કણબીના ગોર એવા એ ત્રણેય બ્રાહ્મણોએ સ્વીકારી સવારે પહોર દિવસ ચડતાં કચેરી ભરાણી બાદશાહે ત્રણેય બ્રાહ્મણોને બોલાવ્યા અને કહ્યું :

'હવે તમારે માગવું હોય તે માગો. હું દેવા માટે તૈયાર છું.'

ત્યારે કેશવ વ્યાસે કહ્યું : 'હજુર, અમારે ન ધન જોઈએ, ન રાજ્ય જોઈએ. હજુરની કૃપાથી અમારે આનંદ જ છે. અમે કેવળ એટલું જ માગીએ છીએ કે આજથી હિન્દુઓને મુસલમાન ન બનાવવા. બસ, અમે ત્રણેય બ્રાહ્મણો આપની પાસે આટલું જ માગીએ છીએ.'

આ સાંભળી બાદશાહને બ્રાહ્મણોને વચન દેવા માટે પસ્તાવો થયો. એણે પોતાના બંને હાથ ધરતી પર પછાડીને કહ્યું :

'હે હિન્દુ લોકો, તમે આજે ગજબ કરી નાંખ્યો. મારી ટેક આજથી ખોટી થઈ ગઈ.'

પછી બાદશાહે મજબૂર થઈને કહ્યું :

'એ વટલાવવા માટે કેદ કરેલા વીસ હજાર હિન્દુઓને મારી સામે લાવો.'

એથી કેદીઓને બાદશાહ સામે લાવવામાં આવ્યા. તેમને બાદશાહે કહ્યું :

'હે પંચો, તમે બધા ખુદાનું રૂપ છો. એટલે તમારી સામે મારી અરજ છે કે મેં આજ સુધી હજારો હિન્દુઓને મુસલમાન બનાવ્યા છે. હવે મારી ટેક ખોટી થઈ રહી છે. એથી આજના દિવસ પૂરતી મારી ટેક પણ રહે, અને તમે સૌ પણ હિન્દુ જ રહો એવો કોઈ ઉપાય શોધો.'

એથી બીજી નાત વાળા પંચોએ કડવા કણબીઓને કહ્યું : 'આ તમારા ગોર છે. એ તમારી સાથે જમીને વટલે તો બાદશાહની વટલાવવાની ટેક પણ આજ દિવસ પૂરતી રહે. અને આપણે સૌ પણ હિન્દુ જ રહીએ.'

ત્યારે બધા કણબીઓએ કેશવ વ્યાસને કહ્યું :

'તમે અમારી સાથે જમો અમે સૌ કણબીઓ તમને અને તમારા વંશવારસોને

સાતા દોઢ સાડા સાત રૂપિયા સરકાર વસૂલ કરીને અસ
આપશે આ અસલ લેખ ઊંઝાના પટેલના દફતરમાં છે.[૧]

આ દંતકથામાં જે દસ્તાવેજ ઊંઝાના પટેલ પાસે હોવા- અંગે ડૉ. અમૃત પટેલને સાથે રાખીને પૃચ્છા કરતાં ઊંઝામાં દસ્તાવેજ ન હોવાનું જાણવા મળ્યું છે. આ રીતે આ દંતક

પણ સૌરાષ્ટ્રમાં મળતી અને આપણે આગળ જોયું તેમ નોંધી બુકમાંથી પ્રાપ્ત થતી ગંગાને કારણએ અસાઈત વટલ દ્વારા હવેથી હિન્દુઓને વટલાવશે નહિ એવી દસ્તાવેજી ખ એ જ રીતે મધ્યપ્રદેશની આ દંતકથામાં પણ બાદશાહ દ્વા વટલાવાય એવી દસ્તાવેજી ખાત્રી અપાય છે. આ સામ્ય ધ્ય પાત્ર પણ છે.

આ દંકથામાં સંવત ૧૧૧૩માં અલાઉદ્દીને ગુજરાત છે. જેનો ઇતિહાસમાં નોંધાયેલ અલાઉદ્દીની ચડાઈની સાલ વિ પડતો એટલે લાગે છે. મધ્યપ્રદેશની દંતકથામાં જણાવેલ ર બીજો કોઈ મધ્યપ્રદેશમાં પ્રચલિત સંવત હશે.

ઇતિહાસમાં રાજા કરણ ઘેલા પર વિ.સ.૧૩૫૬માં અ ઇતિહાસ કથે છે.[૨] તો બારોટનો ચોપડો પણ અલાઉદ્દીને ઉ છે.[૩] એટલે પાટણથી મુસ્લિમ ફોજ ઊંઝા પર આવ્યાનું નકારી ગુજરાત જીત્યા પછી ખૂદ અલાઉદ્દીન વટાળ પ્રવૃત્તિને વેગ

૧. કુલમ્બી કુલ ભૂષણ : ભા. ૧ : મહંત શ્રી રામકૃષ્ણદાસ
પૃ. ૧૯૫ - ૧૯૮
૨. ગુજરાતનો સોલંકી કાલીન ઇતિહાસ : ડૉ. નવીનચંદ્ર આચા
૩. શ્રી રજનીભાઈ બારોટ રે. સિદ્ધપુરને ચોપડેથી

અસાઈતની દંતકથા : ભવાઈના વિકાસ - પ્રસારમાં પા

હશે. અને એ ઊંઝામાં છાવણી નાખી પડ્યો હશે ત્યારે આ પ્રસંગ અસાઈતના વટલાવાનો બન્યો હશે એમ લાગે છે. ઊંઝામાં અલાઉદ્દીનનું સૈન્ય દૂધલી તળાવથી થોડે દૂર ઈશાન ખૂણામાં પડ્યું હશે. જે કારણે એ મેદાનના વિસ્તારને આજે પણ લોકો લશ્કરી છાવણી તરીકે ઓળખે છે.[૧] ત્યાં છાવણી નાખીને અલ્લાઉદ્દીને વટાળ પ્રવૃત્તિ અને હિન્દુ મંદિરોના ખંડનની પ્રવૃત્તિ ચલાવી હશે. જેના પૂરાવા રૂપે ઊંઝામાં અલ્લાઉદ્દીને ઊંઝાના પ્રાચીન માતૃકા મંદિરનો નાશ કરેલો, તેના અવશેષો આજે પણ જોવા મળે છે.[૨]

ઉપરોક્ત બંને દંતકથાઓને કોઈ આધાર નથી. એટલે આપણે વાસ્તવિકપણે કઈ દંતકથા ઉચિત અને તથ્યવાળી હશે ? એની અત્રે ચર્ચા કરીએ, અને તથ્યને શોધવા પ્રયાસ કરીએ.

હેમાળા પટેલની પુત્રી ગંગા સાથે જમવાથી અસાઈત વટલાયો' એ દંતકથામાં આવતા હેમાળા પટેલનો ઉલ્લેખ બારોટની વહીમાં નથી. તેમ બીજો કોઈ આધર પણ નથી એ આપણે ઉપર જોયું. બીજી વાત : એક છોકરીનાં અપહરણથી તેને છોડાવવા અસાઈત સહિત તેના સંબંધી એવા તેર કુટુંબો વટલાય, એ વાત ગળે ઊતરે તેમ નથી. એ કાળે મુસલમાન સૂબાની છાવણીમાં ગયેલી નારીને એ કાળનો સમાજ સ્વીકારે જ નહિ. એવી સ્થિતિમાં એ છોકરીનાં મા–બાપ, કુટુંબ પણ એ છોકરીને સમાજની બીકે, અને રૂઢિનાં બંધનોને કારણ સ્વીકારે જ નહિ.

આવી સ્થિતિમાં એ છોકરી માટે બેજ રસ્તા રહે છે. કાં તો મરવું કે કાં તો મુસલમાન થઈ રહેવું. એટલે એ કાળે તરગાળાઓ આવી મુસલમાન સૂબાની છાવણીમાં ગયેલી અને લોક સમાજની નજરે ભ્રષ્ટ થઈ ગયેલી છોકરી માટે વટલાય તે વાત ગળે ઉતરે તેવી નથી. જ્યારે એ કાળનો સમાજ અપહૃત થઈને મુસલમાન છાવણીમાં ગયેલી છોકરીને પાછો સ્વીકારવાનો જ ન હોય ત્યારે તેને પાછી લાવવાનો અર્થ પણ શો ? અને આવી સૂબાના હવસ સંતોષવા અર્થે હરણ કરાયેલી છોકરીને એ કાળનો સમાજ વટલીને મુસલમાન થઈ ગયેલી જ માને. એટલે એ છોકરી (ગંગા) સાથે જમવાને લીધે એ કાળનો રૂઢિચૂસ્ત હિન્દુ સમાજ અસાઈતને વટલીને મુસલમાન થઈ ગયેલો જ માને. આ સ્થિતિમાં અસાઈતને તેના યજમાન એવા પાટીદારો પણ પોતાની સાથે જમવા પણ ન દે અરે હલકા વર્ણના પણ એ કાળે અસાઈત સાથે એક થાળીએ ન જમે. આ બધું જોતાં. 'ગંગાને કારણે અસાઈત વટલાયો' એ દંતકથા ટકતી જ નથી

૧. વેદકાળથી મા ઉમાની પૂજા અને પ્રાચીન નગરી ઉમાપુર પાટણ–ઊંઝા, ડો. અમૃત પટેલ, પૃ. ૫૭

૨. એજન, પૃ. ૫૭

સાવ અવાસ્તવિક જ લાગે છે. આ એ કાળની કડવી વાસ્તવિકતા અંગે કોઈ વિદ્વાને આજ સુધી વિચાર્યું જ નથી. અને આપણે આગળ જોયું તેમ ગુજરાતમાં હેમાળા પટેલ અને ગંગાનું નામ તો પાટણનાં ૧૮મી સદીમાં થઈ ગયેલાં સતી ઉજળીમાના મુખ દ્વારા વહેતુ થયું છે. એટલે ગંગાને કારણે અસાઈત વટલ્યાની દંતકથા બહુ જૂની નથી. બીજી એક વાત પણ વિચારવાની છે. અસાઈત જો ગંગાને કારણે વટલાયો હોય તો પણ તેનો ઉપકાર કેવળ હેમાળા પટેલના વંશજો પર રહે. પણ આખી પાટીદાર કોમ પર નહિ. જ્યારે તરગળાઓ કાયમના આખી કણબી કોમ પાસેથી લાગા લે છે. જે વાત પણ માળવાની દંતકથામાં તથ્ય હોવાની સૂચક છે.

એની સામે મધ્યપ્રદેશમાંથી પ્રાપ્ત દંતકથા ગળે ઉતરે એવી અને વાસ્તવિક પણ છે. સંભવતઃ અલાઉદ્દીનના–મુસલમાનોના હુમલાથી ત્રસ્ત એવા મૂળ ગુજરાતના મધ્યપ્રદેશમાં ઉચાળા ભરીને ચાલ્યા ગયેલાં પાટીદાર કુટુંબો દ્વારા આ વટાળ પ્રવૃત્તિના ત્રાસ અને અસાઈતના ત્યાગની કથા જે ખરેખર અનુભવ કથા ગણાય તે ત્યાં મધ્યપ્રદેશમાં કંઠસ્થ પરંપરામાં સંચવાઈ રહી હશે એમ લાગે છે. આપણે આગળ જોયું તેમ મધ્યપ્રદેશના લેવા-કડવા પાટીદારોનું મૂળ વતન તો ઊંઝા જ છે. એટલે એમનામાં પ્રચલિત અસાઈતના વટલાવા અંગેની દંતકથા વાસ્તવિકતાની દૃષ્ટિએ યોગ્ય અને ગળે ઊતરે તેવી જણાય છે. તથ્ય એમાં લાગે છે.

અલાઉદ્દીનની વટાળ પ્રવૃત્તિનાં ઐતિહાસિક પ્રમાણો પણ છે. અલાઉદ્દીને ઝાલોરના કાન્હડદે પર ચડાઈ કરેલી. આ યુદ્ધકથાને કવિ પદ્મનાભે 'કાન્હડદે પ્રબંધ' નામે રચનામાં વર્ણવી છે.[1] આ ચડાઈ સમયે ઝાલોર જીત્યા પછી અલાઉદ્દીને ઝાલોરના રજપુતોને વટલાવી મુસલમાન કરેલા. જેઓ આજે પાલનપુર આજુબાજુ રહે છે. અને ક્ષત્રિયો જેવા જ રીત-રિવાજો પાળે છે.[2] તેઓ 'ઝાલોરી' નામે ઓળખાય છે. પાલનપુરના રાજ્યની સ્થાપના, રક્ષણ અને વિસ્તરણમાં આ ઝાલોરી કહેવાતા રાજપૂતોનો સિંહ ફાળો છે.

મધ્યપ્રદેશમાં પ્રચલિત દંતકથા પ્રમાણે ગુજરાતમાં આવી એણે ખાસ ખાસ (અગ્રેસરો) એવા વીસ હજાર હિન્દુઓને વટલાવવા કેદ કર્યા છે. એ બધા જુદી જુદી જ્ઞાતિના છે. એમાં પાટીદારો પણ છે. હવે આ પાટીદારો અને બીજા હિન્દુઓને જાણવા મળે છે કે, અસાઈત, નૂર અને કેશવ ઠાકરનાં ગાયન-વાદન અને નૃત્ય-સંગીતથી બાદશાહ રીઝી ગયો છે. જે માગે તે આપવાનું વચન આપ્યું છે. આ વાતમાં એ કેદીઓને પોતાનો

---

૧. ગુજરાતની હાથપ્રતોની સંકલિત યાદી : કે. કા. શાસ્ત્રી, પૃ. ૧૨૦
૨. સાક્ષર શ્રી મુરાદખાન ચાવડા, રે. માલણ, તાલુકો. પાલનપુરના મુખેથી તા. ૭-૧૦-૯૮

ધર્મ સંરક્ષવાનું આશા કિરણ દેખાય છે. પણ આમાં સફળતાનો આધાર પાટીદારોની ચતુરાઈ પર છે, કેમકે અસાઈત પાટીદારોનો ગોર છે. એટલે એ પોતાના યજમાનની વાતનો એકદમ ઈન્કાર પણ ન કરે. એટલે એ કેદીઓ આજથી કોઈ હિન્દુઓને વટલાવવા નહિ એવું માગવા અસાઈતને સમજાવવા પાટીદારોને કહે તે સમજાય એવું છે. કેમકે એમ ન બને તો એ વીસ હજાર કેદીઓ માટે બે જ વિકલ્પો રહે છે. કાં મુસલમાન થવું, કાં મરવું.

આવી પરિસ્થિતિમાં એ વીસ હજાર કેદીઓમાંના પાટીદારો કુશળતાપૂર્વક અસાઈતને સમજાવી લ્યે છે. એને અને એના વંશજોને પાળવાનું પણ વચન આપે છે. અસાઈત પણ એ વાત સમજે છે કે, જો આમને આમ વટાળ પ્રવૃત્તિ ચાલ્યા કરશે તો એક દિવસ એના વંશજોને પણ ધર્માંતર કરવું પડશે. પરિણામે એ દીર્ઘદષ્ટિ વાળા યજમાન અને ગોર એકમત થઈ જાય છે. અને હાથમાં આવેલી તકને ઝડપી લ્યે છે. અને બીજે દિવસે અસાઈત પુત્ર કેશવ ઠાકર દ્વારા માગી લ્યે છે કે 'બીજું કશું જ જોતું નથી. પણ આજથી' આપ હિન્દુઓને વટલાવવાની પ્રવૃત્તિ બંધ કરો.'

વચનબદ્ધ બાદશાહ એ વાતનો સ્વીકાર કરે છે. પણ સાથે પંચ પાસે એ મામલો લઈ જઈને 'પંચ ત્યાં પરમેશ્વર' એ તથ્યનો સ્વીકાર કરતાં 'પંચ પાસે અરજ ગુજારે છે કે પોતાની આજ એક દિવસ પૂરતી પણ ટેક રહે, અને હિન્દુ બધા હિન્દુ રહે એવો કોઈ રસ્તો શોધો.'

પરિણામે પંચોએ બહુ બુદ્ધિપૂર્વકનો ઉપાય શોધી ચૂકાદો આપ્યો કે, કેશવ વ્યાસે પાટીદારો સાથે જમીને વટલવું. અને આ માટે કેશવ વ્યાસને સમંત કરવાનું કામ પણ પંચે એમના યજમાન એવા પાટીદારોને સોંપ્યું.[૧] જે કાર્ય પણ પાટીદારોએ મુત્સદીગીરીપૂર્વક પાર પાડ્યું અને કેશવ વ્યાસને અને અસાઈતને તેમણે પોતાની આ વાત પણ ગળે ઉતરાવી માન્ય કરાવી. જે વસ્તુ ગોર અને યજમાનોના સદ્‌ભાવ પૂર્ણ ગાઢ હાર્દિક સંબંધો અને બંને પક્ષોની ઊંડી સમજણને વ્યક્ત કરે છે. અને અસાઈત અને કેશવ ઠાકર પાટીદારો સાથે જમીને વટલે છે તો ખરા, પણ સાથે સાથે કાયમ માટે વટાળ પ્રવૃત્તિ બંધ કરાવવા અને વીસ હજાર કેદીઓને મુસલમાન થતા બચાવવા માટે અસાઈત અને કેશવ ઠાકર પોતાના કુટુંબી એવા નૂર ઠાકરને વટલી બાદશાહ સાથે જમીને મુસલમાન થવા પણ દે છે. આ એમનો અપ્રતિમ ત્યાગ તો છે, પણ સાથે સાથે હિન્દુ સમાજ પર પણ બહુ મોટો ઉપકાર છે. જેનું આજ સુધી યથાર્થ મૂલ્યાંકન કે કદર થઈ જ નથી.

---

૧. કુલંબી કુલ ભૂષણ : ભા. ૧ : મહંત શ્રી રામકૃષ્ણદાસજી ગુરુ રામદાસજી (ઉજ્જૈન) પૃ. ૧૯૮

બાકી આ રીતે અલાઉદ્દીનના સમયમાં ચાલતી વટાળ પ્રવૃત્તિ બંધ કરાવીને હિન્દુ સમાજને બચાવવાના આ કાર્યના યશના સાચા અધિકારી જો કોઈ હોય તો તે અસાઈત ઠાકર અને એના પાટીદાર યજમાનો જ છે.

આ રીતે જોતાં મધ્યપ્રદેશમાં પ્રચલિત દંતકથા તાર્કિક અને વાસ્તવિકતાની દષ્ટિએ વિશ્વાસપાત્ર છે. અને અલાઉદ્દીને ગુજરાત પર ચડાઈ કરી હતી, તે વટાળ પ્રવૃત્તિ પણ કરતો હતો, એનાં પ્રમાણે પણ આપણે આ ચર્ચામાં જોયાં. એ ઊંઝા પર પણ ચડી આવેલો એનો પુરાવો બારોટને ચોપડે પણ છે. તે આપણે આગળ જોયું. આ બધી વિગતો મધ્યપ્રદેશની દંતકથામાં તથ્ય હોવાનું સૂચવે છે. બાકી 'અસાઈત પાટીદારો સાથે જમવાથી વટલ્યો હતો. અને એ કારણે નાત બહાર પણ થયો હતો.' એ વિગતો અંગે કોઈ વિવાદ નથી.

'ઘરનો બળ્યો ગામ બાળે' એ કહેવત પ્રમાણે ગુજરાતના એક બ્રાહ્મણ માધવે ગુજરાત પર મુસલમાનોને ચડાવી લાવીને ગુજરાતના અનેક નિર્દોષ હિન્દુઓની કતલ કરાવી. હજારોને બળાત્કારે ધર્માન્તરણ કરાવ્યું. હજારો નિર્દોષ નારીઓનાં શિયળ મુસલમાનો દ્વારા લૂંટાવ્યાં. એની સામે બીજા એક બ્રાહ્મણ અસાઈતે એ કતલ, ધર્માંતરણ અને નારીઓનાં શિલનાં રક્ષણ માટે પોતાના એક ભાઈને મુસલમાન થવા દઈને, અને જાતે પાટીદારો સાથે જમીને વટલાઈને નાત બહાર થવાનું સ્વીકારીને એક સાચા બ્રાહ્મણનાં બિરદને સાર્થક કર્યું. અને ભારે ત્યાગ કર્યો એ નોંધપાત્ર છે.

પાટીદારોએ અસાઈતના ત્યાગની કદર કરી તે આપણે આગળ જોઈશું. પણ એ જમાનાના બ્રાહ્મણોએ અસાઈતની આ દેશસેવા અને ધર્મ સેવાની કોઈ કદર ન કરી પણ અસાઈતની વિદ્વતા અને પ્રસિદ્ધિથી બળી રહેલા એ બ્રાહ્મણોએ અસાઈતને નાત બહાર મૂક્યો.[1] આમ કરતાં અદેખાઈથી આંધળા થયેલા એ બ્રાહ્મણોએ એટલું પણ ન વિચાર્યું કે અસાઈતને કારણે તો બળાત્કારે હિંદુઓને વટલાવવાનું તેમ હિંદુ નારીઓના શિયળ લૂંટવાનું આફત વાદળ વિખરાઈ ગયું છે. હિંદુઓમાં બ્રાહ્મણો પણ આવી જાય છે. પણ એ સમયના બ્રાહ્મણોએ અસાઈતને 'જશ ને બદલે જૂતિયાં' જ આપ્યાં છે જે એ સમયના બ્રાહ્મણોની દ્વેષવૃત્તિ અને બેકદરપણાંને છતાં કરે છે. એમણે એક અસાઈતને જ નહિ પણ અસાઈત સાથે સંબંધ રાખનારાં એનાં સગાંઓ કે જેની સંખ્યા તેર કુટુંબોની છે, એને પણ નાત બહાર મૂક્યાં છે.[2] આ અસાઈત પ્રત્યેનો વિપ્રોએ

૧. (ગુજરાત દીપોત્સવી અંક : વિ.સં. ૨૦૫૧, પૃ. ૧૪૫)
૨. એજન, પૃ. ૧૪૫

કરેલો બહુ મોટો અન્યાય છે.

એની સામે અસાઈત એક સાચા બ્રાહ્મણ તરીકે ઊપસી આવે છે. એના પર બાદશાહની (કે પછી સૂબાની જે માનીએ તે) કૃપા છે. એ ધારત તો, મુસલમાનોને કહીને પોતાને નાત બહાર મૂકનાર બ્રાહ્મણોની કતલ કરાવી શક્યો હોત, મુસલમાનો દ્વારા એ પોતાના દ્વેખી બ્રાહ્મણોને બળાત્કારે વટલાવીને વેર વાળી શક્યો હોત. પણ એણે એમ નથી કર્યું. પોતાને થયેલ અન્યાય એ ક્ષમાવીરે મુંગે મોઢે સહન કરી લઈને હિંદુ સમાજનું હિત જ ઈચ્છ્યું છે. જે અસાઈતને ઉજળો કરીને આપણી સામે એક સાચા ઋષિવર રૂપે ખડો કરે છે. સામી બાજુ આજ પર્યંત પાટીદારોએ અસાઈત અને એના અનુગામી વ્યાસોનું દાન, માન, વડે જે સમ્માન કર્યું છે, એ પાટીદારોની કદરદાનીને ઉજાગર કરે છે.

હવે આપણે ભવાઈ વિષે વિચારીએ આ એક લોકનાટ્ય પ્રકાર છે. ગુજરાતમાં એના પ્રચાર-પ્રસારનું શ્રેય અસાઈત અને તેના નાત બહાર મૂકાયેલાં તેર સગાંને ફાળે જાય છે. આ લોકો શરૂઆતમાં 'તેર ઘરાળા' કહેવાતા હશે પછી લોકબોલીમાં એનું લાઘવીકરણ અપભ્રંસ થતાં તે 'તરગાળા' કહેવાયા હશે.

આપણે ભવાઈનાં મૂળ જોવા જઈએ તો એ વિગત આપણી સામે આવે છે કે, આજની કૂર્મિ-કણબી-પાટીદાર જાતિના પૂર્વજ એવા દેવોએ 'ગાઢ અજ્ઞાનના અંધકારમાંથી સંસ્કૃતિના પરમ તેજ' ને પામવા માટે 'સમુદ્રમંથન' અભિધાનિત એક શોધ પ્રકલ્પ યોજ્યો. આ યોજના-કાર્યક્રમના સુફળ રૂપે કૃષિ વિજ્ઞાનથી લઈને અનેક શોધો કરી એમાં નૃત્ય, નાટ્ય અને સંગીતની સંસ્કૃતિનું અવતરણ થયું એ દેવલોકની સંસ્કૃતિ છે. આપણે આગળ સિંધુ ઘાટીની ચર્ચા કરતી વેળા સપ્રમાણ જોયું કે પૃથુરાજાના સમયમાં કૃષિ વિકાસ ન હતો, ગ્રામો, નગરો ન હતાં, અને પ્રજા અસંસ્કૃત હતી. પૃથુરાજા દ્વારા દેવો-કૂર્મિઓને આ ભરતખંડમાં તેડાવી-વસાવી સંસ્કૃતિનો પ્રસાર-પ્રચાર કર્યો. સૌ પહેલાં રાવળ જાતિ કે જે મૂળ બ્રાહ્મણ પણ હતા તેમણે નાટ્ય પ્રવૃત્તિ ગ્રહણ કરી. નવરાત્રી દરમ્યાન યજમાનોને જાગરણ કરાવવા અર્થે એમણે ભવાઈના ખેલો કરવા માંડ્યા. આ રીતે ભવાઈ કરનાર રાવળો રખૈયા રાવળો કહેવાયા,[૧] તો વંશાવળી રાખનાર રાવળો વહીવંચા રાવળો કહેવાયા, આજે પણ સુરેન્દ્રનગર જિલ્લાના રાવળિયાવદર ગામના રાવળો ભવાઈ વેશો ભજવવાની પરંપરા જાળવી રહ્યા છે. જો કે હવે એ પ્રવૃત્તિ મૃતપ્રાય થઈ ગઈ છે.

એ પછી રખૈયા રાવળોની ભવાઈ પ્રવૃત્તિ પણ ચારણોનાં ગામો પૂરતી મર્યાદિત રહી કેમકે જેમાં એક પણ ચારણ ન હોય તેવા પ્રેક્ષકો સામે પોતાની રમત ન કરવી

---

૧. વહીવંચા બારોટ : પરિચય અને પ્રદાન : ડો. બળવંત જાની, રતુદાન રોહડિયા, પૃ. : ૨૭

એવી એ રખૈયા રાવળોની પરાપૂર્વની ટેક રહેલી.[1] આ કારણે પ્રેક્ષકોમાં ઓછામાં ઓછો એકાદ ચારણ ન હોય ત્યા સુધી તેઓ ખેલ ન કરે. અને ગુજરાત-સૌરાષ્ટ્રમાંચારણોની અલ્પ વસ્તીને કારણે બહુમતિ ગામો ચારણોની વસ્તી વગરનાં હોય, આ બધાં કારણે આ પ્રવૃતિ પણ વિકાસને ન સાધી શકી. આ રીતે અસાઈત અને તેના પુત્ર કેશવ ઠાકરના સમય સુધી આ લોક નાટ્ય એવી ભવાઈની સમાજ કલ્યાણકારક પ્રવૃત્તિ બહુ નાને પાયે રખૈયા રાવળો પૂરતી જ મર્યાદિત રહી. અસાઈત પહેલાં નાના છોડ સમાન રહેલી આ સંસ્કાર સિંચનની લોકોપકારક લોક નાટ્ય કલા ભવાઈનો અસાઈત દ્વારા કબીર વડ સમાન વિશાળ વિસ્તાર થયો.

અનેક વિદ્વાનોએ 'ભવાઈ' શબ્દની જુદી જુદી વ્યુત્પતિઓ કરી છે. 'ભવાઈ' શબ્દ ગુજરાતી ભાષાનો પોતાનો શબ્દ છે. અન્ય ભારતીય ભાષાઓમાં આ શબ્દ મળતો નથી.[2] એવો શ્રી મહિપતરામ નિલકંઠનો મત છે. શ્રી નિલકંઠની એવી પણ ધારણા છે કે 'ભવ' એટલે શિવ પરથી આ શબ્દ વ્યુત્પન્ન થયો હશે[3] તો શ્રી હરમણિશંકર મુન્શી, શ્રી ત્રિપુરાશંકર ત્રિવેદી, અને શ્રી નગીનભાઈ દવે જેવા વિદ્વાનો જગદંબા અને ભગવાન શિવ પરથી આ શબ્દ વ્યુત્પન્ન થયાનું કલ્પે છે.[4] ત્યારે વ્યાસો એમ કહે છે કે, આ લોકનાટ્યની કળા એમને ભવાની (અંબાજી) દ્વારા પ્રદત થયેલ છે. અને તેઓ આ રમત માતા આગળ કરતા એથી ભવાની પરથી ભવાઈ શબ્દ વ્યુત્પન્ન થયો હશે.[5]

આ બધી ચર્ચાનો સાર એ છે કે, આ લોકનાટ્ય ભવાઈ એ જગદંબા ઉમિયાજી અને ભગવાન શિવ દ્વારા આવિષ્કૃત થયેલી દૈવી સંસ્કૃતિ છે. જેને સૌ પ્રથમ દેવજાતિનાં માનવોએ અપનાવી, દેવલોકમાંથી સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આવી અને પછી રાવળો આ કલાને પામ્યા.

ભગવાન શિવનું નટરાજ નામ અને પુરાણોમાં વર્ણવાયેલું એમનું અર્ધનારીશ્વર રૂપ અને જગદંબા ઉમિયાનાં 'ભવા' (શિવપત્ની) એવાં નામ પરથી આ લોકનાટ્યનું પડેલું ભવાઈ એવું નામ. તેમ પુરાણોમાં વર્ણીત 'શિવ-ભીલડી સંવાદ' ની કથા. આ બધું જ ભગવાન શિવ અને ભગવતી ઉમિયા દ્વારા આ લોક નાટ્યનો આવિષ્કાર થયાનું સૂચવે છે. જે પ્રવૃતિ પ્રથમ દેવતાઓ દ્વારા દેવલોકમાં થતી હશે. પછી અસાઈત અને તેના જ્ઞાતિ બંધુ એવા વ્યાસો અને તેમના વારસો દ્વારા આ લોકનાટ્યની સંસ્કારદાત્રી પ્રવૃત્તિ

---

૧. શ્રી રતુદાન રોહડિયાની શોધનોંધોને આધારે
૨. ગુજરાત દીપોત્સવી અંક : વિ.સ. ૨૦૫૩ પૃ. ૬૧
૩. ગુજરાત દીપોત્સવી અંક : વિ.સં. ૨૦૫૩ પૃ : ૬૧
૪-૫. એજન, પૃ. : ૬૧

ગુજરાત, અને માળવા સુધી ગુજરાતના વ્યાસો દ્વારા પ્રસાર થયાનાં પ્રમાણો છે.[૧] અને રાજસ્થાનમાં પણ ગુજરાતના વ્યાસો દ્વારા આ સંસ્કાર ગંગોત્રી પહોંચી હોવાનું માની શકાય કેમ કે રાજસ્થાનના પાટીદારો પણ મૂળ ઊંઝાના વતની હોવાનાં પ્રમાણો વહીવંચાને ચોપડે છે[૨]

અસાઈતે રખૈયા રાવળો પાસેથી પ્રેરણા લઈને આ લોકનાટ્ય 'ભવાઈ' ની પરંપરાને અપનાવી હોવાનું અસાઈતની જ વાણી દ્વારા સમજાય છે. સાથે એ પણ સમજાય છે કે અસાઈત પહેલાં પણ 'ભવાઈ' પરંપરા હતી. યથા

ચાચર તહાં જાતર ભલી, જોત તણી જગમગ;
ઘણા એક ગુણીજન રમી ગયા, તિહાંના પગની રજ.

આ સાખીમાં અસાઈત જ ત્રીજા અને ચોથા ચરણમાં પોતાની પહેલાં પણ આ 'ભવાઈ' ની પરંપરા ચાલુ હોવાનું નમ્રતાપૂર્વક કથે છે. સાથે એ પણ સમજાય છે કે આ પરંપરા અસાઈતે પોતાના પૂર્વ સૂરિઓ રખૈયા રાવળો કે જેઓ પણ મૂળે બ્રાહ્મણ છે. એમની પાસેથી અપનાવી હશે.

'ભવાઈ' અપનાવવાની અસાઈતને જરૂર કેમ પડી? તે અંગે વિચારીએ. વ્યાસો પાટીદારોના ગોર છે. એ પાટીદારોને કર્મકાંડ કરાવતા હશે પણ એ સમયે સંસ્કૃત ભાષા લોકભાષા કે રાજભાષા પણ રહી નથી. આજે છે એમ એ કાળે પણ લોકો સંસ્કૃત ભાષાને સમજી શકતા ન હતા. એમને માટે તો એક ન સમજાતા 'બડબડાટ' કરતાં કોઈ વિશેષ મહત્વ. એ ભાષાનું ન હતું તો સામે પક્ષે કર્મકાંડી ગોરોમાં ૯૯% ટકા તો પોતે શું બોલે છે એ સમજ્યા વગર જ પોતાને જે કાંઈ ગોખાવેલું હોય તે પોપટની જેમ રટી જતા હતા. આજે પણ એ જ સ્થિતિ છે. આવી સ્થિતિમાં ગોરને લાડુ અને દક્ષિણાનો લાભ થતો હશે. પણ સમાજને કશો લાભ નહોતો થતો. ન જ્ઞાનવૃદ્ધિ થતી ન સંસ્કારવૃદ્ધિ થતી.

બીજી વાત છે : ભાગવતાદિ પુરાણોની સપ્તાહો અને રામકથાની પારાયણો દ્વારા ધાર્મિક જ્ઞાન મળતું હતું. પણ એ માટે આજે થાય છે તેમ તે કાળે પણ ઘણું ખર્ચ થતું હતું, એટલે આવી કથાઓ એ કાળે બહુ ઓછી થતી હતી, અને એ કાળની બ્રાહ્મણો સિવાયની બીજી જ્ઞાતિઓમાં અક્ષરજ્ઞાન બહુ ઓછું હતું, આ કારણે અસાઈતને લાગ્યું હશે સામાન્ય લોકના ધાર્મિક સંસ્કારો, ઐતિહાસિક જ્ઞાન, પોતાનાં પૂર્વજોનાં પ્રાચીન

---

૧. શ્રી નટવરલાલ લાલજી નાયક, બોરીસણા (તાલુકા કડી,)ને ચોપડેથી
૨. શ્રી રજનીભાઈ બારોટ રે, સિધ્ધપુરને ચોપડેથી

ગૌરવનું જ્ઞાન, સામાજિક કુરિવાજોની નાબૂદી અને હિન્દુસમાજની એકતા માટે કંઈક કરવું આવશ્યક છે. નહિં તો આ સમાજ વિધર્મીઓ સામે ટકી નહિં શકે, આ માટે એને લોકભાષામાંજ લોકોને મનોરંજક રીતે પ્રબોધ અને પ્રેરણા મળે, અને તે પણ રસમય રીતે એ માટે 'ભવાઈ' બહુ ઉપયોગી લાગી હશે. એથી એણે 'ભવાઈ'ને અપનાવીને લોક સમુદાય માટે જ્ઞાન-ભક્તિની પરબ ઊભી કરી હશે. આ રીતે એણે રખૈયા રાવળો પૂરતી મર્યાદિત રહેલી એ સમયની ભવાઈની લોકનાટ્ય પ્રવૃત્તિને અપનાવીને સમગ્ર ગુજરાત જ નહિ પણ સાથે સાથે માળવા સુધી પણ વિસ્તરી હશે.

મધ્યકાલીન 'ભવાઈ' માં ભરપૂર ભક્તિરસ હશે. આ કારણે વિદ્વાનોએ ભવાઈને જગદંબાની ઉપાસનાના એક પ્રકાર લેખે મૂલવ્યો છે.[૧] આના પ્રમાણ રૂપે વિદ્વાનો 'ચાચર ત્યાં જાતર ભલી' એ અસાઈતની સાખીનું ચરણ ટાંકે છે.[૨] અસાઈતની બીજી એક સાખી પણ આ વાતને ટેકો આપે છે. જેમાં તેણે ભગવતીને સ્મર્યાં છે :

સકળ સભા બેઠી ભલી, સૌ શક્ત રો દાસ;
ભાવે ભવાઈ સાંભળે, એની અંબા પુરે આશ.[૩]

શ્રી પ્રાણલાલ બાલાશંકર રાવલનો મત છે કે, પ્રાચીન ભવાઈ માત્ર મનોરંજનનું સાધન માત્ર નહિ પણ સન્માન્ય રહી કેમકે અતિ ઉચ્ચ અને શુદ્ધ સ્વરૂપે ભક્તિ-ભજન સાથે અને લોક શિક્ષણની દષ્ટિથી તેની ભજવણી થતી.[૪] સાથે શ્રી રાવલ 'બહુચરાજી રૂપે માએ આશિર્વાદ આપ્યા કંકુ, કંકણ અને ચુંદડી આપ્યાં, એથી અસાઈતે ભવાઈનું સર્જન કર્યું હોવાનું પણ કથે છે.'[૫] ઉપરની સાખીમાં 'સૌ શક્ત રો દાસ' એ ચરણ ચારણી-ડિંગળી સાહિત્યમાં આવી જાય છે. જે પણ અસાઈતે ઝીલેલા ચારણી સાહિત્યના પ્રભાવને વ્યક્ત કરે છે. આમ તો ભવાઈના ઘણા વેશોમાં શોધવાથી આવો પ્રભાવ ઝીલ્યાનું જોવા મળશે. અસાઈને ઊંઝામાં ઉમિયા માતાજીના મંદિરમા માતાજીના સ્તવનો ગાયાં હોવાનું મનાય છે.[૬] આ માન્યતા પ્રમાણે અસાઈતે ઊંઝામાં ઉમિયા માતાજીના મંદિરમાં બેસીને અનેક ભવાઈ વેશો લખ્યા હશે તેવી શક્યતા વિચારી શકાય. આ રીતે 'ભવાઈ' નું આસાઈત દ્વારા થયેલું અવતરણ ઊંઝામાંથી મા ઉમિયાના પાવન ચરણોમાંથી વહેલી એક સંસ્કાર ગંગોત્રી જ ગણી શકાય.

૧-૨. ગુજરાત દીપોત્સવી અંક : વિ.સં. ૨૦૫૩, પૃ ૬૧
૩. એજન, પૃ : ૬૨
૪. ગુજરાત દીપોત્સવી અંક : વિ.સં. ૨૦૫૧, પૃ ૧૩૫
૫. એજન પૃ : ૧૩૫
૬. રા.બ. બેચરદાસ અંબાઈદાસ લશ્કરી : ડો. મંગુભાઈ રા. પટેલ, પૃ :૫૩

ભવાઈમાં નવેય રસો લહેરાયા છે. એમાં પુરાણકથાથી લઈને સમાજકથા સુધીનું ઘણું બધું હોય છે. એનાં 'ગાવણાં' કાવ્યમય હોય છે. ગીત-સંગીત અને નૃત્યનો એમાં સમન્વય હોય છે. આ બધું સમાજના ઘડતર માટે અતિ ઉપયોગી હોય છે. તે બહુ ઓછા સમજી શક્યા છે. વ્યાસોએ 'ભવાઈ' દ્વારા જે સમાજ સેવા કરી એની સામે સમગ્ર ગુજરાતના બીજા બ્રાહ્મણ સમાજની સેવાને સામેના પલ્લાંમાં મૂકીએ તો આપણને વ્યાસોનું પલ્લું ઘણું ભારે લાગશે.

પણ આ ધર્મ ક્ષેત્રે-સમાજક્ષેત્રે થયેલી વ્યાસોની સેવા કડવા પાટીદારોના અપ્રતિમ સાથ-સહકાર અને પ્રોત્સાહનને આભારી છે. પાટીદારો આ વ્યાસોને પેઢીઓ થયાં પાળતા, પોષતા આવ્યા છે. દાન, માન વડે સત્કારતા આવ્યા છે.

વ્યાસો અને પાટીદારોના સંબંધો જોઈએ.

બીજા કોઈ પણ યાચક વર્ગ કરતાં વ્યાસોનો પાટીદારો પર કાયમ સવિશેષ હક્ક રહ્યો છે. જેને આજ અલાઉદ્દીનના સમયથી વિ.સં. ૧૩૫૬ આસપાસથી પાટીદારોએ પોતાની સાથે જમવાને કારણે નાતબહાર થયેલા વ્યાસોને તેમના હિન્દુધર્મની સેવા અને તેમણે અપનાવેલ 'ભવાઈ' દ્વારા ધર્મપ્રસાર અને સમાજ શિક્ષણના અભિગમની કદર અને પ્રોત્સાહન રૂપે કેટલાક લાગાં-દાપાંના હક્કો કરી આપેલ અને આજે પણ મચ્છુકાંઠાના કડવા પાટીદારો પોતાના ગામમાં ભવાઈ કરાવે છે. તેમાં, અનાજ, રોકડ અને સવાધો (કપડાંની એક જોડ) આપે છે. પુત્ર-પુત્રીનાં લગ્નમાં પણ પાટીદારો વ્યાસોને શીખ (દાન) આપે છે.[૧]

ઊંઝા એ પાટીદારોનું મૂળવતન છે. તેમ માતાજી ઉમિયાજી સમગ્ર પાટીદાર જ્ઞાતિનાં કુળદેવી છે. કાળ ક્રમે આપણે આગળ જોયું તેમ કણબીઓ ઊંઝાથી ઉચાળા ભરી ભરીને સૌરાષ્ટ્રમાં આવીને વસ્યા. તેઓ પોતાના મૂળ વતન ઊંઝા અને કુળદેવી મા ઉમિયા પ્રત્યે ઊંડી લાગણી રાખતા હતા. મૂળથી આ મહાજાતિમાં એવો રિવાજ હતો કે પ્રથમ પુત્રને માતા ઉમિયાજીને પગે લગાડી, માના. કર (નિવેદ) કરતા. અને પુત્ર દીઠ એક શ્રીફલ વધેરતા પણ પછી સૌરાષ્ટ્રમાં આવ્યા પછી વાહનવ્યવહારના અભાવને લીધેં બળદ-ગાડાંનો પ્રવાસ લાંબો થઈ પડવાને લીધે. ઊંઝા આવવામાં મુશ્કેલી પડવા માંડી ત્યારે સૌ આગેવાનો ઊંઝા આવ્યા અને માતાજી ઉમિયાજી પાસે આવી ધા નાખી - અરજ કરી ત્યારે માતાજીએ પૂજારીના પંડમાં આવીને કહ્યું કે : હવેથી તમારે મારે આંગણે કર કરવા આવવાની જરૂર નહિ રહે. જ્યારે તમારા ગામમાં ભવાઈ થાય ત્યારે મારો

---

૧. શ્રી કાશીરામભાઈ વ્યાસ, રે ખાખરાળાની ચોપડીમાંથી

ખેળો (એક ભવાઈ વેશ-સ્ત્રી વેશ) મારું બહાનું ધારી (માતાજીની ચૂંદડી ઓઢીને?) આવશે, અને તે તમારે આંગણે આવી તમારા પુત્રને ચાંદલો કરીને પારણે હિંચોળીને હાલરડું ગાશે. મા ઉમિયાનો વધાવો કરશે, એટલે તમારી કર કરવાની માનતા પૂરી થશે. ત્યારથી પાટીદારોમાં પોતાના પુત્રોને વ્યાસો દ્વારા પારણે હિંચોળાવી હાલરડું ગવરાવવાની પ્રથા શરૂ થઈ.[૧] આ પ્રથાને કારણે પાટીદારોનો ભાવાત્મક સંબંધ માતાજી ઉમિયા અને પોતાનાં મૂળ વતન ઊંઝા સાથે અતૂટ અને સબળ રહ્યો. પાટીદાર સમાજની એકતાને ક્ષેત્રો વ્યાસોનું આ બહુમૂલ્ય પ્રદાન ગણાય. આ હાલરડું ગવરાવવાની પ્રથાને લીધે વ્યાસો અને પાટીદારોનો સંબંધ પણ વધુ દૃઢ થયો. અને આ હાલરડાં ગાવા બદલ વ્યાસોને અપાતી શીખમાં પણ વૃદ્ધિ થઈ.

સૌરાષ્ટ્રના વ્યાસો 'ભવાઈ' ખેલ કરવા માટે ગુજરાતમાં જતા હશે, તો ગુજરાતના વ્યાસો ખેલ કરવા માળવા પણ જતા હોવાના સબળ પુરાવા વ્યાસોને ચોપડેથી જ મળે છે. ગુજરાતના વ્યાસોમાં કડી તાલુકાના બોરીસણા ગામના વ્યાસો તો, માળવાના કડવા પાટીદારોની વંશાવળી પણ રાખે છે. એમના વંશાવળીના ચોપડે માળવાના પાટીદારો તેઓ મૂળ ગુજરાતના કયા ગામના હતા? અને ક્યારે ગુજરાતમાંથી માળવામાં આવ્યા તેની વિગતપૂર્ણ નોંધ મળે છે જે પાટીદારોના ઇતિહાસની દૃષ્ટિએ મૂલ્યવાન ગણાય તેવી છે. ગુજરાતની જેમ માળવામાં પણ વ્યાસો પ્રત્યે પાટીદારોને ઘણો આદરભાવ રહ્યો છે. એ અંગેના દસ્તાવેજી પૂરાવા પણ પ્રાપ્ય છે.

વિ.સં. ૧૯૯૧માં છપાયેલી માળવાના પાટીદારોના પંચોની કમીટીએ ઘડેલાં માળવાના પાટીદાર સમાજનાં ધારા-ધોરણોની બુક 'કુલંમ્બી કુલ ભૂષણ'માં પંચોએ માળવાના પાટીદારોએ નાયકો (વ્યાસો) ને પરાપૂર્વથી બાંધી અપાયેલ લાગા-લેતરી બરાબર આપવાં, ન આપે એનો જ્ઞાતિ દંડ કરશે, એવી મતલબનો ઠરાવ કરેલો. જેના કેટલાક અંશોનું ગુજરાતીકરણ કરી અત્રે પ્રસ્તુત કરેલ છે જે પાટીદાર સમાજનો વ્યાસો પ્રત્યેનો સહૃદયનો લાગણી ભાવ સૂચવે છે. :

૫૮ મો ઠરાવ : આજ કાલ નાયક લોકોને બહુ મુશ્કેલી થવા લાગી છે કેમકે પંચોની દેખરેખ બંધ થઈ ગઈ છે. વધુ દેવાનું તો છેટે રહ્યું પણ જે લાગા-હક્કો આપણા પૂર્વજોએ બાંધી દીધા છે, તેનું પણ પાલન નથી થતું. હવે પંચોએ નીચે પ્રમાણે ઠરાવ કર્યો છે. એ પ્રમાણે પાલન કરવું.

જે ગામ જે નાયકના ભાગનું હોય અને જે જે હક્ક-લાગા બાંધ્યા હોય તે પ્રમાણે

૧. શ્રી કાશીરામભાઈ વ્યાસ, રે. ખાખરાળા તાલુકો. મોરબીની નોંધોને આધારે.

નાયકોને દેવું. જેમ કે એક રૂપિયો અથવા આઠ આના એ જૂના ઠરાવ પ્રમાણે બરાબર નહીં દે તો પછી એમનો (નાયકોનો) નિર્વાહ કઈ રીતે થશે? અને તેઓ કઈ રીતે પોતાના બાળ-બચ્ચાં અને ગૃહસ્થીનું પાલન કરશે? કેમકે ન દઈએ તો એ લોકો ગાળો દઈ, ભારપૂર્વક ડરાવીને તો માગી નથી શકતા. ઊલટું તેઓ ગાળો ખાશે પણ દેશે તો નહિં જ. એટલે હવેથી નાયકોને ગાળો ન દેતાં (તેમના હક્ક-લાગા) સમયે સમયે દેતાં રહેવું. જો નહિં દે અને નાયકો આવીને પંચને અરજ કરશે કે 'મને કાંઈ દીધું નહિ અને આ પ્રમાણે ગાળો દઈને મને હડધૂત કર્યો. કાંઈ દેતા નથી.' તે સમયે પંચો (આવું કરનાર) પાટીદારને તેડાવશે અને ચોકસાઈ કરે. પણ ખરેખર ગાળો દીધી હોય, છતાં નથી દીધી એમ કહે. અથવા પાછો ગાળો દેવા માંડે તો પ્રથમ એને સમજાવે છતાં પણ ન માને તો એ સ્થિતિમાં ઠરાવ નં. ૨૭ પ્રમાણે સજા કરે.[૧] અને (નાયકના હક્ક-લાગાનાં) નાણાં પંચ મારફત વસૂલ કરીને (નાયકોને) આપે આટલાથી પણ એ આસામી ન માને તો એને નાત બહાર કરી દેવો તે પછી (નાયકોને) હક્ક-લાગા દેવા શરૂ કરે અને એ હક્ક-લાગા તે કાયમ આપશે એવી કબુલત આપે તો તેનો નાત-વ્યવહાર પાછો શરૂ કરવો, પણ કોઈ આસામી ગરીબ હોય તો તેના બાકી રાખી આવતી સાલે તે બાકી અપાવે પણ માંડવાળ ન કરે.[૨]

આ રીતે વ્યાસોના હક્ક- લાગાનું રક્ષણ કરવું અને એ હક્ક લાગા ન આપનાર પોતાના જ પાટીદાર બંધુને સજા કરવાનું પ્રાવધાન કરવું એ વસ્તુ પાટીદારોના વ્યાસો સાથેના સહૃદયી અને લાગણી સભર સંબંધો ગવાહી રૂપ છે. વ્યાસોએ 'ભવાઈ' દ્વારા જે સમાજ ઘડતર કર્યું. વિધર્મીઓના પ્રચાર સામે હિન્દુ સમાજને જે રીતે તૈયાર કર્યો, તથા સામાજિક સડાને અટકાવવા માટે જે પ્રયાસ કર્યો. વેશો દ્વારા સમગ્ર હિન્દુ સમાજને પોતાના ગૌરવવંતા ઇતિહાસનું જ્ઞાન આપ્યું એવું સમાજકલ્યાણ અને સુરક્ષા તથા ધર્મ સંરક્ષણ ક્ષેત્રે અસાઈતને નાત બહાર મુકનાર બ્રાહ્મણોએ કે એના વંશજોએ નથી આપ્યું. તેઓ કરતાં વ્યાસોનું પ્રદાન અને ગૌરવ ઘણું ચડિયાતું છે, એ વાત સ્વીકારવી રહી. સામાન્યજન આ વ્યાસો પાસેથી જેટલું પામ્યો એટલું બીજા બ્રાહ્મણો પાસેથી પામ્યો નથી.

હવે અસાઈતના સમય અંગે જોઈએ 'હંસાવલી-પવાડુ' નામે એક રચના અસાઈતના નામે મળે છે. એ રચનામાં જ જણાવ્યા પ્રમાણે 'હંસાવલી પવાડું' નો રચનાકાળ વિ.સં. ૧૪૧૭ છે.[૩] એટલે એ વાત પ્રમાણિત થાય છે કે વિ.સં. ૧૪૧૭ આસપાસ અસાઈત

૧. એ ઠરાવમાં રૂ. સવાથી રૂપિયા પાંચ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે.
૨. કુલમ્બી કુલ ભૂષણ : મહંત શ્રી રામકૃષ્ણદાસજી ગુરુ રામદાસજી, પૃ. ૧૦૬-૧૦૭
૩. ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી : શ્રી. કે. કા. શાસ્ત્રી, પૃ. : ૯

તરફેણ કરે છે. ૨૮-૩૦ વર્ષ ની ઉંમરનો અસાઈત ગીત, સં

હોય, એના એ સમયે ૮-૧૦ વર્ષની ઉંમરના પુત્ર કેશવ ઠાકર
અને ગાનવિદ્યા શીખીને તેમાં કુશલ થયો હોય એ વાત પણ ગ
છે. એટલે એ બાપ, દિકરા અને નુર ઠાકરે પોતાના ગાયન-વાદન
રીઝવીને પોતાને ગમે તે માંગવા માટે ભરી કચેરીમાં કુરાનન
કર્યા હોય તે માની શકાય તેમ છે.

આ રીતે બાદશાહને વચનબદ્ધ કરીને અસાઈત એક પા
કરે છે. પણ એ પછી પેલા મુસલમાન બનાવવા અર્થે કેદ કરે
માંના પાટીદારોની દિર્ઘદષ્ટિ અને મુત્સદ્દીગીરી પોતાના ગોર દ્વા
પર ધર્મના રક્ષણની ઈમારત બાંધે છે. અને પોતાના ગોર એ
પાસેથી કાયમ માટે વટાળ પ્રવૃત્તિ બંધ કરવાનું સમજાવે છે
સમજાવટની આવડતને કારણે સફળ પણ થાય છે. બીજે દિ
પરિસ્થિતિ આજ એક દિવસ પૂરતી પણ વટાળ પ્રવૃત્તિની પો
હિન્દુઓ પણ હિન્દુ જ રહે' એવી બાદશાહની લાગણીને કાર
પાટીદારોની પ્રતિભા કામ કરી જાય. છે. અસાઈતને પોતાની
તેઓ સમજાવી શકે છે. અને અસાઈત એ પ્રમાણે વટલાય

એ પછી આવે છે. સમાજના ઘડતર, ધર્મના રક્ષણ અ
પુરાણકથાઓનાં જ્ઞાનને સામાન્યલોક સુધી પ્રસરાવવાનું સાધન
પ્રચાર અને પ્રોત્સાહન અર્થેના આયોજનની વાત આમાં પણ પાટી
વ્યાસોને વંશપરંપરાના લાગા-હક્કો કરી આપ્યા જે એમની ઉ
જે પાટીદારોનો સમગ્ર હિન્દુ સમાજ પરનો મોટો ઉપકાર છે.
ભવાઈ વિષે લખનારા લેખકોના ધ્યાનમાં આ વાત હજી સુધી ર

અસાઈતની દંતકથા : ભવાઈના વિકાસ - પ્રસારમાં પાટી

પાટીદારોનાં સમાજ ઘડતરના ક્ષેત્રે થયેલાં આ પ્રદાનનું મૂલ્યાંકન આજ સુધી થયું જ નથી.

આજ સુધી પાટીદારોએ વ્યાસોને લાગા-હક્કો તો આપ્યા જ પણ મોટે ભાગે જે આપવાનું થતું હોય તે કરતાં પણ ઘણા પાટીદારોએ વધારે આપ્યું છે. આજના જેવા વાહનવ્યવહારની સગવડતા વિહિન મધ્યકાળથી લઈ આઝાદી સુધીના સમયમાં વ્યાસોનાં ભવાઈ મંડળો પોતાનો માલ-અસબાબ લઈને એક ગામથી બીજે ગામ ઘોડાંઓ ઉપર સામાન મૂકીને જતાં. એ વેળા પાટીદારોએ પોતાના ગામમાં આવેલા વ્યાસોની ભોજન પાણી વડે ઉત્તમ સરભરા તો કરી જ પણ સાથે સાથે એમનાં ઘોડાંઓની પણ ઘાસ-દાણા આપીને લાગણીપૂર્વક સંભાળ લીધેલી. સામે પક્ષે વ્યાસોએ પણ પાટીદારોની વીરતા, દાતારી, દિલેરી, ખાનદાની અને ખુમારીના નજરે જોયેલ પ્રસંગોને ગીત-દુહાઓમાં વણી લઈ અમર કર્યા. આ લાગણી ભર્યા સંબંધોને કારણે ક્યારેક ગામ પર આફત આવે ત્યારે જેમ પાટીદારોએ તરવાર પકડી ઝૂઝી જાણ્યું તેમ તેમની સાથે વ્યાસોએ પણ દુશ્મનોનો સામનો કરતાં વીરગતિ સ્વીકાર્યાના દાખલા છે.[1]

બાકી તો અસાઈતનું ઋણ કેવળ પાટીદારો પર જ નથી પણ સમગ્ર હિન્દુ સમાજ પર છે. એને લીધે તો આલઉદીનની વટાળ પ્રવૃત્તિ બંધ થઈ છે પણ અસાઈતને ધર્મરક્ષાનો એ માર્ગે બતાવનાર અને એ રસ્તે ચાલવા પ્રેરનાર, પ્રોત્સાહન આપનાર પાટીદારો જ હતા અને સમાજ ઘડતરનાં સબળ સાધન ભવાઈના વિકાસ, પ્રસાર અને પ્રચારમાં પણ પાટીદારોના આશ્રયનો સિંહ ભાગ છે એ વાસ્તવિકતા પણ નકારી શકાય તેમ નથી. પાટીદારોના આશ્રયને કારણે જ અતિ દિર્ઘકાળ સુધી ભવાઈની પરંપરા ગુજરાત, માળવા અને રાજસ્થાનમાં જીવંત રહી. આના યશના અધિકારી કડવા અને લેવા બંને પ્રકારના પટેલો છે.

બુદ્ધિ પ્રકાશ ઈ.સ. ૧૮૬૦ના ૮-૯ ક્રમના અંકમાં 'ભવાઈ ભોંકારું' નામે એક લેખ પ્રસિદ્ધ થયેલો, જેમાં વ્યાસોને પટેલો કેવી ઉદારતાથી નવાજતા તેની રસપ્રદ વિગતો મળે છે :

'કઈડવા કણબીની કુળદેવી અંબા અથવા ઉમિયા માતાજી છે. તેની આગળ અસાઈત ગાતો. હલકાં વૈણ પાસે ગાવું નહિં,. તેવો નાતે ઠરાવ કર્યો. ઉમિયા માતાના મંદિરમાં

૧. આવા એક વીરગતિ પામેલ વ્યાસનો પાળિયો ટીકર તાલુકો. હળવદ, જિલ્લો. સુરેન્દ્રનગરમાં છે. ગામ પર આવેલ ધાડાં સામે પટેલો અને રમવા આવેલ વ્યાસોએ યુદ્ધ ખેલેલું. એમાં પટેલો સાથે આ વ્યાસ વીર પણ ખપી ગયેલો.

ગાતાં તેણે અનેક વેશો લખ્યા. કણબી તેમના યજમાન હતા તેથી તેમના પર એ વાતનો તેમનો એવો કર થઈ ગયો કે ભવાયાનું ટોળું જે ગામમાં જાય ત્યાં ભવાઈ કરાવે કે નહિ મુખીએ તેમને એક રૂપિયો અને સિધું આપવાનું. ચરોતરના કણબી લોકો અધિકારી થઈ પડવાથી પાટીદાર નામે ઓળખાય છે. અને ભવાયાના મુરબ્બી કહેવાય છે. તેથી તેમના ઉપર તેમનો એટલો બધો હક્ક થઈ પડ્યો છે (કે) કોઈ પણ પાટીદાર રસ્તા ઉપર ચાલ્યો જતો હોય અને ભવાયા વળગી પડે તો તેનાથી ના ન પડાય, અને પૈસા આપ્યા વગર ચાલે નહિ.

આ રીતે કેવળ ગુજરાત-સૌરાષ્ટ્રમાં જ પાટીદારોએ વ્યાસોને સાચવ્યા છે. એવુ નથી. પણ અહીં બેઠાં બેઠાં પણ ગુજરાતના પાટીદારોએ માળવામાં ભવાઈ કરવા જતા ગુજરાતના વ્યાસોની પણ ચિંતા કરી છે. જેના પ્રમાણ રૂપે ઊંઝાના અગ્રણી પાટીદારોએ માળવાના પાટીદારો પર લખેલ વિ.સં. ૧૯૦૪નો એક પત્ર બોરીસણા (તાલુકો : કડી જિલ્લો : મહેસાણા) ના વ્યાસો પાસેથી પ્રાપ્ત થાય છે. જે મૂળ કાના માત્રા વગરનાં લખાણ વાળો છે. જે આ પ્રમાણે છે :

"શ્રી ગણરાઅનમઃ શ્રી બચરજી સતઃ અબજી સતઃ સંવત ૧૯૦૪ ના વરખ ॥ કરતગ સદી ૫ વર અદીત ગમ ઊજથ લખતગ પા. લખમીદસ ત. થભણદસ ત.પા.જકણદસ પા. કબરદસ અપડ સરવ ભઈઅ મલીને લખી અપુ છ. સરવન રમરમ વચજઃ બજ લખ કરણ છ જ નઅક વનમલી દવરક સમત રમતની પરતમ પલજ તરગલ અમર છ. સરવ પચન છા. લવ તથા કરડવન છ. ગમા. બરીસણ ન. પા. પરથીરજ ત. ઠકરસીની ભલાવણી છ. કઈ વઢ બલ તની તમ સભલ લજ ત તમર ભરસ છ. શ્રી સુરજની સખઃ ચદરમની સખઃ પતર લખ ત સઈ છઃ અ પરતર લઈન અવ તની સભલ રખજઃ અમને મથ ઉપલ લુત વસ છ લવુ વ કડવ નુ ગમ સમસ લખ છઃ સરવ થીન પલ જ"

શ્રી બચરસત છ ।।


શ્રી અબસત છ ।।[1]

હવે ઉપરના લખાણનું સરળ અને સમજાય એવું ગુજરાતીકરણ નીચે પ્રમાણે થાય :

'શ્રી ગણેશાય નમઃ શ્રી બહુચરાજી સત્ય છે : અંબાજી સત્યઃ સંવત ૧૯૦૪ના વરસે કાર્તક સુદી ૫ વાર રવિવાર. ગામ ઊંઝાથી લખિતંગ પટેલ લખમીદાસ તથા થોભણદાસ તથા પટેલ જેકૃષ્ણદાસ (અથવા જયકરણદાસ) પટેલ કુબેરદાસ આપણા સૌ

---

૧. શ્રી નટવરલાલ નાયક, રે. બોરીસણા પાસેથી પ્રાપ્ત



(ઊંઝાના પાટીદારોએ મધ્યપ્રદેશના પાટીદારો પર લખેલો નાયકોને સાંચવવાની ભલામણનો પત્ર જે શ્રી. નટવરલાલ નાયક રે. બોરીસણા, તા. કડી પાસેથી પ્રાપ્ત થયો છે.)

ભાઈઓએ મળીને લખી આપેલ છે. સૌના રામરામ વાંચજો. બીજું લખ્યા કારણ એ છે જે નાયક વનમાળીદાસ દ્વારકા સમસ્ત (ની) રમતની પેર (રિવાજ) તમે પાળજો. તરગાળા અમારા છે. સર્વ પંચના છે. લેવા તથા કરડવાના છે. ગામ બોરીસણના પટેલ પૃથ્વીરાજ તથા ઠાકરશીની ભલામણી છે. કંઈ વઢે-બોલે તો તેને તમે સાંભલી લેજો. તે તમારે ભરોસે છે. શ્રી સૂરજની સાખ ચંદ્રમાની સાખ. આ પત્ર લખ્યો તેની સહી છે. આ પત્ર લઈને આવે તેની સંભાળ રાખજો. અમને (તમારે) માથે ઉપર લખ્યું તે વિસવાસ છે. લેવા અને કરડવાના ગામ સમસ્તે લખ્યું છે. સૌ થઈને પાળજો'

આ પત્રમાં ઊંઝાના પાટીદારો માળવાના પાટીદારોને પત્ર લખીને ગુજરાતના બોરીસણા ગામેથી માળવામાં ભવાઈના ખેલ કરવા જતા નાયકો (તરગાળા) ની પોતાપણાની ભાવના સાથે જે લાગણી સભર ભલામણ કરે છે તે દૃષ્ટવ્ય છે. ' રમતની પેર તમે પાળજો ' એ વાક્ય દ્વારા નાયકોના પરાપૂર્વના હક્ક-લાગાને ચૂસ્તપણે પાળવા ભલામણ છે. તો 'તરગાળા અમારા છે.' એ શબ્દો પાટીદારોની નાયકો પ્રત્યેની મમતા સૂચવે છે. 'સર્વ પંચના છે. લેવા તથા કરડવાના છે.' એ શબ્દો સૂચવે છે કે નાયકોનો સબંધ લેવા અને કડવા એમ બંને શાખના પાટીદારો નહિં. પણ સમગ્ર પાટીદાર સમાજની સાથે છે. આ વસ્તુ પણ 'ઊંઝાના હેમાળા પટેલ અને એની પુત્રી ગંગાની 'દંતકથા' ની વિરુદ્ધ જવા સાથે માળવામાં પ્રચલિત દંતકથાની તરફેણ કરે છે.

આટલું વિવરણ વ્યાસો અને પાટીદારોના સબંધોને આપણી સામે સ્પષ્ટ કરે છે. સાથે વ્યાસો અને પાટીદારોના મહત્વના એવા ધર્મરક્ષા ક્ષેત્રે, સમાજસુધારા ક્ષેત્રે, લોક-સંસ્કૃતિ અને ઇતિહાસના ક્ષેત્રે, સંરક્ષણક્ષેત્રે, ભવાઈ દ્વારા પ્રાપ્ત થયેલ મૂલ્યવાન પ્રદાનને મૂલવ્યાં છે. તેમ આ બધામાં પાટીદારોના મૂલ્યવાન અને મહત્ત્વના સિંહભાગ રૂપ ફાળાને પણ જોયો. હવે આગામી પ્રકરણમાં આ ગ્રંથની સમગ્રલક્ષી મૂલવણી કરીને વિરમીએ.

કડવા પાટીદારોની વીરતા અને દાતારીનાં કવિજનોએ આંખે દેખ્યાં અહેવાલ રૂપ બિરદ કાવ્યો જોઈએ જેણે ચારણ, બારોટો અને વ્યાસોની જીભે જન્મીને પાટીદાર સમાજનાં વીરતા-દાતારીના પ્રસંગોને લુપ્ત થઈ જતા બચાવીને ઈતિહાસની પણ મોટી સેવા કરી છે.

□

કડવા પાટીદારોનાં પ્રશસ્તિ

અમારા સંશોધન દરમિયાન પ્રાપ્ત કરેલ કડવા પાટીદા: પ્રસ્તુત કરવામાં આવ્યાં છે.

જે એ તથ્ય પ્રસ્થાપિત કરે છે કે વીરતા અને દાતારી કોઈનીયે પાછળ નથી. એ તો એમનાં લોહીનો ગુણ છે.

તેઓએ હલાયુદ્ધ બનીને ભૂખમરા અને અન્નાભાવના ઃ સાથે જ્યારે ગ્રામ, ધર્મ, દેશ, નારી અને નેકટેક માટે મરવ ત્યારે એમણે તલવાર પણ વાપરી જાણી છે. અને ઉજળે જેની શાખ અત્રે આપેલ કેટલાંય કાવ્યો આપશે. સાર્ મુત્સદ્દીપણાની પ્રશસ્તિ પણ પાટીદારોની પ્રતિભાને જગત ર બુદ્ધિમતા સૂચક છે.

કડવા પટેલોના ગુણ લક્ષણો :

કવિત

ગુજર ધર ગાંમી, સોઅ ભરપુર સોરંગી
હે હળ ઉપર હાથ, હાથ પકવાન એક
કરે આશ સહુ કોઈ વાસ ઉજડ ધર વ
ધર ધોરીને ધુમડા, નગર નવે નધ નિ
તેને કરડવા કળ સકળ કહ્યાં,
અકળ ગણ બળ એતરા;
ઓડવણ હાથ સારી અળા, તેના કહીએ

કલપ વ્રખ કવાએ, તાએ વન તરવર,
જઠજમઠ કનડી જોએ, સોઅ તમ તમ વેડસર;
ઓઢ કર અઢાર, સોઅ સંસાર સરજા;
વડા હથ વડા વહેવાર, વડા આચાર વળગા;
તેને કરડવા કળ સકળ કહાં અકળ ગણ બળ
ઓડવણ હાથ સારી અળા, તેના કહીએ વરવા

-જેઓ કલ્પવૃક્ષ સમાન તરુવર કહેવાય છે. જેમ જેમ (યા
પરેશાન કરે છે તેમ તેમ તેઓ ઉદારતાથી એ બધું સહી લ્યે
પૂર્ણ કરે છે. જગદંબાએ જેમને અઢાર ભૂજાઓ વડે સરજ્યાં
હાથવાળા, મહાભૂજ. મોટા વહેવારવાળા અને મોટા નીતિધર્મ
કુળવાન કડવા પટેલ કહીએ...

એતાં બ્રદ અજુઆળ, પ્રથી રખપાળ
પાટીદાર પટલ ગાંમી, જમીનદાર
અધક બ્રદ અમીન, સેનહ લારાં શોભે.
સનમાને સરકાર, થટ વકટ દળ થોભે;
તેને કરડવા કળ સકળ કહાં,
અકળ બળ ગણ એતરા;
ઓડવણ હાથ સારી અળા,
તેના વરણવ કેતરા ૩

—એ કડવા પટેલ આટલાં બિરદોને ઉજળાં કરનાર છે.
કહીએ. વળી તેમને પાટીદાર, પટેલ, ગાંમી (ગામધણી) અને
તેમનું વિશેષતાભર્યું બિરુદ (પદવી) છે. સાથે સૌન્ય વડે તે
વિકટ એવાં શત્રુ સૈન્યોને થોભાવી દેનાર એ અમીનોને

સરકારો પણ સમ્માન આપે છે. એવા એમને કુળવાન કરડવા પટેલ કહીએ...

કરડવો અન્નરો કોટ, લેવા દત વ્રણવું લાખાં;
આંજણો અડધ ઉમરાવ, ભરલ ચાવ સ ભાખાં;
કાળ દકાળે થોભ, સગાળે સઉકો સારો;
માઠા સમઈઆ માંઅ નાં ભાંખે નાકારો;
તેને કરડવા કળ સકળ કહાં,
અકળ બળ ગણ એતરા;
ઓડવણ હાથ સારી અળા,
તેના વરણવ કેતરા[1]....૪

–કડવા પટેલો વિપુલ અન્ન ઉત્પાદન અન્નકુટ (વિપુલ ખાદ્યાન્ન-વાનગીઓ) રૂપ છે. લેઉવા પટેલો પરમ ઉદારતા વડે લાખોનાં દાન કરનારા છે. આંજણા પટેલો તો ઉત્સાહ ભરેલા, રાજ્યના અર્ધા ઉમરાવ સરખા છે. તેમ કહીએ. આ પટેલો કાળ-દુષ્કાળને થંભાવી દેનાર અને સુકાળે સર્વ જગત માટે સર્વોત્તમ દાતાર રૂપ છે. કેમકે માઠા સમયે મદદ માગનારને તેઓ ક્યારેય ના કહેતા નથી. એવા એમને કુળવાન કરડવા પટેલ કહીએ...

દુહા

કર પ્રથમ કણબી થિયા, બીજા રવતલ રાણ,
ધડ વડ થાપ્યાં ધુંબડાં, જગત સવે મંડાણ...૧

(આ ધરતીમાં પ્રથમ કણબીઓ ઉત્પન્ન થયા, તે પછી (કૃષિ દ્વારા સંસ્કૃતિ જન્મતાં) રાજવીઓ થયા. આ રીતે મહાકાય કણબીઓએ (અંગ ઢાંકણ અર્થે) કપાસની-ખેતીની સ્થાપના કરીને સારાયે જગતનો (સંસ્કાર-સંસ્કૃતિ) આરંભ કર્યો.)

મે કણબી મેદની, અનગળ પકવે અન્ન;
લખચોરાશી ચણ મળે, રાજ કરે રાજન....૨

(મેઘ, કણબીઓ અને પૃથ્વી થઈને સંયુક્તપણે વિપુલ અન્ન પેદા કરે છે. જેને કારણે જીવમાત્રને આહાર મળે છે. અને રાજવીઓ રાજ કરી શકે છે.)

કણબી અને કામધેન, દોનું પ્રગટિયાં સથ્થ;
એકે ધરા ભાર ઉપાડિયો, દુજો જગ ઓડાવણ હથ્થ[2]...૩;

(કણબીઓ અને કામધેનુ (ગાય) બંને આ લોકમાં સાથે આવ્યાં. એમાં કામધેનુએ

૧. સૌ. યુનિ. ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૨૩૬/૩૪૬૫
૨. શ્રી કાશીરામભાઈ વ્યાસ ખાખરાવાળાને ચોપડેથી

ધરતીનો ભાર ઉપાડી લીધો. તો કણબીઓએ જગતને પોતાની પાસે અન્ન યાચતું કર્યું.)

કણબણ અને કામધેન, દોનું વિહાણી સથ્થ;
એકે ધરાભાર ઉપાડિયો, દુજો જગ ઓડાવણ હથ્થ[1]...૪

(કામધેનુ અને કણબણે સાથે જ પુત્રો જણ્યા, એમાં કામધેનુના પુત્ર બળદે પૃથ્વીનો (કૃષિ-ખેતીનો) ભાર પોતાના કાંધે લીધો-ઉપાડ્યો, તો પટલાણીના પુત્ર કણબીએ સારાયે જગતને પોતાની પાસે અન્નાર્થે હાથ લંબાવતું કરી દીધું.)

ઘેર દુઝણાં ઘી ઘણાં, ઘણી ઘેંશને છાશ,
વરણ અઢારે વરતવા, આવે કણબી પાસ.[૨]....૫

(જેમને ત્યાં ગાયો-ભેંસોનાં વિપૂલ દૂઝણાંને લીધે વિપુલ ઘી, છાશ અને ઘેંશ છે. એ કણબીઓ પાસે અઢારેય વર્ણો અન્નાર્થે અને વ્યવસાય અર્થે આવે છે.)

પાટડીના રાજવંશના પ્રશસ્તિ કાવ્યો :

પાટડીનો દેસાઈ રાજવંશ સૌ પ્રથમ ઈડર પ્રદેશમાં હતો. તેઓ ઈડર પ્રદેશમાં ક્યાંથી ક્યારે આવ્યા ? તે અંગે વિશેષ વિગતો પ્રાપ્ય નથી. પણ તેઓ મૂળે તો ઈડર પ્રદેશના કાવર ગામે હતા. ઈડરના રાજવીએ તેમને છ ગામની જાગીર આપેલી.

મહંમદ બેગડાના સમયમાં વેરશી પટેલે મહંમદ બેગડાને મદદ કરવાથી બાદશાહે વીરમગામની જાગીર પટેલ વેરશીને આપી. પછી ત્યાંથી કેટલીક પેઢીએ ભાવસિંહ દેસાઈ થયા. એમના પર જોધપુરના મહારાજાની ફોજ ચડી આવેલી. અને પરાજિત થઈને પાછી ગયેલી. આવાં અનેક યુદ્ધો પાટડીના દેસાઈઓએ ખેલ્યાં છે.

અમને જેટલાં કાવ્યો પાટડીના દેસાઈ રાજવીઓનાં અને એમના ભાયાતોનાં મળ્યાં છે. તે અત્રે પ્રસ્તુત છે. કાળ ક્રમે પાટડી અને વીરમગામ એવા જાગીરના બે વિભાગો થઈ ગયેલા. જે આઝાદી સુધી અસ્તિત્વમાં હતા.

ભાવસિંહ દેસાઈ

એમણે જોધપુરની સેના સામે લડેલ વિજયવંત યુદ્ધ અંગેનાં પ્રાપ્ત થયેલ ચારણી કાવ્યો આ પ્રમાણે છે. પ્રથમ ગીતના કર્તા નાથાભાઈ નામે ગઢવી છે.

---

૧. શ્રી રાજવીરભાઈ ઉઢાશ-રે. જૂનાગઢને મુખેથી
૧. શ્રી ભૂપેન્દ્રસિંહ બારોટ-રે. જેતપુર (કાઠી)ને ચોપડેથી

ગીત

તરાં પાખરાં સાજેઆ શોક બાણાં તણા,
દીનદારાં ઘરે બાંધ દાવા,
ઢીમ જોધાણા રા નાખેઆ ઢાઈ
ભાઈ રે ભાઈ દેસાઈ ભાવા...૧

(અશ્વોને પાખરો (કવચો) વડે સજ્જ કર્યા તથા શોક બાણો (શસ્ત્ર વિશેષ)ને પણ તૈયાર કર્યાં. અને સુબાઓ સાથે વેર બાંધ્યું. આ રીતે યુદ્ધ કરીને હે ભાવસિંહ દેસાઈ, તેં જોધપુરના સૈનિકોને ભૂમિશાયી કરી નાખ્યા.)

ગૂડ ઉડત નિસાણ નાળી ગજે,
સીસ ભાંજે વજે રાગ સિંધુ,
બાપ હો બાપ ઝૂઝાર ઉબારિયા,
હાર બેસારિઆ માર હિંદુ...૨

(નિસાણ અને ઝંઝાળો ગાજવા લાગી, વીરોના પગો તૂટી તૂટી ઉડવા લાગ્યા. અને રણક્ષેત્રમાં સિંધુરાગ રેલાયા, મસ્તકો કપાવા લાગ્યાં. હે બાપ ભાવસિંહ, તેં યુદ્ધમાં પોતાના સૈન્યનું રક્ષણ કરીને શત્રુઓને પરાજિત કરી બેસાડી દીધા.)

અદારા સદા તું મદા લેતુ ઈઉ,
ઢાંણ મજ દાગે જુ દાઢાળો,
ખેધ કેઓ રતો સોડ તે ખાળિઓ;
વાળિયો સોડ તેં રાઠોડ વાળો....૩

(હે અદેકરણ દેસાઈના પુત્ર, તું તો કાયમ ગર્વિષ્ટ શત્રુઓને વીણી વીણીને ઉપાડી લેનારો છે. તેં વરાહરૂપ શત્રુને એનાં સ્થાનમાં જ દબાવ્યો. સાથે વૈર કરીને તેં મારવાડી સેનાપતિને પાછો વાળ્યો, આ રીતે તેં રાઠોડ પક્ષના વીરોને નશાડ્યા.)

દોએજા ભાણ ધૂફાણ મેળે દખાં,
પાંણ દેખાડેઆ વણ પારે;
કેક વાઢી જુઓ છેક છેકાં કિઆ,
હેક મારુ ગિઆ ટેક હારે[૧].....૪

(બીજા ભાણજી દેસાઈ રૂપ ભાવસિંહ, તેં સંગ્રામમાં શત્રુસૈન્ય સાથે તારી ફોજ ભેટાડી અને તારા અપાર ભૂજબળનું પ્રદર્શન કર્યું. અનેક શત્રુઓના કાપીને કટકા કરી નાખ્યા. અને મારવાડીઓ પોતાની ટેક મૂકીને પરાજિત થઈ ગયા.)

---

૧. સૌ. યુનિ. ગુ.ભા.સા.ભ.ચા.સા. હપ્ર. ભંડાર ૩૪૩/૫૨૬૯

(૨)

ગોળા ઉછળે ધમસાં રોળ મચે,
સોર પડે ધરા સારી;
બે ગજરાજ આવિયા બાથે;
ભાવોને ભંડારી....૧

(તોપોના ગોળાઓ છૂટ્યા, દારૂણ યુદ્ધ અને સંહાર મંડાણો. આખીએ ધરતીમાં રણહાકો વાગી, આ રીતે બે મસ્ત ગજરાજ જેવા ભાવસિંહ દેસાઈ અને રતનસિંહ ભંડારી સંગ્રામ રૂપ મલ્લયુદ્ધમાં જોડાયા.)

ઝડે રત જાંણ ભડાં ધડ ઝડે,
શૂર રહિયા ખગ્ગ સાઈ,
વીસ હજાર દળાં સું વઢિયો,
ડગિયો નહિ દેસાઈ....૨

(લોહીની ઝડી મચી, તેમ શૂરવીરોની કાયાઓ પણ કપાઈને પૃથ્વી પર વરસી. વીરો તરવાર ગ્રહીને ઝઝૂમ્યા. આ રીતે ભાવસિંહ દેસાઈ વીસ હજારની શત્રુ ફોજ સામે અડોલપણે લડ્યો. પણ ભય પામ્યો નહિ.)

વદે અદાવત રાવત વંકા,
માંડે કાંકળ મોટો;
કોટ અબીહ આપરો કિયો;
કાઢ દિયો નવકોટો....૩

(ભાવસિંહ દેસાઈના શૂરવીર ઉમરાવોએ કહ્યું : આપણે મહાયુદ્ધ કર્યું. અને આપણો કિલ્લો નિર્ભય કરીને મારવાડીઓને નસાડી મૂક્યા.)

જાણ જાણ તણ તણ વાત જોધાણે,
કે મહારાજ કમાયો;
વીરમગામ તણો ગઢ વંકો,
નર વંકો વશ નાયો[૧]....૪

(ત્યારે જોધપુરમાં સ્થળે સ્થળે સૌએ જોધપુરના રાજવીને (ઉપાલંભના સ્વરમાં) પૂછ્યું : વીકટ એવો વીરમગામનો કિલ્લો અને વીર એવો ભાવસિંહ દેસાઈ તમારે તાબે ન થયા, તો આ વ્યર્થ યુદ્ધ કરીને તમે શું પામ્યા ?)

---

૧. શ્રી દાજીભાઈ ગઢવી-રે. એંડલા, તા. બહુચરાજી ને ચોપડેથી.

કરમરા પાટા દેખા હેરા
ચાચરાં કડાળા ચરુ સ ધનાં કાં ર
વેળા બિહું આવિ મળે અઢાર

(કિંમતી તંબુઓ, સૈન્ય અને તેની સાથે ગજદળ લ
દેસાઈનાં પુત્રનાં ભાગ્યને જુઓ. એની છાવણીના મેદાનમાં
ચડે છે. અને ભોજનાર્થે બંને વેળા અઢારેય વર્ણના માણ

ભલાં ભલાં પાટડી કા ધણી કા આચ
કચારી મરેઠાં તણી થિએ કુ
રોજ હી કસૂંબા ગળે આવી મળે ર
ભાઈ ભાઈ દેસાઈ વખાણે વડાવ

(વાહ વાહ, પાટડીના ધણીની રાજરીત ઘણી ભારે (
એનાથી ખુશ ખુશ થઈ જાય છે. ત્યાં નથુભાઈના મૂકામે
અનેક રાજવીઓ એમને મળવા આવે છે. અને મોટા મોટા
કહેતાં પાટડીના દેસાઈનાં વખાણ કરે છે.)

વખતસિંહ દેસાઈ

તેઓ નથુભાઈ પછી પાટડીની ગાદીએ આવેલા. તેમ
બાબાજી અપાજી પાટડી પર ચડી આવેલ અને યુદ્ધ થયેલ.
વીરતાપૂર્વક સામનો કરીને બાબાજી આપાજીને પરાજિત ક
નોંધ લેવાયાનું અમારી જાણમાં નથી. પણ ચારણ કવિએ ર
વણી લઈ સાચવી રાખેલ છે. એ કાવ્યના કર્તાનું નામ પ્રા
પ્રસ્તુત છે :

---

૧. સૌ.યુનિ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર.ભંડાર : ૨૬/૧૫૭૯

realpatidar.com

મોટા ગઢ-કિલ્લાઓ જીતી લીધા છે. મારી સામે કોણ યુદ્ધ કરી શ

દંડ કરીને વિપૂલ નાણાં લીધાં છે.)

લડેવા આવિઓ બાબો હલકારાં સેન
જોરાળાં ગડેડે નાળાં વરસાળાં
ચવતાં કું પડકારે ભેડવે વખતુ
ભારથે મંડાણું સામું પારાથ જુ

(આ રીતે બાબાજી સંદેશવાહકો અને ફોજ લઈને યુદ્ધ ગર્જનાઓ જેમ તોપો મંડાણી. અનો પોતાના શૂરવીરોને પડકા શત્રુઓ માથે ત્રાટકે છે. આ રીતે તે અર્જુન અને ભીમની

માસ એક થોભે દળાં નાળાં ધમરોળ
જેત્રવાદી પવાડે પવાડે જીતુ
ભજાડે ખત્રીઅવટ ભલી તારે ભ
દળાં લાખાં સામું ભડે ચખિઊ

(તોપગોળાઓની ઝડી મચાવીને ગાયકવાડી ફોજને એ જ થોભાવી દીધી. અને પ્રત્યેક સંગ્રામમાં, વિજયની ટેક ધારણ ક જીત્યો. આ રીતે એ સમયે ભાવસિંહ દેસાઈના પૌત્રે પોતાની ક્ષા ગાયકવાડી સૈન્ય સામે લડીને કિલ્લાનું રક્ષણ કર્યું.)[૧]

હરભમજી દેસાઈ

આ હરભમજી દેસાઈનું નામ પાટડીના ઈતિહાસમાં-પ્રગ અમે શોધેલ ચારણી સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. જે કાવ્ય ચારણ કવિએ હરભમજીના અવસાન પર મરશિયા રૂપે ર

૧. સૌ. યુનિ. ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૨/૫૭૯

વ્યક્ત કરી છે. કાવ્યનો ભાવ જોતાં હરભમજી ઉપરોક્ત વખતસિંહ દેસાઈના પૌત્ર અને વખતસિંહ પછી ગાદીએ આવેલ હરિસિંહ દેસાઈના પુત્ર થાય. તેઓ વિદ્યારસિક અને કવિઓના ચાહક અને દાતાર નર હતા તેમ આ મરશિયા કથે છે.

હરભમજીના મરણ અંગે પણ ચારણી સાહિત્યમાંથી વિગતો મળે છે. અમરેલીના ડૉ. મનહરબેન ગોધાયયાએ રવિભાણ સંપ્રદાયના સંત મોરાર સાહેબ પર પીએચ.ડી. કરીને ડિગ્રી મેળવેલી એમના એ શોધ નિબંધમાં એક ચારણી ઐતિહાસિક કાવ્યથી એ વાત તેમણે પ્રમાણિત કરી કે થરાદના રાજવી ખાનજી વાઘેલાએ પાટડી પર ચડાઈ કરેલી. એમાં પાટડીના યુવરાજ હરભમજી વીરતાપૂર્વક લડીને કામ આવેલા. એ પ્રસંગે ઉપરોક્ત ચારણ કવિએ પોતાની શોક સંવેદના હરભમજીના મરશિયા રચિને વ્યક્ત કરેલી.

કવિત

આજ સૂર ઝામળુ, આજ ગયણાંગ અંધેરૂં;
આજ દશા ડંમરી, આજ પાવણ અધકેરૂં;
આજ મેર ડગમગે, આજ પ્રથમી પીઠ ચલિઉં;
આજ જસુ ઉતપાત, ભોઅણ સામંદ્ર ખળભળેઉં;
કલપંત દિહ લાગુ કઠણ, વધિઉ ઇતિ કળજગ વભુ;
ઉલકાએ પાત નજરી ઈઉ, હિંદ પુહ પડિયાં હભુ...૧

(આજે સૂર્ય ઝાંખો થઈ ગયો છે. આકાશ ધૂંધળું થઈ ગયું છે. આજે દિશાઓમાં ડમ્મરીઓ ચડે છે. અને વંટોળો ઊઠે છે. આજે મેરુ પર્વત ડોલતો જણાય છે. અને ધરતી ચલીત થતી લાગે છે. આભ અને ધરતી ખળભળતાં હોય એવો ઉત્પાત આજે થાય છે. દિવસો પ્રલય જેવા વસમા થઈ ગયા છે. અને કળિયુગનો વૈભવ (પ્રભાવ) અત્યંત વૃદ્ધિ પામી ગયો છે. તેમ ઉલ્કાપાત પણ દષ્ટિગોચર થાય છે. હિંદુ રાજવી હરભમજી અવસાન પામતાં આવા વિપરીત ઉત્પાતો થઈ રહ્યા છે.)

મેલી કોટ મેડિઆં, મેલી હેમર રથીઆરાં;
વાલાં મેલ વછોહ, મેલં સૂનાં સથીઆરાં;
સપુહાં ખટકું મેલિ, મેલિ શોકાતુર સિઅણાં
મેલિ રાજ મહમાઅ, મોલ કીરત મખ કિઅણાં;
વિહ ગિઉ વીસ વરસાં વચિ, કરે અધટતી આકરાં;
હભરાંણ પડંતે જે હઈ, થઈ ન થાશે ઠાકરાં....૨

(એ હરભમજીએ કિલ્લા અને મહેલો ત્યજ્યા. અશ્વો, રથો પણ ત્યાગ્યા. વહાલાંઓ અને સાથીઓને એકલવાયાં વિયોગી અને શૂન્યમનસ્ક કર્યાં. સજ્જનોનાં દિલમાં ભૂતકાલીન મિલાપનાં સ્મરણો અને ખટકો મૂકી ગયો. તો પ્રિયજનોને શોકગ્રસ્ત અવસ્થામાં મૂક્યાં. રાજ્યે તારા જવાથી મહત્ત્વ ત્યજ્યું. વીરોની યશોગાથા ગાતા કવિજનોને પણ તેં આ લોકમાં એકલા મૂક્યા. આ રીતે વીસ વરસની ઉંમરે હરભમજી વસમું યુદ્ધ કરીને મૃત્યુપંથ ગ્રહણ કરવાનું કાર્ય કરી પરલોકવાસી થયા. હે રાજવીઓ, આ રીતે હરભમજી સંગ્રામમાં પડતાં જે કાંઈ વીરતા દર્શાવી તેવું વીરકર્મ કદિ થયું નથી અને થાશે પણ નહિ.)

મિહલ બછાઈત મંડી, સુહડ મલતાં સરદારાં;
તકીઆ ગાહા તખતિ, આપ બિસતુ તિઆરાં;
ગેહણાં નંગ જડાવ, બણે જરિઆં પાટંબર;
રોશનિઆં ઝલકાર, અંમર સુધા શુભ અતર;
ગાવણાં રાગ કવિઆં ગહક,
અતિ રહતું રંગ છાઈઉ;
અલબેલ ભૂપ દેશાઈઆં;
થાંનિ શમસાંને કિમ સાઈઉ....૩

(મહેલમાં ગાદી-તકિયાની બેઠકો મંડાતી, અને ત્યાં તારા સરદારો અને વીરો તને મળતા. ત્યાં તું તકીઆને ગ્રહણ કરીને તખતારૂઢ થઈને બેસતો. એ વેળા તું જરિયન વસ્ત્રો અને હીરાજડિત આભૂષણો ધારણ કરતો, એ કચેરીમાં મશાલોની રોશની ઝળહળતી હતી. અત્તરોના છંટકાવ થતા હતા તેમ ગાયકો ગીત-સંગીત આલાપતા તેમ કવિજનો મેઘ કંઠે બિરદાવળી લલકારતા હતા. એમાં કાયમ ઉત્સાહ અને રંગભર્યો રહેતો હતો. તો હે રંગીલા દેસાઈ રાજવી ! તેં એ બધું મૂકીને સ્મશાન કેમ ગ્રહણ કર્યું ?)

હસતે મખે બોલતુ, કહા બઉ છાંદા કરંતુ;
સામા કરતા રીંસ, સકણ આપી ઉસરતું;
જાસ તણિ બલ જોર, તકે ઉદમાદા કરંતા;
લેઅતા નતિ નતિ લાડ, કરે બળ ઝગડા કરંતા;
જાણત જેમ છોરુ જ કે,
ખૂંદા ખમતુ મન ખરે;
દંન રાતિ હભૂ હરિઅંદ રૂ,
વેદ હરાં કિમ વિસરિ...૪

(જે કાયમ હસ્તામુખે વાતો કરતો, અને 'અરે તમે તો મારી બહુ પ્રશંસા કરી' એમ કહેતો હતો. તેથી અમે જો તેની સાથે રીંસ કરતા તો તે અમને ઉત્તમ ધાન્ય આપી અમારા રોષનું નિવારણ કરતો હતો. જેના બળ ઉપર અમે ધમાલ (કાવ્યચર્ચાનો ઉહાપોહ) મચાવતા હતા તેમ નિત્ય લાડ કરીને તેમ રીંસ કરીને જેની પાસેથી દાન પામતા હતા. અને જે કવિજનોને પોતાનાં છોરુ સમાન માનતો હતો. અને અમારી ધમાલને સહન કરી લેતો હતો, એ હરિસિંહ દેસાઈના પુત્ર હરભમજીને હવે કવિ લોકો કઈ રીતે વિસરે ?)

દખઝાળાં ઉર દહિ, જકે સોણિ સહી જાળે;
અહોનિસ ઉદાસ, મનહ તન બિસિ માળે;
નકિ રાગ રંગ રિસ, નકિ સખ સેજ સવાઈ;
એક એક દન એમ, જ કે છમછર સમ જાઈ;
કસ વાણિ, વાત કાસૂં કહાં,
સદા ચંત વરતિ સભૂ;
નરલજ જીવ જાવે નઈ,
હાય હાય પડિયાં હભૂ....૫

(કવિ કહે છે : દુઃખની જ્વાળાએ મારાં હૃદય અને લોહીને બાળી નાખ્યાં. મારું મન પંખી માળે બેસીને કાયમ ઉદાશ રહ્યા કરે છે. હવે રાગ, રંગ, રીંસ અને સુખદેણ શય્યા પણ મને ગમતાં નથી. એક એક દિવસ મારે માટે વરસ બરાબર જાય છે. હવે કાવ્યોના લલકાર અને વાતોના પડકાર કોની પાસે કરવા ? હવે તો મારું મન કાયમી નિરાશા શોકમાં રત થઈ ગયું છે. હાય હાય ! હરભમજી રણભૂમિમાં પડ્યા છતાં મારો નિર્લજ્જ આત્મા કાયાનો ત્યાગ કરતો નથી.)

કોક દાન દેયસી, તપણી તુ છાંદા કરસિ;
કરસિ છાંદા કોક વખે, નહ છળ જાળવસિ;
જુ છળ રાખસિ છાત્ર, આપ અળગા આથડસિ;
કાંનલિ રાખશી કદે, તુઈ ચારણ ન ત્રેવડસિ;
તડતાંણ હેત અંતર તણાં,
ખણિ ખણિ અધિકાં દાખવિ;
ઘણ ઘણ ભૂપ હેક ઘડી,
હભૂ કુણ થાસિ હવિ....૬

(જો કોઈક રાજવી દાન આપશે, તો તે કવિનાં કાવ્ય માટે ભલકારાનાં વેણ નહિ કહે, જો કોઈક ભલકારાનાં વેણ ભાખશે, તેઓ કવિ પ્રત્યેનાં વિવેક મર્યાદા નહિ જાળવે. જો કોઈ રાજવી વિવેક મર્યાદા જાળવશે તેઓ ચારણ કવિથી દૂર રહ્યા કરશે. કોઈક રાજવી કવિજનોને પોતાની પાસે રાખશે. તેઓ ચારણ કવિની કાવ્યશક્તિની કદર નહિ કરી શકે. ત્યારે ક્ષણે ક્ષણે ચારણો પ્રત્યે અધિકાધિક પ્રીતિ દાખવતો હતો એવા એ ગજાદાર રાજવી હરભમજી સમાન હવે પૃથ્વીના અનેક રાજવીઓમાંથી કયો રાજા થઈ શકશે ?)

રજ હિણાં રાજાન, અબિ રહિઆ ધર ઉપર;
પડકારાં કિવ પાત્ર, શામતા ઢળિ વદન સર;
મળે નહિ હસી ખેમ, હસી ન કરશી બાતાં;
સોમ લંપટ સરદાર, તાર મળશી ન સુપાતાં;
હભરાણ પડે બીજા પુહાં,
જાચેવા કારણ જવું;
છત્ર છાંહ અંબ જળિઆ પછે
બાવળ રે થડ બેસવું...૭

(હવે તો આ પૃથ્વી પર ક્ષાત્રવટ વિહિન રાજવીઓ જ રહ્યા છે. કવિજનોનો પડકાર સાંભળી એમના મોઢે શામળતા છવાય છે. અને માથાં નમી જાય છે. તેઓ કવિઓને સસ્મિત મળતા નથી. તે કવિઓ સાથે હસ્તેમુખે બોલશે પણ નહિ. એ કંજુસ અને દુરાચારી રાજવીઓનો મેળ કવિઓ સાથે નહિ મળે. રાજવી હરભમજીના મૃત્યુ પછી હવે કવીશ્વરો માટે બીજા રાજવીઓ પાસે યાચવા જવું તે તો આમવૃક્ષની છત્રછાયા ભસ્મિભૂત થયા પછી બાવળના થડમાં જઈ બેસવા જેવું છે.)

દેખાં મરધર દેશ, પ્રગટ મેવાડ તણા પુહ;
દેખાં માલવ દખ્ખણ, સપુહ ગુજરાતી વળે સુહ;
વળ દેખાં. ઝાલાવાડિ, ધરા સોરઠ ગુહલ ધર;
હિંદુ કાછ હાલાર, કહાં વાગડ પારકર;
કવિજણ તણા છાંદા કરણ
સિ વધિ પુરણ સધિએ;
હભરાંણ ભૂપ કે દિ હવિ,
લાખ ન કોરે લધિએ.[૧]...૮

---

૧. સૌ.યુનિ. ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૩૩૮/૬૨૪૫

(મેં પ્રસિદ્ધ એવા મારવાડના, મેવાડના, માળવાના, મહારાષ્ટ્રના, ગુજરાતના પણ રાજવીઓને જોયા, તેમ ઝાલાવાડના, ગોહિલવાડના, સોરઠના, કચ્છના, હાલારના, વાગડના અને થરપારકરના હિંદુ રાજવીઓને પણ જોયા, એ સૌમાં કવિજનોનાં દાન, માન અને આદરાતિથ્ય કરનાર, અને કવિઓના સર્વે કોડ પૂરનારા હરભમજી જેવા રાજવી ક્યારે થશે ? લાખો-કરોડોમાં પણ એવા રાજવી પ્રાપ્ત નહિ થાય.)

કુબેરસિંહ દેસાઈ

હરિસિંહ દેસાઈ પછી કુબેરસિંહ ગાદી પતિ થયા એમનાં રાજ્યારોહણના પ્રસંગે કોઈ અજ્ઞાત ચારણ કવિએ રાજ્યારોહણ પ્રસંગના વધાવામાં રચેલું એક કાવ્ય પ્રાપ્ત થાય છે. જેમાં કવિએ પ્રસંગનો હર્ષોલ્લાસ ગાયો છે.

ગીત

સવિ ગાઈઉ કવંદા ગણે પાઈએ મહુરત શુભ,
લોક લાઈ ઉમાઈઉ સલામિઆં લેર;
મોતીઆંકા ભરે થાળ વધાઈઉ સેણાં મળે
કરમી ગાદીએ ભલાં આઈઉ કુબેર....૧

(રાજ્યારોહણનું શુભ મુહુર્ત શોધાયું અને કવીશ્વરોએ પાટડી નરેશોની વીરગાથાઓ ગાઈ, લોકો પણ ઉમંગ સહ સલામી (નજરાણાં) લઈ આવ્યા. સ્નેહીજનોએ મોતીઓના થાળ ભરીને વધાવ્યા. આ રીતે ભાગ્યશાળી એવો આ કુબેરસિંહ ગાદીએ આવ્યો.)

રાખવા વખતિ ચડા નખત્રિ આવીઉ રૂડુ,
તવિજે નખત્ર જાતી આદ રૂ તખત;
વભા રે પખતાં ધરાં સધારવા કાજ વાનું
વખતા રી ગાદી સરે સવાઈ વખત....૨

(સમય સાંચવા માટે શુભ નક્ષત્ર આવ્યું. આ રીતે પ્રથમનાં રાજ્ય સ્થાપના સમયનું જે નક્ષત્ર હતું તે જ કુબેરસિંહના રાજ્યારોહણ વેળાનું કહીએ. વૈભવ વડે મોટાં થયેલાં દેસાઈઓનાં કાર્ય પ્રસંગને સુધારવા અર્થે આ સમયે દાદા વખતસિંહની ગાદી પર સવાઈ વખતસિંહ થઈ કુબેરસિંહ બિરાજ્યા.)

બમણા બાંધિઆ વડા જીત કા નિસાણ વાગા;
આગાં હુત વેરી સબે પડી ભાંગા આજ;
સધારવાં કળાં ચાવ પાટડીકી જાગા સરે,
રાજહંસ પદ રિઉ હરનથરાજ[૧]...૩

---

૧. સૌ. યુનિ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૨/૫૮૦

(ગાદી આવતાં જ કુબેરસિંહે શત્રુઓને બેયડા બંધ વડે બાંધ્યાં. વિજયનાં નગારાં વાગ્યાં. એની સામેથી જ સૌ વેરીઓ ભોં ભેગા થઈ ભાગી છૂટ્યા. પોતાના કુળ ગૌરવની વૃદ્ધિ કરવા માટે પાટડીની ગાદી પર નથુસિંહ દેસાઈનો પૌત્ર બિરાજ્યો.)

પરસુરામ દેસાઈ

હરિસિંહ દેસાઈ પછી કુબેરસિંહ દેસાઈ ગાદીએ આવેલા. કેમકે યુવરાજ હરભમજી કેવળ વીસ વર્ષની નાની ઉંમરે અપુત્રપણે શત્રુઓ સામે વીરતાપૂર્વક લડીને કામ આવેલ. એ કુંબેરસિંહના પુત્ર પરસુરામ દેસાઈ થયા. એમના અંગે ઇતિહાસ કોઈ વિશેષ પ્રકાશ પાડતો નથી. અમારા સંશોધન પ્રાપ્ત થયેલ કોઈ અજ્ઞાત ચારણ કવિ કૃત પ્રશસ્તિ કાવ્યમાં એમનો પાટડી નરેશ લેખે ઉલ્લેખ છે. સાથે પરસુરામ વીર અને દાતાર નર હોવાનું નિમ્નોક્ત ચારણી કાવ્ય કહે છે :

ગીત

બરદ ઓપે ઘનો તાલા બિલંદ,
સમંદ્ર કલવર હદ રાખણ સરસુ;
પાલણ કવિંદ દલ વ્રત ગ્રહેઆ પલુ,
પુહાં છત્ર પાટડી નરંદ પરસુ....૧

(જેને ઘણાં બિરૂદો શોભા દે છે અને આભ કપાળો છે. તેમ પોતાની કુળવટના સાગરની મર્યાદા રૂપ છે. અને કવિજનોના પાલલનું વ્રત-ટેક લીધી છે. એવા આ પરસુરામ દેસાઈ રાજવીઓમાં શીરછત્ર રૂપ છે.)

પાંથુવાં પાલ પ્રુચાલ દાતા પ્રગટ,
અરક જમ બંસ અજવાળ ઊગો;
તણા કુબેર સંક ડરે હિંદુ તુરક,
પ્રથી સર ચહુ ચક સજસ પુગો...૨

(જે પ્રસિદ્ધ કવિજનોનું પાલન કરનાર છે. લાંબા હાથવાળો દાતાર છે. તે પરસુરામ દેસાઈ પોતાના કુળને ઊજાળવા સૂર્ય રૂપ થઈને ઊગ્યો. એ કુબેરસિંહના પુત્રના ભયથી હિંદુઓ અને મુસલમાનો ભય પામે છે. આ રીતે પરસુરામ દેસાઈનો સુયશ પૃથ્વી પર ચારેય ખંડોમાં પ્રસર્યો.)

વખતહર જોરવર સા એવહુ,
કર કરડ નજર અસર કડકે;
એણ ઘર ઢાલ દેસાઈ જીવો અચળ,
તિહું ધખિઆ ધર અધર ધડકે[૧]...૩

---

૧. સૌ. યુનિ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૨/૫૮૪

(એ વખતસિંહનો પૌત્ર એવો બળવાન છે કે એ કરડી નજર કરે છે ત્યાં મુસલમાનોનાં કાળજા ફાટી પડે છે. આ પૃથ્વીની ઢાલ રૂપ દેસાઈ પરસુરામ, શાશ્વતકાળ સુધી જીવજો. કેમકે એના કોપ કર્યે ધરતી અને આકાશ પણ ધ્રૂજે છે.)

પ્રતાપસિંહ દેસાઈ

આ પ્રતાસિંહ દેસાઈ અંગે ઇતિહાસમાં કોઈ વિશેષ પ્રકાશ પડતો નથી. અમારાં સંશોધનમાં એમના ગુણ પ્રશંસાનું એક ચારણી કાવ્ય મળ્યું છે. જેમાં એમને પાટડી રાજવંશના વીર અને દાતાર નબીરા કહીને બિરદાવ્યા છે. સંભવતઃ તેઓ પરસુરામ દેસાઈના નાનાભાઈ હશે. એમનાં નિમ્નોક્ત કાવ્યમાં એ કાવ્યના કર્તાનું નામ પ્રાપ્ત થતું નથી.

ગીત

ચડા રાખણું ધરાણે રાવ ન ભૂલે કળાં કા ચાલ,
સૂડ મેં સધિર ભાલપેં સવાઈ,
મહા ક્રમ જાતિ ભારે આપકા વધારે માપ;
દીઠું તાલેવંત આજ થાંને પતુ દાતાર...૧

(પોતાના કુળનું ગૌરવ રાખવાવાળા, તેમ પોતાની કુળ ચાલને ન ભૂલવાવાળા, વીરોમાં ધૈર્યવાન અને ભલપણમાં સવાયા, કુળવાન તેમ ભાગ્યવાન, પોતાની ઇજ્જત વધારનારા એવા ધનવાન અને દાતાર એવા હે પ્રતાપસિંહ, મેં આજે તારાં દર્શન કર્યાં.)

હથાં બથા જી વાલુ અથાં હાહ વડે હાથે;
સમરથાં કવાં મુજ આપણું સકજ;
દોખિઆં નમાડિ તેમ જસકા ગડાવે ડંકા,
જોઈઉ કુબેર તણું લાજ કું જેહાજ...૨

(પોતાની લાંબી ભુજાઓ વડે બથ્થ ભરીને ધન આપવાના દિલવાળો એ સમર્થ દાનવીર કવિઓને દાન આપવા વાળો છે. એ જ રીતે જે વેરીઓને નમાવીને પોતાના યશ ડંકા દેવરાવનારો છે. એ કુબેરસિંહના પુત્ર, અને કુળ લાજના જહાજ રૂપ પ્રતાપસિંહને મેં આજે જોયો.)

દેવે મદમતા ખેંગ હજારી ઘૂમતા દાંને,
ભારે કમઠાંણ જાંણ વખાણે ભોપાલ;
નાપે વેરીઆંકુ નમી પ્રથી જસ થાપે નેક,
અડાભીડ હુવો ક્રમી બરંદા ઉજાળ...૩

(જે હજારોના મૂલ્યના મદમસ્ત અને નાટારંભના જાણકાર, તેમ જેને રાજવીઓ પણ વખાણે છે એવા અશ્વો કવિઓને દાનમાં આપે છે. તો સામે શત્રુઓને જરા પણ નમતું ન આપીને પૃથ્વી પર પોતાનાં વીરતા અને દાતારીનો યશ સ્થાપનારો છે. એવો આ પ્રતાપસિંહ દેસાઈ, પોતાનાં કુળમાં અડાભીડ અને પોતાનાં કુળ બિરૂદોને ઉજાળનાર થયો.)

નેમધારી પાટડીએ પ્રગટુ નખત્ર નીલે,
આજ પરિઆંકા ચીલે ચાલણું અમીર;
બુદ્ધિવંત ગણ જાણ બુઝણો આખરાં બેસ,
હરૂ વખતેશ તપે હેલમેં હમીર.[૧]...૪

(આ ટેકવંતો પ્રતાપસિંહ પાટડીના રાજવંશમાં કોઈ ઉત્તમ નક્ષત્રમાં જનમ્યો છે. એ પોતાના પૂર્વજોના ચીલે ચાલનારો દિલેર નર છે. એ પ્રતિભાશીલ, ગ્રંથો-વિદ્યાનો જાણતલ, કાવ્યોના મર્મને ઉત્તમ રીતે સમજનારો છે. એ વખતસિંહ દેસાઈનો પૌત્ર પૃથ્વી પર બાદશાહની જેમ તપે છે.)

સૂરજમલ્લ દેસાઈ

ભાવસિંહ દેસાઈની આઠમી પેઢીએ સૂરજમલ્લ દેસાઈ થયા. એમના પહેલાં એમના મોટા ભાઈ હિંમતસિંહ દેસાઈ પાટડીની ગાદીએ હતા. તેઓ અપુત્રપણે અવસાન પામતાં પાટડીની ગાદી પર સૂરજમલ્લ દેસાઈ આવેલા.

એ સૂરજમલ્લ દેસાઈની પ્રશંસાનું ચારણી કાવ્ય અમને પ્રાપ્ત થયેલ છે જેમાં સૂરજમલ્લ દેસાઈનાં શૌર્ય અને દાનશીલતાની પ્રશંસા છે. કાવ્યના રચનાર ચારણ કવિનું નામ પ્રાપ્ત થયું નથી.

ગીત

અળ પ્રાઝુ ભૂપ લજાવંત ઓપે,
ધરપત વડુ ખત્રીવટ ઢાલ;
ઠાવાં સજસ અહોનશ થાપણ,
મૂજાં આપણ સુરજમાલ...૧

(પૃથ્વી પર પોતાની કુળલાજ વડે શોભતો એવો પ્રોઢ અને ક્ષાત્રવટની મોટી ઢાલ (રક્ષક) રૂપ અને કાયમ સ્થિર યશની સ્થાપના કરનારો આ સૂરજમલ્લ દેસાઈ કવીશ્વરોને દાન વડે ન્યાલ કરનારો છે.)

---

૧. સૌ. યુનિ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હપ્ર. ભંડાર : ૧૨/૫૮૧

બુતેર કળા ભેદ રૂ બૂઝણ,
પ્રથમી સરે ભલપરા પાંણ;
જંગા જીત ઘણા દંન જીવો,
જોરા સંતણ અખર રૂ જાણ...૨

(જે બહુતેર કળાના ભેદને જાણનારો ધરતી પર ભલપના સાગરરૂપ છે. તે કાવ્ય શાસ્ત્રનો જાણકાર અને સંગ્રામ વિજેતા એવો જોરાવરસિંહ દેસાઈનો પુત્ર આ લોકમાં ઘણા દિવસો લગી જીવજો.)

પારસમણ ભાથી એમ પ્રાઝુ,
ખટ ભાખા પ્રવીણ ખરૂં;
પાટડિઉ પતશાહ પટાઝર,
હથ વડે કુબેર હરુ[૧]...૩

(જે પ્રૌઢ વીર અને પારસમણી રૂપ છે. છ ભાષાઓનો જાણકાર છે. એવો પાટડીના બાદશાહ અને વીર યોદ્ધો એવો કુબેરસિંહ દેસાઈનો પૌત્ર સૂરજમલ્લ લાંબા હાથવાળો છે.)

અન્ય પાટીદારોનાં પ્રશસ્તિ કાવ્યો :

દેસાઈઓ તો પાટડીના રાજવીઓ હતા એમને માટે ધનની કમી ન હતી. એમને ધન સાથે દિલ પણ હતું. એથી તેઓ વીરતા-દાતારીમાં ડંકો વગાડે તેની નવાઈ નહિ. જેનાં પ્રશસ્તિ કાવ્યો પણ આપણે જોઈ લીધાં.

હવે આપણે ઘરધણી એવા ગરીબ કે મધ્યમ વર્ગના ખેડૂત એવા પાટીદારોની દિલેરીને ઝળકાવતાં કાવ્યો જોઈએ.

એ ન ભૂલાય કે કોઈ ધનવાને આપેલ દાન કરતાં કોઈ ગરીબ કે મધ્યમ વર્ગીએ પોતાના આખા રોટલામાંથી આપેલ અડધા રોટલાનાં દાનનો મહિમા ઘણો વધુ છે.

કલો પારેખ

એનાં બે કાવ્યો મળ્યાં છે. જેથી જાણી શકાય છે કે એ કલો પારેખ ઉત્તર ગુજરાતના ગોઝારિયા ગામના વતની હતા. એમની પ્રતિભા અને દુષ્કાળમાં કરેલ અન્નદાનને ચારણ કવિએ બિરદાવેલ છે.

---

૧. સૌ. યુનિ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૨૫/૧૫૨૪

ગીત (૧)

સત નંદા ધનો તુહારા સેજા,
ભાખે દનિઆ બધી ભલો;
ઝૂંબે બિઆ ઘરે માખિયાં ઝાટકે,
તે દ્દિ કટકે ચરૂ સગાળ કલો....૧

(હે નંદા પારેખના પુત્ર તારાં સુજાણપણાંને ધન્ય છે. બધુ દુનિયા તને ભલો કહે છે. જ્યારે બીજા કંજુસ નરો ઘરે માંખિઓ મારતા હોય છે. ત્યારે કલો પારેખ આ દુષ્કાળના સમયમાં અન્નના ચરૂ ચડાવી અન્નની દેગો રૂપી સૈન્ય લઈ દુષ્કાળમાં સુકાળ બની રહે છે.)

પ્રેમાહરો નવેખંડ પોકેલ,
આઝો દણી પર દિવસ અસો;
ક્રોડ દળાં વચે ચડે કલડો;
જાણું વિક્રમ ભોજ જસો....૨

(આ પ્રેમજી પારેખનો પુત્ર નવેખંડમાં પ્રખ્યાત છે. એનો યશ દિવસ આ પૃથ્વી પર મધ્યાહ્ને છે. એવો આ કલો પારેખ કરોડોનાં શત્રુ સૈન્ય સામે સામી છાતીએ ચડનારો અને દાનેશ્વરીપણામાં વીરવિક્રમ અને રાજા ભોજ જેવો છે.)

કળજગમાં અણભંગ કરડવો,
ચડે દીહ જમ ભરણ ચડે;
બીજા બેસી જમે અગોચર;
પારખ રે ધ્રમ સાદ પડે[૧]...૩

(આ કળિયુગમાં આ કડવો પાટીદાર કલો પારેખ વીરતા અને દાતારીમાં પાછા પગ મેલવાવાળો નથી. જેમ જેમ દિવસ ચડતો જાય છે તેમ તેમ તેને આંગણે ક્ષુધાર્તો માટે અન્નની દેગો ચડતી જાય છે. જ્યારે બીજા ધનપતિઓ છુપાઈને ઘરને છાને ખૂણે જમે છે. ત્યારે આ કલા પારેખને આંગણે ભોજનાર્થે ક્ષુધાર્થીઓને બોલાવવા ધર્મનો સાદ પડે છે.)

ગીત (૨)

કરમવંત ભારે ભરમવંત ધન પ્રાક્રમી,
પરમવંત સણિ સરમ પખતી;
કામ પતશા આગળે કલુ જુ કરંતુ,
દલ્લી પતશા ઘર નકે ડગતી...૧

---

૧. સૌ. યુનિ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૩૦૭/૫૬૫૨

(આ કડવા પાટીદારોના રાજવીને સાગર સમાન મહાન
પુત્ર, ગજરાજો પર ધ્વજો ચડાવી શાહુ મહારાજનો સેનાપતિ
ફરતો હોત તો પુનાના પેશ્વાઓની સત્તા અને પ્રભાવમાં

હળપતાં સોઅ માણ હિંદવાણ ચ,
દજોવણ માણ બાણ ચ દાસ;
ઠાહરે પારખાં રખત જજિઠલ,
તુ વેઠત નહિં પંડવ વનવાસ..

(હે પટેલોના રાજવી, તું હિંદુઓનું માન-ગૌરવ છો.
કવિજનોનો તો સેવક થઈ રહે છે. જો રાજા યુધિષ્ઠિરે તને
હોત તો પાંડવોએ વનવાસ વેઠવાનો સમય ન આવત.)

ભોગવણ આદ ગજરાત બળ ભજાંરી,
દલ્લી દખણી અદલ આદ ડંકા;
પ્રેમહર વજીરી દેત લંકા પતિ,
તુ લેત ન અજુધા પતિ લંકા[1]...

(જે પરાપૂર્વથી જ પોતાનાં ભૂજાબળે ગુજરાતમાં સત્ત
કાર્યકુશવતાના, વહીવટીશક્તિનો દિલ્હી અને મહારાષ્ટ્રમાં ડં
પારેખના વંશજ કલા પારેખને જો લંકાપતિ રાવણે દીવાનગીરી
ભગવાન રામ લંકા વિજય ન કરી શક્યા હોત.)

ચતુર પટેલ[2]

આ ચતુર પટેલ વિશે વધુ વિગતો પ્રાપ્ત થઈ નથ

૧. સૌ. યુનિ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૨/૬૮૭
૨. પાટીદાર : પ્રગતિ...પરિવર્તન : ડૉ. મંગુભાઈ પટેલ પૃ. ૨૧

પ્રશસ્તિકાવ્યોમાં તેમને 'કલાહરા' એટલે કલા પટેલના વંશજ કે પૌત્ર કહ્યા છે. એથી અનુમાન થઈ શકે કે તેઓ પૂર્વોક્ત કલા પારેખના પૌત્ર હશે. વળી તેમને 'અભનેમા ભૂખણ' પણ કહ્યા છે. જેનો અર્થ બીજા ભૂખણદાસ રૂપ એવો થાય છે. હવે ઇતિહાસમાં વીરમગામની જાગીરના મૂળ પુરુષ ભૂખણદાસ હોવાનું જાણવા મળે છે. એથી એવું અનુમાન થઈ શકે ખરું કે ચતુરદાસ પટેલ એ ભૂખણદાસના પુત્ર હશે.

એમના પ્રભાવ, સાહિત્યપ્રીતિ અને વીરતાની પ્રશંસાનાં બે ચારણી ગીતો પ્રાપ્ત થયાં છે. એ બે કાવ્યોના કર્તાઓનાં નામ પ્રાપ્ત થયાં નથી.

ગીત (૧)

પાળતલ કવિઆં અળા બાધી પણે,
સકવિઆં તણા એમ ગીત દુવા સુણે;
ઘણા ભાઈઓ પછે ચઢિયો ઘણે,
તારીઆં દોઈ પખ એમ ભૂખણ તણે....૧

(જેને આખું જગત કવિ લોકોનું પાલન કરનાર કહે છે અને એ રીતે જે ઉત્તમ કાવ્યોનાં ગીતો અને દુહાઓ સાંભળે છે. પોતાના ભાયાતો કરતાં જેણે વિશેષ પ્રગતિ કરી છે. એ રીતે ભૂખણ પટેલના પુત્રે પોતાના માતા પિતાનાં બંને પક્ષોને તાર્યા છે.)

કવણ દુજાં નરાં મીંઢ તારી કરે,
ભલપે તુઆળી કવણ મૂઠી ભરે;
સિઓરા ધરાણે કીધ આદુ સરે,
ફાલ મખ તુહારા નકો પાછા ફરે....૨

(ક્યા બીજા પુરુષો તારી બરાબરી કરી શકે ? તારી ઉદારતામાંથી એક મૂઠીભર ઉદારતા પણ બીજો કોણ દાખવી શકે ? તે તારા ગામ સિઓરને મૂળથી જ તારા કુળના શિરમોડ રૂપ કર્યું છે. કેમ કે તારા મુખેથી નીકળેલ વચનો ક્યારેય પાછાં ફર્યાં નથી. બોલેલું તેં પાછું ગળ્યું નથી.)

આપ પખાં તણા લંગર લજ એમ વડા,
ધજા બંધ તુહારા મેર જેવડ ઘડા;
ખાગ રી તાગ રી વધ લીધે ખડા;
ચતુરા તુહારે ધનો આદુ ચડા....૩

(એ રીતે તેં તારા માતા પિતાના કુળોની આબરૂ વધારી. તલવાર બાંધનારા, તારી કાયા મેરુ પર્વત સમાન છે. અને તું વીરતા અને દાતારીની ટેક લઈ (કવિઓ અને

વેરીઓ સામે) ખડો થયો છે. હે ચતુર પટેલ, આ રીતે તારું કુળ પ્રથમથી જ ધન્યવાદને પાત્ર બન્યું છે.)

ભલપ રા કોટ મન મોટ એમ ભાખિએ,
રૂપકે કવતે રઘ જસ રાખિએ;
દુથીઆં આપ રા કરે એમ દાખિએ,
રાજ પરિઆં તણાં કળવટાં રાખિએ....૪

(તને ઉદારતાના ગઢ રૂપ અને મોટા દિલનો કહિએ. તું કવિજનો દ્વારા તારાં યશોગાન રૂપ ધનને સંગ્રહતો રહેજે. અને કવિજનો તારા થઈ રહે એવી જ વાણી વદતો રહેજે. આ રીતે હે પટેલ, તું તારા કુળની પરંપરા-કુળવટનું રક્ષણ કરતો રહેજે.)

ખાટતલ સદાએ જસ આદુ ખરા,
ધાંન હો વખાણે કેક બાધી ધરા;
પાખલો ચડાઓ કેક અતડે પરા,
હાથાં રે ભામણે ધનો કલાહરા[1]....૫

(સાચે સાચ કાયમથી જ તારું કુળ યશ ખાટનારું છે. તારાં આતિથ્યને સમગ્ર લોક વખાણે છે. તેં વીરતા અને દાતારીનાં પુરમાં કેટલાય નરોને ઓવાળમાં ચડાવી ફેંકી દીધા છે. હે કલા પટેલના વંશજ, તને ધન્ય છે. હું તારી ભુજાઓ પર ઓળઘોળ થાઉં છું.)

ગીત (૨)

ભલ દાતા સુઅણ અભનમાં ભૂખણ,
સકજિ ઘર ગણ જાણ સહાં;
વધ રૂ જાણ જોટાણા વાળું,
કળ દીવું ચતુર કહાં...૧

(ભલા દાતાર, અને પોતાના પિતા ભૂખણ પટેલ રૂપ, અને ભૂખણ પટેલના પુત્ર, તારું ઘર (કુળ) તો સારાં કાર્યો કરવાનું જાણકાર, અને કાવ્યનું જ્ઞાતા છે. વિવેકના જાણતલ આ જોટાણાવાળા ચતુર પટેલને પોતાના કુળનો દીપક કહીએ.)

છત ધારી ગઢ કોટ વગતુ છતુ,
કવણ બરાબરી મીંઢ કરે;
વંકા ભૂપ ગાઅકવાડ વાળી,
ફાલ કચારી નકે ફરે...૨

૧. શ્રી રજનીભાઈ બારોટ-રે. સિદ્ધપુરને ચોપડેથી.

(જે ધનવાન એવો ચતુર પટેલ શહેરે શહેરમાં પ્રખ્યાત છે. એની બરોબરી અને હરીફાઈ કોણ કરી શકે ? વીર એવા વડોદરાના ગાયકવાડ રાજવીની કચેરીમાં પણ ચતુર પટેલના બોલાયેલા બોલ ઉથાપાતા નથી.)

કળવંત પોંચ ધન કરડુઆ,
ખાટણ વધ સ વધ ખરા;
મનસુબા બાજ સુબે સનમાનુ,
હાથ વડે કલીઆણ હરા[1]....૩

(યશના ખાટનાર કડવા પટેલ, તારી શક્તિને ધન્ય છે. હે મહાભૂજ કલા પટેલના પૌત્રના, વિચારોને તો સુબા બાજીરાવે પણ સન્માન સહ સ્વીકાર્યા છે.)

બીજલ પટેલ

સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લાના ધજાળા ગામના બીજલ પટેલને ભગવાને ધન આપ્યું. તો વિવેકી અને પખતા દિલના બીજલ પટેલે એ નાણાં સુમાર્ગે વાપરીને ધજાળામાં ભગવાન લક્ષ્મીનારાયણનું મંદિર બાંધ્યું. અને ભારે ધામધૂમથી મૂર્તિ પ્રતિષ્ઠા કરાવી. માધવદાસ રોહડિયા નામે ચારણે બીજલ પટેલના એ ધર્મપ્રેમ અને સુકાર્યે ધન વ્યય કરવાની દિલેરીને આ રીતે કાવ્યબદ્ધ કરીને અમર કરી.

ગીત

પૂછે પંડિત મંડે લગન રૂ પાઉ,
ગણીઅણ સજસ મખામખે ગાઉ;
જસરી રાતિ ગણેશ જાઉ,
બીજલ મંદર ભલુ બણાઉ....૧

(પંડિતોને પૂછી શુભ મુહુર્ત કઢાવી મંદિરનો પાયો નંખાવ્યો. ત્યારે કવિઓએ બીજલ પટેલનાં આ ઉમદા કાર્યનાં યશોગાન ગાયાં કે યશ રાત્રિએ જન્મેલ આ ગણેશ પટેલના પુત્રે ભલું મંદિર બનાવ્યું.)

લખ માઈઆ ઘણુ જશ લાઉ,
ડાટી નહિ માઆ પંડે ડાઉ;
લાડ કરી લખમીવર લાઉ,
સવર માનખુ ભલુ સરાઉ....૨

૧. શ્રી રજનીભાઈ બારોટ રે, સિદ્ધપુરને ચોપડેથી.

(તેણે લાખો રૂપિયા ખર્ચીને ઘણો યશ લીધો. કેમકે તે પોતે ડાહ્યો માણસ હતો, એથી લક્ષ્મીને ભૂમિમાં દાટી સંગ્રહી નહિ. પણ ઘણા લાડકોડથી ભગવાન લક્ષ્મીપતિને પધરાવ્યા. ત્યારે એને એનાં આ સુકાર્ય માટે સર્વ લોકોએ વખાણ્યો.)

જાઆં મનખ બિઆં નહ જાણેં,
બીજાં ન જડે ક્રત ગોતિઆં નાણેં;
પ્રસધિ કિધિ મેર પ્રમાંણે,
માંણે રે નરપતિ સવર માંણે[1]...૩

(બીજાં માનવો જનમ્યાં છે. માનવ અવતાર પામ્યાં છે તેઓ આ રીતે સુકાર્યોમાં દ્રવ્ય વ્યય કરવાનું સમજ્યાં જ નહિ. બીજાંઓને આવા સુકાર્યો કરવાનું શોધ્યું પણ જડતું નથી. ત્યારે હે બીજલ પટેલ, તેં તો તારો યશ આવાં સુકાર્યો વડે મેરૂ પર્વત જેટલો ઉન્નત કર્યો, બાકી આવાં સુકાર્યો કરીને લક્ષ્મીને માણવાનું તો રાજવીઓ ને જ પરવડે.)

લાલજી પટેલ

વણસર ગામના લાલજી પટેલ સાહિત્યપ્રેમી અને કવિઓની કદર કરી જાણનાર હોવાનું એમની પ્રશંસામાં કોઈ અજ્ઞાત કવિએ રચેલ એક કાવ્ય કહે છે.

એ લાલજી પટેલ વીરનર હોવાનું પણ કવિ કથન કરે છે. વણસર ગામ ક્યાં આવ્યું એ અંગે કોઈ વિશેષ વિગત મળતી નથી. એ ગાંગા (ગંગ) પટેલનો પુત્ર હોવાનું પણ કાવ્યમાંથી જાણવા મળે છે. સાથે એ કરણસિંહ નામે કોઈનો માનિતો હોવાનું પણ જણાય છે. સંભવ છે કે કરણસિંહ કોઈ રાજવી હશે.

વડી જાએગા માનીઉ જાણ ચઉદે વધા,
તુઉ વણસર વખાણે ધક તાલા;
મહા વધ જાંણ કરણેસ રા માંનીઅલ,
લખુ દત વરિસણ સુહડ લાલા....૨

(હે ચૌદ વિદ્યાના જ્ઞાતા, તારાં સ્થાનની મહત્તાને બધાએ સ્વીકારી અને ભાગ્યવાન એવા તને તેમ તારું વતન વણસરને પણ સૌ પ્રશંસે છે. મહાજ્ઞાનિ એવા કરણસિંહનો માનિતો વીર નર લાલો પટેલ લાખપસાવ દેવાવાળો છે.)

---

૧. સૌ. યુનિ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૧૧/૫૧૨

સરોમણિ પ્રગટિઉ અકલવંત આ સમે,
રખણ અંગ માંઝળી ભલપ રીતાં;
કરાંરા પખત ધનો નખત્રવંત કરડવા,
ગંગ સત પારખણ અખર ગીતાં....૨

(આ સમયમાં બુદ્ધિશાળી અને પાટીદારોમાં શિરોમણી એવા આ લાલો પટેલ જનમ્યો કે જે પોતાનાં દિલમાં ભલપણની રીતભાતો રાખી રહ્યો છે. એ કાવ્ય-કવિતાનાં મૂલ્યો આંકી જાણનાર. લાંબા હાથવાળા, અને ઉત્તમ નક્ષત્રોમાં જન્મેલા કરડવા પટેલ ગાંગાના સપુતને ધન્ય છે.)

પુહવિ સર ઉપરાં આજ છૂટે પટે,
વડમ ભરિ સજસ અંગ રાખણ વાલા;
વિદવાં પાળ પ્રચાળ ભડ વાંકડા,
લાગિઉ કરમ ગિણાંગ લાલા.[૧]....૩

(પૃથ્વી પર આજે જાહેર રીતે મહત્તા અને સુયશને ધારણ કરી રાખવાવાળા, યશપ્રીતિવાળા, એવા વિદ્વાનોને આદર આપનાર મહાભૂજ અને વિકટ વીર એવા હે લાલા પટેલ, તારું નસીબ આકાશ જેટલું ઉન્નત થઈ ગયું છે.)

કીકો છત્રાળો

આ કીકા પટેલે અકબર બાદશાહના સમયમાં દિલ્હીમાં મા ઊમિયાના પરચાથી દિલ્હીની ગાદી સાડાત્રણ દિવસ ભોગવેલી અને અંતે પોતાનું સર્વસ્વ દાનમાં આપી દીધેલ એનો દુહો મળે છે.

કીકુ સમો ન કરડવો, રાણા સમો નહિ રાણ,
અકબર સમો ન બાદશા, સહદેવ સમો ન જાણ[૨]...૧

(કીકા છત્રાળા સમાન બીજો કોઈ કડવો પટેલ નથી. રાણા (પ્રતાપ) સમાન બીજો કોઈ રાજવી નથી. બાદશાહોમાં અકબરશાહનો બરોબરિયો બીજો બાદશાહ નથી. તેમ સહદેવ સમો કોઈ જોષી પણ નથી.)

હીરો પટેલ

મોરબી તાલુકાના ઘૂંટુ ગામમાં હીરો પટેલ દાનેશ્વરી લેખે નામના કમાઈ ગયેલા. એમણે યાચકોને વિપુલ ઘોડાં દાનમાં આપેલાં. એના દુહા પણ યાચકોને મુખે વહેલા.

---

૧. સૌ. યુનિ.ગુ.ભા.સા.ભ.ચા.સા.હ.પ્ર. ભંડાર : ૨૫/૧૫૪૩
૨. શ્રી કાશીરામભાઈ વ્યાસ, રે. ખાખરાળા, તા. મોરબીને મુખેથી.

એમાંથી એક દુહો પ્રાપ્ત થયો છે.

ઘૂંટુંમાં ઘોડાં દિયે, હીરો વાહ રે હદ;
જેની માતા વાલબાઈ, જમાડે નવે નધ.[૧]...૧

(ઘૂંટું ગામમાં ઘોડાંના દાન દેનારો હીરો પટેલ દાતારીમાં હદ કરે છે. તો એમનાં માતા વાલબાઈ યાચકોને ઉત્તમ પકવાનો જમાડે છે.)

મહીદાસ કાલરિયો

જેતપુર (કાઠી)ના ખીરસરા ગામનો મહીદાસ કાલરિયો શૂર, દાતાર અને ભક્ત લેખે નામના પામી ગયેલો. એના પણ દુહાઓ છે. જેમાંથી એક પ્રાપ્ત થયો છે.

જેતાણે જાતાં વચ્ચે, ખીરસરૂં ખરૂં,
મહીદા મારગ માંય, કોરિયું દિયે કાલરિયો.[૧]...૨

(જેતપુર જતાં વચમાં ખીરસરૂં ગામ આવે છે. ત્યાંનો મહીદાસ કાલરિયો અધ રસ્તે સામા મળેલા યાચકોને દાનમાં કોરિયું (મધ્યકાળનું એક નાણું) આપે છે.)

જેઠો ફળદુ

પોરબંદર તાબેના રાણાવાવ ગામનો પટેલ જેઠો ફળદુ પોતાના સમયમાં દાનવીર લેખે નામના પામી ગયેલો. એની દાતારી પર સો જેટલા દુહા કવિજનોએ રચ્યાનું કહેવાય છે. પણ અમારાં સંશોધનમાં અમને નીચેના ત્રણેક દુહા મળ્યા છે.

બરડા કાંઠે જેઠિયો, રાણાવાવનું રૂપ,
ફૂલમાં ફૂલ વાસનાં, જેને જાણે સૌ ભૂપ.[૧]...૧

(બરડા કાંઠેના રાણાવાવ ગામનો જેઠો ફળદુ રાણાવાવ ગામની શોભા રૂપ છે. ફૂલની સુગંધ ફૂલની પિછાન દે તેમ જેઠાની ઉદારતાની ખ્યાતિએ તેને સૌ રાજવીઓમાં જાણીતો કર્યો.)

એક ઘરે દોનું ભલાં, દોનું માણાં ચંગાં;
જેઠો પંખીનો પ્રાગવડ, ઘરે ફૂલબાઈ ગંગા...૨

(એક જ ઘરમાં પતિ-પત્ની બંને ઉદાર અને સજ્જન છે. જેઠો પટેલ યાચકોરૂપી પંખીઓ માટે પ્રાગવડ છે. તો તેમનાં પત્ની ફૂલબાઈ ગંગાજી રૂપ છે.)

એ જેઠા ફળદુએ ગાંડી દાતારીને કારણે આર્થિક સંકડામણ પણ અનુભવી હશે તેમ એક દુહો જોતાં જણાય છે.

---

૧. શ્રી કાશીરામભાઈ વ્યાસ, રે. ખાખરાળા, તા. મોરબીને મુખેથી.

જેઠો કહે જગદીશને, પ્રભુ રાખે મો પત;
આગળ હાલે માગણાં, પાછળ લેણાયત[1]...૩

(પટેલ જેઠો ફળદુ પરમેશ્વરને પ્રાર્થે છે કે હે ભગવાન મારી લાજ રાખજે. મારી આગળ સામે યાચકો ચાલ્યા આવે છે. તો પાછળ લેણદારો ઉઘરાણી કરવા આવી રહ્યા છે.)

દુહો દાતારોનો

મોરબી પંથકના મધ્યકાલીન દાનેશ્વરી કડવા પટેલોનાં નામો ગૂંથેલો એક દુહો મળ્યો છે.

ટંકારે ગોકળ ઘેટિયો, ભૂત કોટડે ભવાન;
રંગભીનો રૈયાણી તણો, ભલપું કરે ભગવાન[1]...૧

(ટંકારા ગામમાં પટેલ ગોકળ ઘેટિયો અને ભૂત કોટડા ગામમાં રંગભીનો પટેલ ભગવાન રૈયાણી ભલાઈ (દાનવીરતા) કરે છે.)

પટેલ કેશવજી ડઢાણિયા

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના સુપેડી ગામમાં કેશવજી ડઢાણિયા નામે કડવા પટેલ વિ. સં. ૧૮૪૦ની આસપાસ થયેલા. તેઓ ધર્મનિષ્ઠ અને દાનેશ્વરી હતા. તેમણે સુપેડીમાં ભવ્ય મંદિર બંધાવેલ. આ પ્રસંગને આંખે જોઈને કોઈ કવિએ કાવ્યબદ્ધ કરેલ છે. એ ચારણી ગીત અમને સંશોધન દરમિયાન પ્રાપ્ત થયું છે. તે જો કે અશુદ્ધ અને માત્રા મેળના ભંગવાળું છે. તો પણ જેવું મળ્યું છે તેવું અત્રે પ્રસ્તુત કરેલ છે.

ગીત

સંવત અઢાર ચાલીશમેં જાણ જોષિયાં,
તેડાવિયા ભલા પંડિતાં પૂછિઆ જોષ;
શુભ લગન દિયા સારા, પૂજા ધ્યાન આદરિયો,
ભુવન થકી નાથદ્વારા, આછા ધજાબંધી
કેશુ કિયો કિયો હરિ કેરો ધામ
આસો માસ જેઠા ભલા કૃતિકા નક્ષત્ર અછા,
વૈશાખ માસ અમૃત લગન, ત્રીજ સોમવારા....૧

(વિ. સં. ૧૮૪૦માં જાણતલ જોષિડાઓને તેડાવ્યા અને એ ભલા પંડિતોને મુહુર્ત

---

૧. શ્રી કાશીરામભાઈ વ્યાસ, રે. ખાખરાળા, તા. મોરબીને મુખેથી.

અંગે પૂછ્યું. ત્યારે જોષિઓએ શુભ લગ્ન શોધી આપ્યું. અને પૂજા પાઠ આરંભ્યો. આ રીતે પૃથ્વી પર નાથદ્વારા જેવું સરસ હરિમંદિર કેશુ ડઢાણિયાએ કર્યું. આસો માસમાં જ્યેષ્ઠા અને શુભ એવા કૃતિકા નક્ષત્ર અને બીજું મુહુર્ત વૈશાખ માસની ત્રીજ, સોમવાર અને અમૃત લગનનું આપ્યું.

પાયાકા દિયા મૂરત, પણ ધારી ઊઠી આયો;
તે બેલ દાસ તણાં કરું કે તરાં બખાન,
જાંણે મંડાણો લંકા માથે પાજ કા મંડાણ;
થોકે થોકે પૂતળિયું બિરાજ્યા તાકસીન,
પાષાણ પારહો ન આવે, વાકા આરસ કા દિયા ચુના,
ચાહના અસન હેમ કા દુવારા હુવા,
હિંગળા દિઆ હે ચંદન બણે કપાટ,
મોતિયું કી ગણત્રી નાવે, ચોક નોતરા દિયા કે,
ચોય દશ કિયા નામા કુંભાકા પટેલ....૨

(આ રીતે પાયાનું મુહુર્ત જોષિઓએ આપતાં ટેકધારી એવો કેશવ ડઢણિયો ત્યાંથી ઊઠીને મંદિર જ્યાં કરવું હતું તે સ્થળે આવ્યો. એના બળદો અને સાથીઓ (નોકરો)ની કેટલી પ્રશંસા કરું ? જાણે લંકાના સાગર માથે પુલ બાંધવાનો હોય તેમ ત્યાં સ્થંભોમાં વિપુલ પ્રમાણમાં કોતરકામ કરીને પૂતળિઓ બેસાડી. કોતરકામના પથ્થરોનો આ રીતે પાર ન પમાય. એ મંદિરને આરસનો ચૂનો લગાડ્યો. હરિનું આસન (સિંહાસન) અને દ્વાર સોનાનાં થયાં. કમાડો લાલ વર્ણનાં અને ચંદન કાષ્ટના બન્યાં. તેમાં (જડેલ) મોતીઓની તો ગણત્રી જ ન થઈ શકે. ચારેકોર રાજવીઓને (મંદિરનું ભર્યું કરવા પ્રસંગે) નોતર્યા. આ રીતે હે ભા'કુંભાજીના પટેલ, તેં ચારેય દિશાઓમાં યશ પ્રસાર્યો.)

કેશા કરે ભલા કામ સોરઠ ધરા માંહિ,
ધોરાજી પરગણે સુપેડીએ કિયો ધામ;
પાટવી પધારા પોતે નાટારંભ કરે ગાય,
પરસો માવલ કેરો કે સૂરજ કેરો,
આપે પાત્ર ડઢાણિયા રાવ નહિ તુહારો દાવો,
સાત સો મણ ધ્રત ચોખાં, અગિયારસો મણ ધાન,
તેર સો ધર મોર બ્રાહ્મણાં કું દીના તાં,
જે જે કાર હુવા ભલે કડવાનાં જાયા,
વંશકા ઉધોત કરું કેતરા વખાંણ[૧]....૩

૧. શ્રી કાશીરામભાઈ વ્યાસ, રે. ખાખરાળા, તા. મોરબીને મુખેથી.

(હે કેશા પટેલ, તેં સૌરાષ્ટ્ર પ્રદેશમાં ઘણું ઉમદા કાર્ય કર્યું. ધોરાજી પરગણાંના સુપેડી ગામમાં તેં હરિ મંદિર કર્યું. આ પ્રસંગે ગોંડલના પાટવી કુમાર પધાર્યા ત્યારે ગરબી અને રાસ ગાયાં-રમ્યાં. તારું અખૂટ ધન જોતાં કાં તને સૂરજ મહારાજનો કે પછી માવલ સાબાણી*નો પરસો પ્રાપ્ત થયો હોય તેમ લાગે છે. તેં કવિજનોને એટલું દાન આપ્યું કે તેટલું દાન આપવાનો દાવો રાજવીઓ પણ ન કરી શકે. તેં બ્રાહ્મણો, બારોટો, ચારણોને ઘરોઘર દક્ષિણા દેતાં ૧૩૦૦ સોના મહોરો વાપરી, ત્યારે તારો સર્વત્ર જયજયકાર થયો. વંશના સૂર્યરૂપ કડવા કેશા પટેલ, તારાં કેટલાં વખાણ કરું ?)

પટેલ ગોવિંદ કણસાગરા

માણાવદર (જિ. જૂનાગઢ) તાલુકામાં લીંબુડા નામે ગામ છે. ત્યાં ગોવિંદ કણસાગરા થઈ ગયા. એને પણ ભગવાને ઉદારતાથી માયા આપેલી પણ લાંબી નજરવાળા ગોવિંદ પટેલે માયામાં બંધાવાને બદલે પ્રભુએ આપેલી લક્ષ્મીને પ્રભુપ્રિત્યર્થે વાપરીને લીંબુડા ગામમાં ભવ્ય એવું મંદિર બંધાવીને નાણાંને હાથનો મેલ ગણી સદ્કાર્યોમાં વાપરી નાખેલાં. આજે પણ લીંબુડા ગામમાં ગોવિંદ બાપાએ બંધાવેલું મંદિર અડિખમ ઊભું છે. આ ગોવિંદ કણસાગરાનાં એ સુકાર્યોની પ્રશંસામાં કોઈ કવિએ ચારણી પ્રશસ્તિ કાવ્ય રચ્યું છે. જેમાં ગોવિંદ કણસાગરાનાં સુકાર્યનાં યશોગાન તો છે. પણ સાથે એ કાવ્ય ગોવિંદ કણસાગરો કેવળ દાતાર જ નહિ પણ સાથે સાથે વીર પુરુષ હોવાનું કહે છે. એ જોતાં જણાય છે કે, ગોવિંદ પટેલે કેવળ નાણાં જ નહિ પણ સાથે સાથે તલવાર પણ વાપરી જાણી હશે.


ગીત

પાયા નાંખિયા પનંગા પીઠ, ઊમંગે સે કિયા ઊભા;
ગરવરાં ટૂક જેસા રામ રા ગિરિશ;
ગઢપતિ છત્રપતિ વા ભણે તુહારી ગોવા,
નરપતિ ઘણા ભેચકે રિયા નરેશ....૧

(શેષનાગના શીરે પાયા નાખીને ઉત્સાહપૂર્વક તે પહાડનાં શિખર સમાન ઉત્તુંગ એવું ભગવાન કૃષ્ણનું મંદિર ઊભું કર્યું. હે ગોવા (ગોવિંદનું લાઘવીકરણ પામેલું નામ) પટેલ, એ જોઈને અનેક રાજવીઓએ તારી વાહ વાહ કરી. અને ઘણા રાજવીઓ તારાં એ કાર્યથી આશ્ચર્ય પામી સ્તબ્ધ થઈ ગયા.)

* માવલ સાબાણી આજથી ૯૦૦ વર્ષ પહેલાં થયા, તેઓ કચ્છના રા'લાખાના કવિ હતા. એમની પાસે સુવર્ણ પુરુષ (પારસો) હતો.

રામબણાઆ રૂદ્ર ગાથા, ત્રિલોક બાંધે સારા,
ખાટિયો વિરાણી દઈ ખલક;
જોધ ધણણ દેવડે રાગ ફટ કરે,
ધરમશી ધુનિ વદ જાણ.



(લીંબુડા, તા. માણાવદર, જિ. જૂનાગઢમાં પટેલ ગોવિંદ કણસાગરાએ બંધાવેલ ભવ્ય હરિમંદિર (પ્રાસાદ) જે પટેલોનાં ધર્મપ્રેમ અને દાતારીની ગૌરવગાથા બની રહે છે.)

(તેં ત્રણેય લોકમાં ભગવાન શિવની જેમ રિઝી જઈને માગ્યું આપી દેવાની) ઉદારતાની કથા રચિ. અને એ ઉદારતાથી તેં ત્રણેય લોકને વશ કરી લીધા. આ રીતે વીરા પટેલના પુત્ર ગોવિંદ, તેં આ લોક-પરલોક બંનેમાં શ્રેય પ્રાપ્ત કર્યું. એ મંદિરમાં સંગીતનો જાણકાર સંગીતયોદ્ધો એવો ધરમશી નામે ગવૈયો રાગ-રાગણી લલકારે છે.)

લીંબુડા સમી કોણ સાધે,
ઓળગે લીંબુડા તણી કૈંક ઉગરે;
બીજો કોણ લીંબુડા સમી બાંધે*
....૩

(આ લીંબુડાની હરિફાઈ કરવા કોણ બીજા તૈયાર થશે ? લીંબુડાને આશરે આવેલા અનેક ઉગર્યા છે. તો હવે કયો નર લીંબુડા સામે થવા તૈયાર થાય ?)

છત્રિશ રાગ તો લીંબુડા છાજે,
ત્રણ રાજાથી ત્રણ ગણો,
ગોવિંદો લીંબડે ગાજે,
અનમ લીંબુડું ઘણા જુગ જીવે,
લીંબુડું અરિયાં ભાંજે[1]....૪

(લીંબુડામાં (હરિમંદિરે) છત્રિશ રાગનાં ગાવણાં શોભે છે. ત્રણ રાજવીઓ કરતાંયે ત્રણ ગણો ભારે એવો ગોવિંદ કણસાગરો લીંબુડા ગામે (સિંહની જેમ) ગર્જનાઓ કરી રહ્યો છે. અણનમ એવું આ લીંબુડા ગામ ઘણા યુગો સુધી અમર રહેજો. કેમકે એ લીંબુડા ગામ શત્રુઓને ભાંગી નાખનારૂં છે.)

રાજાશાહી જમાનામાં આઝાદી પહેલાં મોરબી ઠાકોરે લોકશાહી ઢબે રાજ્ય વહીવટ થાય અને ખેતી તથા ખેડૂતની ઉન્નતિ થાય એવી ઇચ્છાથી મોરબી રાજ્યમાં ખેડૂતો પ્રતિનિધિ રૂપે સત્તર પટેલોને નીમ્યા હતા. પ્રજાકીય તેમ વસ્તી અને ખેતીની હરકોઈ બાબતે ઠાકોર વાઘજીએ ખેડૂત પ્રતિનિધિઓની સલાહ પ્રમાણે જ ચાલતા. અને એ ખેડૂત પ્રતિનિધિઓની પડખે જ હરકોઈ મામલામાં ઊભા રહેતા. પોતાને જો કોઈ પ્રતિનિધિ પટેલના ગામે જવાનું થાય તો સૌ પ્રથમ જે તે પટેલની રજા અને મંજૂરી માગતા જો પટેલ રજા આપે તો જ એ ગામે જતાં. આવી પ્રીતિ અને શિસ્ત મોરબી ઠા. વાઘજી રાખતા.

આ સત્તર ખેડૂત પ્રતિનિધિઓમાં ધુનડા ગામના પટેલ વાલજી જીવાણી હતા. એ વાલજી જીવાણી બહુ સત્ય વક્તા અને નિર્ભિક નર હતા.

એ વાલજી દાતાર નર પણ હતા. ઘણું કરીને એમના પુત્રનાં કે કુટુંબના કોઈનાં લગ્ન વખતે તેઓ મોવૈયા ગામે જાન લઈ ગયેલા. એ પ્રસંગે પોતાની પાણી પંથી અને

---

* આ આખું ગીત માત્રા મેળ અને પ્રાસ મેળની રીતે અપૂર્ણ મળ્યું છે. સાથે અશુદ્ધ ભાષા પણ કંઠોપકંઠ ફરતાં પ્રવેશી ગઈ છે.

૧. શ્રી કાશીરામભાઈ વ્યાસ, રે. ખાખરાળાને ચોપડેથી.

મૂલ્યવાન એવી માંકડી ઘોડી કોઈ કવિને દાનમાં આપેલ. જે પ્રસંગને કવિએ એક કાવ્યમાં કંડારીને અમર કરેલ છે. એ કાવ્યાકર્તાનું નામ મળ્યું નથી.

ગીત

કશો વાદ કિયો કણસાગરા
કડકિયો ગર્જના કીધી મેની પે'રે
ખૂટલ બીજા ખૂટિઆ
હીરા વિના ત્રિઠ કોણ ઝાલે આ ફેરે....૧

(હે વાલજી જીવાણી (કણસાગરા) તારા સામે આ હરિફોએ શી સ્પર્ધા માંડી ? તેં જ્યાં દાન દેવા માટે મેઘગર્જના જેવો લલકાર કર્યો ત્યાં તો બીજા ભાગેડુઓ મેદાન છોડી ગયા. સાચા હીરા વગર વિંધાવાનું સંકટ કોણ સહે ?)

મોવૈયા ચોકમાં દીધી ઘોડી માંકડી,
ભલો ભલો કણબિયાં દેશ ભાખે,
ઉજળી જાનને ઉજળો માંડવો,
રંગ છે જીવાણી જગત આડો આંક આખે....૨

(તેં મોવૈયા ગામના ચોકમાં જ્યાં માંકડી ઘોડીનું દાન કર્યું ત્યાં તો આખો મોરબી પંથક તને 'ભલો ભલો પટેલ' કહીને બિરદાવી રહ્યો. તેં જાનને અને માંડવાને ઉજળો કરી બતાવ્યાં. દાતારીમાં આડો આંક વાળ્યો. એમ કહેતાં જગત 'રંગ છે જીવાણી'ને એમ રંગ દેવા માંડ્યું.)

અઢી કોશ લગી કોરિયાં વાપરી,
જાણે મેઘ અષાઢી ઉઠે;
કશો વાદ કીધો કશા· રા ધડકિયા,
ગરજના કીધી જીવાણી મેઘ જઠે....૩

(જાન મોવૈયાથી પાછી ધુનડા આવતાં તેં રસ્તામાં અઢી કોશ સુધી યાચકોને કોરીઓનું દાન આપ્યાં. જ્યાં તેં અષાઢી મેઘ જેવી ગર્જના કરી ત્યાં તારો વાદ કરનારનાં કાળજાં ફડફડી ઊઠયાં.)

વીરપરડા તા. મોરબીના જિ. રાજકોટના કવિ શ્રી જુગરામભાઈ વ્યાસે એ વાલજી જીવાણીના કેટલાક જીવન પ્રસંગોને કાવ્યોબદ્ધ કરીને શાશ્વત બનાવ્યા છે. જે કાવ્યો અત્રે પ્રસ્તુત છે.

કવિત

કંટો એક ભૂપ ભયો મયુર કી ગાદી પર,
વાઘજી વીરલ હાકે સાવજો ભગાવતો;

જાકે રાજ મહીં વસે પાટીદાર કડવા યે,
પ્રતિનિધિ સત કો સ્વમાની વસાવતો;
તામે કુળ જીવાણી કે પ્રતિનિધિ વાલજી યે,
સત ભાખી માની રાજ સ્નેહે સન્માન તો,
પરગજુ પંથ લહી વસ્યો ગામ ધુનડે તું,
વાલજી વિવિધ ભાતે ગરીબો હસાવતો....૧

(મોરબીની ગાદી ઉપર વાઘજી નામે એક વીર રાજવી થયા. જેની હાકથી સિંહો પણ નાશી જતા. એના રાજમાં એ કડવા પાટીદારો વસતા હતા. એમાંથી સત્યના આગ્રહીઓને પ્રતિનિધિ લેખે નિમતો હતો. એમાં જીવાણી કુળના પ્રતિનિધિએ વાલજી પટેલ હતો. તેમને સત્યવક્તા લેખે ઠાકોર વાઘજી આદરપૂર્વક સન્માન આપતા હતા. એ વાલજી પટેલ પરમાર્થનો રસ્તો ગ્રહણ કરીને ધુનડા ગામમાં વસ્યા. ત્યાં અનેક પ્રકારે તે ગરીબોનાં સંકટો ટાળી તેમને હર્ષિત કરતો હતો.)

પૂછે એક દિન નૃપ ચતુર પટેલ જુ કો,
કહો કેશી ભેટ ભેજું સરપાવ પાઘકો;
મેરી ભેટ, માફ કરો વિઘોટી આ વરસતણી,
રાજ બધે ભૂંસાયો તે દ્રરિદ્ર કે ડાઘકો;
પરગજુ પંથ લઈ વસિયો ધુનડે તું,
વાલજી વિવિધ ભાંતે રાજ લાભ કો...૨

(એક દિવસ ઠાકોર વાઘજી એ ચતુર એવા વાલજી પટેલને પૂછ્યું : 'કહો પટેલ, પાઘડી અથવા શિરપાવની કે બીજી કોઈ ભેટ દઉં ?' ત્યારે વાલજી પટેલે કહ્યું : 'આ વરસની ખેડૂતોની વિઘોટી માફ કરી દો. એ જ મને મનગમતી ભેટ છે. ' આ રીતે વિઘોટી માફ કરાવીને વાલજી પટેલે મોરબી પંથકમાં ખેડૂતોની નિર્ધનતાનું કલંક ભૂંસાવ્યું. આ રીતે વાલજી પટેલ ખડેતૂનો લાભનો-પરમાર્થનો પંથ ગ્રહણ કરી ધુનડામાં રહ્યા અને આ રીતે ખેડૂતો માટે રાજના વિવિધ લાભો પ્રાપ્ત કરાવવાનો રસ્તો એમણે ગ્રહણ કર્યો.)

રૂવાડે ભરેલો ભારી દીવાનો દીવાન એક,
માતેલા સાંઢની જેમ બહુધા બકારતો;
દુકાળે દુભેલ પ્રજા માથે શીરજોર વડે,
મંડાણો મહેસૂલ લેવા હુકમે હજાર તો,
આજ તે દીવાન પરે સિંહ પેરે છૂટ્યો વાલો,
ભૂંડે હાલ કરી કાઢ્યો પાપને પોકારતો.

વાલજી જીવાણી તારાં માત પિતા ધન્ય કર્યાં.
કુળવટ ભલવટ ધુનડે વિહારતો.....૩

(મોરબીનો એક મદાંધ અને ફાટેલ દીવાન હતો. એ કાયમ માતેલ સાંઢની જેમ બરાડા પાડતો. એ દીવાન દુકાળ પીડિત પ્રજા પાસેથી બળજબરીથી કડક હુકમો કરી મહેસૂલ વસુલવા માંડ્યો. ત્યારે એ જુલમી દીવાન માથે સિંહની જેમ વાલજી પટેલ ત્રાટક્યો. અને એ દીવાનને મોરબીમાંથી ભુંડે હાલે પોતાનાં પાપ પોકારતો બરતરફ કરાવ્યો. આ રીતે કુળવટ અને ભલપણને જાળવીને હે વાલજી જીવાણી, તેં તારાં માતા પિતાને ધન્ય કર્યાં.)

વાગુદડ પ્રજા ત્રાસી ધ્રોસ કે ઠાકોર થકી,
વાલજી તું વેગે ધાયો વિપદ વિદારવા;
કહે રાજ આવે આજ પટેલ જો ધુનડેથી
કરો ઠાર જોઉં કોઈ આવે છે ઉગારવા;
મેમાનુંની પગંત છોડી માણકી તૈયાર કીધી,
દીધી દોટ રાજ મહેલે કહે આવો મારવા;
નૈતિક નિડર જોયો જીવાણી તે ઝાઝા રંગ,
નરેશ રિઝાયો મન વાંછિત લૈ ધારવા....૪

(ધ્રોળનાં વાગુદડ ગામની પ્રજા ધ્રોળ ઠાકોર (અમલદારો)થી ત્રાસી ગઈ હતી. એ વાત જાણી વાલજી જીવાણી તે પ્રજાનું દુઃખ ટાળવા વાગુદડ ગયો. એ વાતની જાણ ધ્રોળ ઠાકોરને થતાં તેમણે કહ્યું. ધુનડાથી પટેલ વાલજી જીવાણી ધ્રોળ આવે તો તેને ઠાર મારવો. જોઉં છું કોણ એને બચાવવા આવે છે.' એ વાત મહેમાનો વચ્ચે બેઠેલા વાલજી જીવાણીને કોઈકે કહી અને તરત જ વાલજી જીવાણીએ ઊઠી પોતાની માણકી ઘોડી પલાણી. ધ્રોળના દરબારગઢમાં આવી ઠાકોરને કહ્યું, 'લ્યો મને મારો.' આ રીતે પોતાની નૈતિકતા અને નીડરતાથી વાલજી પટેલે ધ્રોળ ઠાકોરને રીઝવીને એમના પાસેથી પોતાની મનોકામના સિદ્ધ કરી.)

અષાઢી જોવાને બીજ ભૂપે દરબાર ભર્યો.
પૂછિયો એક એક કો બીજ કેશી ચમકી;
ખુશામતે હા એ હા કરી કહે દેખી હજો,
નામદરા નક્કી ભઈ વિદ્યુત ઈશાન કી;
મોનધારી જીવાણીકો વાદો જબ પૂછ્યો તબ,
સાચી વાણી જાણી રાજ તોષિ ઊઠ્યો જીવાણી પે,
શાબાસ પટેલ તેં તો જાણી મેરા મન કી....૫

(અષાઢી બીજના દર્શન અર્થે ઠાકોર વાઘજીએ કચેરી ભરી અને (વીજળી ન થવા છતાં) સૌ કોઈને પૂછ્યું : 'વીજળી કેવી ચમકી ?' ત્યારે સૌ ખુશામતખોરોએ હા એ હા કરતાં કીધું : 'નામદાર અમે પણ જોઈ છે. એ વીજળી ઈશાન કોણની હતી., ત્યારે મૌન ધરી બેઠેલા પટેલ વાલજી જીવાણીને વીજળી અંગે પૂછ્યું. ત્યારે વાલજી પટેલે સાચે સાચું કહ્યું કે 'વીજળી પોતે જોઈ જ નથી. તેમ ચમકી પણ નથી. ' આ સત્યવાણીથી ઠાકોર વાઘજી રાજી થઈ ગયા. તેમણે કહ્યું : 'પટેલ, તેં મારા મનની વાત (પારખું કરવાની) જાણી. તને શાબાશ છે.')

રાજના ભંભેરી કાન, ગૌ દ્રોહી જન કહે,
ખેડી નાંખો ટંકારા કી ધરા ગૌચર કો;
કાળો કકળાટ હતો ભારોભાર ભૂખ તણો,
મજૂરો યે ખજુરો કો પડો પાવ શેર કો,
વ્રતાંત સુણીને ધ્રુજી ઊઠ્યો દિલ જીવાણી કો,
દોડી ગયો જગાવાને તખત નરવર કો;
હુકમ છોડાયો તરત ગૌચર બચાવો ઝટ
જીવાણી કો જાયો કલ્પદ્રુમ સરવર કો.....૬

(કેટલાક ગૌ દ્રોહી માણસોએ મોરબી ઠાકોરના કાન ભંભેરીને ટંકારાનું ગૌચર ખેડી નાખવા કહ્યું. એ સમયે દુષ્કાળનો કાળો બોંકાસો હતો. ભૂખની લાયવાળા મજૂરો રૂપી કાનખજુરા પર જાણે ભૂખ રૂપ સિંહનો પગ પડ્યો. તેઓ ગૌચર નષ્ટ કરવા કામે લાગ્યા. એ વાત વાલજી જીવાણીએ જાણી ત્યારે એનું દિલ એ અધર્મ કાર્યથી ધ્રૂજી ઊઠ્યું. અને ઠાકોર વાઘજીને જગાડવા એ મોરબી દોડી ગયો. અને ત્યાંથી તુરત જ ગૌચર બચાવવાના હુકમો છોડાવ્યા. આ રીતે (જગત રૂપ) સરોવર વચ્ચે જીવાણીનો પુત્ર કલ્પવૃક્ષરૂપ થયો.)

માધાંતા તે ડરતો નાં ભરતો નાં પાછી પાની,
કરતોનાં હિણાં દ્રગ કદિયે પટેલ તું;
માગણ રિઝાવતો તો મોજિલો મેરામણ બની,
દાબતોનાં દીન જન દાનાઈને ખેલતું;
પુરે શાખ ઇતિહાસ પર ઉપકારી ખાસ,
ઉન્નત મસ્તકે નિત જીવાણી જીવેલ તું;
લખત 'જુગત' કવિ યથાવત્ અનુભવી,
માનવી સૌરાષ્ટ્ર માંહી દીપક દિવેલ તું....૭

(કદી તું મોટા રાજવીઓથી ડર્યો નથી. તેમ ક્યારેય તેં પાછા પગ દીધા નથી.

તેમ ક્યારેય હિણી નજરો પણ તેં કરી નથી. દાનનો દરિયો થઈને તું યાચકોને પ્રસન્ન કરતો હતો. દાના માનવી રૂપે તેં ક્યારેય ગરીબોને પીડ્યા નથી. તું પરોપકારી હતો એની સાક્ષી તો ઇતિહાસ અવશ્ય પૂરે છે. તું કાયમ ઉન્નત મસ્તકે ગૌરવભેર જીવન જીવેલો. કવિ આ નજરે જોયેલી અનુભવસિદ્ધ વાતને કાવ્યાંકિત કરે છે. કે સૌરાષ્ટ્રના માણસોમાં તું દીપક અને પ્રેરણા પદ દીવેલ રૂપ હતો. એમ જુગતરામ કવિ કહે છે.)

પાટીદાર માંહે શાખ બાવન જાહેર તામેં,
જીવાણી જરૂર ઘરમૂળથી વખાણીયે;
ત્રિકો પાટીદાર વળી જેઠો ફળદુમાં થયો,
એક ઘરે પુત્ર દારા ભલપે પ્રમાણિયે;
ગોવિંદ લીંબુડે વસ્યો ત્રણ પરસાદ બાંધી,
ધૃતના અવેડા ભર્યા કંચનની લ્હાણિયે;
'જુગત' કહત તેવી રીતે કુળદીપ થયા,
દાને માને દીધા ડંકા ધુનડા જીવાણિયે.[૧]....૮

(પાટીદારની પ્રસિદ્ધ એવી બાવન શાખાઓ છે. તેમાં તો જીવાણી કુળને જરૂરથી વખાણિએ પાટીદારોમાં ત્રિકુ (કીકો) છત્રાળો, થયો, જેઠો ફળદુ ફળદુ કુળમાં થયો, જેમાં એની પત્ની અને પુત્ર પણ દાતાર થયાં. ગોવિંદ કણસાગરો લીંબુડા ગામે વસ્યો જેણે ત્રણ પ્રાસાદો (મોટાં મંદિરો) કરાવ્યા. ઘીના અવેડા ભરાવ્યા. સોના મહોરોની લ્હાણી કરી. એ જ રીતે કવિ જુગતરામ કહે છે. ધુનડા ગામના વાલજી જીવાણીએ પણ કવિજનોને દાન માન વડે નવાજીને પોતાના જશ ડંકા વગડાવેલા.)



કવિ શ્રી જુગતરામભાઈ વ્યાસ, રે. વીરપરડા, તા. મોરબી, જિ. રાજકોટ

□

૧. શ્રી કાશીરામ વ્યાસ, રે. ખાખરાળાને ચોપડેથી.

૧૨

ઉપસંહાર.

ઇતિહાસ એ કેવળ ભૂતકાળના સારા-માઠા અથવા સુખ-દુ:ખના પ્રસંગોનું પોટલું નથી. પણ જે તે પ્રજાનાં ગૌરવ અને અનુભવનો એ ખજાનો છે. જે પ્રજાનો કોઈ ઇતિહાસ નથી મળતો એ પ્રજા માટે વર્તમાન પણ મૂલ્યહીન બની રહે છે. જેને ઇતિહાસ હોય છે એ પ્રજા પોતાના ભૂતકાલીન ઇતિહાસને આધારે ભૂતકાળમાં શું હતાં, અને અત્યારે શું છીએ ? અને પ્રગતિ માટે શું કરવું જોઈએ ? તે અંગે વિચારી શકે છે, અને ભૂતકાલીન ઇતિહાસમાંથી પ્રેરણા મેળવી શકે છે. આ ઇતિહાસનું એક મહત્ત્વનું પાસું છે.

આથી જ રાષ્ટ્ર, પ્રજા અને કુળોના ઇતિહાસો સંશોધાતા અને લખાતા રહ્યા છે. અને એ માટે જે તે રાષ્ટ્ર, પ્રજા અને કુળ ગૌરવ પણ લેતાં રહ્યાં છે. અને માનવજાત માટે એકતાના સાધન લેખે ઇતિહાસ બહુ મહત્ત્વનું સાધન છે, કેમ કે ઘણી પ્રજાઓ, કુળો અને રાષ્ટ્રની એકતા સાધવા અને વિખૂટો પડેલા સ્વકુળ, પ્રજાના સમૂહોને પુન : એકતાને તાંતણે બાંધવામાં જે તે પ્રજાનો સુરક્ષિત રહેલો ઇતિહાસ બહુ મોટો ભાગ ભજવે છે.

આવું જ પાટીદાર પ્રજાનું છે. આ પ્રજાનાં મૂળ અત્યાર સુધી શોધાયાં જ ન હતાં. એમ કહીશું તો ચાલશે. આ પુસ્તકમાં પ્રથમ વાર સાધાર રીતે આ પ્રજા ઇંદ્રનુયાયી અને ઇંદ્રવંશી એવી દેવપ્રજા હોવાનું પ્રતિપાદિત કર્યું છે.

દેવો એટલે કોઈ અલૌકિક તત્વ એવા ભ્રમમાં રહેવાની જરૂર નથી. દેવો પણ મનુષ્યજાતિના જ હતા. એ બાબત પુરાણોના અભ્યાસીઓ પણ સારી પેઠે જાણે છે કે પુરાણોના દેવો લગ્ન કરે છે.' પરિવારો વધારે છે. અને ભયંકર શસ્ત્રો વડે યુદ્ધો પણ કરે છે.[૧]

૧ પ્રાચીન કાળનો વિશ્વ ઇતિહાસ : જ્વાલા પ્રસાદ સિંઘલ, પૃ. ૪૪

દેવતાઓ હિમાલયમાં વસ્તા હતા, અને સમર્થ જાતિ ગણાતા હતા.[1] સમર્થનો અર્થ બૌદ્ધિક રીતે પ્રગતિશીલ અને સંસ્કારી પ્રજા એવો થાય, અત્રે કેવળ શારિરીક સામર્થ્યની વાત નથી. બુદ્ધિહીન પણ શરીર બળવાળી પ્રજા માટે તો બીજી પ્રજાની ગુલામી જ કરવાનું જ નશીબ હોય છે. એનો તો ઇતિહાસ સાક્ષી છે.

બીજી પ્રજા જ્યારે આજ્ઞાનના અંધકારમાં સબડતી હતી, ત્યારે આ દેવોએ કૃષિ, પશુપાલન, આર્યુર્વેદ, નૃત્ય, સંગીત, નાટ્યાદિની સંસ્કૃતિનું સંશોધન કરેલું. જેને પુરાણોમાં 'સમુદ્રમંથન' અને 'પૃથુરાજાનાં પૃથ્વીરૂપી ગાયનાં દોહના'નાં રૂપકાત્મક આખ્યાનો વડે વર્ણવેલ છે, જે વાસ્તવમાં તો કૂર્મિઓ- દેવો દ્વારા ભરતખંડમાં થયેલ વિદ્યા-સંસ્કૃતિના પદાર્પણની જ કથા છે. જેના વડે નગર અને ગ્રામ સંસ્કૃતિનું નિર્માણ થયું. એના દ્વારા વ્યાપાર અને ઉદ્યોગોનું અસ્તિત્ત્વ થયું. અને કૃષિના વિકાસ વડે પ્રજાને ભરપૂર અન્ન પ્રાપ્ત થવા લાગ્યું. આ બધું દેવ પ્રજા-કૂર્મિઓને લીધે થયું. આ રીતે હિમાલયવાસી દેવોને ગુજરાતમાં વસાવી પૃથુરાજાએ એક પ્રગતિશીલ નવાયુગ માટેનાં દ્વાર ખોલ્યાં. જેના દ્વારા હિન્દુ સંસ્કૃતિ અને ધર્મનો પાયો નંખાણો જેનાં સુફળ આજે પણ જોવા મળે છે.

ગુજરાતની સૌથી જૂની પ્રજા આ મહાજાતિ પાટીદારો છે. એમનાં આગમન પહેલાં ગુજરાતમાં ન ગામડાં હતાં, ન નગરો હતાં, ન કૃષિ કે પશુપાલનનો વ્યવસાય હતો. એ વખતની પ્રજા ક્ષુધાથી પીડિત અને સ્થિરવાસ વગરની જંગલી પ્રજા હતી. ત્યારે હિમાલયમાંથી આવેલી દેવજાતિ કૂર્મિ પ્રજાએ ઉપર જણાવ્યું તેમ આ પ્રદેશમાં સંસ્કૃતિના એક નવા યુગને પ્રસરાવ્યો. ભગવાન શિવ અને માતા ઉમિયાજી દ્વારા આ પ્રજાનો સંસ્કાર અને વિદ્યા ક્ષેત્રે વિકાસ થયો હોવાથી કૂર્મિઓ-પાટીદારો ઉમિયા પુત્ર પણ કહેવાયા. જે વાત મનોરંજક રીતે પાટીદારોના વહીવંચા બારોટોના ચોપડામાં મળે છે.

સાથે સાથે વિદ્વાનોએ જેને સિંધુ તટની સંસ્કૃતિ કે સરસ્વતી ઘાટીની સંસ્કૃતિ કહી છે. એનું પ્રથમ નગર ઉમિયાપુર-પાટણ પણ મા ઉમિયાજી દ્વારા કૂર્મિઓએ વસાવ્યું. અને ત્યાં પોતાના મંદિરની સ્થાપના ખુદ ભગવતી ઉમિયાજીએ પોતાના વરદ હસ્તે કરી. અમારે મતે તો ભારતનું આ સૌથી પ્રાચીન અને પ્રથમ સ્થપાયેલું મંદિર છે. જેની નોંધ બારોટોના ચોપડે છે. જે વસ્તુ ત્રેતાયુગમાં ગુજરાતમાં પૃથુરાજા દ્વારા થયેલ યુગ પલટાની પુરાણોક્ત વાતને જ વ્યક્ત કરે છે.

એક વાત પાટીદારોનો ઇતિહાસ લખનારા બધા લેખકોએ ઘોષિત કરી છે કે, પાટીદારો મૂળ પંજાબના હતા, પછી ગુજરાતમાં આવ્યા. અને એના પ્રમાણ રૂપે એ

---

૧ પ્રાચીન કાળનો વિશ્વ ઇતિહાસ :- જ્વાલા પ્રસાદ સિંઘલ, પૃ. ૫૩

લેખકોએ પાટીદારોની બાવનશાખાઓનાં નામો આપીને તેઓ પંજાબના કયા કયા પ્રદેશમાંથી આવ્યા ? તેની વિગતો આપી છે. પણ જ્યારે વ્યુત્પત્તિ દષ્ટિએ, અને બારોટના ચોપડામાંથી પ્રાપ્ત વિગતોના પ્રકાશમાં એને તપાસીએ છીએ ત્યારે જણાઈ આવે છે કે, એને કોઈ આધાર નથી. કેવળ મારી-મચડીને લાકડે-માકડું વળગાડવાનો એ એક પ્રયાસ છે. એમાં કાંઈ તથ્ય હોય તો તે એટલું જ છે કે સરસ્વતી તીરે વસવા અર્થે આવેલા કૂર્મિઓ હિમાલયમાંથી નીકળી, પંજાબ પસાર કરીને ગુજરાતમાં આવ્યા હશે. આમ આ પ્રજાની જન્મભૂમિ હિમાલય છે અને મૂળવતન મા ઉમિયા દ્વારા વસાવાયેલ ઊંઝા છે. પુરાતત્વવિદો અને પુરાતત્ત્વખાતાંએ ઊંઝામાં પુરાતત્ત્વ અંગે શોધ કાર્ય કરવા જેવું છે. એમ અમને લાગે છે. બાકી તો એક જામનગરવાસી ઊંઝા યાત્રાર્થે આવે તો તે રસ્તામાં આવતાં ગામો-શહેરો જેવાં કે રાજકોટ, મૂળી, સુરેન્દ્રનગર, પાટડી, બહુચરાજી કે પાટણનો વાસી નથી બની જતો એવું જ આ હિમાલયથી આવેલ કૂર્મોપાસક કૂર્મિઓનું છે. તેમના ઊચાળાઓ જરૂર પંજાબમાંથી પસાર થયા હશે. પણ એ કારણે પંજાબ એમનું મૂળ નિવાસ સ્થાન નથી બનતું. એ માન તો જ્યાં સૃષ્ટિ ઉત્પન્ન થઈ એ નગાધિરાજ હિમાલયને ફાળે જાય છે.

મૂળ બાવન શાખા કહેવાય છે. પણ વહીવંચાનો ચોપડો એમાં કેટલીક શાખાઓ પેટા શાખાઓ પણ હોવાનું જણાવે છે. લાગે છે કે દેવ પ્રજા કૂર્મિઓની મૂળ ૩૩ અટકોમાંથી કાળ ક્રમે બાવન અટકો થઈ ગઈ, પણ એ અટકોને પંજાબ સાથે કોઈ સબંધ નથી. પણ 'ભૂત' જેવી કેટલીક શાખાઓ પોતાનો સબંધ પોતાના આદિસ્થાન હિમાલયના ભૂતાન પ્રદેશ સાથે હોવાનું ધ્વનિત કરે છે.

બાવન શાખામાંથી અનેક પેટા શાખાઓ ઉદ્દભવી, જેનાં નામોમાંથી જે તે શાખાનો અર્ધો ઇતિહાસ મળી જાય છે. ગ્રામનામી, પિતૃનામી, કામનામી, એવી અનેક શાખાઓ ઉદ્દભવતી અને પ્રસરતી ગઈ, આજે તો આટલી વિશાળ સંખ્યાની શાખાઓ બીજી કોઈ જાતિમાં પ્રાપ્ત નહિં થાય, તો સામી બાજુ પાટીદાર જ્ઞાતિ પણ સાગર સમાન વિશાળ અને વિસ્તૃત બની ગઈ છે. એની તોલે આવે એવી મહાપ્રજા ગુજરાતમાં બીજી કોઈ નથી. પ્રાપ્ય પ્રમાણો તો એમજ કહે છે કે, પાટીદારો ગુજરાતમાંથી જ ભારતમાં પ્રસર્યા છે. આ રીતે જોઈએ તો સમગ્ર ભારતના પાટીદારોનું મૂળ વતન તો ઊંઝા છે એમ માનવું પડે.

વિદ્વાનો જેને 'સિંધુ ઘાટીની સભ્યતા અથવા સરસ્વતી ઘાટીની સભ્યતા' કથે છે. જેને હવે લોપ પામેલી માને છે. એ વાસ્તવમાં સરસ્વતી નદી કાંઠે વસીને કૃષિ અને વ્યાપાર વડે સમદ્ધિ અને સંસ્કૃતિનો વિકાસ સાધનાર કૂર્મિ પ્રજાની સંસ્કૃતિ હતી, એ સભ્યતાના વિનાશ અંગેની દંતકથાઓ કાળ વ્યુતિક્રમનો દોષ વહોરીને આઈ આવડ અને

સંત ધૂંધળીમલ્લના નામે ચડીને આજે પણ લોક જીભે જીવંત રહેલી છે. જે વાસ્તવમાં એક મહા વિનાશકારી ધરતીકંપ હતો. જેના કારણે ગુજરાત સમગ્રને સુજળા-સુફળા બનાવનારી સરસ્વતી નદી લુપ્ત થઈ ગયેલી. આજે પણ એ લુપ્ત સરસ્વતીના અવશેષો-વહન માર્ગને વિજ્ઞાનીઓ શોધીને પુરાતત્ત્વની સેવા કરી રહ્યા છે. વહીવંચાના ચોપડા પણ ૮૪, પાટણ સહિત ઊંઝાના તે સમયે થયેલો વિનાશની તે કથાને પોતાના પાનાઓમાં સાંચવી બેઠા છે.'

' પ્રબંધ ચિંતામણી ' માં પણ પાટીદારોના બે પ્રસંગો પ્રાપ્ત થાય છે. જેમાં એ પ્રબંધના કર્તા મુનિશ્રીએ સાંભળેલી વાતોને પ્રબંધમાં વણી લીધી છે. એમાં કાંઈક ઉપહાસ અને વ્યંગની દૃષ્ટિ છે. જે મુનિ મેરુતુંગાચાર્યના પાટીદારો પ્રત્યેના ગ્રહીત ભાવને સ્ફુટ કરે છે. છતાં ઊંઝાના પ્રસંગ આલેખનમાં મુનિવરે એક સત્યનો ઉલ્લેખ કર્યો છે કે સિદ્ધરાજ ને તે ગામના કેટલાક પાટીદારો 'મામા' કહે છે. આ વાત બારોટના ચોપડા જોતાં સત્ય જ લાગે છે કેમ કે સિદ્ધરાજનો પિતા કરણ સોલંકી ઊંઝાના હેમાળ પટેલની ભાણેજ મેણલ (મીનળ) સાથે પરણેલ એ સબંધે સિદ્ધરાજ હેમાળા પટેલના પુત્રોનો ભાણેજ થાય છે. અને હેમાળા પટેલની પૌત્રીઓનો ભાઈ થાય છે. આ હિસાબે હેમાળા પટેલની પૌત્રીઓનાં સંતાનો સિદ્ધરાજને 'મામા' કહે એ સ્વીકારી શકાય છે તેવી વાસ્તવિકતા છે.

વહીવંચાની વહીનું સામાન્ય પ્રજાને મન વેદ પુરાણ જેટલું મહાત્મ્ય છે. કેમકે એ વહીવંચાની વહીમાં એમના પૂર્વજોનો ઇતિહાસ સંગ્રહાયેલો છે. જો સંશોધકને જે પ્રજાના મૂળ વહીવંચાને શોધતાં અને ઓળખતાં આવડે તો પોતે જે પ્રજાનો ઇતિહાસ શોધવા ઈચ્છે છે. તેનો વિગત પૂર્ણ વિશ્વનિય ઇતિહાસ શોધી શકે છે. આમાં નિષ્ફળ જાય તો શોધકને અધૂરી વિગતો વાળા અને ફાંટા (શાખા)ના ચોપડાવાળા વહીવંચા ભેટી જાય છે. હવે વહીવંચાઓ પોતાના ચોપડાની વિગતો અન્યને આપતા નથી. આથી અધૂરી વિગતો વાળો ચોપડાઓમાં ચોપડાના માલિક વહીવંચાઓ કલ્પિત અને સાંભળેલી વાતો ઘુસાડી દે છે. પરિણામે સંશોધકને મૂળ ઇતિહાસ પ્રાપ્ત થતો નથી.

બીજી એક વાત પણ છે કે આવી શોધ કરનાર સંશોધક વહીવંચાના ચોપડાની લિપિ, ભાષા, સંકેતાક્ષરો-સંકેતશબ્દો, કાવ્યની ભાષા, એ કાવ્યના અર્થોનો જાણકાર. તજજ્ઞ હોવો જોઈએ, અને એણે જાતે જ ચોપડા વાંચવા જોઈએ, આમ થાય તો જ તથ્ય પૂર્ણ ઇતિહાસ લાભે. બાકી જો બારોટની ' મારા ચોપડામાં આમ છે અને તેમ છે ' એવી મૌખિક વાતોને આધારે લખવા જાય તો પણ સાચી વિગતો મળતી નથી કેમ કે મૌખિક દંતકથાઓમાં પણ સાંભળનારે ન સમજવા થી કે કથ્થકની વાત કરવામાં ભૂલ કરવાથી ખોટો શબ્દોચ્ચાર કરવાથી અનર્થ થાય છે. એને લીધે ખોટી વિગતો નોંધાઈ

જાય છે. આ કારણે આપણને ફાર્બસસાહેબની 'રાસમાળા' કે કર્નલ ટોડના રાજસ્થાનમાં ક્યાંક ભૂલો જણાઈ આવવાની. બાકી વહીવંચાની વહીની ભાષા. લિપિના તજજ્ઞ અને જે તે કુળના મૂળ વહીવંચાને શોધી એના ચોપડા જાતે જ વાંચીને સંશોધન કરનાર માટે તો વહીવંચાની વહીઓ ઇતિહાસનો એક મોટો ખજાનો બની રહે છે. માતાજી ઉમિયાજીની કૃપાથી ગામી કુળના મૂળ બારોટજી અને એમનો વહીનો ચોપડો અમારા માટે સુલભ બની જતાં એમાંથી અમે ઘણું બધું પામી ગયા છીએ. જેની પ્રતિતિ પ્રકરણ ૬ વાંચ્યાથી થશે, જેમાં ગામી કુળના ઊંઝાના રાજવીઓનો તેત્રાયુગથી માંડીને ૧૮મી સદી પર્યંતનો ઇતિહાસ આલેખાયો છે.

અવગુણ જોવા ટેવાયેલી આંખો અમૃતમાં યે કોઈક અવગુણ શોધી કાઢશે. આવી દોષ દર્શનની વૃત્તિવાળા સુધારકોએ 'બંધુકા લગ્ન'ની પ્રથાને પણ સારી પેઠે નિંદી છે. પણ જ્યારે આપણે આ પૃથાની મૂલવણી કરીએ છીએ ત્યારે એ સત્ય આપણી સામે આવે છે કે, સમગ્ર કડવા પટેલ સમાજને આ પૃથાએ જ માતાજી ઉમિયાજી અને ઊંઝા સાથે ભાવાત્મક એકતાથી બાંધી રાખેલા. આ પૃથાને કારણે જ ગુજરાતના પાટીદારો આદિથી લઈને આજ પર્યંત માતાજી ઉમિયાજી અને પોતાનાં મૂળ વતન ઊંઝા સાથે લાગણી તંતુથી બંધાયેલા રહ્યા. આવું દીર્ઘકાલીન પોતાનાં કુળદેવી અને મૂળ વતન સાથેનું ભાવાત્મક સાતત્ય બીજી કોઈ જાતિનું રહ્યાનું અમારી જાણમાં નથી.

બાકી આજના યુગમાં આ પૃથાના ઉપયોગી કે અનુપયોગીપણાં અંગે તો આજના સમાજના અગ્રણીઓએ જ વિચારવાનું હોય, બાકી સમયબુદ્ધ સમૂહ લગ્નની આ પૃથા ભૂતકાળમાં બધી રીતે ઊચિત હોવાનું જણાય છે.

મૂળે તો કૂર્મિઓ એક જ પ્રજા હતી. એમાં લેવા, કડવા કે આંજણાના ભેદો ન હતા. બધા જ પાટીદારોનાં કુળદેવી મા ઉમિયાજી જ હતાં. પણ 'બંધુકા લગ્ન' ની પૃથાને સ્વીકારી ન શકનારા લેવા પાટીદારો કાળક્રમે પોતાનાં મૂળ વતન ઊંઝા અને કુળદેવી માતાજી ઉમિયાજીને વિસરી જતાં એક અલગ શાખા લેખે ગણવા લાગ્યા. જે સમયાંતરે એમના ઊંઝા અને મા ઉમિયા સાથેના વિસરાઈ ગયેલા સબંધનું ધોતક છે. બાકી તો લેવા-કડવાના ભેદો અવાસ્તવિક અને વ્યર્થ છે.

સૌરાષ્ટ્ર, કચ્છ, માળવા અને બીજે બધે જ પાટીદારો ઊંઝામાંથી જ પ્રસર્યા છે. પણ આમાં મૂખ્ય શોધ વિષય સૌરાષ્ટ્રમાં વસ્તા કડવા પટેલો ક્યાંથી સૌરાષ્ટ્રમાં આવ્યા ? તે છે, તે અંગે અમે જે જે બારોટજીના ચોપડા જોયા તે તે ચોપડાઓએ એમનું મૂળ વતન ઊંઝા બતાવ્યું. એમાંથી કયું કુળ, ક્યારે, શા કારણે સૌરાષ્ટ્ર તરફ આવ્યું ? કયાં

ક્યાં વસ્યું ? અને તેમની મૂળ અટકોમાં કેવી રીતે પરિવર્તન આવીને પેટો અટકો ઉદ્‌ભવતી ? તે બધું પણ બારોટના ચોપડાના આધારે એક વાનગી રૂપે જ આપ્યું છે. બાકી તો કડવા પટેલની સમસ્ત શાખાઓને આ રીતે આવરી લેવા જઈએ તો એક મહાગ્રંથ જ લખાય.

અસાઈત ઠાકર એક ઐતિહાસિક વ્યક્તિ છે. સમાજ શિક્ષણ અને ધર્મ રક્ષણ ક્ષેત્રે એણે પોતાના કાળમાં અજોડ ફાળો અને કુરબાની આપી છે. પણ એની સાથે સાથે પાટીદારોએ પણ અલાઉદ્દીન ખૂનીના સમયમાં પોતાની મુત્સદ્દીગીરી અને વિચક્ષણ બુદ્ધિને કારણે આયોજનસહ ધર્મ રક્ષણ અર્થે જે ફાળો આપેલ એ ઉપરાંત લોકશિક્ષણના અજોડ માધ્યમ 'ભવાઈ' ના પ્રસાર-પ્રચાર અને પ્રોત્સાહન અર્થે એમણે જે વંશપરંપરાગત વ્યવસ્થા ઊભી કરી આપેલી એની નોંધ ઇતિહાસમાં ક્યાંય લેવાણી નથી, એ અંગે અત્રે ૧૦ મા પ્રકરણમાં પ્રથમ વાર જ સપ્રમાણ ચર્ચા કરીને તથ્યોની તારવણી કરવાનો પ્રયાસ કર્યો છે.

પાટીદારોનો ઇતિહાસ લખનારા લગભગ અધિકાંશ વિદ્વાનોએ પાટીદારો ક્ષત્રિય વર્ણમાં આવે કે કેમ ? એ અંગે ચર્ચા કરી છે. કૂર્મિઓએ કોઇની પાસે ક્ષત્રિયત્વનું પ્રમાણપ્રત્ર માગવાની કોઈ જરૂર નથી. સાચું કહીએ તો માનવ પ્રજામાં પુરાણો પ્રમાણે દેવો શ્રેષ્ઠ મનાયા છે. અને આ દેવ જાતિએ અસુરો સામે વીરતાપૂર્વક દારુણ અને રોમહર્ષણ યુદ્ધો ખેલ્યાં છે. ઊંઝામાં વસ્યા પછી પણ આ દેવજાતિ એવા કૂર્મિઓએ પરચક્ર સામે અને અંદરો અંદરના કુસંપને કારણે અગણિત સંગ્રામો કર્યા છે. એમાં વીરતા અને બલિદાનમાં તેઓ જરાય ઊણા નથી ઊતર્યા. ગામી કુળના રાજવીઓની તરવાર કદી મ્યાન નથી થઈ, યુદ્ધના કોઈ પડકારને એમણે પાછો નથી ઠેલ્યો. ત્રેતાયુગથી ૧૮મી સદી સુધીનો વહીવંચાની વહી આધારિત ઊંઝાનો ઇતિહાસ આપણી સામે છે. એ ઇતિહાસ જોતાં એ વાત આપણી સામે સ્પષ્ટ થાય છે કે ઊંઝાની ભૂમિ પર ગુજરાતમાં બીજે ક્યાંય ન ખેલાયાં હોય એટલાં યદ્ધો ખેલાયાં છે.

રક્તના જેવા પ્રલંબ પ્રવાહો ઊંઝાની ભૂમિ પર વહ્યા છે. એવા અને એટલા પ્રવાહો ગુજરાતમાં કોઈ બીજાં સ્થળની ભૂમિ પર રેલાયા નથી. પ્રભાસ પાટણની યાદવાસ્થળી કરતાંય આ ઊંઝાની રણભૂમિ અતિ પ્રાચીન અને યાદવાસ્થળીમાં રેડાયેલાં રક્ત કરતાંયે ઘણાં વધુ માનવ રક્તનું પાન કરનારી આ વીરભૂમિ છે. વીરમગામ અને પાટડીના દેસાઈઓની વીરતા ત્યાગ બીજા કોઈ ક્ષત્રિય કુળો કરતાં જરાય ઊતરતી નથી. આવી જ વીરતા અને દાત્તારી ચરોત્તર-ગુજરાત અને સૌરાષ્ટ્રનાં લેવા પટેલોએ બતાવતાં છે. એ વસ્તુજ બતાવી આપે છે કે આ મહાજાતિ કૂર્મિઓ ક્ષત્રિય જ છે. આ મહાજાતિમાં છત્રપતિ શિવાજી અને વડોદરાના ગાયકવાડ કુળના રાજવીઓ થયાં છે. એમની વીરતાની

વાતોથી ઈતિહાસ ભર્યો છે. અને અનેક ક્ષાત્રકુળો કાળક્રમે આ મહાજાતિમાં સંમલ્લિત પણ થઈ ગયાં છે. આ એક જ જાતિ એવી છે કે જેની સાથે બ્રાહ્મણો (વ્યાસો) રોટી વહેવાર રાખે છે.

ચારણી સાહિત્યમાં પણ પાટીદારોને ક્ષત્રિય તરીકે જ બિરદાવ્યા છે. આ બધું જ એ વાતનું પ્રમાણ બની રહે છે કે, કૂર્મિઓ પણ ક્ષત્રિયો અને તે પણ દેવ ક્ષત્રિયો છે. સૌરાષ્ટ્રમાં ગામે ગામ દેશ, ગામ, ધર્મ અને નારીનાં શિલની રક્ષા અર્થે વીરતાપૂર્વક આક્રમણકારીઓ સામે લડીને વીરગતિ પામેલા પાટીદારોના અસંખ્ય પાળિયાઓ ઊભા છે. એ વાત જ પાટીદારોના ક્ષાત્રત્વને ઉજાગર કરે છે. એ રીતે પોતાના ગુણ-કર્મથી જ ક્ષાત્ર તેજે પ્રકાશતી આ મહાજાતિને કોઈ શાસ્ત્રી, કોઈ પંડિત કે કોઈ પુરાણી પાસેથી પોતાનાં ક્ષાત્રત્ત્વનાં પ્રમાણપત્ર માગવાની જરૂર નથી, પણ એ શાસ્ત્રી, પંડિત અને પુરાણીઓને પાટીદારો પાસેથી લાડુ પામવાની ભૂતકાળમાં ગરજ હતી, અને આજે પણ છે.

બાકી મા ઉમિયાનાં આ સંતાનો સામે જગત આખું ભૂતકાળમાં હાથ લંબાવતું હતું તેમ આજે પણ લંબાવે છે. જે એમનું 'જગદાત્તાર' લેખેનું સનાતન ગૌરવ છે. જે બીજી કોઈ જ્ઞાતિને મળ્યું નથી.

□

પરિશિષ્ટ - ૧

આઝાદી પહેલાંના મોરબી રાજ્યના ખેડૂત પ્રતિનિધિઓ

આજથી ૧૩૨ વર્ષ પહેલાં એટલે કે ઇ.સ. ૧૮૭૦માં સૌરાષ્ટ્રના મોરબી રાજ્યની ગાદીએ ઠાકોર વાઘજી આવ્યા. તેઓ પ્રજાપ્રેમી રાજવી હતા. ખેતીવિકાસ અને રાજ્યના સારા વહીવટમાં તેમને ઊંડો રસ હતો.

ખેડૂતોને ખેતીમાં રસ જાગે, અને કશી પણ વિટંબણા વગર ખેતી થઈ શકે, અને ખેતીનો વિકાસ કરી શકાય તે માટે એમણે પોતાની ખેડૂત પ્રજામાંથી ખેડૂતોના પ્રશ્નો ઉકેલવા, અમલદારશાહીના જુલ્મથી ખેડૂતોને બચાવવા અને ખેડૂતોની દાદ-ફરિયાદનો ન્યાયી અને ઝડપી ઉકેલ લાવવા માટે પોતાની ખેડૂત પ્રજામાંથી ૧૭ પ્રતિનિધિઓનું સલાહકાર મંડળ નિમ્યું હતું. અને એ પ્રતિનિધિ મંડળની સલાહ પ્રમાણે ખેડૂતોના આર્થિક, સામાજિક અને વહીવટી પ્રશ્નોનો નિવેડો લાવવાનું ધોરણ અપનાવ્યું હતું.

એ ૧૭ ખેડૂત પ્રતિનિધિઓને પ્રતિનિધિમંડળની મિટિંગમાં ભાગ લેવા આવવા-જવા અર્થે ઠાકોર વાઘજીએ રાજ્ય તરફથી ૧૭ જાતવંત ઘોડાં આપેલાં અને તેના પર સવાર થઈ એ ૧૭ ખેડૂત પ્રતિનિધિઓ મોરબી મિટિંગમાં આવતા. જ્યાં રાજ્ય તરફથી તેમના રહેવા-જમવાની વ્યવસ્થા થતી, અને ઘોડાંઓને માટે પણ ઘાસ-દાણાની વ્યવસ્થા થતી.

'ઠાકોર વાઘજી એ ખેડૂત પ્રતિનિધિઓનું પૂરું માન જાળવતા અને જ્યારે ગામડાંમાં ફરવા જાય ત્યારે સૌ પ્રથમ જે તે ખેડૂત પ્રતિનિધિને પોતે તેના ગામમાં આવવા ઇચ્છે છે. તો મંજૂરી આપે તો એમના ગામે આવે, માટે ઉચિત લાગે તો મંજૂરી આપશો' એવો પત્ર લખી જે તે પ્રતિનિધિની મંજૂરી મળ્યા પછી જ તેના ગામમાં પ્રવેશ કરતા. આ રીતે ખેડૂત પ્રતિનિધિઓનું ખૂબ માન અને અદબ રાખતા.

એ ૧૭ ખેડૂત પ્રતિનિધિઓમાંથી કોઈ અવસાન પામે તો તેનો પુત્ર સુપાત્ર હોય તો તેને બાપની જગ્યાએ નિમતા અથવા તો બીજા ગામના મોભાદાર પટેલને ગામજનોનો મૌખિક મત લઈને નિમતા. આ રીતે ઊંચી માંડલ ગામમાં પ્રથમ રાઘવજી કુંડારિયા ખેડૂત પ્રતિનિધિ હતા. તેમના અવસાન પછી તેમના પુત્ર ડાયા પટેલને તેમના પિતાની જગ્યાએ નિમેલા.

એ ખેડૂત પ્રતિનિધિઓનાં જે નામો અમને પ્રાપ્ત થયાં છે તે આ પ્રમાણે છે :

ક્રમ	નામ	ગામ
૧.	શ્રી વાલજી જીવાણી	ધુનડા (ખા.)
૨.	શ્રી નરભેરામ ફેફર	અદેપર
૩.	શ્રી રાઘવજી કુંડારિયા	ઊંચી માંડલ
૪.	શ્રી ડાયાભાઈ રાઘવજી કુંડારિયા	ઊંચી માંડલ
૫.	શ્રી બાલુભાઈ પટેલ	રંગપર
૬.	શ્રી જીવરાજ પાંચોટિયા	સાદુળકા
૭.	શ્રી ભુરાભાઈ કાંજિયા	મોટા દહિંસરા
૮.	શ્રી મકનભાઈ વિઠલપરા	નાની બરાર
૯.	શ્રી કરમશી ગણેશ કાલાવડિયા	સાવડી
૧૦.	શ્રી લાધાભાઈ પટેલ	બેડી (વાછકપર)
૧૧.	શ્રી માલાભાઈ જેઠાભાઈ કોરડિયા	બગથળા
૧૨.	શ્રી રઘુભાઈ પટેલ	જેતપુર
૧૩.	શ્રી ખોડાભાઈ વીરજીભાઈ સાણંદિયા	બીલિયા
૧૪.	શ્રી દેવકરણ પૂંજા	ભડિયાદ
૧૫.	શ્રી બેચરભાઈ અમૃતિયા	પંચાસર
૧૬.	શ્રી ગોકળભાઈ ઘેટિયા	ટંકારા
૧૭.	શ્રી કામા બાપા કાવર	નાના ભેલા
૧૮.	શ્રી નારણભાઈ સાણજા	જેપુર

❖

પરિશિષ્ટ ૨

કડવા પાટીદારોમાં થયેલા કેટલાક શૂરવીરોના પાળિયાઓના ફોટાઓ

વીરતા, દાતારી અને ભક્તિ એ એવા ગુણો છે કે તે કોઈ એક પ્રજા, જાતિ કે વર્ણમાં બદ્ધ થઈને નથી રહ્યા. એ માનવમાત્ર એ ગુણોના અધિકારી છે. એથી ચારણ કવિઓએ બુલંદ કંઠે એ સત્યને જગત સામે રજૂ કરતાં કહ્યું છે કે,

કરશી ઊણરી હુશી, આશી વહ નૂતિહ;
હૈ ન કિણરા બાપરી, ભગતી રજપૂતિહ.

(જે બતાવશે, આરાધશે એનાં જ વીરતા અને ભક્તિ કહેવાશે. એ એમને એમ પ્રાપ્ત નથી થતાં કેમકે વીરતા અને ભક્તિ કાંઈ એક કોમના બાપની મિલકત નથી)

એ સત્ય અનુસાર કણબી પટેલોમાં પણ અનેક શૂરવીરો થયા છે. જેના પ્રત્યે લેખકોનું ધ્યાન દોરાયું નથી. પટેલો 'જગદાતાર' નું બિરુદ પામી ગયા છે. હવે દાતારી અને વીરતા તો એક જ સિક્કાની બે બાજુ છે. જે દાતાર હોય તે શૂરવીર પણ હોય છે. એ સત્ય પણ ચારણોએ પોકારી પોકારીને જગત સામે રજૂ કર્યું છે.

અત્રે અમે સંશોધન દરમિયાન પ્રાપ્ત કરેલ કડવા પટેલમાં થયેલ કેટલાક શૂરવીરોના પાળિયાના ફોટા આપીએ છીએ કે જેઓ દેશ, ગામ, ગાય અને ધર્મની રક્ષા અર્થે વેરીઓ સામે ઉજળે મોઢે ઝઝૂમ્યા હતા અને સામી છાતીએ લડી વેરીઓને મારીને વીરગતિ પામ્યા હતા.

આ તો બહુ થોડા પાળિયાઓના ફોટાઓ છે. સમગ્ર ગુજરાત-સૌરાષ્ટ્રમાં પટેલોનાં પ્રત્યેક ગામડે ગામડે આવા વીરનરોના પાળિયાઓ છે. અને એમનાં નિવેદ આજે પણ શ્રદ્ધા-ભક્તિથી એમના વંશજો કરીને એ વીર પૂર્વજો પાસેથી જીવન સંગ્રામમાં વીરતાપૂર્વક ઝૂઝવાની પ્રેરણા લ્યે છે.


બારોટોના ચોપડાઓમાં વિપુલ પ્રમાણમાં પાટીદારોમાં થયેલા શૂરવીરો અને એમના પાળિયાની નોંધો છે. એમાં અનેક ગ્રંથો લખાય એટલી વિગતો ભંડારાઈ પડી છે. આ ક્ષેત્રે કામ કરવાની પણ ઘણી તકો છે. કેમકે આ ક્ષેત્ર હજી સાવ અણખેડ્યું છે.



થાનિયાણા, તાલુકો માણાવદર, જિલ્લો જુનાગઢમાં આવેલ ગૌરક્ષા અર્થે યુદ્ધમાં ખપી ગયેલા કડવા પાટીદારોના શૂરવીરોના પાળિયા.




સોંદરડા, તાલુકો કેશોદ, જિલ્લો જુનાગઢના કડવા પાટીદારોના ભલાણી કુળના શૂરાપૂરા જેમનું માથું કપાયા પછી ધડ દુશ્મનો સામે લડ્યું હતું.



મકાજી-મેઘપર, તાલુકો કાલાવડ, જિલ્લો જામનગરના વીર મૂળજી સીતાપરાનો પાળિયો. તેઓ લૂંટ કરવા આવેલા મિયાણાઓ સામે લડીને ગ્રામ રક્ષા અર્થે વીરગતિ પામેલા.




મકાજી-મેઘપર, તાલુકો કાલાવડ, જિલ્લો જામનગરમાં ગ્રામ રક્ષા અર્થે શત્રુઓ સામે ઝઝૂમીને વીરગતિ પામનાર વૈશનાણી પટેલ વીરનો પાળિયો.




ભેંસદડિયા પરિવાર (મોટી બાણુંગાર)ના શૂરાપૂરા ભવાન બાપા જેઓ શિવા, તાલુકો ભાણવડ, જિલ્લો જામનગર ગામે લૂંટારુઓ સામે લડીને વેવાઈનાં ગામની રક્ષા અર્થે વીરગતિ પામેલા તેમનો પાળિયો. જેની સ્થાપના બાણુંગાર (મોટી), તાલુકો-જિલ્લો જામનગર ગામે કરેલ છે.



વાડલા, તાલુકો જુનાગઢના સાત કડવા પટેલોના પાળિયા. જેઓ અંગ્રેજ સૈન્ય સામે ૧૮૫૭માં લડીને વીરગતિ પામેલા.




ખીરસરા, તાલુકો જેતપુર, જિલ્લો રાજકોટના કડવા પટેલ મહીદાસ કાલરિયા કે જેઓ ભક્ત અને દાતાર નર હતા તેમનો પાળિયો. ધણ વાળી જતા શત્રુઓ સામે લડીને તેઓ વીરગતિ પામેલા.




પાણીદાર ઘોડી લૂંટવા આવેલ મિયાણાઓનો સામનો કરીને ઘોડીને બદલે માથું આપનાર વીરની યશગાથા ગાતા રંગપર-બેલા, તાલુકો મોરબી ગામના પરબત ચારોલા અને તેના પુત્રના પાળિયા.



બરડિયા, તાલુકો જામકંડોરણાના ભૂત શાખના કડવા પટેલનો પાળિયો જે ગામ પર ચડી આવેલ ધણ વાળવા વાળા કાઠી લુંટારુઓ સામે ગૌ રક્ષા અર્થે લડીને વીરગતિ પામેલ.



ઘુંટુ, તલુકો મોરબીના કડવા પટેલોના ૨૫ જેટલા પાળિયા, જેમાં વિવિધ શાખાના કડવા પટેલો ગામની રક્ષા અર્થે ધાડાંઓ સામે લડીને મરાયેલ.



સુપેડી (તાલુકો - ઉપલેટા, જિલ્લો - રાજકોટ)માં કડવા પટેલ કેશવ ડઢાણીયાએ વિ. સં. ૧૮૪૦માં બંધાવેલ ભવ્ય અને અદ્‌ભુત કોતરણીવાળો પ્રાસાદ (મંદિર).



સુપેડી (તાલુકો - ઉપલેટા, જિલ્લો - રાજકોટ)ના કડવા પાટીદાર વીરોના પાળિયા.

પરિશિષ્ટ : ૩

કેટલાક પાળિયાની વાચના

અમારાં સંશોધન કાર્ય દરમ્યાન અમે કડવા પાટીદારના ઘણા બધા પાળિયા સૌરાષ્ટ્રમાં જોયેલા. એમાંના કેટલાક પાળિયાના ફોટા આ પુસ્તકમાં મૂક્યા છે.

આમાંના કેટલાક પાળિયાના લેખો અમે વાંચેલા એની વાંચના અમે પ્રસ્તુત કરીએ છીએ.

જોકે એક વાતની નોંધ ભારપૂર્વક લેવાની છે કે, અમે બહુ ઓછા પાળિયાની તપાસ કરી શક્યા છીએ બાકી સૌરાષ્ટ્રમાં વિપુલ પ્રમાણમાં કડવા પાટીદારો કે જેઓ ગામ, ધર્મ અને ગૌ રક્ષણ અર્થે કામ આવી ગયેલા તેમના પાળિયા છે. એ બધા પાળિયાની વાચના કરીને તેની વિગતો એકત્ર કરીએ તો એક દળદાર ગ્રંથ લખાય.

(૧) બરડિયા :

(તાલુકો : જામકંડોરણા, જિલ્લો : જામનગર)ના ભૂત પરિવારનો પાળિયો.

(૧) સવંત ૧૬૧૦ વરખે વદને દન પટલ ભાનજી તરકના ધેન લઅ મરુ છ

(**અર્થ :** વિ. સ. ૧૬૧૦, વરસમાં મુસલમાનોએ બરડિયા ગામની ગાયો વાળતાં એમની સામે ધિંગાણું કરીને પટેલ ભાનજી વીરગતિ પામેલ છે.)

(૨) પીંપળી :

તાલુકો - દશાડા, જિલ્લો - સુરેન્દ્રનગરના પાળિયા

(૧) ....વરખે મગસર વાર અદીત વારે ....રીઅ કા(મ)...અવા છ...

(**અર્થ :** કોઈ કડવા પટેલ વીર ગાયો પાછળ ૨૦૦ વર્ષ પહેલાં વીરગતિ પામેલ. તેનો પાળિયો છે. પીંપળીના કડવા પાટીદારો તેનાં નિવેદ કરે છે. અક્ષરો સાવ ખવાઈ ગયા છે.)

(૨) સવંત ૧૮૭૨ના વરખે મગસર સુદ ૧૫ વાર આદીત ૫. લખમણ પરાગ કાયા આલાના કામ આવા છ. મલક સૂજાઈના રાજમાં

(**અર્થ :** વિ. સં. ૧૮૭૨ વરખે માગસર શુદ ૧૫ રવિવારને દિવસે કડવા પટેલ લખમણ પ્રાગજી અને કાંયા આલા ધણ વાળવા આવેલ ધાડપાડુઓ સામે લડીને વીરગતિ પામેલ છે. એ સમયે પીંપળીમાં મલેક સૂજાનું રાજ હતું.)

(૩) સવંત ૧૮૭૨ વરખે આસો વદ ૪, વાર.... ડ ઉધવ અલ...ધણ....કામ અવ છ

(**અર્થ :** વિ.સ. ૧૮૭૨ના વરસે આસો વદ, ૪ ને દિવસે ધાડપાડુઓ પીંપળીનું ધણ વાળવા આવતાં તેમની સામે લડીને પટેલ ઉધવ (ઓધવ) આલા વીરગતિ પામ્યા છે.)

નોંધ : ઉપરોક્ત ત્રણેય પાળિયાનાં પીંપળી ગામના કડવા પાટીદારો નિવેદ કરે છે. અને પૂજે છે.

(૩) ખીરસરા :

તાલુકો : જેતપુર, જિલ્લો : રાજકોટના મહિદાસ કાલરિયાનો પાળિયો

॥ શ્રી ગણેશાય નમ ॥ ॥ સ્થાપના સવંત : ૧૮૬૪ ॥ ॥ રિપેર સવંત : ૨૦૫૦ ॥

નોંધ : વિ. સં. ૧૮૬૪માં ખીરસરાના કડવા પટેલ મહિદાસ કાલરિયા ધાડપાડીને ધણ વાળવા આવેલ ધાડપાડુઓ સામે ગામનાં રક્ષણ અર્થે લડીને વીરગતિ પામેલા. તેમનો પાળિયો જીર્ણ થતાં પાળિયા પર સિમેન્ટ લગાવી જીર્ણોદ્ધાર વિ. સં. ૨૦૫૦માં કરેલો. આ મહિદાસ દાતાર, ભક્ત અને વીરનર હતા.

(૪) ઘુંટુ :

તાલુકો : મોરબી, જિલ્લો : રાજકોટના પાળિયા

(૧) સવંત ૧૮૨૩ વરખે સાવણ સુદ ૭, વાર મંગળવારે....ણના પટલ રાધા વાધાણી સાખે કેહલા. ગાહેની વારે કામ આવા છે. મોજે સાપરના દેદામાં કામ આવા છ. આ પાલિઓ શ્રી પરમેસરને ભલાવો છ.

(**અર્થ :** વિ.સં. ૧૮૨૩ના શ્રાવણ સુદ ૭, ને દિવસે દેદાઓનું ધાડું આવતાં તેની સામે ગામની રક્ષા અર્થે લડીને કૈલા શાખાના પટેલ રાઘવજી વાઘાણી વીરગતિ પામેલ છે. એમનો આ પાળિયો પ્રભુને ભળાવ્યો છે.)

નોંધ : પાળિયો પ્રભુને ભળાવવાનો ઉલ્લેખ સૂચવે છે કે રાઘવજી પટેલ નિર્વંશ મૃત્યુ પામ્યા. એમના પાળિયાના નિવેદ કરનારું કોઈ ન હતું.

(૨) સવંત ૧૮૨૩ના વરખે સરવણ સદ ૭ના સનારીઆ પરસોતમ રાજા ગાએ ઘેરા સર કામ આવા છ... પટલ અજાએ પાલીઓ ખોડો છ...

(**અર્થ :** વિ.સં. ૧૮૨૩ના શ્રાવણ શુદ ૭ના દિવસે ધાડાંએ ગાયો

વાળતાં ધાડાં સામે લડીને પટેલ પરસોતમ રાજા શાખે સનાળિયા વીરગતિ પામેલા. તેમનો આ પાળિયો પટેલ અજાએ બેસાડેલ છે.)

(૩) ગણસાએ નમઃ સવંત ૧૮૨૨ના વરખે ચઈતર વદ ૪, વાર મંગલ કણબી હરજી ગંગદાસ ગાએની વારે રામસરણ થઆ છે. સો જે વાંટાવદરના લેરમાં રામસરણ થા છે. સાખે વેગડા તીનો પાલીઓ છે.

(અર્થ : વિ. સં. ૧૮૨૨ના ચૈત્ર વદ ૪, મંગળ વારે પટેલ હરજી ગંગદાસ (રે. ઘૂંટુ) વાંટાવદર ગામે ગયેલ. ત્યાં ધાડપાડુઓએ ધણ વાળતાં ગાયોની વહારે ચડીને પટેલ હરજી ગંગદાસ શાખે વેગડા વીરગતિ પામ્યા. તેમનો આ પાળિયો છે.)

(૪) સવંત ૧૭૮૮ વ(ર)ખે ફાગણ વદ ૪ દને કલ લધ નન કઅમઠણ રૂઠુ ગઅને ઉવે કામ અવ છ.

(અર્થ : વિ.સં. ૧૭૮૮માં ફાગણ વદ ૪ને દિવસે ધાડું આવતાં રોષભેર લડીને કૈલા લાધા નાના ગાયોની રક્ષા અર્થે વીરગતિ પામ્યા છે.)

(૫) સવંત : ૧૭૭૪ વરખે સરાવણ સુદ, ૯ વ(ર) રવે પા. અરજણ રામસરણ થલ છ. પા. વસરમ ગઆના મર પડ છ

(અર્થ : વિ.સં. ૧૭૭૪ના વર્ષમાં શ્રાવણ શુદ ૯ના દિવસે પટેલ અરજણ અને પટેલ વસરામ ગૌરક્ષા અર્થે લડીને વીરગતિ પામ્યા છે.)

(૬) સવંત : ૧૬૫૪ વરખે ઘુટુ ગમે મહે સદ ર દને પટલ નનએ ગઅ...અવચર કામ અવ છ માણાઉતના પલઅ છ.

(અર્થ : વિ.સં. ૧૬૫૪ના વર્ષે ઘુંટુ ગામે મહાશુદ રના દિવસે માણા પટેલના પુત્રો નાના પટેલ અને અવચળ પટેલ ગૌરક્ષા અર્થે વીરગતિ પામ્યા છે. આ તેના પાળિયા છે.)

(૭) સવંત ૧૬૯૦ના વસક વદ ૪ દન ૫૦ વરસમ રામસરણ પમ છ. ધીગાણે ગાઅની પાસર પડા છ.

(અર્થ : વિ.સં. ૧૬૯૦ના, વૈશાખ વદ ૪ના દિવસે પટેલ વસરામ ગાયોની રક્ષા અર્થે ધણ વાળનારાઓની પાછળ પડીને વીરગતિ પામ્યા છે.)

(૮) સવંત ૧૬૭૦ વરખે....વદ ૧૫, દન... કણબી.... ગાઅના.... દેદા.... અરઆણી સનારી.... ના કણબી કામ અઆ છ.

(અર્થ : વિ.સં. ૧૬૭૦ના વર્ષમાં ગાયો વાળી જતા દેદા રાજપુતો

સાથે લડતાં પટેલ રૈયા સનાળિયાના પુત્ર અને સનાળી ગામના રહેવાસી કણબી વીરગતિ પામેલ છે.)

(૯) સવંત ૧૬૮૩ વરખે માઅ વદ ૧૪ દને લડા. દે લઅ મરાણા. ગમ કંબાએ પટલ ક્રસનુ કામ (આવા) સાખે સનારીઆ. અપ દાન કીધુ તે દા હાકે બે સાખ તેજાવત ઠાકરા સાત સરોવર સું સહ સુઅદણી થઆ.

(અર્થ : વિ.સં. ૧૬૮૩,ના વર્ષે મહાવદ ૧૪ના દિવસે સામે વાળાને યુદ્ધ આપવાનું સ્વીકાર્યું. લડીને ગામ કંબોઈએ પટેલ કરસન શાખે સનાળિયા વીરગતિ પામ્યા. તે પટેલ કરસને દાન કરેલ. તે દાન તેજાવત ઠાકોરને અદીઠ થયું. (અદેખાઈ આવી) કેમકે એ દાનેશ્વરીપણાંને લીધે કરસન સનાળિયો સાત સમુદ્ર સુધી સારીએ પૃથ્વીમાં પ્રખ્યાત થયેલ.)

નોંધ : આ પાળિયો સનાળિયા શાખના પટેલોની દાનવીરતા અને એ કારણે ઠાકોરને આવેલી ઈર્ષાની કથા કહે છે. ઈર્ષા પ્રેરિત ઠાકોરે કરસન સનાળિયા પાસે યુદ્ધ માગ્યું. જે કરસન પટેલે આપ્યું અને વીરોચિત વીરગતિ સ્વીકારી. આ તો અમને સૂઝ્યો તેવો અર્થ-તાત્પર્ય આપ્યો. બાકી વિશેષ તથ્યપૂર્ણ વિગત માટે બારોટના ચોપડામાં સંશોધન કરવું જરૂરી જણાય છે.

(૫) સુપેડી :

તાલુકો : ઉપલેટા, જિલ્લો : રાજકોટના પાળિયા

(૧) શ્રી રણછોડજી સત છે : સવંત ૧૭૬૧ વરખે સાકે ૧૬૨૬ પ્રવર્તમાને : ભાદ્રપદ માસે શ્રુક્લ પક્ષે તિથૈ ૧૪ શુક્રવાર કણબી કરડવા ડઢાણિઆ પટેલ વીરજી સુત પટેલ સંધા સુત પટેલ કરસનજી સંગ્રામ સે હરિ શર્ણ પામા છે.

(અર્થ : વિ.સં. ૧૭૬૧ના ભાદરવા શુદ ૧૪ના દિવસે ડઢાણિયા શાખના કડવા કણબી પટેલ વીરજીના પુત્ર પટેલ સંઘાના પુત્ર પટેલ કરસનજી યુદ્ધમાં લડીને વીરગતિ પામ્યા છે.)

(૨) સવંત....૯૯ સાકે ૧૭૯.... જેષ્ટ માસે શુક્રવારે.... પટેલ ખીમજી હંસરાજ સાખે ડઢાણિયા ધાડામાં મૃતુ પામા છે.

(અર્થ : જેઠ માસના શુક્રવારે પટેલ ખીમજી હંસરાજ ડઢાણીઆ ગામ માથે ધાડપાડુઓ ચડી આવતાં તેની સામે લડતાં વીરગતિ પામ્યા છે.)

નોંધ : આ પાળિયામાં અક્ષરો ખવાઈ ગયા હોવાથી સાલ બરાબર વાંચી શકાતી નથી.

(૩) રણછોડજી સતઃ સવંત ૧૭૨૪ના વરખે શ્રાવણ માસે કૃષ્ણ પક્ષે ૫ સોમવારે કણબી કરડવા નાતીના પટેલ હરદાસ સુત દેવા સુત ગોપાલ શ્રી હર સરણ પામા છે.

(અર્થ : વિ.સં. ૧૭૨૪ના વર્ષે શ્રાવણ વદી ૫, સોમવારને દિવસે કડવા પટેલની નાતના પટેલ (અગ્રણી) હરદાસના પુત્ર દેવા, દેવાના પુત્ર ગોપાલ પટેલ હરિ ચરણ પામ્યા છે.)

નોંધ : આ પાળિયામાં ગોપાલ પટેલ કયા કારણે મરણ પામ્યા તે નોંધ્યું નથી. પણ સંગ્રામમાં મૃત્યુ પામેલના પાળિયા સ્થાપવાનો સૌરાષ્ટ્રમાં ચાલ છે. તે જોતાં ગોપાલ પટેલની ખાંભી ખોડી હોઈ સંભવતઃ તેઓ કોઈ સંગ્રામમાં મૃત્યુ પામ્યા હશે એમ જણાય છે. સંભવતઃ ખાંભીમાં કોતરનારની ભૂલને કારણે મૃત્યુનું કારણ કોતરવું ભૂલાઈ ગયું હશે.

જ્યાં જ્યાં પાળિયામાં અક્ષરો ખવાઈ ગયા છે ત્યાં ત્યાં..... આવી ખાલી જગ્યા રાખી છે.

સુપેડીમાં ૮૦, વધુ પાળિયા છે. એમાં સૌથી વધુ કડવા પાટીદારોના પાળિયા છે. એ બધા પાળિયા જોઈ એના ફોટા લઈ લેવાની અમારી ઈચ્છા હોવા છતાં એ શક્ય બન્યું નથી એનો અમને ખેદ છે.

❖

સંદર્ભ પરિશિષ્ટ : ૪
સંદર્ભ નોંધ

ગુજરાતી ગ્રંથો :

૧. અતિતની આંખે :- મોહનપુરી ગોસ્વામી
૨. અધોગતિનું મૂળ વર્ણવ્યવસ્થા :- સ્વામી સચ્ચિદાનંદ
૩. ઐતિહાસિક સંશોધન–દુર્ગાશંકર શાસ્ત્રી
૪. ઓખામંડળ : ઐતિહાસિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ–આચાર્ય સુરેશભાઈ દવે
૫. ઉમિયા માતાજી ૧૮ મી શતાબ્દી મહોત્સવ ગ્રંથ - ઈશ્વર હ. પટેલ - ડૉ. મફતલાલ પટેલ.
૬. કણબી ક્ષત્રિય ઉત્પતિ અને ઇતિહાસ – પુરુષોત્તમ લલ્લુભાઈ પરીખ
૭. કાઠિયાવાડ : વાળા અને કાઠી રાજવંશ - નાજભાઈ હ. વાળા
૮. ગુજરાતના પાટીદારો - ડૉ. ભાઈલાલ ધાભાઈ પટેલ
૯. ગુજરાતના ચારણી સાહિત્યનો ઇતિહાસ - રતુદાન રોહડિયા
૧૦. ગુજરાતના પ્રાચીન ઇતિહાસની સામગ્રી - હરિપ્રસાદ ગં. શાસ્ત્રી
૧૧. ગુજરાતના કૂર્મિ ક્ષત્રિય પાટીદારોનો ઇતિહાસ - ગોકળદાસ સોમાભાઈ પટેલ - મહેન્દ્ર ગોકળદાસ પટેલ
૧૨. ગુજરાતનું સંસ્કૃતિ દર્શન - લેખકનું નામ અપ્રાપ્ય.
૧૩. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ - રસિકલાલ પરીખ.
૧૪. ગુજરાતનો સોલંકી કાલીન ઇતિહાસ. - નવીનચંદ્ર આચાર્ય
૧૫. ગુજરાતી હાથપ્રતોની સંકલિત યાદી. —શ્રી. કે. કા. શાસ્ત્રી
૧૬. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ - ભા -૨ - ઉમાશંકર જોશી, અનંતરાય રાવળ, યશંવત શુક્લ
૧૭. ચારણી સાહિત્ય : આપણો સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો, –ડૉ. ઈશ્વરલાલ ૨. દવે. રતુદાન રોહડિયા
૧૮. ચારણોનો ઇતિહાસ : (અપ્રગટ), પાતાભાઈ રતનું, રે એંડલા, તાલુકો. શંખલપુર જિલ્લો : મહેસાણા
૧૯. પ્રબંધ ચિંતામણી- રામચંદ્ર-દીનાનાથ શાસ્ત્રી.
૨૦. પાટડી દર્શન - પ્રભાતકુમાર દેસાઈ
૨૧. પાટીદારોની ગૌરવગાથા - ડૉ. મંગુભાઈ પટેલ
૨૨. પાંભર પરિવાર ડિરેક્ટરી : ૧૯૯૬- પાંભર પરિવાર (રાજકોટ)

૨૩. પ્રાચીન કાળનો વિશ્વ ઇતિહાસ-જ્વાલા પ્રસાદ સિંઘલ
૨૪. પ્રાચીન નગરી દ્વારકાં–પુષ્કર ગોકાણી
૨૫. ભગવદ્ ગોમંડળ - ઠાકોર ભગવતસિંહજી (ગોંડલ)
૨૬. ભારત રાજ્ય મંડળ - અમૃતલાલ યુ શાહ
૨૭. રાજકોટના કડવા પાટીદારોનો વસ્તી ગણત્રી ગ્રંથ
૨૮. રાવ બહાદુર બેચરદાસ અંબાઈદાસ લશ્કરી - ડૉ મંગુભાઈ રા. પટેલ
૨૯. વશિષ્ટ ઋષિનું દર્શન.-અ. દે. શાસ્ત્રી
૩૦. વેદકાળથી મા ઉમિયાની પૂજા અને પ્રાચીન નગરી ઉમાપુર- ઊંઝા-ડૉ. અમૃત પટેલ
૩૧. વહીવંચા બારોટ : પરિચય અને પ્રદાન - ડૉ. બળવંત જાની–રતુદાન રોહડિયા
૩૨. વિદેશોમાં પાટીદારો - ડૉ. મંગુભાઈ પટેલ
૩૩. વિદેશોમાં પાટીદારો - ડૉ. મફતલાલ પટેલ
૩૪. સંજય દૃષ્ટિ : પ્રા. નરોત્તમ પલાણ - હરબાળાબેન દવે
૩૫. સાર્થ જોડણીકોશ
૩૬. સૂર્યવંશ અને વાળા રાજપુત રાજવંશ - સહદેવસિંહ વાળા.
૩૭. સૌરાષ્ટ્રના કડવા પાટીદારોનું માદરે વતન ઊંઝા : ઉમિયા મતાજી - ડૉ. અમૃત પટેલ
૩૮. સૌરાષ્ટ્રની રસધાર- ભાર - ઝવેરચંદ મેઘાણી
૩૯. હરિવંશ પુરાણ (ઉત્તર મહાભારત)
૪૦. હજરત મહંમદ અને ઈસ્લામ–કિશોરલાલ ઘ.મશરૂવાળા
૪૧. હિરાકણી.—રતુદાન રોહડિયા

સામાયિકો

૪૨. અનુસંધાન અંક : ૭ - મુનિ જિનવિજય - હરિવલ્લભ ભાયાણી
૪૩. 'ગુજરાત' દીપોત્સવી અંક–વિ.સં. ૨૦૫૧
૪૪. 'ગુજરાત' દીપોત્સવી અંક–વિ.સં. ૨૦૫૪
૪૫. 'ફૂલછાબ' સૌરાષ્ટ્રની ગૌરવગાથા વિશેષાંક સને : ૧૯૯૬
૪૬. 'સ્વાધ્યાય' મે - ઑગષ્ટ, સને ૧૯૯૪

હિન્દી

૪૭. કુરમી ચેતના કે સૌ વર્ષ - ડૉ. દિલાવરસિંહ જયસ્વાર
૪૮. કુલમ્બી કુલ ભૂષણ ભા - ૧. મહંત શ્રી કૃષ્ણદાસજી ગુરુ ૧૦૮ રામદાસજી (ઊજૈન)
૪૯. બ્રાહ્મણ ગ્રંથો મેં સૃષ્ટિ વિચાર - ડૉ. નિત્યાનંદ શુક્લ

૫૦. શ્રી મદ્દભાગવત (ગીતા પ્રેસ-ગોરખપુર)
૫૧. ભગવતી શ્રી આવડ–મૂલસિંહ ભાટી
૫૨. પ્રાચીન ભારત કા ઇતિહાસ - શ્રી નેત્ર પાંડે
૫૩. રાજસ્થાની ભાષા ઔર સાહિત્ય - ડૉ. મોતીલાલ મેનારિયા
૫૪. વિશ્વ કી આદિવાસી જનજાતિયાં - ડૉ. શિવતોષ દાસ.
૫૫. વિશ્વ કી પ્રાચીન સભ્યતાઓ કા ઇતિહાસ - સુશીલ માધવ પાઠક
૫૬. વૈદિક સમ્પતિ - પં. રઘુનંદન શર્મા

સામાયિકો

૫૭. ઇન્ડિયા-ટુ-ડે – ફેબ્રુઆરી, ૧૯૯૮

અંગ્રેજી

૫૮. ઓરિજીનલ સંસ્કૃત ટેક્સીજ- વોલ્યુમ - ૧૧
૫૯. ઓરિજીન્સ ઓફ ધી આર્યન્સ - ટેલર
૬૦. ધી રૂલિંગ રેસેજ ઑફ પ્રિહિસ્ટોરિકલ ટાઈમ્સ - પ્રા. હેવિટ
૬૧. ઋગ્વેદિક ઇન્ડિયા - અવિનાશ ચંદ્ર દાસ
૬૨. લોસ્ટ રિવર સરસ્વતી - એલ. એસ. વાકણકર - સી.એમ. પરચુરે.

હસ્તપ્રતો (ચોપડા-વહીઓ)

૬૩. શ્રી. અરવિંદભાઈ બારોટ, રે. સિદ્ધપુરની વહી
૬૪. શ્રી કાશીરામભાઈ વ્યાસ, રે. ખાખરાળા (તાલુકો. મોરબી, જિલ્લો : રાજકોટ) નો ચોપડો
૬૫. શ્રી જશુભાઈ બારોટ, રે. સિદ્ધપુરનો ચોપડો.
૬૬. શ્રી ભુપેન્દ્રસિંહ બારોટ, રે. જેતપુર, જિલ્લો : રાજકોટની વહી
૬૭. શ્રી નટવરલાલ નાયક, રે. બોરીસણા (તાલુકો. કડી, જિલ્લો : મહેસાણા)ની વહી
૬૮. શ્રી પ્રભુલાલ દુર્ગાશંકર પુરોહિત, બાણુંગાર (મોટી) તાલુકો : જિલ્લો જામનગરનો ચોપડો.
૬૯. શ્રી મણીભાઈ બારોટ, રે. સિદ્ધપુરની વહી
૭૦. શ્રી રજનીભાઈ બારોટ, રે. સિદ્ધપુરની વહી
૭૧. શ્રી વિષ્ણુભાઈ બારોટ, રે. વઢવાણ જિલ્લો : સુરેન્દ્રનગર ની વહી
૭૨. શ્રી હમીરજી બારોટ, રે. ચિતોડ (રાજસ્થાન)ની વહી.

વિદ્વાનોનો સાક્ષાત્કાર

૭૩. શ્રી. કેશુભાઈ બારોટ, રે. જુનાગઢ

૭૪. શ્રી જમનાદાસભાઈ ખીરસરિયા, રે. ગુંદા તાલુકો : ભાણવડ જિલ્લો : જામનગર
૭૫. રાવળ શ્રી નારણદેવ, રે. આંબલિયાળા તાલુકો : ભાણવડ જિલ્લો : જામનગર
૭૬. શ્રી. ભગવાનજીભાઈ સનાળિયા, રે. ઘુંટુ, તાલુકો : મોરબી, જિલ્લો : રાજકોટ
૭૭. ડૉ. બળવંત જાની, રે. રાજકોટ
૭૮. શ્રીમતી અર્ચના ડોડિયા–રાજકોટ
૭૯. ડૉ. અંબાદાન રોહડિયા, રે. રાજકોટ
૮૦. શ્રી મુરાદખાન ચાવડા, રે. માલણ, તાલુકો : પાલનપુર, જિલ્લો : બનાસકાંઠા
૮૧. શ્રી. જુગતરામભાઈ વ્યાસ, રે. વીરપરડા, તાલુકો : મોરબી, જિલ્લો : રાજકોટ
૮૨. શ્રી. મણીભાઈ વ્યાસ, રે. ભેલા, તાલુકો : મોરબી, જિલ્લો : રાજકોટ
૮૩. ડૉ. શિવધન વ્યાસ, રે. સુંદરી ભવાની, તાલુકો : હળવદ, જિલ્લો : સુરેન્દ્રનગર
૮૪. શ્રી. સહદેવસિંહ વાળા, રે. ઢાંક, હાલ : રાજકોટ
૮૫. શ્રી. ભગુભાઈ રોહડિયા, રે. ઘુનાનાગામ, તાલુકો : પડધરી, જિલ્લો : રાજકોટ
૮૬. ડૉ. હરિભાઈ પટેલ - રાજકોટ
૮૭. શ્રી પ્રાગજીભાઈ પટેલ - રાજકોટ
૮૮. શ્રી. છગનભાઈ ત્રાંબડિયા - રાજકોટ
૮૯. ડૉ. હંસાબેન માકડિયા - રાજકોટ
૯૦. ડૉ. કાન્તાબેન સાપોવાડિયા - રાજકોટ
૯૧. શ્રી. ભગવાનજી પાંભર - રાજકોટ
૯૨. ડૉ. મનહરબેન ગોધાવિયા - અમરેલી
૯૩. શ્રી. ડાહ્યાભાઈ પટેલ - બગથળા
૯૪. શ્રી. હીરાલાલ ભેંસદડિયા - બાણુંગાર
૯૫. શ્રી ચતુરાબેન પટેલ - ઉપલેટા
૯૬. શ્રી હરિભાઈ પટેલ - રાજકોટ
૯૭. શ્રી પ્રાગજીભાઈ ઓ. પટેલ - રાજકોટ
૯૮. શ્રી. બાબુભાઈ બારોટ - સાતુદડ
૯૯. શ્રી. (સ્વ.) ગાંગજીભાઈ પટેલ - રાજકોટ
૧૦૦. શ્રી ગોપાલભાઈ પટેલ - રાજકોટ
૧૦૧. શ્રી રમેશભાઈ વિઠ્ઠલભાઈ કાલરિયા - જામજોધપુર
૧૦૨. શ્રી લવજીભાઈ ઠોળિયા - પ્રેમગઢ
૧૦૩. શ્રી. ધીરજલાલ ગોરધનભાઈ ખાંટ - જામજોધપુર

❖

લેખકોનો પરિચય

શ્રી રતુદાન બાણીદાન રોહડિયા

'પ્રતિભા કોઈ શિક્ષણની ઓશિયાળી નથી હોતી' આવું એક વિદ્વાનનું વિધાન છે. આ ઉક્તિને ધરતીના પટ પર અનેક માનવો સાચી પાડી ચૂક્યા છે. ચારણી સાહિત્ય, લોકસાહિત્ય, જૈનસાહિત્ય, બારોટી સાહિત્ય, મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના અઠંગ અભ્યાસી એવા રાજકોટના શ્રી રતુદાન રોહડિયા એમાંના એક છે.

માત્ર બે જ ચોપડીનું ઔપચારિક શૂન્યવત્ શિક્ષણ પામેલ શ્રી રતુદાન બાણીદાન રોહડિયાએ ચારણી સાહિત્ય, લોકસાહિત્ય ક્ષેત્રે ગુજરાતમાં સાર્વધિક સિદ્ધિઓ મેળવી છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ૧૯૬૯-૧૯૭૦થી ૧૯૯૬-૧૯૯૭ સુધી સેવાઓ આપી. શ્રી રતુદાન રોહડિયાએ પોતાના નિવૃત્તિ કાળ સુધીમાં ૨૨,૦૦૦ (બાવીસ હજાર)થી વધુ ચારણી સાહિત્યની હસ્તપ્રતો એકત્ર કરીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને ગૌરવાન્વિત તો કરી છે પણ સાથો સાથ ગુજરાતને પણ ગૌરવ અપાવ્યું છે. આવો ચારણી સાહિત્યનો સમૃદ્ધ હસ્તપ્રત ભંડાર ગુજરાતની યુનિવર્સિટીઓમાં જ નહિં પણ ભારતની બીજી કોઈપણ યુનિવર્સિટીઓમાં નથી.

આજ સુધી શ્રી રતુદાન રોહડિયાએ ૨૫ જેટલા વિવિધ વિષયો પર સંશોધન કરનાર વિદ્યાર્થીઓ, વિદ્વાનો અને સંશોધનકારોને તેમના સંશોધનમાં મદદ કરી છે અને હજુ પણ ચાલુ છે.

શ્રી રતુદાન રોહડિયાએ આ ચારણી સાહિત્યની હસ્તપ્રતો ભેગી કરવા માટે બહુ વસમો રઝળપાટ કર્યો છે. આ કાર્ય અર્થે એમણે સમગ્ર ગુજરાત તો ખૂંદી નાખેલું છે પણ તે ઉપરાંત તેમણે રાજસ્થાન, હરિયાણા, દિલ્હી, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં પણ રઝળપાટ કર્યો છે. આ માટે એમણે ઊંડે-ઊંડેના ગામડાંઓ ખૂંદયાં છે આજના પ્રવાસીઓ મોજ કરવા શહેરો ખૂંદે છે; જ્યારે શ્રી રતુદાન રોહડિયાએ ગામડાઓ ખૂંદીને વિદ્યા સાથે મુશ્કેલીઓ અને વિટંબણાઓ મેળવી છે.

શ્રી રતુદાન રોહડિયાએ ૩૨થી વધુ પુસ્તકો લખ્યા છે. જેમાં કેટલાંક તો ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત પણ થયાં છે.

શ્રી રતુદાન રોહડિયાએ અત્યાર સુધીમાં ૧,૨૫૦ જેટલા લેખો તથા અનેક માસિકો અને અખબારોમાં પણ કોલમો લખી છે. શ્રી રતુદાન રોહડિયાની વિદ્યા સેવાને અનુલક્ષીને અનેક સમાજ, સેવાભાવી સંસ્થા તથા ગુજરાત સરકાર વગેરે દ્વારા

સન્માન પ્રદાન કરેલ છે. માનપત્રો, સન્માન, એવોર્ડથી શ્રી રતુદાન રોહડિયાની ઘરની અભેરાઈ ભરાઈ ગઈ છે.

શ્રી રતુદાન રોહડિયાએ લોકસાહિત્ય અને ચારણી સાહિત્યના ક્ષેત્રે અનેક સિદ્ધિઓ મેળવી છે. શ્રી રતુદાન રોહડિયાએ માત્ર બે ચોપડીના ઔપચારિક ભણતર મેળવેલ છે તથા સાથે-સાથે કુદરતે તેમને નાનપણથી બહેરા-મૂંગાપણાની ખોડ પણ આપી છે. ૧૦ વર્ષની વયે તાવમાં વાણી સાથોસાથ સાંભળવાનું પણ બંધ થયું. આ સ્થિતિમાં શું કરવું એ પ્રશ્નનો જવાબ મેળવવા બે-ત્રણ વર્ષ બેઠા બેઠા કાઢ્યા. બાદમાં વેર-વિખેર પડેલ ચારણી સાહિત્યને એકત્ર કરવાનું બીડું ઝડપ્યું.

ચારણી સાહિત્યમાં જેમનું નામ પૂરા સન્માન અને ગૌરવ સાથે બોલવામાં આવે છે તે શ્રી ઇસરદાસજીના 'હરિરસ' અને 'દેવિયાણ'; સાંયાજી ઝૂલાના 'નાગદમણ', 'રુકમણી હરણ' અને 'અંગદ વિષ્ટિ'; નરહરદાસ રોહડિયાના 'અવતાર ચરિત્ર' જેવા પુસ્તકો-ગ્રંથોની હસ્તપ્રતો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભવનના હસ્તપ્રત ભંડારમાં આજે પડી છે. તેનું શ્રેય શ્રી રતુદાન રોહડિયાને છે. 'અવતાર ચરિત્ર' નામનો ગ્રંથ તો તુલસીદાસ કૃત રામાયણ જેટલો જ ચારણી સાહિત્યમાં મહત્ત્વનો લેખાય છે.

શ્રી રતુદાન રોહડિયાએ આ ચારણી સાહિત્યના હસ્તપ્રત ભંડારને ગુજરાતમાં જ નહિ દેશ ભરમાં જ નહિ પણ એશિયાભરમાં અવલ્લ નંબરનું સ્થાન અપાવવાની સિદ્ધિ મેળવી છે. શ્રી રતુદાન રોહડિયાના પત્ની મૂક, બધીર અને અંધ હોવાથી ભારતના હેલન કેલર સમાં છે.

નામ : શ્રી રતુદાન બાણીદાન રોહડિયા

વતન : ઘુનાના ગામ, તા. પડધરી, જિ. રાજકોટ

કુળ : ચારણી સાહિત્યના આદિ કવિ, ઇસરદાસજીના જ્યેષ્ઠ પુત્ર જાગાજીના વંશજ છે. દાદા અને કાકા બન્ને ધ્રોળના રાજકવિ હતા.

અભ્યાસ : બે ગુજરાતી

રસના વિષયો : ચારણી સાહિત્ય, સંત સાહિત્ય, જૈન સાહિત્ય, હિન્દી સાહિત્ય, લોકસાહિત્ય, બારોટી સાહિત્ય, અર્વાચીન સાહિત્ય, ઇતિહાસ, ગુજરાતી સાહિત્ય, પ્રાચીન ભાષા વગેરે છે.

પુસ્તકો : ૩૨થી વધુ પુસ્તકો આપ્યા છે. એમાં નવલકથા, લોકકથા, બારોટી સાહિત્ય સંશોધન પૂર્ણ સંપાદનો અને ચારણી સાહિત્ય વિશેના છે. ૪ પુસ્તકો ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત થયા છે.

સન્માન પ્રાપ્તિ : ૨૪ થી વધુ સન્માન પ્રાપ્ત થયા છે.

શોધાર્થીઓને મદદ : ૨૫ કરતા વધારે વિદ્યાર્થી, વિદ્વાનો, શોધાર્થીઓને એમના કાર્યોમાં મદદ કરી છે.

વિશેષ : (૧) સ્વ. ઝવેરચંદ મેઘાણીના ગ્રંથોમાંથી ડિંગળ ભાષા-ચારણી સાહિત્ય વિષયક અશુદ્ધિઓ તારવીને સુધારી આપી છે.
(૨) 'દૃષ્ટિ' માસિકનો લોકકથા અંક સંપાદન કરેલ છે.
(૩) ૪ જેટલા વિદેશી સંશોધકને મદદ કરેલ છે.

કોલમો : (૧) શોધયાત્રા (ઊર્મિ નવરચના) માસિક
(૨) સજીવન અખ્ખરાં (નૂતન સૌરાષ્ટ્ર) દૈનિક અખબાર
(૩) રત્નાકરની છોળ (સંદેશ) દૈનિક અખબાર
(૪) અમૃત અક્ષરા (જનસત્તા) દૈનિક અખબાર
(૫) ડાયરો (જનસત્તા) દૈનિક અખબાર
(૬) દાન લીલામૃત (દાનેવ દર્શન) માસિક સામયિક

પત્રકારિત્વ : (૧) દેવીપુત્રના તંત્રી (માસિક)
(૨) રત્નાકરના તંત્રી (માસિક)
(૩) સરસ્વતી પુત્રના સંપાદક (માસિક)

લેખો : (૧) મેઘાણી સ્મારક ગ્રંથ 'રેલાયો કસુંબીનો રંગ'માં 'મેઘાણીનું ચારણી સાહિત્ય સંપાદન' લેખ આપ્યો.
(૨) 'વાક'ના મેઘાણી અંક માટે 'લોકગીતોમાં ઇતિહાસ બોધ' લેખ આપ્યો.
(૩) 'કુબાકુળ કલ્પવૃક્ષ' લે. મહંત નારાયણદાસ રઘુનાથજીનું મંદિર વાંકાનેર પ્રસ્તાવના રૂપે 'સંત સુભાવ કપાસ સરિસુ' લેખ આપ્યો.
(૪) 'વાળા રાજપૂતોના ઇતિહાસ' લેખક સહદેવસિંહ વાળાના ગ્રંથનો મુલવણી કરતો લેખ આપ્યો.

ઇન્ટરવ્યૂ : (૧) આકાશવાણી પર પરોક્ષ મુલાકાત
(૨) તા. ૬-૮-૧૯૯૮ના રોજ ઇન્ડિયન એક્સપ્રેસમાં પરાગ દવે લિખિત 'અગેઇન્સ્ટ ઓલ ઓડસ એ સ્કોલર ઓફ સોંગ (Against add odds a Scholaer of Song)

(૩) તા. ૧-૧-૧૯૯૯ના રોજ નૈષધ કારીયા લિખિત લેખ જનસત્તામાં.

(૪) તા. ૨૫-૫-૧૯૯૯થી રાજકોટ દૂરદર્શન પર 'વ્યક્તિ વિશેષ' શ્રેણી મંગળવારના રોજ પ્રસારિત થાય છે તેના પ્રથમ હપ્તામાં મુલાકાત આવેલ. (રીપીટ તા. ૧૬-૧-૨૦૦૧ મંગળવાર) (રીપીટ તા. ૭-૨-૨૦૦૧ બુધવાર અમદાવાદ દૂરદર્શન)

રેડિયો : આકાશવાણી રાજકોટ પર અવાર-નવાર અનેક સંતો, ભક્તો પર પરોક્ષ વાર્તાલાપ આપેલ છે.

વ્યાખ્યાનો : (૧) સોમનાથ 'બારોટી સાહિત્ય' પરિસંવાદમાં વ્યાખ્યાન આપ્યું.

(૨) પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાન જોધપુર (રાજસ્થાન)માં તા. ૧૭/૧૮/૧૯-૪-૧૯૯૬ના રોજ વ્યાખ્યાન આપ્યું.

(૩) સુરેન્દ્રનગર ખાતે 'બ્રહ્માનંદ સ્વામી પરિસંવાદ'માં તા. ૬-૫-૧૯૯૯ના રોજ વ્યાખ્યાન આપ્યું.

પ્રકાશિત પુસ્તકો :

(૧) જગદંબા જેતબાઈ (જીવનકથા)

(૨) રતન સવાયાં લાખ (વાર્તાસંગ્રહ)

(૩) અમૃત વાણી (હરસુરભાઈ રોહડિયા સાથે) (સંતસાહિત્ય)

(૪) ઓખાહરણ (ઇશ્વરલાલ દવે સાથે) ૧૯૮૦ (ચારણી આખ્યાન)

(૫) ચારણી સાહિત્ય પ્રદીપ-૧ (ઇશ્વરલાલ દવે સાથે)૧૯૮૧ (સૂચિપત્ર)

(૬) ચારણી સાહિત્ય : આપણો સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો (ઇશ્વરલાલ દવે સાથે) ૧૯૮૨ (ચારણી સાહિત્ય પરિચય)

(૭) ચારણી સાહિત્ય : સૌન્દર્ય અને સત્ત્વ ૧૯૮૪ (ચારણી સાહિત્ય)

(૮) બાળલીલા ૧૯૮૪ (ચારણી સાહિત્ય)

(૯) સુઅર સાવજ રી વાત (પ્રભાશંકર તેરૈયા સાથે) ૧૯૮૫ (ચારણી સાહિત્ય)

(૧૦) ગુજરાતના ચારણી સાહિત્યનો ઈતિહાસ ૧૯૮૫ (ચારણી સાહિત્ય) (દ્વિતીય પુરસ્કાર વિજેતા - ગુજરાત સાહિત્ય અકાદમી)

(૧૧) આપણું કાલજયી સાહિત્ય ૧૯૮૫ (ચારણી સાહિત્ય)

(૧૨) નાગદમણ ૧૯૮૬ (ચારણી સાહિત્ય)
(૧૩) દાનલીલામૃત ૧૯૮૭ (હિન્દી કથા કાવ્યનું સંપાદન)
(૧૪) જીવન બાવની ૧૯૮૯ (હિન્દી મુક્તક કાવ્ય)
(૧૫) સુવર્ણ રેણુ ૧૯૮૮ (ચારણી સાહિત્ય)
(૧૬) ચંદ્રલેખા ચોપાઈ ૧૯૮૮ (જૈન સાહિત્ય)
(૧૭) સાજણ સાંભરીયા ૧૯૮૯ (ચારણી પ્રેમકથાઓ)
(૧૮) બુઢેશ્વર બાવની ૧૯૮૯ (હિન્દી મુક્તક કાવ્ય)
(૧૯) ચરોતરના ચારણ કવિઓ ૧૯૮૯ (ચારણી સાહિત્ય)
(૨૦) વિપ્ર વોળાવળ (બળવંત જાની સાથે) ૧૯૮૯ (ચારણી સુદામા ચરિત્ર) (પ્રથમ પુરસ્કાર વિજેતા - ગુજરાત સાહિત્ય અકાદમી)
(૨૧) હિરાકણી ૧૯૮૯ (ચારણી સાહિત્ય)
(૨૨) સત સ્મરણ (અંબાદાન રોહડિયા સાથે) ૧૯૯૦ (ચારણી સાહિત્ય)
(૨૩) લાખેણી ૧૯૯૧ (લોકકથા સંગ્રહ)
(૨૪) રુકમણી હરણ (અંબાદાન રોહડિયા સાથે) ૧૯૯૨ (ચારણી સાહિત્ય)
(૨૫) જોબન જુદ્ધ ચડે ૧૯૯૩ (નવલકથા)
(૨૬) લીંબડીની ઝમાળ (ઐતિહાસિક ચારણી કાવ્ય) (દ્વિતીય પુરસ્કાર વિજેતા - ગુજરાત સાહિત્ય અકાદમી)
(૨૭) સભાપર્વ (અંબાદાન રોહડિયા સાથે) ૧૯૯૮ (ચારણી સાહિત્ય) (દ્વિતીય પુરસ્કાર વિજેતા - ગુજરાત સાહિત્ય અકાદમી)
(૨૮) વહીવંચા બારોટ : પરિચય અને પ્રદાન (બળવંત જાની સાથે) ૧૯૯૮ (બારોટી સાહિત્ય)
(૨૯) ચારણી સાહિત્ય પ્રદીપ ભાગ-૨ (બળવંત જાની સાથે) ૨૦૦૦ (સૂચિપત્ર)
(૩૦) સૌરાષ્ટ્રના પાટીદારોનો ઈતિહાસ
(૩૧) છે કોઈ દાતાર ? (લોકકથા સંગ્રહ)
(૩૨) રત્નાકરની છોળ (લોકકથા સંગ્રહ)

પ્રકાશાધિન પુસ્તકો :

(૧) કવિત : રાયસિંહ માનાણી રા (તીર્થંકર રોહડિયા સાથે) (ઐતિહાસિક ચારણી કાવ્ય)
(૨) વખત બલંદ (તીર્થંકર રોહડિયા સાથે) (ઐતિહાસિક ચારણી કાવ્ય)

(૩) અન્નપૂર્ણા રામબાઈ મા (તીર્થંકર રોહડિયા સાથે) (જીવનચરિત્ર)

(૪) ગુર્જર ચારણ કવિઓ (ચારણી સાહિત્ય)

(૫) ઈસરદાસ ગ્રંથાવલી (ચારણી સાહિત્ય)

(૬) વહીવંચાના ચોપડામાં સચવાયેલા ઐતિહાસિક તથ્યો (બારોટ સાહિત્ય)

(૭) લેઉવા પટેલનો ઈતિહાસ (ચારણી સાહિત્ય)

સન્માન પ્રાપ્તિ :

(૧) સંસ્કાર પરિવાર - વડોદરા દ્વારા એવોર્ડ પ્રદાન

(૨) ડૉ. જીવરાજ મહેતા ટ્રસ્ટ - અમરેલી દ્વારા પુરસ્કાર સહસન્માન

(૩) ઈસરદાસ સ્મારક સમિતિ દ્વારા સંચાણા ગામે સન્માન તા. ૭-૪-૧૯૮૭ના રોજ

(૪) સાહિત્ય સંગમ - અમદાવાદ દ્વારા સન્માન સહ દુલા કાગ એવોર્ડ પ્રદાન તા. ૨૩-૫-૧૯૮૭ના રોજ.

(૫) ચારણ સાહિત્ય શોધ સંસ્થાન - અજમેર દ્વારા સન્માન તા. ૯-૭-૧૯૮૯ના રોજ.

(૬) રાયજાદા ક્ષત્રિયો દ્વારા ચાંદીગઢ (કેશોદ)માં પુરસ્કાર સહ સન્માન તા. ૮-૧૦-૧૯૮૯ના રોજ.

(૭) ગુજરાત સરકાર દ્વારા રાજકોટમાં સન્માન તા. ૧૫-૮-૧૯૯૩ના રોજ.

(૮) ચંદ્રસિંહજી ભાડવા સ્ટડી સર્કલ - રાજકોટ દ્વારા સન્માન તા. ૧૪-૧૦-૧૯૯૪ના રોજ.

(૯) રવિ ભાણ સંપ્રદાય ખંભાલિડા દ્વારા ખંભાલિડામાં સન્માન તા. ૨૩-૩-૧૯૯૬ના રોજ.

(૧૦) રાજકોટ તાલુકાના સાયપર ગામે વહીવંચા બારોટો દ્વારા સન્માન તા. ૨૫-૪-૧૯૯૬ના રોજ.

(૧૧) ભારતીય ઈતિહાસ સંકલન સમિતિ - અમદાવાદ દ્વારા સન્માન તા. ૨૦-૧૦-૧૯૯૭ના રોજ.

(૧૨) પારેવાળા ગામ ચારણ સમાજ દ્વારા રાજકોટમાં સન્માન તા. ૨૦-૩-૧૯૯૮ના રોજ.

(૧૩) સાહિત્ય પરિવાર - બોટાદ દ્વારા સત્તાધારમાં સન્માન તા. ૨-૮-૧૯૯૮ના રોજ.

(૧૪) સરવૈયા રજપૂત સમાજ - ગોંડલ દ્વારા પુરસ્કાર સહ સન્માન.

(૧૫) હિન્દી સાહિત્ય પરિસંવાદ આદિપુર પ્રસંગે હિન્દી સાહિત્યકારો અને આસનાની પરિવાર દ્વારા સન્માન

(૧૬) 'સૂર્યવંશ અને રાજપૂત વાળા રજપૂત વંશ' ગ્રંથના વિમોચન પ્રસંગે શ્રીજી મહારાજ શ્રી અરવિંદસિંહજી મેવાડ ઉદયપુરના હસ્તે પુરસ્કાર સહ પાઘ બાંધી રાજકોટમાં સન્માન.

(૧૭) ચારણ પ્રગતિ મંડળ - અમદાવાદ દ્વારા સન્માન પ્રાપ્તિ

(૧૮) કચ્છ ચારણ સમાજ - માંડવી દ્વારા સન્માન પ્રાપ્તિ

(૧૯) રાજપૂત સ્ટડી સર્કલ - ભૂજ દ્વારા સન્માન પ્રાપ્તિ

(૨૦) શ્રી ઝાલાવાડ ચારણ સમાજ ઉત્કર્ષ અને સમસ્ત ચારણ સમાજ સુરેન્દ્રનગર દ્વારા સુરેન્દ્રનગરમાં સન્માન તા. ૬-૫-૧૯૯૯ના રોજ

(૨૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ''ડિપ્લોમાં કોર્ષ ઈન ચારણી સાહિત્ય''ના ઉદ્‌ઘાટન પ્રસંગે કે. કા. શાસ્ત્રીના હસ્તે સન્માન.

(૨૨) ભૂચર મોરી ખાતે શહીદ દિનના રોજ દરબાર સમાજ દ્વારા પુરસ્કાર સહ સન્માન.

(૨૩) તા. ૨૮-૨-૨૦૦૦ શુક્રવારના રોજ વિવેકાનંદ યૂથ ક્લબ દ્વારા 'રાજકોટ રત્ન' એવોર્ડ સહ સન્માન થયું.

(૨૪) ગુજરાત સાહિત્ય અકાદમી - ગાંધીનગર દ્વારા 'સભાપર્વ' પુસ્તકને દ્વિતીય પુરસ્કાર મળ્યો તે પ્રસંગે તા. ૧૯-૨-૨૦૦૦, શનિવારના રોજ અમદાવાદ ખાતે સન્માન.

(૨૫) ગુજરાત રાજ્ય દ્વારા તા. ૨૮-૧-૨૦૦૨ના રોજ માનનિય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદીને હસ્તે રૂપિયા એકલાખનો મેઘાણી એવોર્ડ સન્માનસહ પ્રાપ્ત થયો.

શ્રી તીર્થંકર રતુદાન રોહડિયા

નામ : શ્રી તીર્થંકર રતુદાન રોહડિયા

વતન : ધુનાના ગામ, તાલુકો - પડધરી, જિલ્લો - રાજકોટ.

જન્મ તારીખ : ૨૭-૧૨-૧૯૭૫, શનિવાર.

સરનામું : 'તીર્થ' મુંજકા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પાસે, રાજકોટ - ૫.

કુળ : ચારણી સાહિત્યના આદિ કવિ ઈસરદાસજીના જ્યેષ્ઠ પુત્ર જગાજીના વંશજ છે. પિતાશ્રી ચારણી સાહિત્ય, લોકસાહિત્યના ખ્યાતનામ વિદ્વાન છે.

અભ્યાસ : એમ.એ.

રસના વિષયો : ચારણી સાહિત્ય, લોકસાહિત્ય, ઈતિહાસ, ગુજરાતી સાહિત્ય, બારોટી સાહિત્ય, જૈન સાહિત્ય.

પુસ્તકો : બે પુસ્તકો આપ્યાં છે

શોધ-સંશોધન : નાનપણથી પિતાજી પાસેથી શોધ-સંશોધનની તાલિમ મેળવેલ છે.

પ્રકાશિત પુસ્તકો :

(૧) દુહો અમણા દેશ રો, સને : ૨૦૦૨ (લોકસાહિત્ય)
પ્રવીણ પ્રકાશન પ્રા. લિ. દ્વારા પ્રકાશિત.

(૨) હાલા-ઝાલોંરા કુંડલિયા, સને : ૨૦૦૦ (ચારણી સાહિત્ય)
સ્વ. પ્રકાશિત


સન્માન પ્રાપ્તિ :

(૧) 'સૂર્યવંશ અને રાજપૂત વાળા રાજપૂત વંશ' ગ્રંથના વિમોચન - પ્રસંગે શ્રીજી મહારાજ શ્રી અરવિંદસિંહજી મેવાડ ઉદયપુરના હસ્તે પાઘ બંધાવીને સન્માનિત કર્યા.

(૨) ભૂચર મોરી ખાતે શહિદ દીનના રોજ દરબાર સમાજ દ્વારા પુરસ્કાર સહ સન્માન.

(૩) રાજકોટ ચારણી સાહિત્ય સંશોધન કેન્દ્ર દ્વારા સન્માન પ્રાપ્તિ.

realpatidar.com


શ્રી ઉમિયા માતાજી (સીદસર)